રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



## આપણે સૌ સમરસ બની જીવીએ...

# 'સમરસ' વિશેષાંક

સૌજન્ય
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

વિશેષાંક સંપાદક
શ્રી સુદર્શન આયંગાર

વર્ષ: ૭૬ અંક : ૦૨-૦૩ ૧૫ સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૨૨



અજ્ઞાનતાના અંધકારને દૂર કરે સમરસનું અજવાળું..

# કોડિયું

સમરસ વિશેષાંક : સંપાદકશ્રી સુદર્શન આયંગાર

વર્ષ : ૭૬ | સપ્ટેમ્બર-ઓક્ટોબર : ૨૦૨૨ | અંક : ૦૨-03


## અનુક્રમણિકા


૦૧ **સાંપ્રત ચિંતન સમરસનું અદ્વૈતપણું** ...૫૩
વિપુલ કલ્યાણી

૦૨ **સમરસ દુનિયા એક સમણું : અમે + તમે =આપણે** ...૫૬
ડૉ. દિનુ ચુડાસમા

૦૩ **સરદાર અને સમરસતા** ...૬૧
ઉર્વીશ કોઠારી

૦૪ **મેલ્ટિંગ પૉટમાં ઓગળી જવું** ...૬૪
રમેશ ઓઝા

૦૫ **મુંબઈ અને એની સમરસતા** ...૬૭
દીપક દોશી

૦૬ **હિન્દુ- મુસ્લિમ : ગરમમુદ્દે ઠંડો વિચાર** ...૭૧
દીપક સોલિયા

૦૭ **સમરસ સમાજનું પહેલું પગથિયું - સાંપ્રદાયિક એકતા** ...૭૪
ડૉ. અશ્વિન ઝાલા

૦૮ **શહેરીકરણથી જ્ઞાતિવ્યવસ્થા નબળી પડી છે?** ...૭૭
ચંદુ મહેરિયા

૦૯ **મારો ×ગાંધીડો×** ...૮૦
ચંદુ મહેરિયા

૧૦ **ભારત એક સમરસ સમાજઃ કપરા ચઢાણ** ...૮૬
સુદર્શન આયંગાર

૧૧ **ગાંધીજી ગયા પછીની મથામણ** ...૮૯
પ્રસ્તાવના - જવાહરલાલ નેહરુ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧૨ | **કોમી એકતા**<br>જયેશકુમાર ર. શુક્લ | ...૯૪ |
| ૧૩ | **કોમી વિદ્વેષનું તાંડવ**<br>યશવંત શુક્લ | ...૯૫ |
| ૧૪ | **મૈં આયા હૂં**<br>ઉમાશંકર જોશી | ...૯૭ |
| ૧૫ | **ધર્મનિરપેક્ષ રાજ્યના મૂળિયા**<br>કિશ્નકુમાર | ...૯૯ |
| ૧૬ | **જોઈએ છે સ્વસ્થ સમાજ**<br>જયંત પંડ્યા | ...૧૦૨ |
| ૧૭ | **કોમવાદની ઉત્તરક્રિયા**<br>જયંત પંડ્યા | ...૧૦૪ |
| ૧૮ | **મુસ્લિમ ધર્મગુરુઓ બહાર આવે**<br>મહેબૂબ મકરાણી | ...૧૦૬ |
| ૧૯ | **ગોધરાકાંડ અને ગુજરાતના પ્રત્યાઘાતો**<br>રમેશ બી. શાહ | ...૧૦૭ |
| ૨૦ | **કોમી આગમાં સ્ત્રીઓ**<br>હિમાંશી શેલત | ...૧૧૧ |
| ૨૧ | **સમરસ સમાજ : ગાંધીજીની મથામણ**<br>સુદર્શન આયંગાર | ...૧૧૩ |
| ૨૨ | **હિંદુ-મુસલમાન સમાજની સમરસતા માટે**<br>મહાદેવભાઈની ડાયરીમાંથી | ...૧૧૭ |
| ૨૩ | **નોઆખલી વિસ્તારના એક ગામની સભામાં ૧૯૪૭**<br>મનુબહેનની ડાયરી | ...૧૨૬ |
| ૨૪ | **અસ્પૃશ્યતા નિવારણ**<br>મહાદેવભાઈની ડાયરી | ...૧૩૧ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલબહેન પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)



**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

***સમરસતાનું પગેરું :*** Living with less

*આજે મોંઘવારી વધ્યાની બુમરાણ ચોતરફથી સંભળાય છે પણ મોજ-મજાના, આનંદના અને પ્રવાસના સ્થળોએ ઉભરાતી ભીડ પણ વધતી જાય છે ! તજજ્ઞો સમજાવે છે કે આ ભીડ એ તો આપણી વસ્તીના ફાવી ગયેલ ૧૫% લોકોની છે! એ તો દૂધની મલાઈ છે! આપણને જે દેખાય છે અને અનુભવાય છે તે છે આપણી સમૃદ્ધિ. આ સમૃદ્ધિનો પ્રચાર પ્રજા સુખી અને જલસામા છે તેવું ભ્રામક ચિત્ર ઉપસાવે છે. ૮૫% જે રહી ગયેલા અને અભાવોમાં જીવી રહ્યાં છે તે કોઈની નજરે ચડતા નથી. જ્યાં સુધી સમાજની સમૃદ્ધિ સમરસ નહીં થાય ત્યાં સુધી રામરાજ્ય સ્થપાય નહીં. સમગ્ર વિશ્વમાં સમરસતા નહીં સ્થપાય ત્યાં સુધી ઈર્ષા, લોભ, સ્પર્ધા, સ્વાર્થ, અધિકારભાવ અને અહંકાર જેવા દુર્ગુણો વકરતા રહેશે. નજરે ચડતી જાકમજોળ ભૌતિક સમૃદ્ધિની છે, જે આંજી નાખનારી છે.*

*વિનોબાજી અને ગાંધીજીએ આ સમરસતા લાવવાની સાવ સાદી સીધી વાત આપણી જીવનશૈલી સંદર્ભે સમજાવી છે. ગાંધીજીના પ્રસિદ્ધ વાક્ય* ***'સર્વની જરૂર અર્થે છે સઘળું પૃથ્વી પાસ, કહે ગાંધી લોભ કાજે નહીં રાખશો આશ.'*** *પ્રમાણે આપણે શક્ય તેટલી ઓછી ચીજ-વસ્તુથી જીવવાનું છે. માણસ માત્રની નહીં સમગ્ર જીવ-જગતની જરૂરિયાત સંતોષવાની જવાબદારી સૃષ્ટિના રચયિતાની છે. ઈચ્છા સંતોષવાની નહીં. અત્યારે ૩૮ વર્ષની જાપાનની બહેન મેરી કોઊડોએ સમગ્ર વિશ્વમાં શકય તેટલી મર્યાદિત ચીજ-વસ્તુ-સુવિધાથી જીવવાની જીવનશૈલીનો પ્રચાર કરીને ગાંધી વિચારની કુંપળોને આધુનિક આવૃત્તિ સ્વરૂપે જગતને આપી છે. ૩૦ વર્ષની ઉંમરે તેણે લખેલી ચોપડી* "The life changing magic... *૨૦૧૪માં પ્રગટ થઈ અને બે વર્ષમાં ૨૦ લાખનું વેચાણ થયું.* TV. *શો, શિબિરો, વ્યાખ્યાનો, લેખો અને સંવાદો દ્વારા* 'Living with less' *નો પ્રચાર કરતી આ બહેને સમગ્ર વિશ્વને કોરોનાકાળ પછી* minimalism *દ્વારા જીવનની શાંતિ અને પ્રસન્નતા બક્ષવામાં અસાધારણ સફળતા મેળવી છે. માનસિક તાણ ઘટી છે. અને પરિવાર તથા મિત્રો સાથે પ્રાકૃતિક વાતાવરણમાં સૌ પ્રસન્નતાથી જીવવા પ્રયત્ન કરી રહ્યા છે, હવે તેણે શરૂ કરેલો બીજો તબક્કો કેવી રીતે અર્થપૂર્ણ જીવન જીવવું? જીવનની સાર્થકતા-ધન્યતાને કેમ પામી શકાય તે સંદર્ભનો છે. જેકી કોલર નામના એક મીનીમાલીસ્ટ કહે છે કે બે રીતે અમીર થઈ શકાય:*

*(૧) બહુ બધું એકઠું કરીને અને (૨) ઈચ્છાઓને ઓછી કરીને.*

*આમ તો આપણું સમગ્ર જીવન* Need, Greed *અને* Green*ની ત્રિપગી ઘોડી ઉપર બેઠું છે. જરૂરિયાત જ્યારે લોભમાં પરિણમે છે ત્યારે સમગ્ર પ્રકૃત્તિની પ્રસન્નતા છીનવાઈ જાય છે. લોભ અને થોભ, શાંતિ અને અશાંતિ, સત્ય અને અસત્ય, હિંસા અને અહિંસા, સુખ અને દુ:ખ વગેરેમાંથી હકારાત્મક અભિગમને પસંદ કરીને જીવનશૈલી ગોઠવવાની છે. માણસ માટે સંયમી અને સંતોષી જીવન જીવવું એ જ સાચો પ્રાકૃતિક માર્ગ છે. નવી ટેકનોલોજીએ હવે ન્યુરોન્સ પર કાબુ મેળવવાનું શરૂ કર્યું છે. ત્યારે જો 'લોભ' વાળું ન્યુરોન પકડાઈ જાય તો જમાવટ થઈ જાય! અનેક એવોર્ડથી સન્માનિત થયેલી, ૨૦૦૮માં બનેલી માત્ર ૩ મિનિટની બ્રિટીશ શોર્ટ ફિલ્મ* The black hole short film *યુ-ટ્યૂબ પરથી મેળવીને જોવા જેવી છે. ફીલીપ્સ સેમસન અને ઓલી વીલીયમ્સની આ મૂલ્યનિષ્ઠ ફિલ્મ પણ ગાંધીકુંપળો જ છે. સમૃદ્ધિની નિરર્થકતા સમજાયા બાદ વ્યાપકદૃષ્ટિથી જોઈ શકાતું હોવાથી ઉપર બેઠેલા સમૃદ્ધ લોકો જ હવે સમરસતા લાવવા વિશેષ પરિશ્રમ કરશે તેવી આશા રાખીએ.*

*જાપાનીઝ સંસ્કૃતિમાં* wabi-sabi *નામની એક સુંદર સંકલ્પના છે. જેમ આજે ભારતમાં કેટલાક સમૂહો ઋષિ સંસ્કૃતિ પ્રમાણે જીવનશૈલી પૂનર્જીવીત કરવાની કોશિશ કરી રહ્યાં છે એમ જાપાનમાં લોકો* wabi-sabi *તરફ વળી રહ્યાં છે જેમ જીવન અને મૃત્યુના પ્રાકૃતિક સિદ્ધાંતને સ્વીકારીને અપૂર્ણતામાં અને નાની-નાની બાબતોમાંથી જીવનનો આનંદ પ્રાપ્ત કરવામાં સ્પષ્ટતા આપણને વધુ સભાન અને જવાબદાર બનાવે છે. આ અર્થમાં સમરસતા આર્થિક અથવા સામાજિક ક્રાંતિથી પણ આગળ વધીને એક અધ્યાત્મિક યાત્રા બને છે.*

— [illegible]

## તંત્રીસ્થાનેથી વિશેષાંક વિશે...

*‘કોડિયું’ મેગેઝિનના ૭૫ વર્ષ સુધીના સાતત્યપૂર્ણ પ્રકાશનના રાજીપા નિમિત્તે અમે ચાર વિશેષાંકો તૈયાર કરવા ચાર તજજ્ઞ સંપાદકોને સંપાદિત કરવા વિનંતી કરેલી.*

*સ્વાધ્યાય, સર્વોદય અને સૌંદર્ય વિશેષાંક પ્રકાશિત કર્યા પછીનો આ ચોથો અને છેલ્લો વિશેષાંક છે. સંપાદકશ્રી સુદર્શનભાઈ આયંગારની વ્યસ્તતાના કારણે થોડો વિલંબ થયો છે. આ બધું વિચારભાથુ સમયાંતરે મળ્યા કરે તો તેનો લાભ પણ છે!*

*સમરસતાના વ્યાપક અર્થે સંદર્ભે અહીં ચર્ચા થઈ છે પણ આપણે અખંડ અને સમગ્રતાના સંદર્ભે સમગ્ર જગતની સમરસતાને પ્રાધાન્ય આપવાનું પસંદ કરનારા, સર્વોદયમાં શ્રદ્ધા ધરાવતા જે તે ક્ષેત્રોમાં નિષ્ઠાથી કામ કરતા કર્મઠ લોકો છીએ. અલબત્ત અહીં ભારત દેશની દૃષ્ટિએ સંવાદી સમાજ તરફ જોક અપાયો છે ત્યારે કેટલાક મુદ્દાઓ ગહન ચિંતન અને ચર્ચા માંગી લે તેવું છે.*

***અહીં જે તે લેખકો અને સંપાદકે તેમની વ્યકિતગત સમજણ પ્રમાણેના વિચારો રજૂ કર્યા છે ત્યારે તે ‘કોડિયું’ પ્રકાશકોના કે સંપાદકોના સમજી લેવા નહીં. આ એક સહચિંતન માટેનો ઉઘાડ સમજવા વિનંતી છે.***

—[signature]

## સંપાદકીય...

*માફી સાથે શરૂ કરૂં છું. માત્ર મારા લીધે જ આ અંક નિર્ધારિત સમય પર પ્રગટ થઈ શક્યો નથી. આ 'સમરસ' વિશેષાંક કલ્પનાશીલ અને સર્જનાત્મક વ્યક્તિને સોંપવામાં આવ્યો હોત, તો એનો સૌંદર્યબોધ ક્યાંક ઊંચો હોત. મેં ધારી લીધું કે મને સોપ્યું છે તો આશય સમરસતાને એક સામાજિક પ્રશ્ન સ્વરૂપે જોવાવું જોઈએ. તેથી મેં સમરસ સમાજનો અર્થ આપણા દેશ હિંદુસ્તાનના સંદર્ભમાં સંવાદી સમાજ એવો કર્યો છે.*

*આપણા દેશનાં અસ્તિત્વ માટે સામાજિક સમરસતાનો મુદ્દો વિશેષ મહત્ત્વ ધરાવે છે. હિંદુસ્તાનની ભૂમિ અનોખી છે. અહીં સાત ધર્મો અને અગણિત સંપ્રદાયો છે, જે સદીઓથી વસે છે. ચાર ધર્મ હિંદુ, જૈન, બૌદ્ધ અને શીખ તો અહીં જ જન્મ્યાં છે. ખ્રિસ્તી, ઈસ્લામ અને પારસી ધર્મો બહારથી આવ્યા અને અહીં એમનો વાસ સદીઓથી છે. અતિ અલ્પ સંખ્યામાં યહૂદીઓ પણ છે. હિંદુ ધર્મમાં અસંખ્ય સંપ્રદાયો છે, જેમાં કેટલાક સામાજિક વ્યવહારોમાં કટ્ટર છે. અન્ય ધર્મો પણ ફિરકાઓ વગર નથી. વળી હિંદુ ધર્મનું કલંક અસ્પૃશ્યતા તો હજી પ્રવર્તે જ છે. હિંદુસ્તાની સમાજની સમરસતામાં અવારનવાર કટુ અને વિષાક્ત રસ રાજનીતિના સર્પદંશના પ્રભાવે ઝરે છે. હિંદુસ્તાની સમાજની સમરસતા અવારનવાર દૂષિત થઈ છે. એકબીજાની સામે ખૂબ હિંસા આચરવામાં આવી છે. આભડછેટ રાખવી, મરજાદીપણું જાળવી રાખવું, રોટીબેટીનો વ્યવહાર ન રાખવો તે આજે પણ સહજ છે.*

*આઝાદી પછી પણ ધર્મ, સંપ્રદાય અને જ્ઞાતિના મુદ્દે રાજનીતિ ખતમ નથી થઈ ગઈ. એક ખ્યાલ એવો હતો કે, વિજ્ઞાન અને ટેકનૉલૉજીના યુગમાં આ મુદ્દાઓ અતિ ગૌણ બની જશે અને માનવ વિશ્વ નાગરિક તરીકેની એક વિશિષ્ટ ઓળખ ધરાવશે. એકવીસમી સદીના બે દાયકા બાદ પણ વિશ્વ નાગરિકનો આવિર્ભાવ થયેલો જણાતો નથી. આજે ફરી એક વાર કોમી એખલાસમાં મોટી તિરાડ પડી છે. ઘૃણાનો અહેસાસ ચોમેર થઈ રહ્યો છે. વાતાવરણમાં વેરભાવ છે. સમરસ થવાના કોઈ એંધાણ નથી. આ મુદ્દે ગંભીર વિચારણા અને કાર્યક્રમની જરૂર છે. માનવની વિવેકબુદ્ધિની ક્ષમતા ઉપર વિશ્વાસ રાખી સમાજમાં સમરસતા લાવવા માટે વૈચારિક સ્તરે શ્રદ્ધાયુક્ત પ્રયાસ તરીકે આ અંકને જોવો.*

*સો પાનાંમાં કેટલું સમાવી શકાય? સમરસતાનો અર્થ આજે કેવો સમજાય છે? તે અંગે શું મુદ્દા છે? તે વિશે થોડી સમજ આજના થોડાક વિચારકો અને ચિંતકો પાસેથી મેળવવાનો પ્રયાસ કર્યો છે. આકલન અને ચિંતન બહુ બદલાયા હોય તેવું જણાતું નથી, તેથી સાંપ્રત સમયમાં વિચારતા વધુ ચિંતકોને આમંત્રણ નથી આપ્યું. પરંતુ ગાંધીજીના સમયથી, જ્યારે એમણે અને એમના અનુયાયીઓએ હિંદુમુસ્લિમ ઐક્ય સાધવા અને અસ્પૃશ્યતાના કલંકે ધોવા નિષ્ઠાયુક્ત કર્મ કર્યા ત્યાંથી શરૂ કરી આઝાદી પછીની હાલાત ઉપરના ચિંતન પ્રકટ થયા છે જે તત્કાલીન ઘટનાઓ અને સ્થિતિ-પરિસ્થિતિનું આકલન અને ટિપ્પણી દર્શાવે છે, તેનું સંકલન પાઠકો સામે રજૂ કરવાની કોશિશ છે. અંકના પહેલા ભાગમાં સાંપ્રત સમજને મૂકવાનો પ્રયાસ છે. બીજા ભાગમાં આઝાદી પછી સમરસતા કઈ રીતે અને કેટલી ડહોળાઈ તેનો અંદાજ ગુજરાતના દાખલાઓથી આપવાનો પ્રયાસ છે. ગુજરાતીમાં પ્રસિદ્ધ થતી વિચારપત્રિકા 'નિરીક્ષક'માંથી લેખોનું સંકલન રજૂ કર્યું છે. આઝાદી પહેલાંના પચાસ વરસ આપણા દેશમાં સમરસતાને સંદર્ભે ખૂબ ઝંઝાવાતી રહ્યાં છે. અંગ્રેજ અને અન્ય વિચારકો અને રાજકારણીઓએ સમરસતાને મુદ્દાને રાજનૈતિક મુદ્દો ગણી એની સાથે એવો જ વ્યવહાર રાખ્યો છે. પરંતુ મોહનદાસ કરમચંદ ગાંધી નામક શખ્સ આ મુદ્દાને સામાજિક સ્તર પર લાવી એની સાથે વિચાર અને કાર્યસ્તરે મથામણ કરે છે. હવે જ્યારે 'સમરસ' અંક તમારા હાથમાં છે. સંપાદક તરીકેની જવાબદારીથી, જાગૃત નાગરિક તરીકે 'સમરસ' અંક વિચારમય કરે એ જ અભ્યર્થના.*

**- સંપાદક : સુદર્શન આયંગાર**

## ૦૧. સાંપ્રત ચિંતન સમરસનું અદ્વૈતપણું

**વિપુલ કલ્યાણી**

---

*(લેખકના જ શબ્દોમાં ‘માણસ બનવાની વાટે જ ક્યાંક અટવાતા રહીએ છીએ ભાઈ’, ઈંગ્લેંડમાં વસતા ગુજરાતી ડાયસ્પોરાના એક અનોખા માનવી એટલે વિપુલ કલ્યાણી. યુ.કે.ની ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને દેશ માટે ઘેલા અને નિસ્બત ધરાવતી વ્યક્તિ જેણે ભાષા, સંસ્કૃતિ અને જીવનશૈલી જીવવા-જાળવવા મથ્યા કર્યું છે. ગુજરાતના બૌદ્ધિક જગતમાં ઈંલેન્ડથી પ્રસિદ્ધ થતા ‘ઓપિનિયન’ના સંવેદનશીલ તંત્રી તરીકે જાણીતા.)*

*‘સમરસ’નો અર્થ અહીં શું કરવો? જવાબમાં સુદર્શન આયંગાર કહેતા હતા : ‘મારા માટે પણ આ એક મૂંઝવણ તરીકે જ આવે છે. સમરસ સમાજ એવો અર્થ બરાબર લાગ્યો છે. પરસ્પર પ્રેમ હોય તો સમાજમાં સમરસતા આવે. ઈર્ષ્યા, દ્વેષ, અને ઘૃણા આવે ત્યાં સમરસતામાં ખલેલ પડે.’*

*અને પછી, શબ્દકોશ, જોડણીકોશ ફંફોળવાની જરૂર પડી. કેમકે માથું ખંજવાળવાનું ટાળવું હતું ! તેમાં ભગવદ્ગોમંડળ મદદે આવ્યું. તે અનુસાર, ‘સમરસ’ માટે અર્થ અપાયો છે : એક સરખા રસવાળું. જ્યારે સમરસતા માટે ત્રણ : (૧) એકરસતા; સંગતિ; મેળ. (૨) બધા તરફ સરખી લાગણી રાખવાપણું; રાગદ્વેષરહિત હોવું. (૩) સ્વરમાધુર્ય; સુસ્વરતા; સ્વરમેળ.*

*લાગલા, સુદર્શનભાઈ પડકાર જાણે કે ફેંકતા ન હોય તેમ વિશ્વાસપૂર્વક સવાલતા રહ્યાં : ‘ડાયસ્પોરા સમાજમાં આ સ્તરે શું અનુભવો થતા રહ્યાં, સમરસતા છે? બની રહે છે? ખલેલ પડી છે? હિન્દુસ્તાનમાં બનતા બનાવોની અસર પડે છે? પડી છે? ઉપરોક્ત મુદ્દાઓ પર જૂનાં/નવાં લખાણો હોય તો ફરી પ્રસિદ્ધ કરવા જેવાં કરવા, એવો વિચાર.’*

*ડાયસ્પોરા સમાજનો આછોપાતળો અનુભવ હોઈ, યુનાઈટેડ કિંગ્ડમને કેન્દ્રમાં રાખી મગજને કસતા કસતા દેખાયું કે ચોતરફ સમરસ સમાજનો અભાવ વકરતો રહ્યો છે. જગતની આજે હાલત છે તેમાં નકરી ખાઈ ભાસે છે. પશ્ચિમના જે દેશો સમૃદ્ધ છે અને બાકીની દુનિયાના જે દેશો અ-સમૃદ્ધ છે તેમની વચ્ચે ક્યાંય સમાનતા જડતી જ નથી. ચોમેર વળી વેપારવાણિજ્યનું જોર વધી રહ્યું છે અને તેની ચડસાચડસીમાં પર્યાવરણ, પ્રદૂષણના સવાલો ખડકાતા રહ્યાં છે. તેની અસર નીચે કેટલાક દેશોમાં વળી સુકાળનો અભાવ છે જ છે. ક્યાંક દુકાળ છે તો ક્યાંક આંતરકલહ. તેને કારણે સ્થળાન્તર, દેશાન્તર સ્વાભાવિક જોર કરે છે અને જે તે મુલકમાં આ શરણાર્થીઓ ઠલવાય છે ત્યાં હમદર્દી તો ઠીક ન જ હોય, બલકે પૂર્વગ્રંથિ જ રાસડા લે છે !*

*અંગ્રેજો જે દહાડે જગતને ચોક ત્રણ ભાગે પથરાયેલા રહેતા તે દિવસોમાં વિધવિધ ખેતીકામને પહોંચી વળવાને સારુ દક્ષિણ આફ્રિકા ઉપરાંત કેટલાક સુદૂરના ટાપુદેશોમાં પણ ગિરમીટિયા પદ્ધતિ દાખલ કરાયેલી. કેરેબિયન ટાપુ વિસ્તારમાં ગુયાના, ત્રિનિદાદ ને ટોબેગો, હિંદી સમુદ્રમાંના મોરેશિયસ, તો પ્રશાન્ત મહાસાગરના ફીજી ટાપુ આના મજબૂત દાખલાઓ છે. આ ગિરમીટિયા પદ્ધતિ અનુસાર જે કરારનામા થયેલા તેમાં મોટે ભાગે પોતાના તાબા હેઠળના હિન્દુસ્તાનમાંથી હજારો લોકોની ભરતી કરવામાં આવેલી. જે તે મુલકોમાં ગયેલી આ વસ્તીમાં આરંભે બહુધા સમરસતા જોવા મળતી હતી. હા, મોટા ભાગના લોકો પોતાની સમજણ અનુસાર કર્મકાંડને બોટતા નહીં. પહેરવેશ અને ખોરાકમાં ય ક્વચિત ફેરફારને ય સ્વીકારતા નહીં. સામાજિક સ્તરે, ગાંધીભાઈ જેને ‘કોમ’ કહેતા તે ડાયરામાં, સમરસ સમાજની પેઠે જીવન વ્યસ્ત કરતાં, કેમકે દરેકને સારુ સ્વભાષાનું ચલણ પ્રધાન હતું, જૂજ લોકોને સારુ અંગ્રેજી ભાષા ઉપરાંત સ્થાનિક ભાષાથી અંતર હોય તેમ વર્તાયું છે.*

*આફ્રિકા ખંડેથી જોઈએ તો દક્ષિણ આફ્રિકાને નામ બેચાર મજબૂત ચોપડીઓ છે : મો.ક. ગાંધીકૃત ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’, પ્રભુદાસ ગાંધીકૃત ‘જીવનનું પરોઢ’, ઉમા ધૂપેલિયા-મિસ્ત્રી કૃત* Gandhi's Prisoner ? The Life of Gandhi's Son Manilal Gandhi

તેમજ રામચન્દ્ર ગુહા કૃત Gandhi Before India. તદ્‌પરાંત, અમીના કાછલિયા, અહમદ કથરાડા, ફાતીમા મીર તેમજ ઈસ્માઈલ મીરનાં આત્મકથાનક પુસ્તકો ય સાખ પૂરે છે. હવે તો બીજું ખૂબ સંશોધન આધારિત અને અભ્યાસુ સાહિત્ય પણ ઊમેરણમાં જોવાં પામીએ. વળી, મો.ક. ગાંધીમાંથી ગાંધીભાઈ બનેલા આ લોકનેતાને નાડ પણ પાકી પકડાઈ ગયેલી. અને પરિણામે તે પૂર્વે જ કામે લાગી ગયા હતા. એમણે મણિલાલ ડૉક્ટર, પારસી રુસ્તમજી, સોન્જા શ્લેશિન, આલ્બર્ટ વેસ્ટ, જોસેફ ડોક, અહમદ મહમ્મદ કાછલિયા, હર્મન કેલનબૅક, હેન્રી પોલાક, થામ્બી નાયડુ સરીખાંઓને પણ જોતરી જાણેલા. હિન્દુ જમાતના વસવાટીઓમાં, તે આરંભના ગાળામાં, સમરસતા મહદ્ અંશે મજબૂત જોવા મળી છે. લોકો કોમને નામે હળતાંભળતાં, એકબીજાના ટેકેટેકે જીવન વ્યસ્ત કરતાં રહેતાં. ગાંધીભાઈએ ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકાથી વિદાય લીધી અને ૧૯૧૫માં હિન્દ પરત થયા તે પહેલાં, ૧૫ ઑક્ટોબર ૧૯૧૩ના દિવસે ફિનિક્સ સેટલમેન્ટથી પોતાનો છેલ્લો સત્યાગ્રહ કર્યો તે વેળા સમરસતાનું મજબૂત ચિત્ર તો 'જીવનનું પરોઢ'માં જોવા પામીએ છીએ. એ કૂચ. હજારોની સંખ્યાને જે તે ગામે સાંચવણ-વ્યવસ્થાનાં કામો થયાં તેની દાસ્તા અનુભવાય જ છે. તેનો જોટો, ભલા, ક્યાં મળે ?

અને આવું છતાં, ઉમાબહેનનું એક તારણ ઊડીને આંખે વળગે છે. ગાંધી પરિવારે ડરબનમાં ગુજરાતીઓ જોડે બહુ નજીકનો તાલમેળ રાખ્યો હતો. તેમ છતાં, શહેરના ગુજરાતી સમાજ સાથેનો એમનો વહેવાર જૂથ બહાર બરાબરના હોય તેમ રહેતો. ડરબનમાં સુરતીઓ તેમજ કાઠિવાડીઓની અલગ અલગ સંસ્થાઓ હતી. હિન્દુસ્તાનના જ નહીં, બલકે ગુજરાતના જુદા જુદા પ્રાન્ત વિસ્તારની અહીં આ છાપ હતી. સુશીલાબહેન ગાંધી તો જાણીતા મશરૂવાળા પરિવારનું સંતાન. એમનાં મૂળ સુરતમાં નીકળે. જ્યારે મણિલાલ ગાંધીનાં મૂળ કાઠિયાવાડમાં. આથી દેખીતી રીતે બન્નેની નાતજાત જુદી લેખાતી. કાઠિયાવાડ હિન્દુ સેવા સમાજ એમને આવકારવા ઠંડોબોળ રહેતો ! એમનાં ત્રીજાં સંતાન ઈલાબહેનને ટાંકીને ઉમાબહેન લખે છે : એમને કોઈકે એકાદી વાર 'વર્ણસંકર' [half-caste] છો તેમ કહ્યું તેથી ઈલાબહેનને ઊંડી વેદના થયેલી. વળી, જ્યારે ત્યારે આ અંગે ગાંધી પરિવારને તે જણ ટોણો ય માર્યા કરતા. બીજી તરફ, સુરતી સમાજ પરિવાર અંગે થોડોઘણો કૂણો વર્તાતો. આ ભેદભાવથી પર રહી ગાંધી પરિવાર ગુજરાતી ઓળખને સતત જાળવવી રાખવા પ્રયત્નશીલ રહ્યું છે, તેવું લેખિકા લખે છે.

વારુ, જેમ દક્ષિણ આફ્રિકે, તેમ પૂર્વ આફ્રિકે પણ. ઉછરંગરાય ઓઝાનાં લખાણો, મણિલાલ દેસાઈથી માંડીને અલીભાઈ મુલ્લા જીવણજીને સાંકળતાં સાંકળતાં પિયો ગામા પિન્ટો, મોહમ્મદઅલી રતનસી ને પરિવાર, રણધીર ઠાકર, વી.આર. બોલ, પંડ્યા બંધુઓ, ગિરધારીલાલ વિદ્યાર્થી, હારૂન અહમદ, પ્રાણલાલ શેઠ, તેમજ બીજાં અનેકોએ સમરસતાના પાઠો ભણાવ્યા કરેલા.

આવા આ આગેવાનોએ અહીંતહીં કેટકેટલી સર્વસમાવેશક સંસ્થાઓ આદરેલી, ને ચલાવી જાણેલી. કમ્પાલા માંહેનો 'યુવક સંઘ', નાઈરોબી માંહે 'કલાનિકેતન', દારેસલ્લામખાતે 'શિશુ કુંજ' આના નક્કર દાખલાઓ છે. આવી બીજી નાનીમોટી આંદોલિત સંસ્થાઓ પણ તે દહાડે સક્રિય જોવા મળતી.

અને તેમ છતાં, આપણે તો ઠેરના ઠેર જ છીએ !

ગઈ સદીના આશરે છઠ્ઠે દાયકે, યુગાન્ડાની 'યુવક સંઘ' સંસ્થાના મહેમાન તરીકે ઈશ્વર પેટલીકર પૂર્વ આફ્રિકાના પ્રવાસે હતા, ત્યારે કેનિયાના બંદરી નગર મોમ્બાસામાંની એક જાહેર સભામાં આ ઉચ્ચારણ એમણે કરેલું તેમ નોંધાયું વાંચવા મળે છે : 'મારા પૂર્વ આફ્રિકાના પ્રવાસમાં પટેલને મળાયું; વણિકો (શાહ)ને મળ્યો; બ્રાહ્મણોને મળ્યો; કાઠિયાવાડીઓને મળ્યો; પણ ન મળ્યો કોઈ ગુજરાતીને. પટેલ સમાજોમાં ભાષણો કર્યાં; બ્રહ્મસમાજમાં ભોજનો લીધાં; કાઠિયાવાડી સમાજની ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો પણ એક ગુજરાતી સમાજનો સમાગમ ન થયો.'

વિલાયતમાં તો બેએક સદીઓથી આવનજાવન હતી, અને તેને ઈતિહાસનું બહાનું ય મળે છે. યુરોપના ફ્રાન્સ સમેતના બીજા દેશો, કેનેડા - યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા તેમજ, સિંગાપુર, ન્યુઝિલૅન્ડ, ઑસ્ટ્રેલિયામાં પણ આજે આપણી વસાહતો વિસ્તરી છે. આમ ચોમેર નજર

કરીએ છીએ ત્યારે આપણી જમાતના એક શિરમોર સાહિત્યકાર, વિચારક બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે દાયકાઓ પહેલાં કહેલું તેમાં મીનમેખ ફેર પડ્યો હોય તેમ લગીર દેખાતું નથી.

'આપણાં ગુજરાતીઓમાં પ્રજાપણું નથી. આપણાંમાં પ્રજાપણાનું ઐક્ય નથી. પ્રજાપણાનો ટેક નથી. પ્રજાપણાનાં સતત આગ્રહી ઊજમ અને જોમ નથી. આપણા નેતાઓને પ્રજાપણાવાળી પ્રજાના પીઠબળનો ટેકો નથી. મતભેદ અને ચરિત્રભેદને લીધે ટીકા, ચર્ચા, વૈમનસ્ય અને મતામતિ આપણે ત્યાં જ થાય છે એમ નથી; સર્વત્ર થાય છે. પરંતુ બીજે જ્યારે પ્રજાપણાની ઉષ્માથી એ થતાં આવે તેમ ઓગળતાં પણ જાય છે, અને આરંભેલ સંસ્થા કે કાર્યપ્રવાહ આગળ વધવા પામે છે તેમ તેમ એ વૈમનસ્ય અને મતભેદની નડતર ઓછી પડી જાય છે, ત્યારે આપણે ત્યાં એ નડતર જ વખત જતાં વધુ મોટી બનીને ગમે તેવાં કાર્ય કે કાર્યપ્રવાહને મંદ કરી નાખે છે, અને થોડા જ વખતમાં રૂંધી નાખે છે. આપણા પારસીઓ ગુજરાતી નથી, આપણા મુસલમાનો ગુજરાતી નથી, આપણા કાઠિયાવાડીઓ ગુજરાતી નથી, આપણા કચ્છીઓ ગુજરાતી નથી, આપણા ઈડિરયાઓ ગુજરાતી નથી, આપણા મુંબઈગરા ગુજરાતી નથી, આપણા ગુજરાતીઓમાં પણ સૌ કોઈ ગુજરાતી છે તે કરતાં તે અમદાવાદી કે સુરતી કે ચરોતરી કે પટ્ટણી કે મારવાડી, અગર તો નાગર બ્રાહ્મણ કે વાણિયા કે અનાવિલ કે જૈન કે પટેલ કે બીજું કંઈ વિશેષ છે.'

સુરત વસતા જાણીતા સાહિત્યકાર પત્રકાર રવીન્દ્ર પારેખ તાજેતરમાં લખતા હતા, 'સામાન્ય માણસ સ્વતંત્ર થઈને કૈં બહુ પામી ગયો નથી, બલકે, તેને નામે બીજા ઘણું પામી ગયા છે. આમ જોવા જઈએ તો આખો દેશ અનેક વર્ગોમાં વહેંચાઈ ગયો છે. એક વર્ગ છે તે જાતિ-વર્ગના દાખલા જ ગણ્યા કરે છે, બીજો એક, પક્ષીય રાજકારણ અને પ્રચાર, પ્રસારમાં જ જીવનની ઈતિશ્રી જુએ છે, તો એક વર્ગ ધર્મ-અધર્મ, હિન્દુ-મુસ્લિમ, મંદિર-મસ્જિદમાં જ વ્યસ્ત છે. એક વર્ગ સૌથી વધુ ધન ભેગું કરવામાં પડ્યો છે. વિશ્વના સૌથી વધુ ધનાઢ્ય લોકોમાં પોતાનો નંબર કયો છે ને તેનાથી ય વધુ ઊંચાઈએ, એટલે કે પહેલાની ય ઉપર જવાય એમ છે કે કેમ એટલું જ લક્ષ્ય એનું હોય છે. એક વર્ગ છે જે ઓછી મહેનતે વધુને વધુ પૈસા કઈ રીતે બનાવી શકાય એની જ કોશિશમાં છે. એ ઘણુંખરું નોકરિયાત વર્ગ છે. એ સરકારી નોકરીઓમાં છે, પોલીસમાં છે, કોર્પોરેશનમાં છે, શિક્ષણમાં છે … લગભગ બધે જ છે. એ કોઈનો હક મારે છે અથવા તો કોઈનો હક દબાવે છે. ભ્રષ્ટાચાર એ જ એને માટે શિષ્ટાચાર છે.

જ્યાં કેન્દ્ર નબળું હોય ત્યાં પરીઘે માણસ કેટલું બળ કરી શકે ? તળ ગુજરાતે જ્યાં વકરેલી હાલત હોય તો બૃહદ્દે વિસ્તરેલા ગુજરાતમાં સ્વાભાવિકપણે તળના પડછાયા અને ઓછાયા ડોકાયા કરે. અહીં પણ કોમવાદ વકરેલો છે, તેમ જ્ઞાતિવાદનો મુરબ્બો ચોમેર મધમાખની પેઠે વળગેલો જ ભાસે છે. ઉચ્ચનીચના ભેદ, સામંતવાદી માનસ, અસહિષ્ણુ વાણી - વર્તન, સ્વકેન્દ્રી પ્રકૃતિનું આજકાલ જોર છે અને તેમને રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદનો કોઈ ભેદ કળાતો જ નથી !

આવી પરિસ્થિતિમાં આ સમરસતાને ક્યાં ભાળવી ? ધોળે દહાડે દીવો લઈને શોધવા નીકળીએ તો એકલદોકલ દાખલાઓ સિવાય ચોમેર, કમનસીબે, અંધારું ઘોર દીસે છે.

**પાનબીડું :**

'ગીતાની યોજના મહાભારતમાં છે. 'મહાભારત' ને 'રામાયણ' આપણા રાષ્ટ્રીય ગ્રંથો છે. તે મહાકાવ્યો છે, અદ્દભુત ગ્રંથ છે. રામાયણ મધુર નીતિકાવ્ય છે. જ્યારે મહાભારત સમાજશાસ્ત્ર છે. સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસજીએ ભગવદ્દગીતામાં ભર્યું છે. ગીતા ઉપનિષદોની ઉપનિષદ છે. ગીતા ધર્મજ્ઞાનનો એક કોષ છે. અર્જુનને શિષ્યભાવે સમરસ થવાથી તેમજ વ્યાસજીને ગ્રંથકાર ભાવે એક રસ થવાથી કૃષ્ણ સંજ્ઞાઓ મળેલ છે - એટલે કહેવાવાળા કૃષ્ણ, સાંભળનાર કૃષ્ણ અને રચનાર પણ કૃષ્ણ - એટલે એ ત્રણની સમાધિરૂપે - અદ્વૈતરૂપે - ગીતાજી સ્વયંસિદ્ધ છે.

- આચાર્ય વિનોબાજી

(vipoolkalyani.opinion@btinternet.com)

## ૦૨. સમરસ દુનિયા એક સમણું : અમે + તમે =આપણે

**ડૉ. દિનુ ચુડાસમા**

*(લેખક પ્રકૃતિના ઉપાસક છે. માનવીય અભિગમથી જીવવું અને શાંત રહેવું ગમે છે. ખલેલમુક્ત રહેવું અને કોઈનું અહિત ન વિચારવું એ વિચાર જીવવાના પ્રયાસમાં હોશપૂર્વક સંલગ્ન છે. માણસને ઓળખી ગયા પછી પણ દ્વેષમુક્ત રહી ચાહી શકે એવો સરળ માણસ. બધી દોડ ધીમે ધીમે અટકાવી રસરુચિના કાર્યોમાં પ્રવૃત્ત કેમ રહેવું એના નિજી પ્રયોગોમાં નિમગ્ન. ગાંધીજી, પૂજ્ય મોરારિબાપુ, સુભાષ ભટ્ટના ચિંતનને જાણવાની જિજ્ઞાસામાં ઓતપ્રોત છે. સાંપ્રતમાં લોકભારતી — સણોસરામાં હૃદયપૂર્વક સમરસ.)*

***(૧) 'સમરસ' શબ્દ નહીં જીવની છે:***

*'સમરસ'એટલે એકસરખા રસવાળું. એકબીજાની રુચિનો, વિચારધારાનો સહજ સ્વીકાર કરવો. સમગ્રતાપૂર્વક, અખિલાઈયુક્ત જીવતરનો માનવીય મારગ સર્જવો. જગતના દરેક માણસને આદરપૂર્વક એનું આકાશ અને ધરતી મળે રહે એવું સમાયોજન કરતી એક વ્યવસ્થા એટલે સમરસ સમાજ. જ્યાં પરસ્પર સમજણ, તાદાત્મ્યનું બીજ ઊગે, મહોરે અને સમાજને એના મીઠાંફળની સંપ્રાપ્તિ થાય. દુનિયામાં શ્વાસ લેતા લોકોની જિંદગી એવી હોય કે ત્યાં બધા જ માનવોને આવકાર મળે. દ્વાર ખુલ્લા અને હૃદય ઉઘાડ પામેલા માનવોનો સમાજ ધબકે. આ સમરસ સમાજની પરિભાષા જગતભરના લોકોને સ્વીકૃત હોય અને સૌ કોઈ એના હાર્દનું આચરણ કરી જીવી બતાવે તો ? પ્રેમ-મૈત્રીના ઉપવન સર્જાય કે નહીં? સ્નેહની સૌરભ અત્રતત્રસર્વત્ર પ્રસરે કે નહીં ? માણસને સુખ, શાંતિ અને વિશ્રામ છલોછલ મળે કે? જવાબમાં હકાર જ આવે છે ને ?. 'સમરસ'નો ચેતનસ્પર્શ માનવસમાજને દરેક ક્ષેત્રે પ્રગતીશીલ કરી શકે એમ છે બસ આપણે યુદ્ધગ્રસ્ત પૃથ્વી પર શાંતિનું બીજારોપણ કરવામાં આવે તો પ્રેમ, સુખની ફસલ લહેરાય આનંદ આવી મળે પણ એ માટે 'સમરસ' થવું પડે, અહંકાર ઓગાળીને એકરૂપ થવું પડે. જીસસ ક્રાઈસ્ટને એના એક શિષ્યએ પૂછ્યું હતું:*

***'મારા સ્વર્ગનો રસ્તો ક્યાંથી પસાર થાય છે ?'***

***ક્રાઈસ્ટે જવાબ આપેલો : 'તારા સ્વર્ગનો રસ્તો તારા પાડોશીના ઘરમાંથી પસાર થાય છે.'***

*જો માણસ બધા સાથે 'સમરસ'-એકરસ થયો હશે તો એના સ્વર્ગના રસ્તામાં ક્યાંય બમ્પ આવશે નહીં. સ્વર્ગ એટલે સહજ જીવાતું જીવન જ્યાં માનવીય મૂલ્યોનું આચરણ થતું હોય. પરસ્પર સ્નેહાદર, પ્રેમ-મૈત્રીના ભાવથી વિશ્વનો પ્રત્યેક માનવ જીવનને સાર્થક કરતો મનુષ્યતાને જીવે,જીવંત બની રહે બસ.*

***(૨) સાંપ્રત સ્થિતિ:***

*આજે આપણને ચૂંટણી હોય ત્યારે જ આ 'સમરસ' શબ્દ કાને પડે અને જેવો ચૂંટણીનો સમય પૂરો થયો કે તું કોણ ? અને હું માત્ર હું. ઈગો એટલો મોટો કે બીજા માણસને માણસ જ ગણકારે નહીં. આજે તો માણસ ગ્રાહક બની દુનિયાની બજારમાં લૂંટાય છે. વ્યક્તિ વસ્તુ બની ગઈ તેથી માણસ માત્ર સરેઆમ બજારમાં વેંચાય, લૂંટાય છે. અમૂક માણસો માણસ જાતને ફોલી ફોલી ખાઈ રહ્યાં છે કે નહીં? આજનો માણસ ફાઈલમાં અને નંબરોમાં રૂપાંત્તર પામી આદમીયત ખોઈ બેઠો એવો અનુભવ થતો રહે છે. દુનિયામાં ટેકનોલોજી અને યંત્રોની ભરમાર વચ્ચે એ બોરીંગ બની ઘાંઘો થઈ ગયેલો કળાય છે. એ દોડે છે ઘણું પણ ક્યાં જવું -પહોચવું એનું સરનામું એની પાસે નથી.*

રમેશ પારેખની કવિતા અહીં ટપકાવું:

ટપાલ જેમ તમે ઘેર ઘેર પહોચો પણ;
સમસ્ત શહેરના લોકો અભણ મળે તમને.

જાણે કે હવે યંત્રો માનવીય બનતા જાય છે અને માણસો યાંત્રિક થતા અનુભવાય છે. ડિઝિટલ બની ગયેલો માણસ ,કમ્પ્યૂટર, ઈન્ટરનેટના રવાડે સાઈબર હાઈવે પર લટાર મારતો ઈન્સાન, મંગળ પર સ્પેશ સ્ટેશન ઊભા કરે. અવકાશમાં શું-બ્રહ્માંડના રહસ્યો જાણી લે ,સમગ્ર પૃથિવીને માપી લીધા પછી. બધું આંકડામાં મૂકી આપે ત્યારે આપણે લાગે કે માણસ તો ખૂબ આધુનિક બની ગયો છે. પરંતુ એના માનવીય વિકાસનું શું કરીશું ? ઘરમાં ભૌતિકતા વધી પણ આધ્યાત્મિકતા ઘટી એવું દુનિયાનું ચિત્ર છે. આવી કડવી પણ વાસ્તવિક વાત મૂકી આપ્યા પછી મારે આપ સહુને 'સમરસ' સમાજની સર્જનાત્મક વાત રજૂ કરવી છે. ચાલો અમે + તમે = આપણે બની જઈએ તો કવિ રતિલાલ 'અનિલ' ફરિયાદ કરશે નહીં કે:

**નથી એક માણસ પાસે હજુ બીજો માણસ પહોંચ્યો.**
**'અનિલ' મેં સાંભળ્યું છે કયારનો બંધાય છે રસ્તો.**

'સમરસ' સમાજનું નિર્માણ કરવા, એ માટેનો સેતુ સર્જવા કેટલાંક સામાજિક પ્રશ્નો ખાળવા પડે એમ છે. માણસ સજાગ રહી સ્વયંમાં કેટલાક બદલાવ લાવે તો ઘટના ઘટી શકે. એક માણસ બીજા માણસ સુધી પહોંચે એ માટે પ્રથમ માણસમાં શું શું જોઈએ ? આવો જોઈએ,વિચારીએ, સમજીએ, આચરણમાં રોપીએ.

**(૩) આર્થિક ક્ષેત્રે 'સમરસ':**

આજે વૈશ્વિક કક્ષાએ આર્થિક 'સમરસતા'નો સદંતર અભાવ જોવા મળે છે.

સાંપ્રતમાં ૧ % લોકો પાસે વિશ્વની ૯૯% સંપત્તિ સ્થાયી થઈ ગઈ છે. વિશ્વ અને દેશની સાંપ્રત સ્થિતિમાં ધનાઢય અધિક ધનવાન બનતો જાય અને ગરીબ, મધ્યમ વર્ગના લોકો વધારે આર્થિક સંકડામણ અનુભવે છે. એક બાજુ ગગનચુંબી ઈમારતો, સ્કાય ટાવર્સ, ગરીબોના આકાશ પર કબજો જમાવી બેઠા એ પીડાને

કવિ જાવેદ અખ્તર સમયપૂર્વક મૂકી આપે છે:

**ઉંચી ઈમારતો સે મકા મેરા ઘીર ગયા;**
**કૂછ લોગ મેરે હિસ્સે કા સૂરજભી ખા ગયે.**

મલ્ટી નેશનલ કંપનીઓની ઉઘાડી લૂંટ, અતિ ઔદ્યોગિકરણને લીધે તેમજ માલેતુજાર-ઉદ્યોગપતિઓના માત્ર વ્યાપારી વલણને લીધે દેશનો આમ વર્ગ મોંઘવારીની ચક્કીમાં પીસાતો ,પીડાગ્રસ્ત દેખાય છે. આજે આપણા ભારતીય સમાજમાં લોકોના ત્રણ વર્ગ પડી ગયા છે:

(૧) અમીર
(૨) મધ્યમ
(૩) ગરીબ

ધનાઢય લોકોને ગરીબી કે અછત દેખાતી કે અસર કરતી નથી. મધ્યમવર્ગ પોતાની જીવન જરૂરિયાત પ્રમાણે મેળવવાની મથામણ કરી મેળવી લે ભારતનો આ વર્ગ નથી અમીર કે ગરીબ એના મનોમંથન જૂદા જ ભાસે છે. જ્યારે ગરીબવર્ગને અમીર દેખાય , મધ્યમવર્ગ કળાય અને એની અસર પણ થાય છે. આ યથાર્થ સ્થિતિને કારણે એક ઊંડી ખાઈ ઊભી થઈ ગઈ જે 'સમરસ' સમાજ માટે લાલબત્તી સમાન કહી શકાય. આ ખાઈ, તફાવત સમાજમાં ગૂનેગાર અને દૂરિત ઊભા કરે છે. અજંપો, પેટની ભૂખ, ગરીબી, અશિક્ષણ, બેકારી માણસને અમાનૂષ બનાવી દે એ તો સૌ જાણે છે. સમરસ થયેલો માણસ એ દૂષણ અટકાવી,રોકી શકે છે.

આ સમસ્યાનો સરળ ઉપાય ગામડાઓમાં ગ્રામોદ્યોગ હતા તેને પુનઃ બેઠા કરવામાં આવે. ઘરે ઘરે માણસો પોતાના કલાકસબથી, કૌશલપૂર્વકના પુરુષાર્થથી પોતાની રોજગારીનું નિર્માણ કરી આર્થિકક્ષેત્રે સ્વાવલંબી બને. સ્વનિર્ભર સમાજરચનાના પાયામાં ગામડાંઓનો

સંપૂર્ણ વિકાસ થાય. રોજગારીનું સર્જન બહોળીમાત્રામાં ઊભું કરવું પડે એમ છે. ગામડાંઓમાં રોજગારીની તકો ઊભી કરવામાં આવે તો શહેર તરફની દોટ ઓછી થશે. આજે ગામડું એકલું પડયું ને શહેરો ટોળામાં ગૂમ બનતા જતા દેખાય છે કે નહીં? આખરે તો ગાંધીજીએ દેશના યુવાનોને ભારતના કોઈ એક ગામડાંને પસંદ કરીને ત્યાં રચનાત્મક કાર્યોની ધૂણી પ્રગટ કરવાનું સૂચન તેમની પાસે સેવા માટે જતા યુવાનોને કરતા જ હતા ને? હજુ સમય છે ભાગવાને બદલે જાગવાનો. વાતો કરવાનો નહીં વિચારના અમલીકરણનો..બદલાવ આવી શકે બસ ગાંધી વિચારના આચરણની, વિચારને જીવવાની જરૂર છે.

**(૪) સમસંવેદનઃ**

સમગ્ર જગતમાં સુખ અને શાંતિનો સોનેરી સૂર્યોદય ઉજાગર થઈ શકે જો માણસ સંવેદનશીલતા જાળવી શકે. બીજાની આંખમાં રહેલું આંસુ જ્યાં સુધી સામેના માણસને ભીંજવતું નથી ત્યાં સુધી બધી મથામણ કોરીધાકોર રહે છે. કવિ રમેશ પારેખનું કાવ્યાત્મક દર્શન પ્રત્યેક માણસે જીવવું પડશે :

**'માણસથી મોટું કોઈ નથી તીર્થ પ્રેમનું,**
**હું છું પ્રથમ મુકામ લે, મારાથી કર શરૂ'**

અને દરેક માણસે એ પણ સમજવું પડશે કે સમતા, સ્વતંત્રતા, બંધુતા, પ્રેમ, મૈત્રી, કરુણાને આપણે બધાએ જીવનમાં મૌનપૂર્વક સેવવી પડશે. શાંતિ-વિશ્રામ તરફની નિસ્બત રાખતા લોકો સ્નેહની જીવનધારાથી ભીંજાતા બીજા લોકોને પણ પોતાના પ્રેમ પર્જન્યથી ભીંજવે. આપણે બધા જીવનમાં માનવતાવાદી ચિંતનને સેવી માણસ છે તો માણસાઈને જીવીએ. ચિંતક લૂઈ પાશ્વરના એક ભાવને સમજી આચરણમાં ઊતારીએઃ

**'હું તારો ધર્મ શું છે એ નથી જાણવા માગતો. તારા વિચારો શું છે તે પણ જાણવા નથી ઈચ્છતો. માત્ર એટલું જાણવા ચાહું છું કે તારું દુઃખ શું છે. તેને દૂર કરવામાં મદદ કરવા ચાહું છું.'**

**(૫) સૃષ્ટિનું જતન,સંવર્ધનઃ**

'સમરસ' એટલે આપણા સમગ્ર પર્યાવરણીય પરિવેશ સાથે એકરસ થવાની જીવનધારા. કવિ ઉમાશંકર જોશીએ ગાયું છે કેઃ

**'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી;**
**પશુ છે, પંખી છે, પુષ્પો-વનોની છે વનસ્પતિ.'**

માણસે આસપાસની સજીવ,નિર્જીવ સૃષ્ટિ તરફ પણ આત્મીય ભાવે વર્તન કરવું એ છે સમરસ સંવેદન. પ્રકૃતિનું જતન કરતા,પરિવેશને લીલોછમ રાખી, કાર્બન શ્વસી શુદ્ધ પ્રાણવાયુ આપતા વૃક્ષો વિકાસના નામે વધેરાતા બંધ કરવા જોઈએ. વાડી વિસ્તાર વધે, ખેતરો સર્જાય,જંગલો ઊભા થાય, વૃક્ષોના અભ્યારણ વધે એવું થાય તો મજા આવી જાય. એ વૃક્ષો પર પક્ષીઓ વસે..કોઈ પક્ષીને વૃક્ષો વિના જગતને અંતિમ રામ રામ કરવા ના પડે.કલરવથી વાતાવરણ આનંદવિભોર બને પ્રાણીઓની કત્લેઆમ ઘટે. કૃષકો સજીવ ખેતી તરફ વળી રાસાયણીક દવાઓનો છંટકાવ ઓછો કરી દેશી ખાતરથી ખેતરને ફળદ્રુપ બનાવવાનો યજ્ઞ આરંભે. વાડ,વાડોલિયા, નેળિયું, શેઢામાં સરીસૃપો રહી શકે. ધરતી અને આકાશી જીવને માણસ સમરસતા સેવે તો અભય મળે એમ છે.

કુદરતી જળસ્ત્રોતો, ખનીજના ભંડારો, માટી, પથ્થરનું સંરક્ષણ કરવું રહ્યું. હવાનું પ્રદૂષણ અટકે એ માટે ઈલેક્ટ્રોનીક બેટરી પાવરથી ચાલતા વાહનોની સંખ્યા વધે.ઔદ્યોગિક વસાહતો કાર્બનનું ઉત્સર્જન ઓછું કરી ગ્રીનએનર્જી તરફ વળે અને સૌરઊર્જાના ક્ષેત્રે ક્રાંતિકારી વિકાસ વધારી શકાય તો પરિણામ સ્વરૂપ માણસ નિરામય આયુષ્ય જીવી-માણી શકે છે. બસ માણસ 'સમરસ' બની પોતાની સુખ,સુવિધા માટે કુદરતી સંપદાનો નાશ ના કરે એ ઈચ્છનીય છે. દુનિયાના

લોકોને ગાંધીજીના શબ્દો ઘરની દિવાલ પર લખી યાદ રાખી જીવવું પડશેઃ

**'આ પૃથ્વી પર દરેકની જરૂરિયાત માટે પૂરતું છે. પણ દરેકના લોભ માટે પૂરતું નથી.'**

**(૬) માનવતાવાદી અભિગમઃ**

માનવતાવાદમાં માનનાર માણસે માણસાઈથી માનવસહજ જીવનશૈલી વિકસિત કરી એનો સંસ્પર્શ અનેકોને આપવો એ માનવીય અભિગમનું મહત્ત્વનું પરિમાણ છે.

માનવાભિગમ એટલે બધા તરફ પ્રેમ વહાવવો ચિંતક ગુણવંત શાહ કહે છે કેઃ

**'પોતાને પ્રાપ્ત થયેલા રોટલામાંથી માણસ જયારે કોઈ અજાણ્યાં માણસને આપવા માટે પોતાનો રોટલો ભાંગે છે,ત્યારે સમગ્ર માનવતા સુગંધમય બને છે.'**

આજે વિશ્વમાં વસ્તી વધી રહી પણ માણસની સંખ્યા ઓછી દેખાય છે. અંગત લાભાલાભમાં માનવીયધારા વસૂકતી જાય છે. ચંદ્ર પર પહોંચી ગયેલો માણસ બીજા માણસ સુધી પહોંચવાના પ્રાથમિક તબક્કામાં છે એવા સમયે સમજણનો સેતુ રચી માણસે માણસ બની માણસાઈને ઉજાગર કરવી પડશે. કવિ ગૌરાંગ ઠાકર કહે છે :

**'હું સાંકડી ગલીમાં રસ્તો કરી જવાનો;**
**માણસ સુધી જવાનો આગળ નથી જવાનો.'**

**(૭) ધર્મ નહીં ધાર્મિકપણું જીવાયઃ**

આપણને સવાલ થાય કે; ધર્મ માણસ માટે છે કે માણસ ધર્મ માટે?

આ સવાલનો જવાબ તમને મળે અને સત્યપૂર્વક તમને મળેલા જવાબને જીવવાનો પ્રયાસ કરવો તે 'સમરસ'પણું. આજે અને ભવિષ્યમાં પણ 'ધર્મ' શબ્દ ચર્ચાતો રહેશે. ધર્મક્ષેત્રે અનેક મતો,વાદવિવાદ વકરતા રહે છે. દુનિયાના સળગતા પ્રશ્નોમાં 'ધર્મ'ઝનૂનને કારણે આતંકવાદ વકર્યો છે. ધર્મને કારણે માણસ ધર્માંધ થયો પણ 'ધાર્મિક' થવાનું ચૂકી ગયો છે. અમૃતની અનુભૂતિ કરવા માટે માણસે 'ધાર્મિક' બનવું પડશે તો જ એ 'ધર્મને' જીવી, શ્વસી શકશે. 'ધાર્મિક'માણસ કેવો હોય એનો સંત કબીર જવાબ આપે છેઃ

**'મન મથુરા દિલ દ્વારિકા ગયા કાશી જાન;**
**દસ દ્વારે કા દેહરા તામે જ્યોતિ પિછાન.'**

અને ગુજરાતી કવિ-સાધક સુન્દરમ્ પણ 'ધાર્મિક'જનની વાત 'સમરસ' પણે કહી ગયા તે ટપકાવું :

**ઉચ્છ્વાસે નિઃશ્વાસે એક જ મારી રટણા હો.**
**તું મુજમાં તુજ ધામ રચી જા એ શુભ ઘટના હો.'**

આપણી ધાર્મિકતા બાહ્ય દેખાવમાં ના હોવી જોઈએ. કોઈપણ ધાર્મિક સ્થાનકના ધરતી,આકાશ કોઈ ચિહ્ન દેખાડતા નથી. કુદરત એનામાં રસ-તરબોળ છે.સુગંધ કોઈ ધાર્મિક વાડામાં કેદ હોય છે? વિચારશો તો જરૂર મારગ મળશે. બંધ આંખ ખૂલશે, કાન અધિક તમારો અવાજ સાંભળશે. મનનો ઉઘાડ, સહુનો સ્વીકાર સમરસતાની ગુરુકિલ્લી છે. 'ધાર્મિક' એટલે જ ભીતરની સરિતા-અલખને સેવી અનહદ તરફ વહે તે. મૌનપૂર્વકની જીવની બે કાંઠે જીવનરસથી છલોછલ રહી-વહી આકંઠ અમીરસનું પાન સૌ-કોઈને કરાવે, જયાં હદ નહીં બેહદનો વિસ્તાર અનંત રહે..સમરસથી અધ્યાત્મ તરફની દિશા એટલે જ અગિયારમી દિશા.

**(૮)'વસ્તી' નહીં 'માણસ' વધેઃ**

ગુજરાતી ગઝલકાર ભરત વિંઝૂડાએ લખ્યુંઃ

**હિન્દુ, મુસ્લિમ, શીખ ઈસાઈ વધે છે;**
**માણસ જાતની વસ્તી કયાં વધે છે.'**

વિશ્વમાં આજે ૭૫૦ કરોડની વસ્તી છે. એ આંકડો દિનપ્રતિદિન વધે છે. ચીન અને ભારત દેશમાં જ ૨૭૫ કરોડની જનસંખ્યા પહોચી ગઈ. માનવબળ અને બુદ્ધિ અમાપ હોવા છતાં આપણી ગેરસમજથી વિશ્વ અશાંત, યુદ્ધગ્રસ્ત, રોગીષ્ઠ અને પ્રદૂષિત થતું જાય

છે. દુનિયામાં ક્યાંક છત છે તો ક્યાંક અછત જોવા મળે છે. કારણમાં આપણે ત્યાં માણસાઈથી સભર માણસો ઓછા છે. વસ્તીના આંકડા અચંબિત કરી દે છે. ભૂખ, ગરીબી, શિક્ષણથી વંચિત કરોડો લોકો ગૂનેગારો બની જાય છે. 'સમરસ'ભાવથી વસ્તીના આંકડા નહીં 'માણસાઈ ભરેલાં માણસો'ની સંખ્યા વિશ્વમાં વધતી જાય. વિશ્વમાં આજે વસ્તીનો વધારો કરવાની નહીં માણસાઈની સંભાળ રાખવાનો સંકલ્પ કરવો પડશે. માનસિક, હાર્દિક શાંતિની પહેલ માટે મનુષ્યબીજને દુનિયારૂપી ક્યારામાં વાવીને જતનપૂર્વક ઉછેર કરીએ તો આપણે ભાવિ પેઢીને પાવક દુનિયાની ભેંટ આપી જઈશું. દરેક ઈન્સાન માત્ર કાગળ પરનો આંકડો બનીને ના રહી જાય એનો માનવીય વિકાસ થાય એટલો એ સભાન બને તો 'સમરસ'તાનું અમી માણવા મળે. જીવનમાં પ્રસન્નતા પ્રસરી જાય.

(૯) **'શિક્ષણ' દ્વારા 'સમરસ'જીવન:**

શિક્ષણ એટલે જ અહંકારને ઓગાળવાની પ્રક્રિયા. ભીતરથી મૃતપાય હોય તેને બહાર કાઢીને અમૃતને પામવાની મથામણ. વિદ્યાનુ ં તેજ સ્વયંને અને જગતને રોશનીથી પ્રકાશિત કરવા માટે છે. ગાંધીજીએ શિક્ષણ માટે કહ્યું છે:

**'બાળક અથવા મનુષ્યના શરીર, મન અને આત્મામાં શ્રેષ્ઠ જે કાંઈ છે તે બધું બહાર આણવું એને હું શિક્ષણ કહું છું.'**

મહાત્મા ગાંધીએ તો સુખની પરિભાષામાં પણ સમરસતાનો રાગ આલાપ્યો ગાંધીવાણી છે:

**'તમે જે વિચારો તમે જે કહો અને તમે જે કરો તેમાં જ્યારે સંવાદિતા હોય ત્યારે જે સર્જાય તેનું નામ સુખ!'**

સમરસ સમાજની અભિલાષા સાર્થક કરવી હશે તો શિક્ષણ વિષયક ગાંધીજી અને જહોન રસ્કિનના વિચારોને સમજવા પડશે, રસ્કિને કહેલું:

**'કેળવણીનું કાર્ય જે ન જાણતા હોય તે જણાવવાનું નથી,**

**પણ જે ન આચરણમાં હોય તે આચરણ કરતા કરવાનું છે.'**

શિક્ષણમાં જો નઈ-તાલીમની કેળવણી સમગ્ર દેશ અને વિશ્વમાં અમલમાં મૂકવામાં આવે તો દુનિયામાં સ્વાવલંબી, સ્વનિર્ભર, પરિશ્રમી સમાજ ઊભો થશે. આપણે આજના શિક્ષણમાં શિક્ષણ લીધેલા લોકો તો ઘણાં છે પણ એ હૃદયશૂન્ય છે, માણસ વિદ્વાન નહીં હોય તો પણ ચાલશે, પરંતુ માણસ નિષ્ઠાવાન હોવો જોઈએ. 'જ્ઞાની' કરતાં 'પ્રજ્ઞાવાન' માણસ બને, કામચોર નહીં કર્મઠ બને એવી શિક્ષણ પ્રણાલી સમરસ સમાજ તરફ એક કદમ નહીં અનેક કદમ આગળ લઈ જઈ શકે છે. આ બધું નઈ-તાલીમની કેળવણીથી શકય છે. શિક્ષણમાં અધ્યાત્મ અને વિજ્ઞાન એકરૂપ થઈ શકે તો આપણે બધા સમરસતાનો અખિલાઈયુક્ત આસ્વાદ માણી શકીએ એમ છીએ. અંતમાં તત્ત્વજ્ઞાની નુફાતની વાણીથી મારા વિચારને વિરામ આપું.

**'જેણે વધારે પરસેવો પાડયો છે એને ઓછું લોહી બાળવું પડશે.'**

આવો આપણે સૌ માનવો સ્વર્ગની કલ્પનામાંથી મુક્ત બની જીવાતા જીવનને રમણીય બનાવી દઈએ: અસત્યથી સત્ય તરફની પરિક્રમા કરી. દંભ તરફથી સહજ બનવાની પ્રક્રિયા આરંભી..અરસથી સમરસ તરફ ઊર્ધ્વમૂલયાત્રા કરતા રહીએ. જીવાતું જીવન સમરસ-ના અમીરસથી સર્જનશીલ, સંવેદનમય, આધ્યાત્મિક બની જતું હોય છે.

(ગાંધીભારતી, લોકભારતી-સણોસરા, મો. ૯૬૬૨૭૮૭૫૮૭,

ઈમેઈલ : dr.dinu.chudasama@gmail.com)

## ૦૩. સરદાર અને સમરસતા

**ઉર્વીશ કોઠારી**

*(લેખક પત્રકાર-કટાર લેખક, વ્યંગકાર, 'સાર્થક પ્રકાશન'ના સહસંચાલક અને ગાંધીપ્રેમી છે. તેમનું ૨૦૦૫માં પ્રગટ થયેલું પુસ્તક 'સરદારઃ સાચો માણસ, સાચી વાત' સરદારના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંની વિશિષ્ટ છણાવટ માટે સુખ્યાત છે.)*

*'સરદાર પટેલ' અને 'સમરસતા'--આ બંને વિશે એકસાથે વિચાર કરતાં સૌથી પહેલો મુદ્દો આવેઃ ભારતને રાજ્યવ્યવસ્થાની દૃષ્ટિએ એક દેશનું સ્વરૂપ આપવામાં-સ્વતંત્ર ભારતની ભૌગોલિક એકતામાં સરદાર પટેલની ભૂમિકા સૌથી મહત્ત્વની હતી. તેમણે ભારતને 'એક' કર્યું કહેવાય કે 'સમરસ' બનાવ્યું કહેવાય? સરદાર પટેલનું વિક્રમી પૂતળું ઊભું કરવા પાછળના આશય કે ઔચિત્યની ચર્ચા ઘડીભર બાજુએ રાખીએ તો પણ, એ યાદ રાખવું જોઈએ કે તે પૂતળાનું નામ 'સ્ટેચ્યુ ઓફ હોમોજિનિટી' નહીં, 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' છે.*

*વર્તમાન સમયમાં સમરસતા વિશે વાત કરતાં પહેલાં 'સમરસ' શબ્દના અર્થ અને અર્થચ્છાયા સ્પષ્ટ કરી લેવાં પડે. 'એકતા' અને 'સમરસતા'-એ બંને શબ્દો પહેલી નજરે સરખા લાગે છે અને તેમને સગવડપૂર્વક એકબીજાની અવેજીમાં પ્રયોજવામાં આવે છે. પરંતુ વ્યવહારમાં તેમની વચ્ચેનો તફાવત ન ચૂકી શકાય એટલો સ્પષ્ટ અને ગોથું ખાધા વિના ગાંઠે બાંધી લેવા જેવો છે.*

*શબ્દકોશમાં 'સમરસતા'નો એક અર્થ એકરસતા છે અને 'એકતા'નો અર્થ છે સંપ, મેળ, અંગ્રેજીમાં 'યુનિટી'. સરખાપણું. વિવિધ સમુદાયો વચ્ચે એકતા સિદ્ધ કરવા માટે તેમણે સમાન, એકરૂપ, એકરસ કે એકબીજામાં ઓગળેલા હોવાનું જરૂરી નથી. બધા જે છે, એ જ સ્વરૂપે તેમણે બીજાઓ સાથે સંપીને રહેવાનું છે. તેમાં વિચારભેદ અને વલણભેદ રહેવાના, પણ બંધારણના છત્ર નીચે બધા (સરખાના અર્થમાં) એક છે અને 'વિવિધતામાં એકતા' તે માટેનું આદર્શ સૂત્ર છે.*

*સમરસતામાં વિવિધતા અપેક્ષિત કે ઇચ્છનીય ગણાતી નથી. એટલે 'વિવિધતામાં એકતા'નો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પોથીશાઈ સિદ્ધાંતચર્ચામાં સમરસતાને એકતાનો પર્યાય ગણાવી શકાય. રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના નેતા દત્તોપંત થેંગડીએ સમરસતાને સમાનતા માટેની પૂર્વશરત ગણાવી હતી. દલીલ ખાતર એવું કહી શકાય કે બધા સમુદાયોએ એક સર્વસામાન્ય ધ્યેય કે બંધારણના અમલ ખાતર પોતાની અલગતા ઓગાળી નાખે તો સમરસતા સિદ્ધ થાય. પરંતુ વ્યવહારમાં એવું બનતું નથી. તેમાં તો બાકીનાં જૂથોએ કોઈ એક જૂથના વિચારવિશ્વમાં ભળી જવાનું-સમરસ થઈ જવાનું હોય છે.*

*સમરસતા માટે સૌથી હાથવગું અને જમણેરી રાજકારણને સૌથી અનુકૂળ એવું ઉદાહરણ 'દૂધમાં સાકરની જેમ ભળી ગયેલા' પારસીઓનું છે, શાંતિથી વિચારતાં સમજાશે કે પારસીઓ તેમનું આગવાપણું ગુમાવીને (દૂધમાં સાકરની જેમ) સમાજમા ભળ્યા નથી-સમરસ થઈ ગયા નથી. તેમણે એકતા સાંધી છે, સમરસતા નહીં. પરંતુ બીજી લઘુમતીઓને ઠપકારવા માટે 'દૂધમાં સાકર'નો આદર્શ હાથવગો હોવાથી, પારસીઓનું આગવાપણું, તેમની ધાર્મિક રૂઢિચુસ્તતા, માંસાહાર સહિતની તેમની વિશિષ્ટતાઓ વિશે વાત થતી નથી. તે સારું જ છે, પણ તે ધોરણ બીજી લઘુમતીઓને લાગુ પાડવામાં આવતું નથી. કારણ કે, જમણેરી રાજકારણનો સ્વાર્થ તેમાં સધાતો નથી.*

*એકતા અને સમરસતા વચ્ચેનો ભેદ સરદાર પટેલના સમયમાં ઉપસ્થિત થયો ન હતો, પણ સરદારના જીવનકાર્ય*

પર નજર નાખવાથી-ખાસ કરીને, તેમણે પાર પાડેલું દેશી રાજ્યોના વિલીનીકરણનું મહાકાર્ય તપાસવાથી ખ્યાલ આવે છે કે સરદારના ભાગે આવેલું કામ દેશને ભૌગોલિક રીતે એક કરવાનું હતું. અંગ્રેજ સર્વોપરિતાનું છત્ર માથા પરથી હટી ગયા પછી, રજવાડાં સ્વતંત્ર રહેવાની આકાંક્ષાઓ પડતી મૂકીને ભારતીય સંઘ સાથે જોડાય તે જરૂરી હતું. દેશના ભૂખંડ પર વિખરાયેલા અનેક ટુકડાને સાંધો મારીને દેશનો હિસ્સો બનાવવાના હતા. તે ટુકડાને દેશમાં ભૌગોલિક રીતે ભેળવવાના હતા-વૈચારિક રીતે કે ધાર્મિક રીતે નહીં. બીજા શબ્દોમાં, તેમણે દેશને એક કરવાનો હતો, સમરસ નહીં.

દેશી રજવાડાંના ખાતાના પ્રધાન તરીકે સરદારે રાજાઓ જોગ બહાર પાડેલું નિવેદન તેમની પ્રાથમિકતા સ્પષ્ટ કરી આપે છે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પહેલાં ભારતની ભૂગોળમાં સ્વાભાવિક સ્થાન ધરાવતાં તમામ દેશી રાજ્યો રક્ષણ, પરદેશ ખાતું અને તારટપાલ તથા વાહન વ્યવહાર પૂરતાં ભારતીય સંઘ સાથે જોડાય તે સૌથી મહત્ત્વનું હતું. એ તબક્કે સરદારે એવું પણ કહ્યું હતું કે આ ત્રણ સિવાયની બીજી બાબતોમાં ×તેઓ પોતાની સ્વતંત્રતા રાખવા ઈચ્છતા હશે તો તેને અમે માન આપીશું×

ભાગલાની કઠણ વાસ્તવિકતાનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે ×આપણા દેશમાં કેટલાંયે વર્ષોથી ચાલી આવેલી સંસ્કૃતિની અને હિતસંબંધોની એકતાની ભાવના કાયમ રહેવાની છે...અમુક લોકો દેશી રાજ્યોમાં રહે છે અને અમુક બ્રિટિશ હિંદમાં રહે છે એ તો અકસ્માત છે. આપણા દેશની ઉચ્ચ પરંપરાઓ અને સંસ્કૃતિના આપણે બધા સરખા ભાગીદાર છીએ. આપણા બધાના હિતસંબંધો અલગ અલગ નથી એટલું જ નહીં, પણ આપણે બધા એક લોહીની અને એક ભાવનાની ગાંઠે બંધાયેલા છીએ. જુદા જુદા ટુકડામાં આપણા કોઈ ભાગલા પાડી શકે તેમ નથી. ન ઓળંગી શકાય એવા અંતરાય આપણી વચ્ચે કોઈ ઊભા કરી શકે તેમ નથી.× દેશની એકતાનો હવાલો આપીને તેમણે રાજાઓને સૂચવ્યું કે એકબીજાથી જુદા રહીને કરારો કરવા કરતાં એક સભામાં બેસીને મિત્રોની જેમ બંધારણ ઘડવામાં આપણી શોભા છે.

આઝાદીના માંડ ચાર દિવસ પહેલાં, ઓગસ્ટ ૧૧ના રોજ દિલ્હીના રામલીલા મેદાન પરથી આપેલા પ્રવચનમાં તેમણે કહ્યું હતું, ×આપણું રાજ્ય કોમી રાજ્ય નથી.આજે હિંદુસ્તાનને એક કરવાનો મોકો છે. આજે લાહોરથી માંડીને પૂર્વ બંગાળનો થોડો ભાગ છોડીને બાકીના હિંદને એક કરવાનો મોકો એક હજાર વરસ પછી આવ્યો છે.× સરદારની આગેવાની હેઠળ, માઉન્ટબેટનના સહકાર અને વી.પી.મેનનની સહાયથી અસ્તિત્વમાં આવેલો નવો ભારતીય સંઘ અગાઉના અંગ્રેજી રાજ્ય કરતાં મોટો વિસ્તાર ધરાવતો હતો. તેવું હિંદ સર્જવામાં સરદારે એકહથ્થુ રીતે કે સત્તાના દોરદમામથી કામ લીધું ન હતું. તેમણે પહેલેથી જ સ્પષ્ટ કર્યું હતું કે દેશી રાજ્યોનું ખાતું રાજાઓનું ઉપરી બનવા માગતું નથી. સાથે સ્પષ્ટતા પણ કરી હતી કે 'કંઈક ઉપરીપણાનો ભાવ હશે તો તે પરસ્પર કલ્યાણને માટે અને પરસ્પર પ્રગતિને માટે હશે. અમારો પ્રયત્ન હંમેશ એવો રહેશે કે એકબીજાનાં દૃષ્ટિબિંદુ આપણે સમજીએ અને દેશના કલ્યાણ અર્થે સૌને સ્વીકાર્ય થઈ પડે એવા નિર્ણયો આપણે લઈએ.'

૧૫ ઓગસ્ટ પહેલાં મોટા ભાગનાં રાજ્યો ભારતીય સંઘ સાથે જોડાઈ ગયાં. વિલીનીકરણના કામમાં સરદારના અડીખમ સાથીદાર વી.પી.મેનનના મતે, સરદાર ભારતને એક કરી શક્યા તેનું એક મોટું કારણ એ હતું કે તેમણે રાજાઓ સાથે બહુ સરસ રીતે કામ પાડ્યું હતું. રાજાઓ તેમને સન્માનપૂર્વક અને વાજબી સોદો કરનાર તરીકે જોતા હતા. સરદાર પણ રાજાઓ સાથે સૌજન્યપૂર્વક વર્તતા હતા. વિભાજનકાળમાં સરદારના અત્યંત નિકટના આઈ.સી.એસ. અફસર એચ.એમ. પટેલે સરદારના ત્રણ ગુણને સૌથી મહત્ત્વના ગણાવ્યા હતાઃ દીર્ઘદૃષ્ટિ, ઉદારતા અને માનસિક વિશાળતા.

નવાનગર (જામનગર)ના જામસાહેબને સરદાર સાથે

જૂના મતભેદ હતા. દેશના હિતમાં, દેશની એકતા માટે તે મતભેદનો અંત આવે તે જરૂરી હતું. તે માટે સરદારે પહેલ કરી, ભારતીય સૈન્યમાં અફસર એવા જામસાહેબના ભાઈને વચ્ચે રાખીને, જામસાહેબને પોતાના નિવાસસ્થાને જમવા બોલાવ્યા અને વર્ષોની ગાંઠ ઓગળી ગઈ. જોધપુર, ઉદેપુર, ભોપાલ જેવાં કેટલાંક રજવાડાંના શાસકો સાથે સરદારને મક્કમતાથી કામ લેવાનું થયું. શાસકોને તેમના આગ્રહનું ગેરવાજબીપણું સમજાવવું પડ્યું અને પાકિસ્તાન સાથે જોડાવાનાં તેમનાં સપનાં સાકાર થયાં નહીં. શરૂઆતમાં વંકાયેલા કેટલાક શાસકોને પછીથી ભારતીય સંઘ સાથે જોડાવું પડ્યું, ત્યારે સરદારે તેમના પ્રત્યે કિન્નાખોરી રાખી નહીં. કારણ કે, તેમનો આશય પોતાની આણ વર્તાવવાનો નહીં, દેશને એક કરવાનો હતો. તેમના આ વલણને લીધે, દેશી રાજ્યોનું ભારતીય સંઘ સાથે ટકાઉ જોડાણ શક્ય બન્યું.

દેશના લોકોને અળગા કરીને દેશને એક કરી શકાતો નથી, તે સરદાર બરાબર સમજતા હતા. રજવાડાંના વિલીનીકરણ જેવી કઠિનતમ કામગીરીમાં સરદારે અપનાવેલું વલણ જોયા પછી વિના સંકોચે કહી શકાય કે સમરસતાના નામે એક જૂથની સર્વોપરિતા સ્થાપવાનો ખ્યાલ સરદારે કદી મંજૂર રાખ્યો ન હોત.

(uakothari@gmail.com)

### માતૃભક્તિ

સાધક બાયેજિદ બસ્તામી વર્ષો પછી ઘરે પરત આવે ત્યારે પુત્રને જોઈ માતા બોલીઃ
'ઘણા સમયે આવ્યો દીકરા ! તારું તપ કેવું ચાલે છે ?'
બાયેજિદે માતાને કહ્યુંઃ
'મા, મને અથાક સાધના પછી અનુભૂતિ થઈ કે માતૃસેવા એ જ પ્રભુસેવા છે.
માટે હું તારી સેવા કરવા ઘરે આવી ગયો છું.'
શિયાળાની ઠંડીના દિવસો હતા માતા ઊંઘમાં છે
બાયેજિદે પાણીના ઘડામાં જોયું તો પાણી નથી..
તેને થયું મા, જાગીને પાણી માગશે તો એટલે બાયજિદ
કડકડતી ટાઢમાં પાણી ભરવા નદીએ ગયો,
પાણી ભરી પાછા ઘરે આવી જોયું તો મા ગાઢ ઊંઘમાં છે.
એ તો મા કયારે જાગે અને પાણી માગે એની
પ્રતીક્ષામાં ઊભો રહ્યો. ઘડો હાથમાં હોવાથી કડકડતી ઠંડીને કારણે બાયેજિદ ધ્રુજતો હતો,
જ્યારે માતા જાગી પુત્ર પાસે પાણી માગી પીધું,
બાયેજિદે ધ્રુજતા હાથે માતાને પાણી આપ્યું આ જોઈ માતાએ કહ્યું :
'દીકરા, પાણીનો ઘડો તો જમીન પર મૂકી દેવો હતો ને !'
ત્યારે બાયેજિદ માતાને કહે છે :
'મા, મને એવો ભય હતો કે ઘડો જમીન પર રાખું ને દડી જાય,પાણી ઢોળાય જાય તો તું જાગીને પાણી માગે ત્યારે હું શું આપું, માટે મેં ઘડો હાથમાં ઊંચકી રાખ્યો હતો.
મારે તો તું પાણી માગે ત્યારે આપવું હતું આથી વિશેષ હું તારે માટે શું કરી શકું ?'
બાયેજિદની માતૃભક્તિ જોઈને મા દીકરાને હર્ષથી પોંખી રહી...

## ૦૪. મેલ્ટિંગ પૉટમાં ઓગળી જવું

**રમેશ ઓઝા**

*(લેખક સર્વોદય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. કેટલોક સમય સક્રિય પત્રકારત્વ કર્યા પછી હવે અખબારો સામયિકોમાં કટાર લેખન કરે છે અને ભારતીય વિદ્યા ભવનમાં અત્યારે સંશોધન અને સંવર્ધનની બાબતે સલાહકાર તરીકે કામ કરે છે.)*

*છઠ્ઠી જુન ૧૯૪૭ના રોજ ભારતના વિભાજનનો નિર્ણય લેવાયો એ પછી ભારતના છેલ્લા વાઈસરોય લૉર્ડ માઉન્ટબેટને વિભાજનની વિગતો નક્કી કરવા પોતાની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી હતી જેમાં જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ, આચાર્ય જે. બી. કૃપલાની, સરદાર બલદેવ સિંહ, મહમ્મદ અલી ઝીણા, લીયાકતઅલી ખાન વગેરે હતા. વિગતો નક્કી થઈ રહી હતી તેમાં ઝીણાએ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે અવિભાજિત ઈન્ડિયાનું જ્યારે કોમી વિભાજન થઈ રહ્યું છે ત્યારે મુસ્લિમ બહુમતી દેશ પાકિસ્તાન તરીકે ઓળખાશે અને હિંદુ બહુમતી દેશ હિન્દુસ્તાન તરીકે ઓળખાશે અને હવે પછી બન્નેમાંથી કોઈ દેશ પોતાને ઈન્ડિયા કે ભારત તરીકે નહીં ઓળખાવે. એ વખતે એક ક્ષણનો પણ વખત નહીં ગુમાવતા સરદાર પટેલે કહ્યું હતું કે 'નો, મિ. ઝીણા, ઈન્ડિયા રીમેન્સ, ઈન્ડિયા ધેટ્સ ભારત. તમે મુસલમાન તરીકે અલગ થયા છો, બાકી ઈન્ડિયા ધેટ્સ ભારત એની જગ્યાએ કાયમ છે અને એમાં મુસલમાન પણ કાયમ રહેવાના છે.'*

*ઝીણા આ સૂચન કરીને ભારતના વિભાજનને હિંદુ-મુસલમાન વચ્ચેના પારસ્પરિક કોમી વિભાજનની સમજુતીની મહોર મારવા માગતા હતા કે જેથી ઈતિહાસ મુસલમાનોને કોમી વિભાજન માટે જવાબદાર ન ઠેરવે. સરદારને આ નામકરણનો ખેલ તરત સમજાઈ ગયો હતો અને કહ્યું હતું, નો ઈન્ડિયા, ધેટ્સ ભારત. આ દેશ અત્યાર સુધી ઈન્ડિયા અર્થાત ભારત હતો અને રહેશે. આ દેશ એકલા હિંદુઓનો હિન્દુસ્તાન નથી, પણ સહિયારું ભારત અથવા ઈન્ડિયા છે અને રહેશે. ભારતનું કોમીવિભાજન કોંગ્રેસને સ્વીકાર્ય નહોતું અને ઝીણા કોમીવિભાજનને પરસ્પર સ્વીકૃતિની મહોર મારવા માગતા હતા.*

*ન્યાયશાસ્ત્રમાં 'ત્વ' પ્રત્યય પૃથકતાનો અર્થ સૂચવે છે. જેમકે ગોત્વ અને પશુત્વ. પશુની ઓળખ આપવી હોય તો ચાર પગ, બે શીંગડા એક પૂછડું એવી આપી શકાય અને એમાં ગાયનો પણ સમાવેશ થઈ જશે, કારણ કે ગાય પણ ચાર પગ, બે શીંગડા અને એક પૂછડું ધરાવે છે. પશુત્વની વ્યાખ્યામાં પક્ષીઓનો કે કીડાઓનો સમાવેશ નહીં થાય. આમ 'ત્વ' પ્રત્યય અલાયદી ઓળખ આપનારો પૃથકતાવાચક છે. હવે જો ગાયની અલાયદી ઓળખ આપવી હોય તો? તો ગાયનાં એવાં કેટલાંક અંગો અને લક્ષણો શોધવાં પડશે જે માત્ર અને માત્ર ગાયમાં હોય અને અન્ય પશુમાં ન હોય. પશુત્વથી હજુ વધારે પૃથક ઓળખ એટલે ગોત્વ. આમ પશુત્વમાં ગાયનો સમાવેશ થશે, પણ ગોત્વમાં તો માત્ર અને માત્ર ગાયનો જ સમાવેશ થશે. એ જ રીતે ભારતીયત્વમાં ભારતમાં વસતી દરેક પ્રજાનો સમાવેશ થશે, પણ હિન્દુત્વમાં તો માત્ર હિંદુનો જ સમાવેશ થશે. માટે હિન્દુત્વ એ જ ભારતીયત્વ એમ હિન્દુત્વવાદીઓ કહેશે, કારણ કે હિંદુઓ બહુમતીમાં છે, પણ ભારતીયત્વ એ જ હિન્દુત્વ એમ તેઓ કદાપી નહીં કહે. અમારું બિંદુ એ જ સાગર છે, પણ સાગર એ જ બિંદુ છે એ અમને સ્વીકાર્ય નથી.*

*હવે કહો કે યુનિફોર્મ સિવિલ કોડ હોવો જોઈએ કે કોમન સિવિલ કોડ? આપણે યુનિફોર્મ અને કોમન એ બન્ને શબ્દો એકબીજાના પર્યાય તરીકે વાપરીએ છીએ, પરંતુ વાસ્તવમાં બન્ને શબ્દો એક જ અર્થ સૂચવનારા પર્યાય નથી. ગુજરાતી ભાષામાં આ બે શબ્દોની અલગ અર્થછાયા*

સૂચવતા અલાયદા શબ્દો નથી એટલે આપણે અંગ્રેજી 'uniform' અને 'common' શબ્દનો પ્રયોગ કરીને તેનો ફરક સમજવાનો પ્રયાસ કરીશું. બંધારણના આર્ટીકલ ૪૪માં કહેવામાં આવ્યું છે: The state shall endeavour to secure for the citizens a uniform civil code throughout the territory of India. અહીં બંધારણ ઘડનારાઓએ uniform શબ્દ વાપર્યા છે અને common શબ્દ નથી વાપર્યો. ના, તેમણે common શબ્દના ઉત્તમ પર્યાય તરીકે uniform શબ્દ નથી વાપર્યો, સમજી વિચારીને uniform શબ્દ જ તેમને તેના અર્થસહિત અભિપ્રેત હતો અને common શબ્દ નહોતો.

શું ફરક છે uniform અને common માં? ઘણો ફરક છે. તમે શાળામાં ગણવેશધારી બાળકોને જોયાં હશે. પોલીસ અને લશ્કરના જવાનોને, હોસ્પિટલોમાં નર્સોને, કેટલીક ઓફિસોમાં કર્મચારીઓને અને વિમાનમાં એર-હોસ્ટેસોને ચોક્કસ પ્રકારના અને સરખા ગણવેશમાં જોયા હશે. ચોક્કસ પ્રકારનો ગણવેશ ઓળખ આપે છે અને દરેકે પહેરવાનો હોવાથી સરખાપણાનો ભાવ પેદા કરે છે. વિદ્યાર્થીને, કર્મચારીને કે વિવિધ સેવા આપનારા સેવકને ગણવેશ જે ઓળખ પ્રદાન કરે છે એ ભૂમિકા માટે જ હોય છે, બાકી તેમની બધી જ ઓળખો કાયમ રહે છે. commonમાં આ ભાવ નથી. commonમાં જે એક સરખાપણું છે એ સર્વસાધારણીકરણ (generalization) છે જેના કેન્દ્રમાં બહુમતી હોય છે. એમાં અપવાદ કે લઘુમતીએ બહુમતીમાં વિલીન થઈ જવું પડે છે અથવા તેની વિશેષ ઓળખને વિશેષ તરીકે ઓળખવામાં કે સ્વીકારવામાં આવતી નથી.

હિન્દુત્વવાદીઓ common civil code દાખલ કરવા માગે છે અને બંધારણ ઘડનારાઓ uniform civil code દાખલ કરવાનું કહી ગયા છે. ભારતમાં વસતી દરેક પ્રજા માટે ફોજદારી અને બીજા કાયદાઓ તો એક સમાન (uniform) છે જ, પણ નાગરિક કાયદાઓ પણ એક સમાન હોવા જોઈએ કે જેથી કોઈને - મુખ્યત્વે કોઈ ધર્મવિશેષની સ્ત્રીઓને અન્યાય ન થાય. ભેદભાવરહિત ભારત અથવા અન્યાયમુક્ત ભારત એ આપણી પહેલી પ્રાથમિકતા છે અને તેનો લાભ દરેક સ્ત્રીને મળવો જોઈએ પછી તેનો ધર્મ ગમે તે હોય. બીજી બાજુ જે તે ધર્મના કેટલાક સામાજિક (લગ્ન, છુટાછેડા, દત્તક, વારસો વગેરે) રીવાજો સ્ત્રીઓને અન્યાય કરનારા છે, એટલે ભવિષ્યના શાસકોએ દરેક ધર્માનુયાયી પ્રજાને વિશ્વાસમાં લઈને uniform civil code લાગુ કરવો. આ સિવાય દરેક પ્રજા (બહુમતી હોય કે લઘુમતી) પોતાની રીતે જીવી શકે છે. તેમની સામાજિક-ધાર્મિક ઓળખ કાયમ રહેશે અને સરકાર તેમાં માથું નહીં મારે.

હવે સમરસતા.

હિન્દુત્વવાદીઓ 'સમાનતા' શબ્દ નથી વાપરતા, 'સમરસતા' શબ્દ વાપરે છે અને એમાં પણ રાજકારણ છે. શું ફરક છે સમાનતા અને સમરસતામાં? ઘણો મોટો ફરક છે. જમીન આસમાનનો ફરક છે. પોતાની ઓળખ જાળવી રાખીને એકતા સાધવી (યુનિટી ઇન ડાઈવર્સિટી) એ સમાનતા. સામેવાળાની ઓળખનો આદર કરીને સામેવાળાને એટલો જ આદર આપવો જેટલો આદર આપણે આપણને મળે એમ ઈચ્છીએ છીએ એ સમાનતા. સામેવાળાના હકનો એટલી જ ઈમાનદારીપૂર્વક સ્વીકાર કરવો જેટલો આપણે આપણા હકનો કરતા હોઈએ છીએ એ સમાનતા. સમાનતામાં કોઈ આગ્રહ નથી. તમે તમે છો અને હું હું છું અને એ છતાં આપણે સમાન છીએ અને હોવા જોઈએ. પોતાની અલાયદી ઓળખ જાળવી રાખીને સહિયારાપણું, આદર અને અધિકાર તેમજ હકમાં એક સરખાપણું એ સમાનતા. જો આમાં સામેવાળાને ઓછપ લાગે, અન્યાય થતો હોય એવું લાગે તો તેનો આપણી સામે લડવાનો અધિકાર અને એ અધિકારનો સ્વીકાર એ સમાનતા.

તો રાષ્ટ્રીય એકત્વ સાધવા રાષ્ટ્રયજ્ઞમાં સમિધા બનવાનું છે, પણ કોણે? લઘુમતી કોમે, દલિતોએ અને સ્ત્રીઓએ. બીજા શબ્દોમાં કહીએ તો નિર્બળે સબળની તરફેણમાં સમિધા બનવાનું છે. કઈ રીતે? પોતાની ઓળખ, પોતાનું

અલાયદાપણું, પોતાના હક, પોતાની પીડાને વાચા આપવાનો અધિકાર જતાં કરીને. દલિતે બ્રાહ્મણોએ અને સવર્ણ હિંદુઓએ કરેલા અત્યાચારોને યાદ કરીને રડવાનું નહીં, સ્ત્રીએ પુરુષની જોહુકમી યાદ કરીને રડવાનું નહીં, રડવાનો અધિકાર માત્ર અને માત્ર હિન્દુત્વવાદી હિન્દુને જે ઔરંગઝેબના અત્યાચારોને યાદ કરીને રડી શકે.

માટે આગળ કહ્યું એમ સમાનતામાં સમાનતાપૂર્વકનો આદર છે જ્યારે સમરસતામાં આગ્રહ છે. દુરાગ્રહ છે કહો કે હઠાગ્રહ છે. નિર્બળે સબળની તરફેણમાં ઝૂકી જવાનું છે જેને સમરસતા અર્થાત રાષ્ટયજ્ઞમાં સમિધા તરીકે ઓળખવામાં આવે છે. આ જે એકત્વ છે એ આભાસી છે.

અંગ્રેજીમાં સમાનતા અને સમરસતા વચ્ચેનો ભેદ સમજાવવા અનુક્રમે બોલ ઓફ સેલેડ (Bowl of salad) અને મેલ્ટિંગ પોટ (Melting pot) તરીકે ઓળખાવવામાં આવે છે. એક જ વાસણમાં ટમેટાં, મૂળા, ગાજર, કાકડી, કાંદા, બીટ, બ્રોકલી, મકાઈ વગેરે એક સાથે હોય છે; પણ એ દરેક અલગ હોય છે. દરેકનો સ્વાદ સ્વતંત્ર અને દરેકનો આકાર સ્વતંત્ર અને છતાંય સેલેડ તરીકેની ઓળખના ભાગરૂપે એક સાથે. કોઈએ કોઈના પક્ષે વિલીન નહીં થવાનું. દરેક સ્વતંત્ર. મકાઈના દાણાની હાજરી સ્વતંત્ર અને સ્વાદ સ્વતંત્ર. આ સમાનતા. આ આદરયુક્ત માનવીયતા. આ વિવિધતામાં એકતા. આ સુંદર ભારતીય બગીચો. આકાર, સ્વાદ અને સુગંધ એમ ત્રણેયનો એક સરખો આદર!

મેલ્ટિંગ પોટમાં દરેકે ઓગળી જવાનું. પોતાની ઓળખ જતી કરવાની. પણ આગળ કહ્યું એમ એ આભાસી એકતા છે. જેની બહુમતી હોય અથવા જે વધારે શક્તિશાળી હોય એની ઓળખ કાયમ રહે છે. ઓળખ માત્ર બીજાએ જતી કરવાની હોય છે. જેમકે ભીંડાનાં શાકને આપણે ભીંડાનાં શાક તરીકે ઓળખાવીએ છીએ, પણ એ શાકમાં એકલો ભીંડો નથી હોતો. એમાં બટાટા, કાંદા, ટમેટાં, લસણ, તેલ અને બીજા મસાલા હોવાના પણ એ છતાં આપણે એ શાકને ભીંડાના શાક તરીકે ઓળખાવીએ છીએ કારણ કે એમાં ભીંડો મુખ્ય છે, બહુમતીમાં છે અને સંખ્યાના પ્રભાવને કારણે વધારે સામર્થ્યવાન છે. તો આ ફરક છે સમાનતા અને સમરસતામાં.

ozaramesh@gmail.com

### વિવેકબુદ્ધિ

સૂફી મુલ્લાં એક મસ્જિદમાં પ્રવચન કરવા ગયો ત્યાં એક જ યુવાન બેઠો હતો,
મુલ્લા: 'મારું પ્રવચન સાંભળવાવાળો તું એક જ છે તેથી મારે બોલવું જોઈએ કે નહીં?
મને તું કહે તેમ આગળ વધીએ.'
યુવાન: 'હું તો વધારે ભણ્યો નથી,તમારા જેવો વિદ્વાન નથી,
મારું કામ ઘોડાની રખેવાળી કરવાનું છે. હું તબેલામાં જાઉં અને બધા ઘોડા નાસી ગયા હોય છતાં એકાદ ઘોડો તબેલામાં ઊભો હોય તો હું એને નિરણ નાખું છું.'
મુલ્લાએ તો યુવાનની વાત સાંભળી પ્રચવનનો આરંભ કર્યો
અઢી કલાક સુધી બોલતા જ રહ્યા.
ભાષણ સમાપન પછી મુલ્લાએ યુવાનને પૂછયુ : 'મારું ભાષણ કેવું લાગ્યું?'
યુવાન બોલ્યો : 'મેં તો તમને કહ્યું હતું કે હું તો સાવ સાદો માણસ છું,
મને બહુ ખબર પડતી નથી પરંતુ એટલું જરૂર કહીશ કે હું
તબેલામાં ઘોડાને ઘાસ નાખવા જઉં ત્યારે માત્ર એક જ
ઘોડો ઊભો હોય તો હું એને બધાં જ ઘોડાનું ઘાસ ન નાખી દઉં!!'

## ૦૫. મુંબઈ અને એની સમરસતા

**દીપક જોશી**

---

*(શ્રી દીપકભાઈ દોશીનું ભારતીય વિદ્યા ભવન સંસ્થા પ્રત્યેનું છેલ્લાં ૩૬ વર્ષોનું સમર્પણ જ એમની કુશળ સંપાદક તરીકેની સાચી ઓળખાણ છે. 'નવનીત સમર્પણ'ને આપેલી નિઃસ્વાર્થ સેવાથી એમણે અકલ્પ્ય લોકોના જીવન, સાહિત્ય અને સંસ્કારનું સિંચન કર્યું છે. સફળ સંપાદક હોવાની સાથે ઈશ્વર, પ્રકૃતિ અને સૌંદર્ય પ્રત્યેનો અપાર પ્રેમ એમના વ્યક્તિત્વને દીપાવે છે.)*

બોમ્બે, પરેલ, મઝગાંવ, માહિમ, કોલાબા, વરલી અને ઓલ્ડ વુમન આઈલેન્ડ જેવા જુદા જુદા સાત ટાપુઓનો સમુહ પરસ્પર જોડાયો અને એમાંથી સર્જાયું આજનું મુંબઈ. એટલે સમાવેશકતા અને સમરસતા અને ઉગમમાં જ છે. ભૌગોલિક ભિન્નતા સાથે શાસકોની ભિન્નતા આ ટાપુના વૈવિધ્યને પૂરક બને છે. ઈ.સ. પૂર્વે ત્રીજી સદીથી એના સગડ મળતા રહ્યાં છે. મૌર્યો, ક્ષત્રિયો, આભીરો, વાકાટકો, કલાચૂરીઓ, કોંકણી, ચાલુક્યો, રાષ્ટ્રકૂટો, શિલાહારાઓ, ગુજરાતના સુલતાનો, પોર્ટુગીઝો અને બ્રિટિશરોએ મુંબઈના સાંસ્કૃતિક જીવનમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. ૧૭મી સદીમાં ઈંગ્લેન્ડના ચાર્લ્સ બીજાને પોર્ટુગલ કુંવરી કેથરીન ડી બ્રિગેન્ઝા પરણી એના દહેજમાં આ ટાપુ મળ્યો. બાદ આ ટાપુ વાર્ષિક માત્ર ૧૦ પાઉન્ડ જેવી નજીવી કિંમતે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને લીઝ ઉપર આપવામાં આવ્યો. ભારતના તેજાનાઓ માટે યુરોપમાં ખાસી માગ હતી અને એના વેપાર માટે ત્યાંના દેશો તત્પર હતા એ આપણે જાણીએ છીએ. મુંબઈ કુદરતી બંદર હોવાને લીધે ઉપખંડમાં માલની હેરફેર માટે ઉત્તમ સ્થળ હતું. વેપારનો વિકાસ આપોઆપ આર્થિક વિકાસમાં ફેરવાતો ગયો અને દેશભરમાંથી લોકો આર્થિક સદ્ધરતા મેળવવા મુંબઈમાં ઠલવાતા ગયા. સેન્સસમાં નોંધાયું છે કે ૧૬૮૭માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેનું વડું મથક સૂરતથી મુંબઈ ખસેડ્યું. એને લીધે ગુજરાતના વેપારીઓ પણ મુંબઈ તરફ વળ્યા. પરિણામે મુંબઈની વસ્તી કૂદકેને ભૂસકે વધતી રહી. ૧૭મી સદીમાં જ એની વસ્તી ૧૦,૦૦૦માંથી ૬૦,૦૦૦ થઈ ગઈ હતી જે આજે કુલ ૨,૧૨,૯૬,૫૧૭ જેટલી છે. ૧૮૧૭ બાદ શહેરના દ્વીપસમૂહને પરસ્પર ભેળવી દેવામાં આવ્યો. આ થયો એની ભૌતિક સમરસતાનો આછો નકશો. આને લીધે જુદા જુદા સાંસ્કૃતિક, ધાર્મિક પ્રવાહો પરસ્પર સંપર્કમાં આવ્યા.

ઈ.સ. પૂર્વેથી અહીં બૌદ્ધ ધર્મના પ્રચારના પુરાવા આપણી સામે મોજુદ છે. કેન્હેરી ગુફાઓ, મહાકાલી ગુફાઓ. એક બંદર તરીકે સુર્પારક (હાલનું નાલા-સોપારા)નો ઉલ્લેખ પણ એટલો જ જૂનો છે. ત્યારે રોમ સાથે આપણો વહાણ વ્યવહાર ચાલતો. શિલહારા રાજવંશે (૮૧૦-૧૨૬૦) વાલકેશ્વર મંદિર અને બાણગંગા તળાવ બંધાવ્યાં. એમ કહેવાય છે કે બાબુલનાથનું મંદિર સૌ પ્રથમ ૧૩મી સદીમાં રાજા ભીમદેવે બંધાવ્યું હતું. ભીમદેવે જ પાટણ અને સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાંથી પાઠારે પ્રભુઓને માહિમ તેડાવ્યા હતા. અંગ્રેજો સાથેના નિકટના પરિચયમાં આવવાનું બન્યું બે પ્રજાને, એક પારસીઓ અને બીજા આ પાઠારે પ્રભુઓ. બન્નેનો સાહસિક અને ઉદાર અભિગમ આને માટે નિમિત્ત બન્યો હોઈ શકે. ઈ.સ. ૧૩૪૮થી આ ટાપુ મુસ્લિમ શાસકોને હસ્તક આવ્યો મહાલક્ષ્મી સ્થિત પ્રસિદ્ધ હાજી અલી દરગાહ ૧૪૩૧માં બંધાઈ હતી. ત્યારબાદ આવ્યા પોર્ટુગીઝો. ૧૫૩૪માં વસઈની સંધી થઈ અને ૧૫૩૫માં નૂનો દ કુન્હા પોર્ટુગીઝ ઑફ ઈન્ડિયાનો વાઈસરોય બન્યો. પોર્ટુગીઝો માટે વ્યાપાર કરતાંય ધર્મપ્રચાર મહત્ત્વનો હતો. એમણે અહીંની સ્થાનિક પ્રજા સાથે આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપ્યું અને રોમન કેથોલિક

ચર્ચનો પ્રચાર કર્યો. માહિમનું સેન્ટ માઈકલ ચર્ચ એમણે ૧૫૪૦માં બંધાવ્યું. સેન્ટ જ્હોન બાપ્ટિસ્ટ ચર્ચ, મરોલ, સેન્ટ એન્ડ્ર્યુઝ ચર્ચ, બાંદરા જેવાં અનેક ચર્ચ અસ્તિત્વમાં આવ્યા. બાદ અંગ્રેજોના આગમનથી આપણે પરિચિત જ છીએ. મુંબઈને સક્ષમ વેપારી કેન્દ્ર બનાવવાનો યશ ૧૬૬૯માં મુંબઈના ગવર્નર નિમાયેલા જેરાલ્ડ ઓન્ગિયરને ફાળે જાય છે. એમણે મુંબઈમાં સૌ પ્રથમ ટંકશાળ સ્થાપી. એમણે વેપાર માટે અનેક પ્રોત્સાહનો જાહેર કર્યાં જેને લીધે પારસીઓ, ગોવાવાસીઓ, યહૂદીઓ, દાઉદી વહોરાઓ, સૂરત અને દીવના ગુજરાતી વાણિયાઓ, બ્રાહ્મણો, મુંબઈ આવી વસ્યા. બ્રિટિશ કાળમાં પણ ફ્લોરા ફાઉન્ટન સ્થિત સેંટ થોમસ કેથેડ્રલ, અફઘાન ચર્ચ જેવા ઍંગ્લિકન ચર્ચો સ્થપાયાં. એટલું જ નહિ પણ બોમ્બે હેરાલ્ડ (૧૭૮૯) અને બોમ્બે કુરિયર (૧૭૯૦) જેવાં પ્રકાશન દ્વારા પત્રકારત્વના શ્રી ગણેશ મંડાયા. એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ (૧૮૨૨) અને એલ્ફિન્સ્ટન કૉલેજ (૧૮૩૫) મુંબઈ યુનિવર્સિટી (૧૮૫૭) જેવી શિક્ષણ સંસ્થાઓ સ્થપાઈ. ૧૮૪૦માં મુંબઈની સૌથી જૂની બૅન્ક બૅન્ક ઑફ બોમ્બે, બાદ બૅન્ક ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા (૧૮૪૨) સ્થપાઈ. વળી ૧૮૫૪માં બોમ્બે સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની પ્રથમ મીલ અસ્તિત્વમાં આવી. ધીમે ધીમે પોલાદ, વહાણવટું, વીજળી જેવી વેપાર-ઉદ્યોગને અનુરૂપ કંપનીઓ અસ્તિત્વમાં આવતી ગઈ.

૧૬ એપ્રિલ ૧૮૫૩માં ભારતને સૌપ્રથમ રેલવે માર્ગની ભેટ મળી અને મુંબઈ નજીકના થાણા સાથે જોડાયું. ધીમે ધીમે રેલવે આખા દેશમાં ફેલાઈ અને લોકોનો પરસ્પર વ્યવહાર વધતો ચાલ્યો. ૧૮૬૯માં સુએઝ નહેર ખુલ્લી મુકાઈ તેથી અરબી સમુદ્ર કિનારે સ્થિત મુંબઈને સૌથી મોટા બંદર તરીકે બઢતી મળી. આમ દિન-પ્રતિદિન મુંબઈ એક અગત્યના વ્યાપારી શહેર તરીકે વિકસતું રહ્યું. અને હજી આજે પણ મુંબઈ દેશની આર્થિક રાજધાની ગણાય છે. દેશના નાગરિકની સરાસરી આવક કરતાં મુંબઈગરાની આવક ત્રણ ગણી વધુ હોવાનું આંકડા જણાવે છે.

આમ મુંબઈનું પચરંગી વૈવિધ્ય અને એમની વચ્ચેની સમરસતાનો સેતુ બંધાતો ગયો. એમાં મુખ્ય કારણ ભલે અર્થવ્યવસ્થા હોય પણ વૈવિધ્યમાં એકતાના ગુણ મુંબઈગરા માટે સાહજિક રીતે ઘડાતા ગયા. જોકે શહેરની પ્રથમ બાંધણીમાં મોટાભાગની પ્રજા પોતપોતાના મુકરર વિસ્તારમાં જ રહેવાનું પસંદ કરતી હતી. પણ વિકાસની સાથે એ ચૂસ્ત રેખાઓ ઓગળતી ગઈ. સમાજને, વિશ્વને અને એકંદરે સ્વયંને અનેક દૃષ્ટિકોણથી જોવાનું બન્યું. વિશાળ અને વ્યાપક દૃષ્ટિકોણ સત્યની વધુ નજીક જઈ શકે છે. મુંબઈની સમરસતાનું આ પણ એક પાસું છે.

ઉપરાંત આઝાદીની ચળવળનું મુંબઈ એક અગત્યનું શહેર બની રહ્યું. રોલેટ એક્ટનો (૧૯૧૯) વિરોધ કે રોયલ ઇન્ડિયન નેવીનો બળવો (૧૯૪૬) કે ગાંધીજી દ્વારા ભારત છોડો આંદોલનની હાકલ (૧૯૪૨) અહીંથી જ કરવામાં આવી હતી. આજે પણ એ મેદાન ઓગસ્ટ ક્રાંતિ મેદાન તરીકે પ્રખ્યાત છે.

ગાંધીજીએ ચૂસ્ત વર્ણવ્યવસ્થાની સામે પોતાનો સવિનય વિરોધ નોંધાવ્યો એટલું જ નહિ પણ હરિજન બંધુઓ સાથે થતા અન્યાયને પ્રાયશ્ચિત દ્વારા ધોવાનો વિકલ્પ પણ મૂક્યો. આવા આંતરજ્ઞાતિય લગ્નમાં પોતે હાજર રહેતા. આઝાદીની ચળવળ અને ગાંધી વિચારનો પણ મુંબઈની સમરસતામાં અમૂલ્ય ફાળો છે.

આઝાદી બાદ બોમ્બે સ્ટેટનું પાટનગર બન્યું અને ૧૯૬૦માં એ મહારાષ્ટ્રનું પાટનગર બન્યું. અનેક ઝંઝાવાતો સામે મુંબઈ અડીખમ ઊભું રહ્યું એટલું જ નહિ પણ સતત પોતાની પ્રગતિના સિમાચિહ્નો પ્રસ્થાપિત કરતું ગયું. મુંબઈની અધિકૃત ભાષા મરાઠી હોવા છતાં મુંબઈમાં તમને લગભગ બધી જ ભાષા સાંભળવા મળે. ભાષાકીય વૈવિધ્ય આખરે સાંસ્કૃતિક આદાનપ્રદાનનું માધ્યમ બને છે. એ રીતે સમરસતાનાં દ્વાર ખૂલે છે.

મુંબઈ ભારતની આર્થિક રાજધાની તો કહેવાય જ છે પણ ફિલ્મઉદ્યોગ અને મનોરંજન ક્ષેત્રે પણ એનું યોગદાન

અપૂર્વ છે. દેશભરમાંથી કળાકારો મુંબઈ આવીને પોતાની પ્રતિભાથી ઝળહળી ઊઠે છે. પ્રતિભાને ખુલ્લા હૃદયથી આવકારવાની નિરપેક્ષ અને ઉદાર દૃષ્ટિ મુંબઈને એના ભાતિગળ ઈતિહાસમાંથી મળી છે. મુંબઈ એ અર્થમાં ભારતીય સિનેમાનું પિયર કહી શકાય. દાદાસાહેબ ફાળકેનું યોગદાન અપૂર્વ છે. આજે મુંબઈમાં બીજા કોઈ પણ શહેર કરતાં વધુ સિનેમાગૃહો છે. હોલીવુડની સાથે એણે પોતાનું સ્વતંત્ર બોલીવુડ વિકસાવ્યું છે. ફિલ્મઉદ્યોગે અનેક ધર્મ અને જાતિના કળાકારો આપ્યા. પરસ્પર સૌહાર્દ કોને કહેવાય એનું ઉમદા ઉદારણ ફિલ્મઉદ્યોગ છે. એ ફિલ્મોનું પ્રત્યક્ષ ઉદાહરણ તો છે જ પણ પરોક્ષ રીતે પણ પ્રેક્ષકોના મન હૃદય ઉપર અભિનય, કથાવસ્તુ અને સંઘર્ષ દ્વારા પ્રગતિવાદી વિશાળ ફલક રચી આપે છે. એમના રંગે રંગાયેલા અનેક ચાહકો પોતાની સંકુચિત માન્યતાઓને સાહજિકતાથી ફગાવી દઈ શકે છે. નાટકોએ પણ એમાં પોતાનો સિંહફાળો નોંધાવ્યો છે. ઈપ્ટા, આઈએનટી અને પૃથ્વી થિયેટર જેવી નાટ્ય સંસ્થાઓએ આની પૂર્તિ કરી છે. સામાજિક સુધારા હોય કે સમસ્યાઓનું નિરાકરણ, સાહસિકતા હોય કે સફળતા દરેક વિષયને કથાપ્રવાહમાં નાટ્યાત્મક રીતે રજૂ કરી પ્રેક્ષકોમાં સમરસતા પોષી છે. મુંબઈમાં જૂનામાં જૂની લાઈબ્રેરી એશિયાટિક સોસાયટીની સ્થાપના ૧૮૦૪માં થઈ હતી. મુંબઈને વાંચન દ્વારા સમૃદ્ધ કરતી અનેક લાઈબ્રેરીઓ અસ્તિત્વમાં આવી. આજના ઈન્ટરનેટ યુગમાં હવે એ કંઈક જૂનવાણી લાગે છતાં સંશોધકો માટે એ હજી તીર્થસ્થાન સમી બની રહે છે. લાઈબ્રેરી સાથે સમરસતાના મહત્ત્વના કેન્દ્ર તરીકે આર્ટ ગેલેરીઓને પણ સ્મરવી જોઈએ. મુંબઈમાં જહાંગીર આર્ટ ગૅલેરી, નેશનલ ગૅલેરી ઑફ મૉર્ડન આર્ટ, છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય, ભાઉદાજી મ્યુઝિયમ ભાતિગળ સંસ્કૃતિ અને કળા દ્વારા પ્રેક્ષકોને, ભાવકોના રસને પોષે છે. ફિલ્મી સંગીતનો ભારતીય પ્રજા ઉપરનો પ્રભાવ અદ્વિતીય છે. સહેગલ, મહોમ્મદ રફી, મુકેશ, કિશોરકુમાર, હેમંતકુમારથી લઈને આજના રહેમાન સુધીના ગાયકોએ માત્ર મુંબઈ નહીં પણ દેશ આખાને સૂરમાં ભીંજવ્યો છે. મોટા ભાગનાની કર્મભૂમિ પણ મુંબઈ રહી છે.

મુંબઈની જેને કરોડરજ્જુ કહેવાય છે એ મુંબઈની ઉપનગરીય રેલવે સેવાનો લાભ લગભગ દરરોજ પંચોતેર લાખ પ્રવાસીઓ લે છે. યાતાયાતનું સૌથી કિફાયતી અને ઝડપી સાધન છે. આ સફર વિભિન્ન સંસ્કૃતિ, આર્થિક પરિબળ કે ધર્મ-સંપ્રદાયને સાવ લગોલગ કરી દે છે. ટ્રેનનો પ્રવાસ માત્ર પ્રવાસ ન બની રહેતાં માનવીય સંબંધની પરસ્પર માળા ગૂંથતો એક અવસર બની રહે છે. એમાં ઓળખ માત્ર એક સહપ્રવાસી તરીકેની જ હોય છે બાકીનું બધું ખરી પડે છે. એમાં મિત્ર-મંડળીઓ જામે છે. સાથે પ્રવાસ, ખાણી-પીણી, વ્યક્તિગત કે ધાર્મિક-સામાજિક ઉજવણીઓ, ભજન-મંડળીઓ બધું સમરસ થઈ જાય છે. જોકે હવે મોબાઈલ આવવાથી પોતાના હાથમાં રહેલા ઈષ્ટદેવ સિવાય પ્રવાસીઓને બીજું કંઈ સૂઝતું નથી હોતું. સાથે સાથે મુંબઈને જોડતી બસસેવાઓ, મેટ્રો, મોને રેલ, ટેક્ષી, રિક્ષા તો છે જ.

મુંબઈની હાઉસિંગ સોસાયટીઓ પણ સમરસતાના કેન્દ્ર જેવી છે. એક નાનું ગામ આવી જાય એવી વિશાળ સોસાયટીઓમાં અનેક પ્રાંતના અનેક રહેવાસી પોતાની સંસ્કૃતિ જાળવતા અને પ્રસરાવતા હોય છે. મુંબઈના માળાઓ તો હવે જવલ્લે જ બચ્યાં છે પણ 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' જેવી પચરંગી સોસાયટીઓ વિવિધતામાં એકતાનું સાકાર ઉદાહરણ બની જાય છે. આ રીતે મુંબઈગરાને કયા પ્રદેશની કઈ વાનગી વખણાય અને એમનો મુખ્ય તહેવાર કયો એ ખબર જ હોય. ગુજરાતીઓ દરરોજ સવારે ઈડલી-વડા-સાંભરનો નાસ્તો કરી શકે. પાંઉ-વડા પણ ખાઈ શકે, પાંઉ-ભાજી તો હવે ઘરે-ઘરે ખવાતી વાનગી છે. માત્ર ભારતીય નહિ પણ ટાકોઝ, પિત્ઝા, નુડ્લ્સ, પાસ્તા, બર્ગર જેવી આંતરરાષ્ટ્રીય વાનગીઓ પણ આરામથી આરોગે છે.

ગુજરાતીઓના ગરબા માત્ર ગુજરાતીઓ પૂરતા મર્યાદિત નથી રહ્યાં તો ઘરમાં ગણપતિ પધરાવવાનો ચાલ હવે મુંબઈના બધા જ રહેવાસીઓએ અપનાવી લીધો છે. ઈશુનું ન્યુ યર હોય કે દિવાળી અને ઈદ - ઉતરાણ બધા તહેવારો મુંબઈમાં લોકમાન્ય બની ગયા છે.

મુંબઈની દેખીતી સમરસતાની સાથે કેટલાંક મુદ્દાઓ એવા પણ છે જે ચકાસવા જોઈએ. મધ્યપ્રદેશ, ઉત્તર-પ્રદેશ, બિહાર, છત્તીસગઢ તરફથી આવનારા બધા મુંબઈગરા માટે 'ભૈયા' છે. મોટાભાગના શાક-બકાલા વેંચીને ગુજરાન ચલાવે છે. ગમે તેવી અગવડમાં, અપૂરતાં સાધનો વચ્ચે ટકી રહેવું, અપમાન સહન કરીને પણ શાંત રહેવું જાણે એમનો ગુણ છે. એક ગાળો એવો હતો કે ઘર-મકાનની રખેવાળી કરવા નેપાળી ગુરખા રખાતા. હવે અહીં પણ આ ભૈયાઓની બહુમતિ દેખાય છે. આ ભૈયાઓ મોટે ભાગે અહીં એકલા આવે. ૧૨થી ૨૪ કલાકની ફરજ બજાવે. વર્ષે-બે વર્ષે ગામનો આંટો મારી આવે. આમ સ્વજનો અને કુટુંબ-કબીલાથી અલગ માત્ર આર્થિક ઉપાર્જન માટે પોતાના અંગત જીવનની તેઓ આહુતિ આપતા હોય એવું લાગે. ઘરઘાટી તરીકે એક જમાનામાં લગભગ બધા ઘરોમાં મહારાષ્ટ્રિયન 'મામા' હોય. હવે એની જગાએ આંધ્ર-પ્રદેશ, તેલંગાણાના નવયુવકો આવે છે. એમની સ્થિતિ પણ જુદી નથી. મુંબઈ જેવા મહાનગરમાં રોટલો તો મળી જ રહે છે પણ રહેવા માટે ઓટલો દુષ્કર બને છે. પાંચ-છ ઘરમાં સવાર-સાંજ વાસણ-કપડાં-સફાઈ કરીને પોતાનો રહેવા-ખાવાનો ખર્ચ બાદ કરી પોતાને વતન પૈસા મોકલતા હોય છે. મુંબઈના ટિફિન સર્વિસવાળાઓની વ્યવસ્થાબદ્ધ ટિફિન સેવાની નોંધ તો આંતરરાષ્ટ્રિય સ્તર ઉપર લેવાઈ છે. દરેક ટિફિન એના યોગ્ય માલિક પાસે પહોંચે એની અદ્‌ભુત વ્યવસ્થા એમણે સર્જનાત્મક રીતે ગોઠવી છે. કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન એમની સ્થિતિ ખૂબ કથળી ગઈ. મુંબઈની લાક્ષણિકતા સમી ઈરાની હોટેલો નામશેષ થઈ ગઈ છે અને એના સ્થાને મેકડોનાલ્ડ જેવી આંતરરાષ્ટ્રિય કંપનીઓ દેખાય છે. છેલ્લાં થોડાં વર્ષમાં મુંબઈમાં મોબાઈલનું બજાર ખૂબ વિકસ્યું છે. એની સાથે એના કવર અને સ્ક્રીનની બજારનો પણ રાફડો ફાટ્યો છે. મિલોની જગ્યાએ વિશાળ મોલે લીધી છે. આ સમરસતામાં મોટાં ગાબડાં પડે એવી કેટલીક ઘટનાઓ પણ બની છે. ટૂંકી રાજનૈતિક દૃષ્ટિ એમાં નિમિત્ત બની છે. જુદા જુદા સમાજ વચ્ચે સાંપ્રદાયિક હુલ્લડ ફાટી નીકળવાનું બન્યું છે અને કેટલાક વિસ્તારમાં એકાદ ધર્મ કે સંપ્રદાયનું ધ્રુવીકરણ વધ્યું હોય એવું પણ બન્યું છે. એકંદરે સમરસતાનું પોત પાંખું પડ્યું છે પણ ફાટ્યું નથી. ક્યારેક એવું પણ લાગે કે મુંબઈની સમરસતા અંદરથી ઊગેલી છે કે પરસ્પરાવલંબનથી ચોંટાડેલી છે? મુંબઈના પરિવર્તનની ઝડપ એટલી છે કે એ સવાલનો જવાબ શોધવા માટે સમયનો હાથ ટૂંકો પડે. એના વિશે કંઈ બોલીએ ત્યાં એ બદલાય છે.

(deepsamarpan@yahoo.com)

### જાગૃતિ

તથાગત એક વાર વિહાર માટે પદયાત્રાએ હતા..

બુદ્ધની સહજ અને લયવાહી ચાલ જોઈ એક વટેમારગી તેમની સાથે વાતો કરે છે. મુસાફરે કહ્યું:

'હે મારા મિત્ર, તમે કોણ છો? દેવ છો કે દેવદૂત?'

બુદ્ધ: 'ના મિત્ર, દેવ કે દેવદૂત નથી.'

મુસાફર: 'જાદુગર છો કે સામાન્ય માનવી?'

બુદ્ધ: 'ના મિત્ર, હું જાગૃત માણસ છું.'

બુદ્ધની આ જાગૃતિ કોઈ હોદ્દો કે સિદ્ધિ નથી પણ ભારનું ખરી પડવું, સહજ થઈ જવું છે.

## ૦૬. હિન્દુ- મુસ્લિમ : ગરમમુદ્દે ઠંડો વિચાર

**દીપક સોલિયા**

---

*(ખેતીવાડીના અભ્યાસ બાદ સાહિત્યમાં ઊંડી ખેડ આદરનાર લેખક. ચિત્રલેખા, અભિયાન, ઈન્ડિયા ટુડે, અહા! જિંદગી, સમકાલીન, દિવ્ય ભાસ્કર વગેરે પ્રકાશનો સાથે પત્રકાર તરીકે સંકળાઈ ચૂકેલા દીપક સોલિયા હાલમાં સંદેશના કોલમિસ્ટ છે.)*

*સમરસતા ઊંચા માંયલી ચીજ છે.*

*સમરસ થવું એટલે એકાકાર થવું. તેના માટે ઓગળવું પડે. ઓગળવાનું કામ બહુ અઘરું હોય છે, કારણ કે માણસના ઈગોને ઓગળવાનું જરાય ગમતું નથી. ઈગો એટલે કે અલગાવ એટલે કે સ્વતંત્ર ઓળખ માણસને પોતાની મરણમૂડી જેવી લાગતી હોય છે. 'આ મૂડી હું જતી કરીશ તો હું બચીશ જ નહીં, મારું આવી બનશે' એવા ભયને લીધે માણસ પોતાની વ્યક્તિ, જ્ઞાતિ, વતન, ભાષા, ધરમ, દેશ વગેરે ઓળખોને દઢતાપૂર્વક વળગી રહેવા પ્રેરાતો હોય છે. તેને પોતાની આગવી ઓળખ ઓગાળીને અન્યો સાથે સમરસ થવામાં ભયનો અનુભવ થાય છે. આ ભયને લીધે માણસ અન્ય જૂથો પ્રત્યે દ્વેષ અનુભવવા પ્રેરાય છે.*

*આ નેગેટિવ દ્વેષ ઉપરાંત સમરસતાને અવરોધતું પોઝિટિવ પરિબળ છે રાગ.*

*બાળકને પોતાની માતા પ્રત્યે વિશેગ રાગ-અનુરાગ હોવાનો જ. એ ન્યાયે પોતાનાં વતન-ભાષા-ધરમ વગેરે પ્રત્યે માણસ વિશેષ લગાવ અનુભવે તે સમજી શકાય તેવું છે. આવામાં, માણસ પોતાના ધરમ જેટલો જ પ્રેમ અન્ય ધરમોને ન કરે ત્યાં સુધી તો જાણે સમજ્યા, પરંતુ અન્ય ધર્મોને અન્ય માતા જેવા તો ગણી જ શકે. જેમ મારી માતા મને પ્યારી છે તેમ પરધર્મીને એની માતા પ્યારી હોવાની. આટલો સાદો સ્વીકાર થઈ શકે તો શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ શક્ય છે.*

*ટૂંકમાં દૂધમાં સાકરની જેમ સમરસ થઈ શકાય તો ઉત્તમ, પરંતુ એ આદર્શ સ્થિતિ શક્ય ન બને તો કમસે કમ સલાડના કટોરામાં ટમેટા-બીટની જેમ અડખેપડખે શાંતિથી ગોઠવાઈ તો શકાય જ.*

*પરંતુ આવું થતું નથી. સલાડના કટોરામાં શાંતિ જળવાતી નથી. ચાના કપમાં અવારનવાર વાવાઝોડાં (સ્ટોર્મ ઈન અ ટી-કપ) ફૂંકાતા રહે છે.*

*જેમકે, હિન્દુ-મુસ્લિમ મુદ્દો ભારતમાં કેમેય ઠરતો નથી કે ઠરવા દેવામાં આવતો નથી.*

*આ ગરમમુદ્દા વિશે ઠંડા દિમાગથી વિચાર કરીએ તો એવું સમજાય કે આમાં લશ્કરો અનેક મોરચે લડી રહ્યાં છે.*

*એમાંનો એક મોરચે છે ખુદ હિન્દુ-મુસ્લિમો.*

*એમાંના મુસ્લિમ મોરચે જે મુશ્કેલી છે તે એ છે કે મુસ્લિમ સમાજમાં સાચા અર્થમાં મોકળા અને ઉદારમતવાદી હોય એવા મજબૂત-લોકપ્રિય રાજકીય નેતૃત્વની તંગી છે, જ્યારે ઉપદેશો-આદેશો-ફતવા આપનાર અગ્રણીઓ અનેક છે. મુસ્લિમપક્ષે જે મુખ્ય નાદાની જોવા મળે છે તે એ છે મુસ્લિમ સમાજનો એક મોટો વર્ગ પોતે બંધિયાર અને ધર્મચુસ્ત બની રહીને બીજાંઓ પાસેથી બિનસાંપ્રદાયિકતાની અપેક્ષા રાખે છે. એમની અપેક્ષા ફળતી નથી, કારણ કે કટ્ટરતાના માર્ગે ચાલનારાઓ જ્યારે બીજાઓ પાસેથી ઉદારતાની અપેક્ષા રાખે છે ત્યારે તેમની એ અપેક્ષાનું વજન પડતું નથી.*

*બીજી તરફ હિન્દુઓનો એક મોટો વર્ગ એવું માને છે કે પથ્થરબાજીનો ઉકેલ બુલડોઝર જ હોઈ શકે. આવો અભિગમ સામાન્ય રીતે ઉકેલ લાવવાને બદલે સમસ્યા વકરાવનારો સાબિત થાય છે. કાશ્મીરની ખીણમાં ત્રણ દાયકાથી પણ વધુ સમયથી નાગરિકોની ઓછી વસતિ દીઠ ફૌજીઓની મોટી સંખ્યા તૈનાત હોવા છતાં ત્યાં શાંતિ સ્થાપી શકાઈ નથી. જાંબાઝ ઈઝરાયલીઓ દાયકાઓથી ઝનૂનપૂર્વક*

પેલેસ્ટીનીયનોને અંકુશમાં રાખવાની બધી કોશિશો છતાં તેમને પૂરેપૂરા અંકુશમાં રાખી શક્યા નથી. સાદી વાત છે. પ્રહારોથી તિરાડો સંધાતી નથી, વકરે છે. ફાટેલું કપડું ખેંચવાથી સંધાતું નથી, વધુ ફાટે છે.

સવાલ સંતુલનનો છે. જેમ બાળઉછેરમાં સમજદારી તેમજ કડકાઈ બન્ને જરૂરી છે તેમ સામાજિક સમસ્યા ઉકેલતી વખતે પણ હળવા તેમજ ભારે હાથે કામ લેવાની જરૂર પડવાની. પણ કઠણાઈ એ છે કે ભારે અને હળવા અભિગમના મામલે પણ બે જૂથ જોવા મળે છેઃ આકરાં પગલાંના આગ્રહીઓ અને ઠરેલ અભિગમના આગ્રહીઓ. એમને અનુક્રમે જમણેરી અને ડાબેરી તરીકે ઓળખવામાં આવે છે. અલબત્ત, જમણેરી અને ડાબેરી આ બે શબ્દોનો અસલી અર્થ જુદો છે, પણ આપણે ત્યાં એવી છાપ બની છે કે સામેની કોમ સાથે કડક હાથે કામ લેવાના (કોઈ પણ કોમના) આગ્રહીઓ એટલે જમણેરી અને શાંતિથી પનારો પાડવાના આગ્રહીઓ એટલે ડાબેરી. અલબત્ત, કોમવાદી ઉગ્રતાના વિરોધી એવા ડાબેરી ગણાતા જૂથમાં પણ ગાંધી જેવી સૌમ્યતાની મૂર્તિથી માંડીને હાડોહાડ હિંસક એવા નક્સલવાદીઓની એક બહુ મોટી રેન્જ જોવા મળતી હોય છે.

પણ ટૂંકમાં કહીએ તો, જમણેરી અને ડાબેરી, આ છે બીજો મોરચો.

આ મોરચે પણ એટલી ગરમાગરમી ચાલતી હોય છે કે ક્યારેક એવો સવાલ પણ થઈ શકે કે દેશમાં વધુ વૈમનસ્ય હિન્દુ-મુસ્લિમ વચ્ચે છે કે જમણેરી-ડાબેરી વચ્ચે?

પછી આવે ત્રીજો મોરચો. બહોળી રીતે કહેવું હોય તો આ મોરચા પરનું જે વિભાજન છે તે ટ્વીટર-ઈન્સ્ટાગ્રામનું વિભાજન છે. તમે ફક્ત ટ્વીટર જુઓ તો એવું લાગે કે દેશ આખો હિન્દુ-મુસ્લિમ મામલે ભડકે બળી રહ્યો છે અને તમે ફક્ત ઈન્સ્ટાગ્રામ જુઓ તો મસ્ત ફિલ્ટરો લગાડીને બનાવેલી મસ્ત તસવીરો-વિડિયો જોઈને એવું લાગે કે હિન્દુ-મુસ્લિમ સમસ્યા જાણે છે જ નહીં; દેશ મેં સબ કુછ ચંગા સી. એક તરફ ખતરો છે તેનાથી ઘણો મોટો ચિતરવામાં આવી રહ્યો છે અને બીજી તરફ ખતરાનું જાણે અસ્તિત્વ જ નથી એવો માહોલ છે.

આ ઉપરાંત છે એક ચોથું અને સંભવતઃ સૌથી મહત્ત્વનું વિભાજન. આમાં એક પક્ષે એવા આકરા કોમવાદીઓ છે, જેમનું ચાલે તો તેઓ આજે ને આજે દેશ સળગાવીને કાલ સુધીમાં હિન્દુ-મુસ્લિમ મુદ્દાનો નિવેડો લાવવાનો પ્રયાસ કરે, પણ તેમનું ચાલતું નથી, તેમની આ ઈચ્છા પાર પડતી નથી, કારણ કે આ આકરા વર્ગની સામે સમાજનો એક શાંત, સુષુપ્ત અને સૌમ્ય વર્ગ પણ છે, જે ઝાઝું વિચારતો નથી, જે ઝટ મેદાનમાં નથી ઉતરતો.

આ છે વ્યવહારુ વર્ગ. આ વર્ગ દેશને સળગવા દેતો નથી. આ વ્યવહારુ વર્ગમાંના ગરીબોને ફક્ત દો વક્ત કી રોટીમાં, મધ્યમવર્ગને મહિને બે છેડા ભેગા કરવામાં, બે પાંદડે થયેલા ઉચ્ચ મધ્યમવર્ગને કાર વસાવવામાં અને વર્ષે એકાદ વાર દીવ-માલદીવ જવામાં અને ઉચ્ચ-અમીર વર્ગને પોતાના વેપાર-ધંધામાં વધુ રસ છે. આ વર્ગ કદાચ પોતાની જ જાણબહાર એ વાત સમજી ચૂક્યો છે કે સમૃદ્ધિ માટે સ્થિરતા, સ્થિરતા માટે શાંતિ, શાંતિ માટે સંપ અને સંપ માટે સહિષ્ણુતા અનિવાર્ય છે.

આ વર્ગનું જે ઠરેલપણું છે તે તેના 'ભારતીય ડીએનએ'માં છે. આ ભારતીય (વ્યવહારુ, જુગાડુ, નો-નોનસેન્સ) ડીએનએ ભારતની બહુમતી પ્રજાને બિનજરૂરી લડાઈઓ ટાળવા પ્રેરે છે. આ ડીએનએને લીધે ભારતીયો એક હદથી વધુ મારામારી કે અંધાધુંધીને ટેકો આપી શકતા નથી.

અલબત્ત, આવા વ્યવહારુ ડીએનએ ધરાવતા વર્ગના લોકો પણ અંગત અભિપ્રાયોના સ્તરે આક્રમક હોઈ શકે, મિત્રો સાથેની વાતમાં પરધર્મી વિશે ઉગ્રતાથી ઘસાતું બોલી શકે, ધાર્મિક ઉશ્કેરણીનું સાહિત્ય રસપૂર્વક વાંચી શકે, ભડકાઉ કોમી ભાષણો હોંશેહોંશે સાંભળી શકે, પરંતુ સરવાળે તેમનું રોજિંદું-વાસ્તવિક વર્તન શાંતિ જાળવી રાખનારું હોય છે.

*આટલાં બધાં પરિબળો અને વિભાજનો જોતાં એવું લાગી શકે કે હિન્દુ-મુસ્લિમ મામલો અત્યંત પેચીદો છે. પરંતુ સાવ એવું નથી. વ્યક્તિગત સ્તરે આ મામલો સાવ સીધો, સરળ, સહેલો હોય છે. વ્યક્તિગત સ્તરે લોકો ફક્ત એટલું જ જોતાં હોય છે કે 'મને સામેની વ્યક્તિ સાથે ફાવે છે કે નહીં'.*

*આપણે આ જ રીતે જીવતા હોઈએ છીએ. સામેનો માણસ નિયમિત માલ ખરીદતો હોય અને નિયમિત પેમેન્ટ કરતો હોય તો પછી આપણે તેનાં ધર્મ, જ્ઞાતિ, લિંગ, રાષ્ટ્રીયતાની જફામાં નથી પડતાં. ઓફિસ કે ઘરમાં કામ કરનાર વ્યક્તિ સારું કામ કરતી હોય તો પછી એ ચાહે કોઈ પણ ધરમની હોય, તેને કાઢી મુકવાનો વિચાર આપણને નથી આવતો. કોઈની સાથે દોસ્તી કરતી વખતે આપણે સામેની વ્યક્તિની ઉપરછલ્લી ઓળખો નથી જોતાં, બલ્કે વેવલેન્થ જોઈએ છીએ. વેવલેન્થ મળી જાય તો બાકી બધું પડે ખાડામાં.*

*ટૂંકમાં, હિન્દુ-મુસ્લિમ મામલે અંગત સ્તરે ઝાઝું કોમ્પ્લિકેશન નથી, પરંતુ વ્યાપક સ્તરે મામલો અત્યંત પેચીદો છે. વ્યક્તિગત ધોરણે હિન્દુ-મુસ્લિમ વચ્ચે આજીવન દોસ્તી શક્ય છે અને સહજ છે, પરંતુ વ્યાપક સ્તરે સ્થળ-કાળના અનેક પ્રભાવો, નેતા-મુલ્લાના ભાષણો, ટીવીની ડિબેટો, પ્રજાનાં વૃત્તિ, વાંચન, અંગત અનુભવો અને ખાસ તો હજારો વર્ષથી ઉતરી આવેલા સંસ્કારો એટલે કે ડીએનએ... આ બધાં અનેકાનેક પેચીદા પ્રભાવો હેઠળ જીવતી ભારે વૈવિધ્યપૂર્ણ પ્રજાનું વ્યાપક વર્તન ભવિષ્યમાં કેવી રીતે, કઈ હદે, કેવું રૂપ ધારણ કરી શકે તે વિશે ખાતરીપૂર્વક કશું કહી શકાય નહીં. શક્ય છે કે સમજુ ભારતીયો વાતને એક હદથી વણસવા ન દે અથવા શક્ય છે કે વ્યક્તિગત ધિક્કારો ભેગા થઈને રચાતું અતિ મોટું મોજું દેશમાં ગૃહયુદ્ધ પણ નોતરે. શું થશે, આપણે નથી જાણતા.*

*તો એમ વાત છે. મામલો પેચીદો પણ છે અને સરળ પણ. મામલો અઘરો પણ છે અને સહેલો પણ. અલબત્ત, આ અંગત અભિપ્રાય છે. થોડી વાર માટે શાંતિથી બેસીને વિચારતી વખતે મગજમાં જે ઝબક્યું તે અહીં ટપકાવ્યું છે. આ બધું સાચું જ હોય, અંતિમસત્ય જ હોય એ જરૂરી નથી.*

(dipaksoliya@gmail.com)

### *નડતર*

*જીવનમાં જ્યારે નિરાશા ઘર કરી જાય એને કોઇ સદ્ગુરુ દૂર કરી શકે છે. એક શિષ્ય અતિ વ્યથિત રહેતો, એની વિચારધારા બહૂધા તિમિરમય હતી તેથી એના ગુરુએ એની નકારાત્મકતાને સકારાત્મકતામાં રૂપાંતરિત કરવા પાસે બોલાવી કહ્યું:*

*'ભાઈ આ ડબ્બી લે એમાં પારસમણિ છે.*
*આ પારસમણિ લોખંડને સ્પર્શ કરશે તો*
*સોનામાં રૂપાંતર થઇ જશે.'*

*શિષ્યએ ડબ્બી હાથમાં લઇ જોયું તો લોખંડની હતી એણે તુરંત ગુરુને કહ્યું:*

*'ગુરુજી, આ ડબ્બીમાં પારસમણિ હોય તો આ લોખંડની ડબ્બી શા માટે સોનામાં ફેરવાઇ જતી નથી કહો ?'*

*ગુરુએ જવાબમાં કહ્યું: 'બેટા, ડબ્બી ઉઘાડીને જો મારી વાત તું આપમેળે સમજી જઇશ.'*

*શિષ્યએ ડબ્બી ખોલીને જોયું તો પારસમણિ કાપડના એક ચીંથરામાં વીંટાયેલો હતો.*

*એ પછી ગુરુએ શિષ્યને સમજાવ્યું :*

*'કાપડના ચીંથરાને લીધે પારસમણિનો સંસ્પર્શ લોખંડને થતો નથી.*

*બેટા, તું પણ સોના જેવો કિંમતી થઇ શકે એમ છે પણ તારી અંદર રહેલી નકારાત્મકવૃત્તિ કાપડના લીરાની જેમ અધવચ્ચે નડતી રહે,*

*તું સકારાત્મક વિચારધારા રાખ તો જીવન પારસમણિ જેવું છે.'*

# ૦૭. સમરસ સમાજનું પહેલું પગથિયું - સાંપ્રદાયિક એકતા

**ડૉ. અશ્વિન ઝાલા**

---

*(લેખક સમાજકાર્યને ગાંધીદર્શનમાં અભ્યાસ બાદ ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જલગાંવમાં અસોસિએટ પ્રોફેસરના પદે કાર્યરત છે. સાથે 'ખોજ ગાંધીજી કી' ના સંપાદક અને યુવાઓ સાથે સતત કામ કરનાર યુવા.)*

*સમરસ સમાજના સાધ્યને સાકાર કરવા માટે એના સાધન અગત્યના છે. મહાત્મા ગાંધી દ્વારા અર્પિત રચનાત્મક કાર્યક્રમ એ દિશા તરફ આગળ વધવાના પ્રબળ સાધન તરીકે સામે આવે છે. સમરસ સમાજ માટે ક્યા ક્યા મુદ્દાઓને ધ્યાનમાં રાખવાની જરૂરિયાત છે? આપણે આ પ્રશ્નના જવાબ રૂપે આપણી સામે ઘણા મુદ્દા આવે છે. જેમકે, સાંપ્રદાયિક એકતા હોવી જોઈએ, વ્યસન મુક્ત સમાજ, સ્વાવલંબન, સ્વચ્છતાનો આગ્રહી હોવો જોઈએ, શિક્ષણ પ્રત્યે જાગૃત અને મૂલ્ય પ્રત્યે સભાન હોવો જોઈએ, સમાનતાના તત્વને વરેલો હોવો જોઈએ, ગરીબીને સ્થાન નહીં અને આર્થિક સમાનતામાં માનનારો હોવો જોઈએ. આ દરેક મુદ્દાની છણાવટ કરીએ અને તેને પ્રાપ્ત કરવાના સાધનની વાત કરીએ તો મહાત્મા ગાંધીએ આપેલા રચનાત્મક કાર્યક્રમ જ* stop solution *સાબિત થાય છે. મહાત્મા ગાંધીએ રચનાત્મક કાર્યક્રમને ×સત્ય અને અહિંસાના સાધન વડે પૂર્ણ સ્વરાજ એટલે કે પૂર્ણ સ્વતંત્રતાની રચના કહી છે.× અને એટલા માટે સમરસ સમાજના ચિત્રને સાકાર કરવા માટે સમાજના કોઈ પણ ઘટકને અળગું રાખી શકાય નહીં. એટલા માટે જ સૌથી અગત્યની બાબત જો કોઈ હોય તો એ કોમી એકતા છે. તેથી જ મહાત્મા ગાંધીએ રચનાત્મક કાર્યક્રમમાં કોમી એકતાને પહેલું સ્થાન આપ્યું છે.*

*આપણા રાષ્ટ્રનું એ દુર્ભાગ્ય રહ્યું છે કે આઝાદીની રાષ્ટ્રીય ચળવળની સાથે સાથે સાંપ્રદાયિક તણાવ પણ વધ્યો. અને અંતે ભાગલાના લીધે અસમાનતાનું મોટું સ્વરૂપ પણ દુઃખદ રૂપે જોડાયું. ગાંધીજીએ તણાવને દૂર કરવા અને દેશના બે મુખ્ય સંપ્રદાયો વચ્ચે સંવાદિતા જાળવવા માટે ભારે પ્રયત્નો કર્યા. ગાંધીજીએ કરેલા ઉપવાસ લોક હૃદયમાં પરિવર્તન લાવવાનું માધ્યમ બન્યા અને તેઓ દેશવાસીઓના હૃદયમાં એ વાત ઠસાવવામાં સફળ રહ્યાં હતા કે હિંદુ-મુસ્લિમ એકતા એ એમના સમગ્ર રાજકીય કાર્યક્રમનો આત્મા છે. અને આ ધ્યેયની પરિપૂર્ણતા માટે, અંતે, તેમણે પોતાનો જીવ પણ આપી દીધો. પરંતુ એક વાત સ્પષ્ટ દેખાઈ રહી હતી કે આઝાદી માટે જેટલો સમય લાગ્યો છે તેના કરતાં વધુ સમય કોમી એકતા માટે આપવો પડશે. માત્ર રાજકીય સ્વતંત્રતા જ નહીં પરંતુ આર્થિક અને સામાજિક સ્વતંત્રતા વધુ મહત્ત્વ ધરાવે છે. સ્વતંત્રતાના પંચોતેર વર્ષ પછી પણ આ વિષય એક વિકરાળ સમસ્યા બનીને આપણી સામે ઊભો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘટેલી ઘટનાઓ દ્વારા સામાજિક, આર્થિક અને પર્યાવરણ એમ ત્રણેય પ્રકારની સૌહાર્દતાને મોટું નુક્સાન થયું છે.* NCRB*ના ડેટાના આધારે એ જાણવા મળે છે કે ૨૦૨૦માં કોમી રમખાણોના ૮૫૭ કેસ નોંધાયા હતા. એ જ રીતે, ૨૦૧૯માં ૪૩૮, ૨૦૧૮માં ૫૧૨, ૨૦૧૭માં ૭૨૩ અને ૨૦૧૬માં ૮૬૯ કેસ નોંધાયા હતા. આ આંકડાઓ પરથી ખ્યાલ આવે છે કે સમરસ સમાજ માટે આજે પણ સૌથી અગત્યની બાબત પર કાર્ય કરવાની જરૂર હોય તો એ છે સાંપ્રદાયિક એકતા.*

*દેશમાં દિવસે દિવસે જે વાતાવરણ સર્જાય રહ્યું છે તે બિમાર સમાજની નિશાની છે. આ વાત ગંભીર તો ત્યારે બને જ્યારે કોઈ રાજ્ય આ સામુદાયિક ભેદભાવમાં પોતાની ભૂમિકા અદા કરે. ધર્મએ દરેકની વ્યક્તિગત બાબત છે અને એને સન્માન આપવું જોઈએ. મહાત્મા ગાંધીનો આગ્રહ*

હતો કે રાજ્ય બિનસાંપ્રદાયિક હોવું જોઈએ. એ કહે છે ×મને મારા ધર્મ વિશે પૂરી શ્રદ્ધા છે. તેને ખાતર હું મરણને ભેટવામાં પણ પાછી પાની ન કરું. પણ મારો ધર્મ મારી અંગત બાબત છે. રાજ્યને તેની સાથે કશી લેવાદેવા ન હોય. તમારી તંદુરસ્તીની, તમારા વાહનવહેવારની, તમારા પરદેશો સાથેના સંબંધોની, તમારાં નાણાંની તેમજ ચલણની અને એવી જ બીજી ધર્મના ક્ષેત્રના બહારની બાબતોની તમારી સુસ્થિતિની રાજ્ય સંભાળ રાખશે. તમારા ધર્મની બાબતમાં તેને સંભાળ લેવાની ન હોય કે માથું મારવાનું ન હોય. ધર્મ સૌ સૌની અંગત બાબત છે.×

સમરસ સમાજ માટે પહેલી શરત છે એક બીજા પર વિશ્વાસ કેળવીએ. ક્યારેક આપણી વ્યવસ્થા આ બાબતે આંખ આડા કાન કરતી જોવા મળે છે. હમણાં હું રેલવેમાં યાત્રા કરી રહ્યો હતો મારી બાજુમાં એક ભાઈ આવી ને બેઠા. અમે એકબીજાના નામ પૂછ્યાં અને મેં એમને હળવો નાસ્તો આપવા હાથ લંબાવ્યો કે રેલવે સ્ટેશન પર અવાજ આવ્યો × किसी अंजान व्यक्तिसे खाद्य सामग्री न ले ।× બસ આ એક જ વાક્યે અમારા બન્નેના મનમાં શંકા કુશંકાઓ ઉત્પન્ન કરી અને અમારી વચ્ચે એક દિવાલ ઊભી થઈ ગઈ. અજાણતા જ પરંતુ આવી કેટલીક દિવાલ આપણે વ્યવસ્થાના નામ પર પણ ઊભી કરી રહ્યા છીએ એ આપણા નાગરિક મૂલ્યો પર પ્રશ્નો ઊભા કરે છે. એક જ ગ્રહ પર રહીને, આપણે એકબીજાને ઘણા વિવિધ પ્રકારના મુખવટો હેઠળ મૂક્યા છે. શિક્ષિત થઈ રહ્યાં છીએ પરંતુ સમજદાર થઈ રહ્યાં છીએ કે નહીં એ પ્રશ્ન ઉત્પન્ન થઈ રહ્યો છે. વિકાસના માપદંડોમાં માત્ર માળખાગત સુવિધાઓનું નિર્માણ કે પોતાને સ્માર્ટ જાહેર કરવાનો પ્રયાસ કે પછી મીડિયાનો સર્વશ્રેષ્ઠ વિકાસ જ નહીં, પરંતુ સમજણમાં વધારો અને કોઈ પણ પ્રકારની અસમાનતા દૂર કરવી એ જ ખરા અર્થમાં વિકાસ કહેવાય. વર્તમાન સંદર્ભમાં આપણે સાંપ્રદાયિક હિંસાના જે બનાવો જોઈ રહ્યાં છીએ તે શ્રેષ્ઠ સમુદાય અને રાષ્ટ્ર માટે કોઈ રીતે યોગ્ય નથી.

આપણને ઈશ્વર, અલ્લાહ, ઈશુ ખ્રિસ્ત કે જે પણ શક્તિને આપણે માનીએ છીએ તેમાં અસીમ વિશ્વાસ ધરાવીએ છીએ, પરંતુ તેમણે બનાવેલા માણસ સાથે ભેદભાવ કરીએ છીએ. નિંદા કરવી, અપમાનિત કરવું, જૂઠું બોલવું, બીજા માનવ પર હુમલો કરવો અથવા તેમના વિચારો અને વર્તનનું અપમાન કરવું એ અસીમ શક્તિને નકારવા સમાન છે.

આપણે બધા પંચમહાભૂત તત્વથી બનેલા છીએ. અને આ પંચમહાભૂત માત્ર કોઈ સમુદાય કે ધર્મ સાથે જ જોડાયેલા છે એવું નથી. પરંતુ એ શાશ્વતતા સાથે જોડાયેલા છે. એ પછી હિંદુ, ઈસ્લામ, બૌદ્ધ, યુનાની દરેક સંપ્રદાય તથા ધર્મ સાથે જોડાયેલાના ઉલ્લેખ મળે છે. વિજ્ઞાનની ભાષામાં કહીએ તો આ આખું બ્રહ્માંડ અને આપણે બધા અણુંમાંથી બનેલા છીએ. તેમનામાં એવો કોઈ ભેદભાવ નથી કે તેઓ આ અણુંથી હિંદુ બને અને આ અણુંથી મુસલમાન બને, એમાં કોઈપણ પ્રકારનો પક્ષપાત જોવા નથી મળતો. બિલ બ્રાયસન કહે છે, મૃત્યુ પછી આપણું શરીર પંચમહાભૂતમાં ભળી જાય છે, એટલે કે શરીરનો નાશ થયા પછી અણુઓ તેમની મૂળ સ્થિતિમાં પર્યાવરણમાં આવે છે. અને જ્યારે પણ કોઈ માનવ શરીરની રચના થાય છે, ત્યારે છેલ્લા બે હજાર વર્ષો દરમિયાન આ પૃથ્વી પર આવી ને ગયેલા દરેક જીવમાંથી લગભગ ૨૦ લાખ અણુંઓ લઈને નવા જીવની રચના થાય છે. આપણે જન્મ્યાં ત્યારે પણ આ જ પ્રક્રિયા થઈ હતી. આ ગ્રહ પરથી પસાર થનારા દરેક જીવમાંથી આપણને બનાવવામાં આવ્યા છે. આમાં અનેક સંપ્રદાયો, ધર્મો અને જાતિ-પ્રજાતિઓના જીવોના અણુઓ પણ આવી ગયા છે! જો હું હિંદુ છું, તો મારા શરીરમાં મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, જૈન, બૌદ્ધ વગેરે ધર્મ અને સમુદાયના લોકોના અણુંઓ છે, તો હું તેમને કેવી રીતે નફરત કરી શકું? આપણે બધા એક જ શરીરથી બનેલા હોવા છતાં, આપણે આપણી માન્યતાઓને કારણે એકબીજાની વિરુદ્ધ થઈએ એ કેવો ન્યાય? મનુષ્ય એકબીજા પ્રત્યે જેટલો ભેદભાવ રાખે છે

તેટલો ભેદભાવ કોઈ પક્ષી બીજા પક્ષી પ્રત્યે કે કોઈ પ્રાણી બીજા પ્રાણી પ્રત્યે રાખતું હોય એવું જોવા મળતું નથી. આ બાબતે વિચાર કરવો ઘટે.

આવો આપણે સૌ પહેલ કરીએ અને આ પૃથ્વી પર વધી રહેલી અસમાનતા ને રોકીએ અને સમરસતા તરફ આગળ વધીએ. શરત વગર પ્રેમ કરીએ - કોઈ અપેક્ષા વગર એકબીજાને સ્વીકારીએ, સન્માન આપીએ. બધાને મિત્ર સમજીએ કોઈને શત્રુ ન સમજીએ. એકબીજા સાથે હળીમળીને વાતો કરીએ, હળીમળીને કામ કરીએ. એકબીજાના સુખ-દુઃખના ભાગીદાર બનીએ. એવો સમાજ બનશે ત્યારે એ અંદરથી નિર્ભય હશે. આવું થશે ત્યારે જ દેશ અંદરથી સુરક્ષિત અનુભવ કરશે. આવું દશ્ય આકાર લેશે ત્યારે આપણે સાચે જ સમરસતાને પામીશું.

(zala.ashwin@gandhifoundation.net)

## અહમ પીગળે

મહાકવિ કાલિદાસના જીવનમાં બનેલા એક પ્રસંગને સંવાદના ઉપાદાનથી

જોઈએ. કાલિદાસ વિચારગોષ્ઠિ માટે બીજા શહેરમાં જતા હતા..ઉનાળાના દિવસો હતા,રસ્તામાં તરસ લાગતાં, આસપાસ જોતા ત્યાં એક બાળકી હતી કાલિદાસઃ

'બેટા, મને પાણી પિવડાવને' બાળકીઃ 'તમે કોણ છો?'

કાલિદાસે એ બાળકી સામે જોઈ અભિમાનથી કહ્યું: 'હું મહાન કવિ અને જ્ઞાની છું.'

બાળકીઃ 'તમે મહાન વિદ્વાન,જ્ઞાની છો તો મારા

એક પ્રશ્નનો ઉત્તર આપો તો પાણી પિવડાવીશ'

કાલિદાસઃ 'પ્રશ્ન કહો'

બાળકીઃ' સંસારમાં સૌથી અધિક બળવાન બે કોણ?'

કાલિદાસ પ્રશ્ન સાંભળી વિચારે છે પણ જવાબ આપી શકતા નથી.

ત્યારે બાળકી બોલી :'સંસારમાં ભૂખ અને તરસ એ બે જ બળવાન છે.

તરસથી તમારી જુઓ કેવી કફોડી હાલત થઈ છે.'

બાળકી તો પ્રશ્ન પૂછી જવાબ આપી પોતાની ઝૂંપડીમાં જતી રહી. ઝૂંપડીમાંથી એક વૃદ્ધા બહાર આવી એટલે કાલિદાસે તેમની પાસે પણ પાણીની યાચના કરી ત્યારે

વૃદ્ધાએ પૂછયું: 'તમે કોણ છો?'

કાલિદાસ ગુસ્સામાં આવીઃ 'હું હઠીલો છું.'

વૃદ્ધા કહે : 'હઠીલી તો બે જ વસ્તુ છે. એક નખ અને બીજા વાળ એને ગમે તેટલાં કાપો તો ફરી વધી જાય છે.'

બાળકી અને વૃદ્ધાના જવાબો સાંભળી કાલિદાસનો અહંકાર

ગાયબ થઈ જાય છે તે પૂછે છેઃ 'મા તમે કોણ છો?'

છેવટે મા શારદા સાક્ષાત્ કાલિદાસને દર્શન આપે છે. કાલિદાસ વંદન કરી રહે છે.

## ૦૮. શહેરીકરણથી જ્ઞાતિવ્યવસ્થા નબળી પડી છે?

**ચંદુ મહેરિયા**

---

*(લેખક ગુજરાત રાજ્યના નિવૃત્ત સરકારી અધિકારી છે. એક સંવેદનશીલ, બાંહોશ, કર્મનિષ્ઠ અને ઈમાનદાર વ્યક્તિ તરીકે જાણીતા દલિત વિમર્શના ગંભીર ચિંતક અને લેખક)*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારતના ગામડાને સંકુચિતતા, અજ્ઞાન, કોમવાદ, સામંતશાહી અને જાતિપ્રથાનું કેન્દ્ર માનતા હતા. તેથી તેમણે કથિત અસ્પૃશ્યોને ગામડા છોડી શહેરોમાં વસવા આહ્વાન કર્યું હતું. બાબાસાહેબના મતે જ્ઞાતિની નાબૂદીમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણ મહત્ત્વનું કારક બની શકે છે. જ્ઞાતિ નિર્મૂલનની આ આંબેડકરી આશા આઝાદીના અમૃતકાળમાં વાસ્તવિકતાની સરાણે ચકાસવા જેવી છે.*

*ભારતનું ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે. ૨૦૦૧માં ૨૭.૮૧ ટકા, ૨૦૧૧માં ૩૦.૧૬ ટકા અને ૨૦૧૮માં ૩૩.૬ ટકા વસ્તી શહેરોમાં વસે છે. ૨૦૦૧માં દેશમાં ૫૧૬૧ શહેરો હતા જે ૨૦૧૧માં વધીને ૭૯૩૬ થયા છે. એક અંદાજ મુજબ આ દાયકાના અંતે દેશની ચાલીસ ટકા વસ્તી શહેરોમાં વસતી હશે. ૨૦૨૫ સુધીમાં તમિલનાડુની સાઠ ટકા તો ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ અને કર્ણાટકમાં પચાસ ટકા શહેરીકરણ થયું હશે.*

*શહેરોમાં જ્ઞાતિનું સામંતી વાતાવરણ હોતું નથી. ગામડાની તુલનામાં શહેરમાં જ્ઞાતિગત ઓળખ પ્રચ્છન્ન રહી શકે છે. સરકારી અને અન્ય નોકરીના સ્થળો, જાહેર પરિવહન, શાળા-કૉલેજ, મોલ-થિએટર અને મોટા જાહેર મંદિરો વગેરેમાં આભડછેટ પાળી શકાતી નથી. જ્ઞાતિગત ધંધાને બદલે કહેવાતા ઉજળા ધંધાની પણ તક મળી શકે છે. ગામડા કરતાં શહેરમાં નોકરી-ધંધાના સ્થળોએ જાતિ ઓગળી જઈ શકે છે. આ બધા કારણોસર દલિતોનું ગામડા છોડી શહેરોમાં વસવું આવશ્યક છે. શહેરો તેમને સારું શિક્ષણ અને રોજગાર તો મેળવી આપે છે તેમની જ્ઞાતિગત ઓળખને ભૂંસી શકે છે.*

*ડૉ. આંબેડકરની સલાહ અને શહેરીકરણના આટલા બધા ફાયદા પછી દલિતોનું શહેરીકરણ મોટાપાયે થયું હોવું જોઈએ. પરંતુ હકીકતો કંઈક જુદી જ છે. રાજધાની દિલ્હીમાં શહેરની કુલ વસ્તીમાં ૧૫.૭૬ ટકા, પચરંગી મહાનગર મુંબઈમાં ૬.૪૬ ટકા, નાગપુરમાં ૧૯.૮ ટકા, ચેન્નઈમાં ૧૬.૭૮ ટકા, બેંગલુરુમાં ૧૧.૩૭ ટકા અને કોલકાતામાં ૫.૩૮ ટકા જ દલિતો આવી વસ્યા છે. દીર્ઘ ડાબેરી શાસન ધરાવતા પશ્ચિમબંગાળમાં દલિતોની વસ્તી ૨૩ ટકા છે પરંતુ નવજાગરણ અને સમાજસુધારાના કેન્દ્ર કોલકાતામાં દલિત વસ્તી માંડ પાંચ ટકા જ છે.*

*ગુજરાતના પાંચ મોટા શહેરોમાંથી અમદાવાદની કુલ વસ્તીમાં ૧૦.૭ ટકા, વડોદરામાં ૬.૬૨ ટકા, રાજકોટમાં ૬.૫ ટકા, ભાવનગરમાં ૬ ટકા અને સુરતમાં ૨.૫ ટકા જ દલિતો છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાજ્યની કુલ વસ્તીમાં દલિતોનું પ્રમાણ ૬.૭૪ ટકા છે તેના કરતાં વધુ પ્રમાણમાં દલિતો એકમાત્ર અમદાવાદમાં જ વસ્યા છે.*

*ભારતનું ભાગ્યે જ કોઈ એવું ગામ હશે કે જ્યાં દલિતોનો વસવાટ ગામથી અલગ ન હોય. તો શું શહેરોમાં દલિતો જ્ઞાતિભેદ વિના સૌની સાથે વસી શકે છે? જૂન ૨૦૧૮માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગલુરુએ પ્રકાશિત કરેલ ભારતના મેટ્રો સિટીઝમાં વસવાટ અને પાડોશ તરીકે દલિતો સાથે આચરાતો સામાજિક ભેદભાવ ગ્રામીણ ભારત કરતાં જરાય ઉતરતો નથી. નવીન ભારતી, દીપક મલગન અને અંદલીબ રહેમાનનું સંશોધન જણાવે છે કે, ×દેશના સાત સૌથી મોટા શહેરોમાં વસવાટમાં સામાજિક-આર્થિક કરતાં જ્ઞાતિના આધારે વધારે ભેદ છે. × આ સંશોધકોના અભ્યાસનો આધાર ૨૦૧૧ની બ્લોકવાઈઝ થયેલી વસ્તી ગણતરી છે. અગાઉ વોર્ડવાર થતી વસ્તી ગણતરી કરતાં આ વસ્તી ગણતરીમાં ઓછી વસ્તી આવરી*

લેવામાં આવતી હોઈ તેમાં કેટલી દલિત વસ્તી છે તે તારવવું વધુ સહેલું બન્યું હતું.

ગામડાની જેમ દેશના મહાનગરોમાં દલિતોની વસ્તી જુદી હોવાનું કે શહેરની બિનદલિત વસ્તીમાં બહુ ઓછા દલિત વસતા હોવાનું બ્લોકવાર વસ્તી ગણતરીના આંકડાઓ પરથી પુરવાર થયું છે. આઈઆઈએમ, બેંગલુરુ પ્રકાશિત અભ્યાસનું તારણ છે કે કોલકાતાના ૬૦ ટકા મહોલ્લાઓમાં એક પણ દલિત નથી. આઈટી ક્રાંતિ માટે સુખ્યાત દેશના આધુનિક શહેર બેંગલુરુની આધુનિક નવી વસાહતોમાં કોઈ દલિતનો વસવાટ શક્ય બન્યો નથી.

શહેરોના સૌથી સલામત, સૌથી સ્વચ્છ, સૌથી મોંઘા, સૌથી સસ્તા, સૌથી પ્રદૂષિત એવા જે વિભિન્ન રેકિંગ થાય છે તે મુજબ દેશના સૌથી વધુ અલગ દલિત વસ્તીના શહેર તરીકેનો પ્રથમક્રમ ગુજરાતના રાજકોટના ફાળે જાય તેમ છે. ૮૭.૬ ટકા સાક્ષરતા ધરાવતા અને ૮૯.૯ ટકા હિંદુ વસ્તીના શહેર રાજકોટમાં ૮૬, ૨૬૫ દલિતો વસે છે. પરંતુ રાજકોટ શહેરની ૮૦ ટકા વસ્તીમાં એક પણ દલિત વસતો નથી.

દલિતોને શહેરી વસ્તીની બહાર વસાવવાનું સૌથી વધુ ચલણ ધરાવતા ગુજરાતમાં સૌરાષ્ટ્રના ઘણા શહેરોમાં દલિતોની અલગ વસ્તી બહારપુરા કે સામાકાંઠે તરીકે વસાવી છે. મિશ્ર વસવાટ અને તેને કારણે જાતિનો નાશ શહેરોમાં થઈ શક્યો નથી. આર્થિક રીતે સક્ષમ દલિતો જ્યારે મકાનની ખરીદી માટે જાય છે ત્યારે શહેરોની કથિત સવર્ણ સોસાયટી કે ફ્લેટમાં તેમને જાકારો મળે છે. માલિક કે બિલ્ડર તેમને આડકતરી રીતે, સીધી રીતે કે ક્યારેક કાયદાની બીકે ઠાવકાઈથી ના પાડે છે.

એકલા અમદાવાદ શહેરમાં જેમાં માત્ર દલિતો જ વસતા હોય તેવી દલિતોની અલગ આશરે ચારસો હાઉસિંગ સોસાયટીઓ છે. દલિતોનું પોતાના જાતભાઈઓ સાથે અલગ વસવાનું કારણ ન તો તેમની પસંદગીનું છે કે ન તો દલિત અસ્મિતાની કોઈ સભાનતાથી છે. કથિત ઉજળિયાત હિંદુ સમાજના દુર્ભાવપૂર્ણ વલણનું તે પરિણામ છે. ગુજરાત અને ભારતના શહેરોમાં ગરીબ દલિતો અલગ ચાલીઓ-ઝૂંપડપટ્ટીઓમાં અને સંપન્ન દલિતો અલગ સોસાયટીઓ-ફ્લેટ્સમાં રહે છે. જાણે ×ઘેટો×માં રહેવું અને જીવવું તે દુભાયેલા દલિતોની જાતિ-ધર્મે સર્જેલી નિયતી છે.

શહેરોમાં દલિતોને માત્ર વસવાટમાં જ નહીં શિક્ષણ અને વ્યવસાયમાં પણ જ્ઞાતિના કારણે ભેદભાવ સહન કરવા પડે છે. Social Attitude Research India, SARI ના ઉપક્રમે ૨૦૧૬માં થયેલ અને છઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૮ના 'ઈકોનોમિક એન્ડ પોલિટીકલ વિકલી×માં પ્રગટ સર્વેના તારણો મુજબ રાજસ્થાનના શહેરી વિસ્તારોમાં ૫૦ ટકા, ઉત્તરપ્રદેશના શહેરી વિસ્તારોમાં ૪૮ ટકા અને દિલ્હીના શહેરી વિસ્તારોમાં ૩૯ ટકા લોકો આભડછેટનું સમર્થન કરે છે.

અર્થશાસ્ત્રના અધ્યાપક અસદ ઈસ્લામ અને અન્યએ ૨૦૧૭માં ઉત્તરપ્રદેશના કાનપુર શહેરની મોબાઈલ સેવાના દર્દીઓ અને ડૉકટરો વિશે સર્વેક્ષણ કર્યું હતું. કાનપુરના ચાળીસ સ્થળોએ મોબાઈલ આરોગ્ય સેવાના આ સર્વેમાં દર્દીને અપાયેલા વિકલ્પો પરથી જાણવા મળ્યું હતું કે ઉચ્ચ જ્ઞાતિની અટક ધરાવતા પણ ઓછો અનુભવ અને ઓછી નિષ્ણાત ડિગ્રી ધરાવતા ડૉકટરની સરખામણીએ નીચલી જ્ઞાતિની અટકના વધુ અનુભવી અને નિષ્ણાત ડૉકટરની દર્દીઓ ઓછી પસંદગી કરતા હતા. અર્થાત દર્દી માટે ડૉકટરની ડિગ્રી, અનુભવ અને નિષ્ણાતપણું નહીં તેમની જ્ઞાતિ રોગના નિદાન અને સારવાર માટે મહત્ત્વની હતી.

દલિતોને ડૉકટર થયા પછી જ નહીં મેડિકલના શિક્ષણ દરમિયાન પણ ભેદભાવ સહેવા પડે છે. 'એઈમ્સ' દિલ્હીમાં દલિત વિદ્યાર્થીઓ સાથે આચરાતા ભેદભાવ અને તેને કારણે તેમની આત્મહત્યા અંગે તપાસ કરવા યુજીસીના પૂર્વ ચેરપર્સન સુખદેવ થોરાટ સમિતિની રચના સરકારે કરી હતી. થોરાટ સમિતિએ રાજધાનીની સૌથી મોટી હોસ્પિટલ અને તબીબી સંસ્થાનમાં દલિત વિદ્યાર્થીઓની કનડગત અને ભેદભાવ અંગે ચોંકાવનારા તારણો રજૂ કર્યા હતા. સમિતિના રિપોર્ટ મુજબ દલિત વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં બિનદલિતને બદલે દલિત સાથે જ રહેવાની ફરજ પડે છે. ૮૫ ટકા દલિત વિદ્યાર્થીઓની ફરિયાદ હતી કે મેડિકલની પરીક્ષામાં

સુપરવાઈઝર તેમને ઓછો સમય આપતા હતા, આંતરિક મૂલ્યાંકન પરીક્ષા વખતે ૭૬ ટકા દલિત વિદ્યાર્થીઓની જ્ઞાતિ જાણવા પરીક્ષક પ્રયત્ન કરતા હતા અને ૮૪ ટકા દલિત વિદ્યાર્થીઓને અન્યાય થતો હતો. થોરાટ સમિતિએ તેના અહેવાલમાં એવી ટિપ્પણી કરી હતી કે, ×વિજ્ઞાનના નિયમો ભણનારા, વૈજ્ઞાનિક અભિગમ કેળવવાને બદલે વાસ્તવિક જીવનમાં જ્ઞાતિને પ્રાધાન્ય આપીને પોતાની જ્ઞાતિગત ઉચ્ચતા જાળવી રાખવા માગે છે ×

દિલ્હી યુનિવર્સિટીના ૨૦૦૦ વિદ્યાર્થીઓના સર્વેના તારણમાં, 'દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની પ્રકૃતિ અનામત વર્ગના વિદ્યાર્થીઓના બહિષ્કરણની હોવાનું' નોંધી જણાવ્યું છે કે, × એક કુલીન વિશ્વ વિદ્યાલયમાં શહેરી પૃષ્ઠભૂમિવાળા વિદ્યાર્થીઓ વચ્ચે મોટાપાયે જાતિઆધારિત ભેદભાવ મોજુદ છે. × રોહિત વેમુલાથી પાયલ તડવીની આત્મહત્યાઓ તેનું જ પરિણામ છે. ભારતની સાયન્સ, ટેકનોલોજી અને મેનેજમેન્ટની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવર્તતા સામાજિક ભેદભાવોએ પૂરવાર કર્યું છે કે વિજ્ઞાન,તકનિકી અને પ્રબંધનનું શિક્ષણ ગ્રહણ કરનારા પણ જાતિ નિરપેક્ષ બની શક્યા નથી. દલિતોનો શહેરોમાં પણ જાતિભેદથી પૂર્ણ છૂટકારો થઈ શકતો નથી.

અમદાવાદ- મુંબઈની કાપડ મિલો હોય કે કોલકાતાની શણની મિલો, દલિતો તેમાં પણ આભડછેટ અને જાતિપ્રથાનો ભોગ બન્યા છે ડૉ.આંબેડકર સાચું જ કહે છે કે 'જાતિપ્રથા એ માત્ર શ્રમનું વિભાજન નથી શ્રમિકોનું વિભાજન છે'. જોકે ગટરસફાઈ જેવું જ્ઞાતિગત અને જોખમી કામ શહેરોમાં પણ દલિતોના માથે જ મરાયું છે. ૨૬ થી ૩૦ માર્ચ ૨૦૨૨ના પાંચ જ દિવસોમાં લખનૌ અને રાયબરેલી(ઉ.પ્ર), બીકાનેર (રાજસ્થાન) નૂંહ(હરિયાણા) અને દિલ્હીમાં અનુક્રમે ૨, ૨, ૪, ૨ અને ૬ એમ કુલ ૧૬ દલિતોના ગટરમાં અંદર ઉતરી સફાઈ કરાવવાને કારણે મોત થયા હતા. શહેરોમાં વળી ક્યાં ભેદભાવ કે આભડછેટ જેવું કંઈ છે તેમ કહેનાર જ્ઞાતિગત ગટરસફાઈના કામ અને મોત અંગે મૌન રહે છે.

વિશ્વ બેન્કના મતે ભારતમાં આડેધડ, અસ્તવ્યસ્ત અને અઘોષિત શહેરીકરણ થયું છે. નિયોજિત, સતત અને સમાવેશી શહેરીકરણ જાતિવ્યવસ્થાને અટકાવી શકે છે. બહોળી વસ્તીને એક જ જગ્યાએ વસાવીને કે એક સાથે રાખીને માનવીય વ્યવસ્થામાં સુધારો લાવી શકાય છે સમાજ પરિવર્તનમાં તે ઉત્કૃષ્ઠ ભૂમિકા ભજવી શકે છે ગાંધીનગર અને ચંદીગઢનો આ દૃષ્ટિકોણથી અભ્યાસ કરતાં પણ નિરાશા જ સાંપડે છે. ગાંધીનગરમાં સરકારી અધિકારીઓ-કર્મચારીઓને સંપૂર્ણ કમ્પ્યૂટરાઈઝ ડ્રોથી વસવાટ માટેની જમીન ફાળવાઈ હોવા છતાં દલિતોને એક જથ્થે દૂરના કે અવિકસિત સેકટરોમાં જમીન ફાળવાય તેવું જાતિગત ભેદ સિવાય કઈ રીતે શક્ય છે. કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ અને ગુજરાતનું પાટનગર ગાંધીનગર રહેઠાણ અને પાડોશની બાબતમાં સર્વસમાવેશી બની શક્યા નથી. એવું જ મહારાષ્ટ્રના લાતૂર અને ગુજરાતના કચ્છના ભૂકંપ પછીના જાતિ આધારિત પુનર્વસનનું છે.

૧૯૭૦માં રાષ્ટ્રીય અખબારોમાં દલિતોની લગ્ન વિષયક જાહેરાતોનું પ્રમાણ ૧.૫ ટકા હતું, તે ૨૦૧૦માં વધીને ૧૦ ટકા થયું છે.જ્યાં શહેરીકરણ વધુ છે તેવા રાજ્યોમાં આંતરજ્ઞાતિય લગ્નોનું પ્રમાણ વધારે છે અને શહેરી મધ્યમવર્ગમાં દલિતોનો પ્રવેશ અને પ્રભાવ શક્ય બન્યો છે તે સ્વીકારીને પણ કહેવું પડશે કે ભારતની જડ જાતિપ્રથા આધુનિકીકરણ, શહેરીકરણ અને કુદરતી આફતને પણ ગાંઠ્યા વિના અકબંધ રહે છે.

ગાંધીજીએ કહ્યું હતું, × અંત્યજોનો પ્રશ્ન કોઈપણ રીતે આ પેઢી દરમિયાન અથવા આવતી કેટલીક પેઢીઓ દરમિયાન નહીં પણ હમણા જ ઉકેલવાનો છે. નહીં તો તે કદી ઉકલવાનો નથી. × ગામડા કે નાના નગરોમાં જ નહીં મહાનગરોમાં પણ આઝાદીના પંચોતેર વરસો પછીની વર્ણગત વિભાજીતતાની વાસ્તવિકતા પછી પ્રશ્ન થાય છે કે શું ભારતમાંથી જ્ઞાતિ વ્યવસ્થા અને તેના બાહ્ય સ્વરૂપ જેવી અસ્પૃશ્યતા ક્યારેય નાબૂદ થશે નહીં ? . ડૉ. રામમનોહર લોહિયા કહેતા હતા તેમ ×જાતિ વો હૈ જો કભી જાતી નહીં× કાયમી સત્ય બની રહેશે?

(maheriyachandu@gmail.com)

## ૦૯. મારો "ગાંધીડો"

**ચંદુ મહેરિયા**

---

*(લેખક ગુજરાત રાજ્યના નિવૃત્ત સરકારી અધિકારી છે. એક સંવેદનશીલ, બાંહોશ, કર્મનિષ્ઠ અને ઈમાનદાર વ્યક્તિ તરીકે જાણીતા દલિત વિમર્શના ગંભીર ચિંતક અને લેખક)*

*ખાદી પહેરવી મને ગમે છે. મારા કદ કાઠીને એ વધુ માફક આવે છે. પણ 'મા'ને હું ખાદી પહેરું એ જરાય ગમતું નથી. ખાદીનો ઝભ્ભો-લેંઘો જ્યારે પણ પહેર્યો છે, 'મા'એ મને ટોક્યો છે. આ પહેરવેશમાં એને હું 'ગાંધીયો' લાગું છું. 'મા' અને 'બા'એ (બાપાને અમે 'બા' કહેતા) ગાંધીજીને જોયા નથી. મા સાવ અભણ. એને માટે તો એ ભલી અને એનું ઘર ભલું. પણ મારા બાએ ગાંધી-આંબેડકર વિશે ઘણુ સાંભળ્યું -જાણ્યું હતું અને થોડું વાચ્યું પણ હતું. એ જમાનાના દલિતોની પહેલી પેઢીમાં જે ગાંધી વિરોધ હતો એ માની,બાની વાતોમાં સમયેસમયે વ્યક્ત થતો. મા ઘણી વાર કહેતી : ×આ ગાંધીયો જ નાતજાતના વાડા બાંધીન જ્યો છ. ' મારા ખાદી પહેરવા સામેના માના અણગમાના મૂળમાં 'મા'માં, બાએ અને એ જમાનાએ, ગાંધી વિશે વાવેલા પૂર્વગ્રહો અને ગેરસમજો હતાં.*

*પૂર્વ અમદાવાદના રાજપુરની શ્રમિકોની ચાલીમાં હું જન્મ્યો-ઉછર્યો. રાજપુરની મ્યુનિસિપલ શાળા નં. ૩-૪માં હું ભણ્યો.અમારા આચાર્ય બળવંતભાઈ ગાંધીઅન. જન્મે દલિત અને રાજપુરના જ બળવંત માસ્તર માત્ર અટકે જ નહીં સંપૂર્ણ ગાંધીઅન.ખાદીનો ધોતી-ઝભ્ભો અને માથે ખાદી ટોપી પહેરે.કડક શિસ્તના આગ્રહી.મારા બાળપણથી યુવાનીના ઘડતરના વરસો રાજપુરના ગાંધીવાદી, આંબેડકરવાદી, સામ્યવાદી કાર્યકરો અને તેમની પ્રવૃત્તિઓ વચ્ચે પસાર થયા છે. એ સમયનું રાજપુર જાણે કે વિવિધ રાજકીય વિચારધારાની પાઠશાળા હતું.*

*મારી સાંભરણના, ૧૯૮૧ના અનામત વિરોધી રમખાણો પહેલાંના, રાજપુર વસવાટના એ વરસો ગાંધી સ્મરણોથી ભર્યાભર્યા છે. એ દિવસોમાં અમારી ચાલીઓમાં મજૂર મહાજન સંઘ અને જ્યોતિસંઘની પ્રવૃત્તિઓને કારણે ગાંધીવાદી કાર્યકરો અને આગેવાનોની ભારે ચહલપહલ રહેતી. જ્યોતિસંઘની આંગણવાડી - બાલવાડીમાં મેં મારું પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. આજે સરકારી આંગણવાડીઓના નામે દલિત વિસ્તારોમાં પણ જે ભ્રષ્ટાચાર ચાલે છે, એના કરતાં સાવ જ જુદી હતી અમારી જ્યોતિસંઘની આંગણવાડી. જ્યોતિસંઘના બહેનો વેકેશનમાં ભરતડકે ચાલીઓમાં ઘરેઘરે ફરે અને દલિત માતાઓને તેમના બાળકોને આંગણવાડીમાં મોકલવા સમજાવે. ખાદીના સફેદ સાડલાવાળા મારી આંગણવાડીના શિક્ષિકાબહેન, જસુબહેન, એમના પ્રેમ અને વાત્સલ્યને કારણે, મારા સઘળા શિક્ષકોના ચહેરા ભૂંસાઈ ગયા છે કે ધૂંધળા પડી ગયા છે ત્યારે પણ મને બરાબર યાદ રહી ગયા છે. અહીં જ હું એમની આંગળી પકડીને કક્કો શિખ્યો હતો અને એકડો ઘૂંટ્યો હતો. અને હા, સર્વધર્મ પ્રાર્થના પણ તેમણે જ શીખવી હતી.*

*શિક્ષણની સાથે વ્યસનમુક્તિ અને સ્ત્રીજાગ્રતિનું કામ પણ જ્યોતિસંઘના બહેનો કરતાં હતા. મોટા કે સારા ઘરની, ઉજળા કપડાં પહેરતી આ બધી બહેનો ચાલીઓમાં ઘેરઘેર ભટકે અને સ્ત્રીઓ- બાળકો માટે કામ કરે તેનું આ વિસ્તારના લોકોને પણ મોટું મૂલ્ય હતું. સ્ત્રીઓ સાથે આત્મીયતાથી ઓતપ્રોત થઈ તેમના દુઃખ-દરદ જાણવા પ્રયાસ કરતી આ બહેનો સાથે ચાલીઓની બહેનો પણ દિલ ખોલીને વાતો કરતી. એ વખતે તો એ બધી વાતો સંભળાતી હતી ખરી પણ સમજાતી નહોતી. પણ આજે યાદ આવે છે કે સઘળી*

દલિત સ્ત્રીઓ આ મોટા ઘરની બહેનો સમક્ષ તેમના દુ:ખની જે ફરિયાદો કરતી તેમાં જે એકબે ફરિયાદો કૉમન હતી તે હતી : ×દારૂ અને હવાહુરિયા. × (દલિત સ્ત્રીઓના પતિ, પિતા, ભાઈ અને પુત્ર દારૂ પીતા અને દર સવા વરસે સુવાવડ આવતી તે એમની કાયમી ફરિયાદો રહેતી.)

જ્યોતિસંઘના કુટુંબ કલ્યાણ કેન્દ્રો, કૌટુંબિક ઝઘડાઓ -ખાસ કરીને પતિપત્નીના ઝઘડાઓમાં, સુલેહ-શાંતિનું કામ કરતા તેમ કુટુંબ નિયોજન અને દારૂ જેવા વ્યસનોમાંથી મુક્તિના કામો પણ કરતા. મારી ચાલીમાં સૌથી સાદુ છતાં સુઘડ અને ટેબલ-ખુરશીવાળું એક ઘર હતું. મને કાયમ એવા ઘરનું આકર્ષણ રહેતું. પણ એ ઘરનો મોભી દારૂનો ભારે બંધાણી. માત્ર ચાલીમાં જ નહીં આખા વિસ્તારમાં એ ×લટ્ઠા×ના નામે જાણીતા. ખાદીના આરબંધ સફેદ કપડાં પહેરે, આમ તો મિલ કામદાર પણ સફાઈદાર ગુજરાતી બોલે અને સરકારી યોજનાઓ વિશે જ નહીં કાયદાકાનૂન અંગે પણ સારું જ્ઞાન ધરાવે. સવારે એ કાર્યકર તરીકે નીકળે ત્યારે સાવ સજ્જન લાગે પણ સાંજ પડતાં જ ચિક્કાર પીને લથડિયા ખાતાં-ખાતાં આવે. જ્યોતિસંઘના સૌથી મોટાબહેન શાંતાબહેન પટેલે એમને દારૂનું વ્યસન છોડાવવા ભાઈ બનાવેલા. રક્ષાબંધને સૌની વચ્ચે શાંતાબહેને તેમને રાખડી બાંધી, હવેથી ક્યારેય દારૂ નહીં પીવાનું વચન લીધેલું. આજે રાજપુરમાં સાવ જ ટાબરિયાઓને દારૂ વેચતા, દારૂ પીને રુમલાતાં જોઉં છું અને જિજ્ઞેશ-અલ્પેશની દારુના અડ્ડાઓ પરની રાજકીય જનતા રેડ વિશે વાંચુ-સાંભળું છું ત્યારે હવે કોઈ કહેવાતા ઉંચા વર્ણની બહેન તેમને ભાઈ કે દીકરો માની વારવા આવવાની નથી એનો વસવસો રહ્યાં કરે છે. આજકાલ ગરીબો-દલિતો કેમ દારૂ પીએ છે તેની ફિલોસોફિકલ ચર્ચા અને તેના મૂળમાં રહેલી ગરીબી નાબૂદી સિવાય દારૂનું દૂષણ દૂર ન કરાય તેમ ચર્ચતા રહેતા કર્મશીલો (હા, કાર્યકરો નહીં કર્મશીલો)ને જોઉં છું ત્યારે એ દિવસોમાં મારામાં પાંગરેલા અને કાળે અસ્ત થઈ ગયેલા આ ગાંધીપાત્રો અને ગાંધીમૂલ્યો, ગાંધીના સાર્ધ શતાબ્દી વરસે મને ઝકઝોરે છે અને પડકારે છે.

હું જે નિશાળમાં એક થી સાત ચોપડી ભણ્યો તેનું ત્રણ માળનું મકાન હતું અને મોટું ચોગાન. શાળાના શિક્ષકોમાં આ વિસ્તારના દલિત શિક્ષકો પણ હતા. ભણવામાં હું હોંશિયાર ગણાતો અને કાયમ પહેલા નંબરે આવતો. અમારી શાળામાં આખા પૂર્વ અમદાવાદનો રમતોત્સવ ઉજવાતો અને રાષ્ટ્રીય તહેવારો પણ મનાવાતા. પણ શાળાની પ્રાર્થના સિવાય મને કદી જાહેરમાં આવા કાર્યક્રમોમાં બોલવાનું મળ્યું નથી. મારી લેખન અને વક્તવ્યની આવડતને બહાર આણવાનું કામ જે સ્વાભાવિક રીતે હું જ્યાં ઔપચારિક શિક્ષણ મેળવતો હતો તે શાળાનું અને તેના શિક્ષકોનું હતું. પરંતુ મારી આ ખૂબી ઉજાગર કરી અનૌપચારિક શિક્ષણની ગાંધી પાઠશાળાઓએ. ગાંધીવાદી મજૂર યુનિયન, મજૂર મહાજન સંઘ, કામદાર વિસ્તારોમાં ગાંધી જયંતી અને બીજા કાર્યક્રમોની ઉજવણી કરે. એ સમયના મોટાભાગના દલિત નેતાઓ, કહેતાં મિલના મહાજનના મેમ્બરો-માસ્તરો-મુકાદમો ખાદીધારી હતા. કાંતિલાલ નામક એક મિલકામદાર અને હોમગાર્ડ, મહાજનના ઉજવણી કાર્યક્રમોમાં મને લઈ જાય. દુનિયા આખી પહેલી મેના રોજ મજૂર દિન મનાવે પણ મહાજન ચોથી ડિસેમ્બરે મનાવે. ગામેગામ ગાંધીજયંતી બીજી ઓકટોબરે ઉજવાય પણ મહાજનની ગાંધીજયંતી રેંટિયાબારસની હોય. આવા પ્રસંગોની ઉજવણી અને તેની સભાઓ થાય, મિલકામદાર બાળકોની વિવિધ સ્પર્ધાઓ થાય. તેમાં મેં વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ખાદીનો હાથરુમાલ, ટુવાલ કે ચાદર ઈનામમાં મેળવ્યા હતા. આમ ગાંધીની સંસ્થાઓના સહારે મારું આરંભિક લેખન અને વક્તવ્ય ઉજાગર થયું. તે એટલે સુધી કે પછી અમારી ડેમોક્રેટિક શાળાના એક સ્પર્ધક તરીકે મેં કોઈ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લઈને ગોમતીપુરની માતૃછાયા હાઈસ્કૂલમાં તે વખતના મુખ્યમંત્રી બાબુભાઈ પટેલના હસ્તે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ઈનામમાં મેળવેલી.

મજૂર મહાજનની ભારે બોલબાલાના એ દિવસો હતા. છાશવારે મજૂર મહાજનના નેતાઓ અમારા વિસ્તારમાં આવતા રહેતા અને તેમની નાની મોટી સભાઓ થયા કરતી. અરવિંદ બૂચ, શાંતિલાલ શાહ, મનહર શુક્લ, નવીનચંદ્ર બારોટ અને બીજા નેતાઓ અવારનવાર આવતા. જ્યોતિસંઘના વડા ચારુમતી યોધ્ધા પણ આવતા. ચૂંટણી ટાણે તો આ બધા નેતાઓનું જોર વધી જતું. જે દલિતો મિલકામદાર તરીકે મહાજનના સભ્ય હતા તે ચૂંટણીમાં મહાજનના ટેકેદારો હોય જ હોય એવું બનતું નહીં એટલે મ્યુનિસિપલ કોર્પોરેશન અને ધારાસભાની ચૂંટણીઓમાં મહાજનના ઉમેદવારો હારતા ય ખરા.

ઘેરઘેર શૌચાલયના એ દિવસો નહોતા. ચાલીઓના સાર્વજનિક શૌચાલયોનો જ લોકો ઉપયોગ કરતા. તેની ગંદકી એ જાણે કે દલિત વિસ્તારોની નિયતિ હતી. મને બરાબર યાદ છે અ.મ્યુ.કો.ની હેલ્થ કમિટીના એ ગાંધીવાદી ચેરમેન ભાઈલાલ પટેલ. ઘણીવાર આ ગાંધીવાદી ભાઈલાલભાઈ સવારે સાતેક વાગે ચાલીના જાજરૂએ ખડા થઈ જતા. જાજરૂ સાફ કરનાર સફાઈ કામદાર ભાઈબહેનની બાજુમાં ઊભા રહીને કશી સુગ વિના તે છેક નીચા નમીને કઈ રીતે બરાબર સફાઈ થાય તેની સૂચના આપતા.

ધીરે ધીરે હું મોટો થતો ગયો અને ગાંધીવાદીઓનો રાજપુરની ચાલીઓમાં આવરોજાવરો ઓછો થતો ગયો! છેલ્લે ૧૯૮૧ના અનામત વિરોધી રમખાણોમાં કોઈ રડ્યાખડ્યા બબલભાઈ મહેતાને દલિતોની ચાલીઓમાં ફરતા જોયેલા. અનામત આંદોલન અંગેનું ગાંધીવાદી વલણ રાજપુર અને એકંદર દલિત વિમર્શમાંથી પણ ગાંધીજનોની પીછેહઠનું ટર્નિંગ પોઈન્ટ હતું.

મારા ઘરનું વાતાવરણ ગાંધીવિરોધનું જ નહીં ગાંધી પ્રત્યેની ભારોભાર કડવાશનું હતું. 'બા' એ બહુ નાનપણમાં જ અમને એમની સમજણ પ્રમાણે ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનકાર્ય, વિચારો અને તેમના ગાંધીજી સાથેના મતભેદોથી અવગત કરાવેલા. એમના દોસ્તો અને તેમની મિલનું વાતાવરણ ભારે આંબેડકરવાદનું હતું. અમારા વિસ્તારમાં રહેતા એ સમયના મોટા આંબેડકરવાદી આગેવાનો રમેશચંદ્ર સંડેરા, મનુભાઈ મૂળજીભાઈ પરમાર અને વીરાજી ભગત સાથે 'બા'ની ઉઠકબેઠક રહેતી. એ બધા પણ અમારા ઘરે આવતા જતા. એટલે એમની વાતોમાંથી પણ બાબાસાહેબ અને ગાંધીજી વિશે જાણવા મળતું.

આઠમા ધોરણમાં દલિત બિનદલિત મિશ્ર વિદ્યાર્થીઓની ગોમતીપુરની ડેમોક્રેટિક શાળામાં હું દાખલ થયો. પહેલા સત્રમાં ગોમતીપુરમાં રહેતા જાણીતા કવિ ચંદ્ર પરમારનો મારા ગુજરાતીના શિક્ષક હરેન્દ્ર શાસ્ત્રીએ પરિચય કરાવ્યો. મને બહારનું વાંચવાનું બહુ ગમે છે એમ જાણી એમણે મને અમારા વિસ્તારના સામ્યવાદી કાર્યકર આનંદ પરમાર પર ચિઠ્ઠી લખી આપી. એ ચિઠ્ઠી લઈને હું આનંદભાઈ પાસે ગયો. તેમણે મને તેમની અંગત લાઈબ્રેરીમાંથી સૌથી પહેલા મેક્સિમ ગોર્કીની નવલકથા 'મા' વાંચવા આપી. આનંદભાઈએ ધીમે ધીમે બીજું સામ્યવાદી સાહિત્ય વંચાવ્યું. એ રીતે શાળાના પાઠ્યપુસ્તકો સિવાયનું મારું પહેલું વાચન સાવ અનાયાસ સામ્યવાદ-માર્ક્સવાદનું રહ્યું.

આ દિવસોમાં રાજપુરમાં ડૉ.આંબેડકર, રિપબ્લીકન પાર્ટી અને પછી દલિત પેન્થરની પ્રવૃત્તિઓ ચાલતી હતી. દલિત પેન્થરના નેતાઓ અને દલિત કવિઓનો મને પરિચય થવા માંડ્યો. ગોમતીપુર, રખિયાલની લાઈબ્રેરીઓ વંચાઈ ગઈ તો હું છેક એમ.જે.લાઈબ્રેરી સુધી પહોંચ્યો. એ રીતે મારા વાચન અને વિચાર જગતમાં આંબેડકર, ગાંધી, માર્ક્સ, લોહિયા આવતા રહ્યાં. વાચન અને વિચારની મૂડી ક્યારે અને કેમ વધતી રહી એનો કશો ખ્યાલ ન રહ્યો. એ દરમિયાન મોટાભાઈ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણે. એમણે અમારા વાચન સંસ્કાર ઘડવામાં મોટો ફાળો આપ્યો. અને એમજ મોટાભાગના લાઈબ્રેરીના અને થોડા અંગત પુસ્તકોના વાચને માત્ર લખતા જ નહીં વિશ્લેષણ

કરતાં થઈ જવાયું.

આજના દલિત વિમર્શમાં કર્મશીલ કે લેખક તરીકે જ નહીં દલિત માણસ તરીકે પણ ગાંધીની તરફેણમાં બે બોલ કહેવા શક્ય નથી, એટલું ગાંધી વિરોધનું વાતાવરણ છે. એના થોડા વાજબી કારણો પણ છે. પણ હું એનાથી પર રહી શક્યો છું. જ્યાં ગાંધીની ટીકા કરવાની આવી છે ત્યાં જરાય પાછી પાની નથી કરી પણ જ્યાં મને ગાંધીની તરફદારી કરવી લાગી છે ત્યાં કદી પીઠ નથી દેખાડી.

દલિતોની જૂની પેઢી અને હાલની પેઢીને ગાંધી સામે જે કેટલીક બાબતોમાં સૌથી મોટા વાંધા છે તે, ગાંધીજી અસ્પૃશ્યતાને તો હિંદુ ધર્મનું કલંક ગણતા હતા અને તેની નાબૂદી માટે મથતા હતા પણ વર્ણવ્યવસ્થા અને જાતિપ્રથાના તે સમર્થક હતા (આ અંગે તેમનામાં પાછળથી કેટલુંક વિચારપરિવર્તન પણ આવેલું) તે, અને પૂના કરાર કરી તેમણે દલિતોના અલગ મતાધિકારનો વિરોધ કર્યો, તે હતું. ૧૯૩૨માં લંડનમાં મળેલી બીજી ગોળમેજી પરિષદનો ઉદ્દેશ તો ભારતના ભાવિ શાસનની ચર્ચાનો હતો. તેમાં ગાંધી-આંબેડકર સહિત હિંદના તમામ નેતાઓ હાજર હતા. ગાંધીજીએ મુસ્લિમો અને શીખોના અલગ મતાધિકારને માન્ય રાખ્યો પણ દલિતોના અલગ મતાધિકારનો વિરોધ કર્યો. જ્યારે સર્વસંમતિ ન સધાઈ અને આ અંગેનો અંતિમ નિર્ણય બ્રિટિશ વડાપ્રધાન પર છોડાયો અને તેમણે દલિતોના અલગ મતાધિકારને માન્ય રાખ્યો તો ગાંધીજીએ તેના વિરોધમાં યરવડા જેલમાં આમરણ અનશન શરૂ કર્યો. અંતે ડૉ.આંબેડકરે નમતું જોખવું પડ્યું અને અલગ મતાધિકારને બદલે અનામતનો સ્વીકાર કરવો પડ્યો. ગાંધીજીના આમરણ અનશનને કારણે જ દલિતોને અલગ મતાધિકાર ન મળ્યો અને વામણા તથા બોદા રાજકીય દલિત નેતૃત્વ સાથે આજેય તેમને પનારો પાડવો પડે છે. એ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકરે ક્યારેય ગાંધીજીને માફ કર્યા નહોતા તો દલિતો આ માટે જ આજે ગાંધીજીને દેવાય એટલી ગાળો દે છે.

અનામત વિરોધી રમખાણો સમયની ગાંધીજનોની ભૂમિકાએ દલિતોની ગાંધીજી પ્રત્યેની કડવાશને દ્વેષમાં પલટી નાંખી છે. મહારાષ્ટ્રમાં મરાઠાવાડા યુનિવર્સિટી સાથે ડૉ.બાબાસાહેબ આંબેડકરનું નામ જોડવાના મુદ્દે જે રમખાણો અને હિંસા થયાં તે પછી બાબા આઢવ અને અન્યોએ મળીને ત્યાં 'વિષમતા નિર્મૂલન સમિતિ'ની રચના કરી હતી. ગુજરાતમાં પણ ભાનુભાઈ અધ્વર્યુના નેતૃત્વ 'ગુજરાત વિષમતા નિર્મૂલન સમિતિ', (ડી કાસ્ટ થયેલા હિંદુઓ હજુ ગુજરાત કે ભારતમાં 'નાતજાત તોડક મંડળ' કે 'જ્ઞાતિ નિર્મૂલન સમિતિ' રચી શકતા નથી!) ૧૯૮૧ના અનામત વિરોધી રમખાણો દરમિયાન કાર્યરત થઈ હતી. તેનું પહેલું અધિવેશન ૨૧મી જૂન ૧૯૮૧ના રોજ અમદાવાદના ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલમાં મળેલું. આ સંમેલનમાં હું હાજર હતો. અહીં જ પહેલીવાર જોસેફ મેકવાનનો ભેટો થયેલો. અનામત વિરોધી રમખાણો અને દલિતો પરના હુમલાના દિવસોમાં મળેલા, બહુધા દલિતોની હાજરીવાળા, આ સંમેલનની કાર્યવાહીમાં અનામતના પ્રશ્નની સવિશેષ ચર્ચા અને ઠરાવો થવાના હતા. અનામત અંગેના એક ઠરાવનું વાચન થયું અને તે ચર્ચા માટે મુકાયો. આ ઠરાવના હાર્દ સાથે તો સૌ કોઈ સંમત હતા. કેમકે તે અનામતની તરફેણનો ઠરાવ હતો. પરંતુ એક દલિત યુવાને ઊભા થઈ ઠરાવમાં સુધારો મુક્યો કે ઠરાવની પ્રસ્તાવનામાં જે ગાંધીજીનું નામ છે તે દૂર કરવામાં આવે. આ યુવાનની જોશીલી જબાન અને તેની માંગણી સાથે સંમેલનમાં હાજર રહેલા મોટાભાગના લોકો સંમત હતા. સંમેલનના મંચ પર ત્રણ ગાંધીજનો ભાનુ અધ્વર્યુ, ઝીણાભાઈ દરજી અને દિનકર મહેતા બેઠેલા હતા. અલગ વિચારના છતાં તે ત્રણેય ગાંધીયુગના જ ફરજંદ હતા. ત્યારે એક દલિત યુવાન, ગાંધીનો નામોલ્લેખ પણ ઠરાવમાં ન ઈચ્છે એ હદનો વિરોધ, આઘાતજનક હતો. ત્રણેય વડીલોની સમજાવટ પછી ઠરાવમાં તો ગાંધીનો નામોલ્લેખ રહી શક્યો પણ દલિતોના દિલમાં તે સ્થાપી શકાયો નથી. આજે ભાગ્યે જ કોઈ શહેરી દલિતના ઘરમાં ગાંધીજીની તસવીર જોવા મળે છે. આમ

થયું તેમાં ગાંધીવાદીઓનો ફાળો નાનો સૂનો નથી.. ૧૯૮૭માં હૈદરાબાદમાં ફર્સ્ટ ઓલ ઈન્ડિયા દલિત રાઈટર્સ કોન્ફરન્સમાં મારે જવાનું થયેલું .તેમાં મુખ્ય વક્તા તરીકે આફ્રો અમેરિકન લેખક રેનુકો રુશદી આવેલા. તેમના વક્તવ્યમાં પણ અબ્રાહમ લિંકનની ભારોભાર ટીકા અને કડવાશ સાંભળવા મળેલા. જે નિયતિ ભારતના દલિતોમાં ગાંધીની છે તે અમેરિકાના કાળાઓમાં લિંકનની છે! આ કડવું સત્ય છે.

૨૦૦૧માં દક્ષિણ આફ્રિકાના ડરબનમાં વંશવાદ અને જાતિવાદ વિરોધી વિશ્વ પરિષદ ભરાયેલી. તે નિમિત્તે ડરબન જવાનું થયેલું, ત્યારે ચહીને ગાંધીજીના ફિનિક્સ આશ્રમે ગયેલો. ૭૬.૭% કાળી વસતીના આ દેશમાં ૨.૬% વસ્તી એશિયન-ભારતીયોની પણ છે. જેમાં મોટો હિસ્સો ગુજરાતીઓનો છે. અહીં ડરબનમાં અને એકંદર દક્ષિણ આફ્રિકામાં ગાંધી આદરપાત્ર છે પણ ગુજરાતીઓ નથી! ગાંધીજીએ સ્થાપેલ ફિનિક્સ આશ્રમ, ચોપાસ વસતા સાવ જ ગરીબ કાળાઓની વસ્તી વચ્ચે, એક નાનકડી ટેકરી પર આવેલો છે. આ ફિનિક્સ આશ્રમને ચારેકવાર કાળાઓએ ખેદાનમેદાન કરી નાંખ્યો હતો. અમને ફિનિક્સ આશ્રમ લઈ ગયેલા ગુજરાતી સદ્ગૃહસ્થ કાળાઓથી એટલા ડરેલા હતા કે તે ફફડતા ફફડતા પોતાની મોંઘી ગાડીમાં જ બેસી રહ્યાં. ફિનિક્સ આશ્રમનો કાળો નવજુવાન મેનેજર અનન્ય ગાંધી ભક્ત હતો. ફિનિક્સ આશ્રમપરના કાળાઓના હુમલા અંગે પૂછ્યું તો તે કહે, વરસતા વરસાદમાં જ્યારે આસપાસના ગરીબ કાળાઓ કે તેમની બકરીઓ બેઘડી આશ્રમમાં આવી ચઢે તો તેને પણ આશ્રમના ટ્રસ્ટીઓ જો ન સાંખી લે તો તેવા આશ્રમને કાળાઓ ફૂંકી ન મારે તો બીજું શું કરે? ગાંધીના વૈષ્ણવજન શું આવા હોય?

એટલે ગુજરાતના અને દેશના દલિતો ગાંધીને ધિક્કારે છે તો તેના કારણો સમજાય તેવા છે. અલગ મતાધિકાર અને પૂના કરારનો મુદ્દો દિનપ્રતિદિન દલિત આંદોલનમાં વધુને વધુ ચર્ચાય છે. પૂર્વે ક્યારેય નહોતો એટલી તીવ્રતાથી ૨૪મી સપ્ટેમ્બર ૧૯૩૨નો પૂના કરાર દિન આજે દલિતો ધિક્કાર દિન તરીકે મનાવે છે. ડૉ.આંબેડકર તેમના લખાણોમાં, ભાષણોમાં અને વાતચીતમાં ગાંધીજી માટે 'ગાંધી' કે 'મિ.ગાંધી' અને સેટાયરમાં 'મહાત્માજી' શબ્દો વાપરતા હતા. (ગાંધીજી અને કોંગ્રેસના નેતાઓ બાબાસાહેબ માટે 'ભીમરાવ' કે ' આંબેડકર' શબ્દ વાપરતા). ડૉ. આંબેડકરના અંગ્રેજી ગ્રંથોના ગુજરાત સરકાર પ્રકાશિત ગુજરાતી અનુવાદ સાથે સંકળાયેલા એક દલિત મિત્રને બાબાસાહેબના ગ્રંથ ×વ્હોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હેવ ડન ફોર ધ અનટેચબલ× પુસ્તકના નામના ગુજરાતી અનુવાદમાં ગાંધીને બદલે ગાંધીજી શબ્દ પ્રયોજાયો તે ખટ્ક્યું હતું. ગુજરાતમાં ઉમાશંકર જોશી અને સુરેશ જોષી માટે ઉ.જો. અને સુ.જો. શબ્દ વપરાય છે પણ નિરંજન ભગતને તો સૌ કોઈ ભગતસાહેબ જ કહે છે એમ ગાંધી માટે મહાત્મા ગાંધી કે ગાંધીજી શબ્દ જ પ્રયોજાતો રહ્યો છે. (બાય ધ વે પોતાની અદ્ભૂત સૌજન્યશીલતા માટે જાણીતા સંઘ પરિવારમાં જાહેર જીવનના કોઈ પણ મહાનુભાવના નામ સાથે ×જી× શબ્દ અચૂક લગાડવાનો ચાલ છે. જેમકે સાવરકરજી અને આંબેડકરજી.,. એમજ સંઘ પરિવારના લોકો લખે-બોલે છે. તેઓ ગાંધીજી પ્રત્યે આદર અને સૌજન્ય કયો 'જી' લગાડીને વાપરતા હશે?)

આ સંજોગોમાં હું ભારતના રાજકીય અને સામાજિક જીવનના ચાચરચોકમાં ગાંધીએ જ દલિતોનો પ્રશ્ન મૂકી આપ્યો તેમ કહું કે સાવ આરંભમાં જ ગાંધીએ પોતાના કોચરબ આશ્રમમાં અનેકોની ખફગી વહોરીને, આર્થિક સંકટ સહીને એક ×હરિજન કુટુંબ×ને આશ્રમમાં સ્થાન આપ્યું હતું કે ×હરિજન× શબ્દ દ્વારા દલિતોની સામાજિક ઓળખ સ્થાપિત કરી હતી તેમ કહું છું તો ભાગ્યેજ કોઈ દલિતજનનો હોંકારો મળે છે. પૂના કરારની પ્રાથમિક ચૂંટણીની જોગવાઈને હું સંભારું છું કે તે વિશે વિગતે લખું છું તો દલિત અભ્યાસીઓ મૌન ધરે છે. ગોળમેજી પરિષદ અને કોમ્યુનલ એવોર્ડનો એક મહત્ત્વનો પક્ષ એ વખતની અંગ્રેજ સરકાર

હતી. ગાંધી અને આંબેડકરે બ્રિટિશ વડાપ્રધાન રામ્સે મેક્ડોનાલ્ડ પર અલગ મતાધિકારનો નિર્ણય છોડ્યો હતો. જ્યારે બ્રિટિશ સરકારે દલિતોની તરફેણમાં ચુકાદો આપી અલગ મતાધિકારનો સ્વીકાર કર્યો ત્યારે ગાંધી યરવડા જેલમાં આમરણ અનશન કરે અને આંબેડકરને અલગ મતાધિકારની માંગણી જતી કરવા બાધ્ય કરે તો બ્રિટિશ સરકાર આંબેડકરનો પક્ષ લેવાને બદલે સાવ જ ×તટસ્થ× બની જાય અને એ વખતના અને આજના દલિતોને તેમાં અંગ્રેજોનો કશો જ દોષ  ન દેખાય એવું કેમ ? એવો મારો સવાલ નિરુત્તર જ રહે છે. અલગ મતાધિકાર માંગતા દલિતોને જ્યારે હું તેમનામાં વ્યાપ્ત ચૂંટણી વખતનો પેટા જાતિવાદ યાદ કરાવી પૂછું છું કે રાજકીય અનામતોને કારણે દલિતેતર મતોથી દલિતોની બળુકી જાતિઓ સિવાયનું જે દલિત રાજકીય પ્રતિનિધિત્વ આવી શક્યું છે તે અલગ મતાધિકારમાં શક્ય છે ખરું? એવો સવાલ કરું છું તો તે જવાબ આપવાને બદલે મારો સવાલ જ ગુપચાવી જાય છે.

યરવડાના આમરણ અનશની, પૂના કરારના ગાંધી સનાતની હિંદુ હતા, તેમને મન દલિતોને મતાધિકારમાં હિંદુઓથી અળગા કરવા એ હિંદુ ધર્મમાં ભાગલા બરાબર હતું. એ રીતે વિચારતાં ગાંધી જરૂર ટીકાપાત્ર છે. પરંતુ પ્રાથમિક ચૂંટણીની થોડી ખામીયુક્ત જોગવાઈ સાથે એમણે જે રાજકીય અનામતો આપી તે ગાંધીમાં રહેલા શઠ વાણિયાનો ખેલ માત્ર નહોતો. ગાંધી બીજું કંઈ પણ હશે પરંતુ તે સાવ દલિત વિરોધી નહોતા જ નહોતા. પણ ગાંધીવિરોધમાં ગુલતાન લોકોને આ બધી બાબતો શાંત ચિત્તે વિચારવી જ ક્યાં છે. આ વિરોધ કઈ હદનો છે તેનો તાજો અનુભવ ૨૦૧૮ના પૂના કરાર દિને સાબરકાંઠા જિલ્લામાં પૂના કરાર અંગેની એક શિબિરમાં વક્તા તરીકે પધારવાનુ મને  એક દલિત મિત્રએ નિમંત્રણ આપ્યું. મેં તેમને અતિ નમ્રતાથી કહ્યું  કે મને વક્તવ્ય માટે બોલાવવાનો તમારો ઉમળકો હું સ્વીકારું છું. પણ પૂના કરાર અંગે મારા વિચારો પરંપરાગત દલિત મંતવ્ય કરતાં થોડા જુદા છે. એ સ્વીકાર્ય હોય તો મને બોલાવો. એ મિત્રે મને વિચારીને જવાબ આપવાનું કહ્યું ને પછી....

મારા ઘરમાં પહેલા દેવીદેવતાના ઢગલો ફોટા હતા. ધીમેધીમે તે ઉતરતા ગયા અને બાબાસાહેબ અને બુધ્ધના ફોટા આવતા ગયા. ગાંધીજીના ફોટાવાળું કોઈ પોસ્ટર પણ ઘરમાં ન આવી જાય તેની 'બા' કાળજી લેતા. પણ છાપાં-સામયિકો-પુસ્તકો સુધી 'બા'ની પહોંચ નહોતી એટલે ગાંધી વંચાતા રહ્યાં, વખોડાતા રહ્યાં અને થોડા પ્રશંસાતા પણ રહ્યાં. રાજપુરની ચાલીનું ઘર, વસ્તાર વધતા, નાનું પડવા માંડ્યું તો અમે ઘરની થોડી ઉંચાઈ વધારી બેસી કે સૂઈ શકાય તેવું માળિયુ બનાવ્યું. ઘરનું એ માળિયુ બાળકોનો શયનખંડ અને વાચનખંડ હતો. ઘરના મોટા દીકરા તરીકે અમારો ભાણો અતીત તેનો સવિશેષ ઉપયોગ કરતો. માળિયાની દીવાલો પર તેના પ્રિય બ્રુસલી અને જેકી ચાનના ફોટા હતા. કોઈકવાર હું પણ દિવસે લખવા માટે તે માળિયે બેસતો. એમજ એકવાર માળિયે ગયો તો જોયું કે દીવાલ પર ગાંધીના ફોટા હતા !!! આ કૃત્ય મારા ભત્રીજા કુણાલનું હતું. તેણે ન માત્ર ગાંધી સાહિત્ય વસાવ્યું હતું. ગાંધીના ફોટા પણ બ્રુસલી અને જેકી ચાનની જોડાજોડ લગાવ્યા હતા.

'બા' ને ગયે તો જાણે કે વરસો વીતી ગયા છે. મા પણ ઉંમરને કારણે શરીરે અશક્ત અને પરાધીન બની છે. મારી સાથેના સહવાસમાં એને થોડા ગાંધી સમજાતા થયા છે. મિલો બંધ પડી ત્યારે આ જ રાજપુરના દલિત્ર મિલ કામદારોએ ×ગાંધીની વિધવા× એવા અંબર ચરખાના પ્રતાપે દિવસો નહીં વરસો ટૂંકા કર્યા હતા એ માએ નજરે જોયું છે.

એટલે હું ક્યારેક ખાદી પહેરું એ પ્રત્યેનો એનો અણગમો કંઈક ઓછો થયો છે.

(સૌજન્ય જલસો-૧૨, ઓક્ટોબર, ૨૦૧૮
ઈમેઈલ:maheriyachandu@gmail.com)

## ૧૦. ભારત એક સમરસ સમાજઃ કપરા ચઢાણ

**સુદર્શન આયંગાર**

*(ગાંધીવિચારના અભ્યાસુ, ગૂજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલનાયક, લેખક હાલ ધરમપુરમાં રહી સ્થાનિક સંસ્થાઓના કાર્યકરો સાથે કામ કરે છે.)*

ધર્મ, સંપ્રદાય, ફિરકા, પંથ એ સૌની બહુલતા અને તેના લીધે આવતા વૈવિધ્યના લીધે ભારત દેશ અને સમાજ સામાસિક કે સમાવેશી ગણાય છે. પરંતુ આ વિષેના સાંપ્રત ચિંતનમાં ચિંતા ઝળકે છે. ભારતીય સમાજના સંદર્ભે બે અતિ મહત્ત્વના વિઘટનકાર તત્વો છે. એક જ્ઞાતિ અને બીજો ધર્મ. જ્ઞાતિ પરત્વેની જાગૃતિ છેલ્લા દોઢ સૈકાની છે અને આઝાદી પછી એની વિઘટન શક્તિ વધવા પામી છે.

સામાસિક ગણાતી ભારતીય સંસ્કૃતિમાં હિંદુ ધર્મમાં રહેલી જ્ઞાતિ પ્રથા વિષે સદીઓ સુધી વ્યાપક સ્વીકૃતિ રહી. આ પ્રથા એટલી સંક્રમક હતી કે ધર્મ-પરિવર્તન કરી મુસ્લિમ અને ખ્રિસ્તી બનનારા લોકો આ પ્રથા પોતાની સાથે એ ધર્મોમાં પણ આબાદ લઈ ગયા. અને આમ દરેક ધર્મમાં એ આંતરિક બાબત થઈ ગઈ અને સ્વીકૃત પણ બની. સામાજિક સુધાર માટે મથતા નવીન યુગના લોકોમાં ૧૯મી સદીમાં જાગૃતિ આવી અને દલિત સમાજના પ્રશ્નો જાહેરમાં મૂકાયા. જ્યોતિબા ફૂલે અને અન્યોએ આ મુદ્દે અલખ જગાવી અને સંઘર્ષની ભૂમિકા તૈયાર કરી. આ મુદ્દાને રાષ્ટ્રવ્યાપી બનાવવામાં વીસમી સદીમાં બે વ્યક્તિઓ ગાંધીજી અને ડૉ. આંબેડકરની ભૂમિકા મુખ્ય રહી. ગાંધીજીએ આ મુદ્દાને સામાજિક ગણી દલિતોને સમાન દરજ્જો અપાવવા આખી જિંદગી પ્રયત્નો કર્યા. દલિતવર્ગમાં જન્મેલા અને પોતાની મેધાને લીધે કારકિર્દીની મહાન ઊંચાઈઓ સર કરી ડૉ. આંબેડકરે આને રાજનૈતિક મુદ્દો બનાવ્યો. ગાંધીજી અને આંબેડકર વચ્ચે જાહેર જીવનમાં જ સંઘર્ષ થયા અને બેઉ પોતાની રીતને મજબૂતીથી વળગી રહ્યાં. ગાંધીજીએ આ મુદ્દામાં રહેલા રાજનૈતિક તત્ત્વોને ઓળખ્યાં અને અધિકારની રાહે દલિતોને સમાન દરજ્જો મળે તેના માટેના પ્રયાસ પણ કર્યા. પણ એ બહુ જ મક્કમ હતા કે મનુષ્ય મનુષ્ય વચ્ચે દરજ્જાની સમાનતા માનસ-પરિવર્તન થકી વધુ અસરકારક બને છે. સમાન દરજ્જાની સ્વીકૃતિ માનવીય સ્તરે હોવી ઘટે. કાયદો એમાં મદદરૂપ ચોક્કસ થાય. ડૉ. આંબેડકર દલિત સમાજને થયેલા અન્યાયનો બદલો ઈચ્છતા હતા અને એ બદલો રાજ્યના સમર્થનથી લેવાનો એમનો આગ્રહ હતો. અલબત્ત, તેઓ સમજતા હતા કે કાયદો સમાનતાનો હક આપશે પણ હૃદયથી સ્વીકારવામાં મદદરૂપ થશે નહી. ૧૯૩૨-૩૩ના ગાળામાં જ્યારે હિંદીઓની સરકાર રચવાની તક બ્રિટિશરાજમાં આવી ત્યારે સત્તામાં ભાગીદાર થવા માટે દલિતોને જુદા મતમંડળ મળે તે માટે ઝઝૂમ્યા. ગાંધીજી દલિતોને હિંદુ સમાજથી કોઈ રીતે પણ વિખૂટા પાડી દેવા તૈયાર ન હતા. તેઓને માટે આ જીવનમરણનો પ્રશ્ન હતો. તેઓ આમરણાંત ઉપવાસ પર બેઠા. દલિત સમાજ ગાંધીજીના આ પગલાંને આજે પણ દબાણની રાજનીતિ તરીકે જુએ છે અને તેથી તેમનાથી ધૃણા કરે છે. આ કડવાશ નથી જતી અને થોડા થોડા સમયે ફરી ઉપસી આવીને સમરસતાને ડહોળે છે. ઝીણવટપૂર્વક અને સમજપૂર્વક એ સમયમાં થયેલી ચર્ચાઓ, સમાધાનો અને નિર્ણયો ગાંધીજી કાયમી સમાજ વિઘટનની વિરુદ્ધ હોવાનું જણાઈ આવે છે. ગાંધીજી અને ડૉ. આંબેડકરની તે સમયની મુલાકાતોમાં થયેલી ચર્ચા પરથી જણાય છે કે ડૉ. આંબેડકર પણ સમજતા હતા કે કાયદો સમાનતા આપે છે, સ્વીકૃતિ નહી. તે માટે તો જનમાનસ સુધારવાના પ્રયાસો જ કરવા પડે જે ગાંધીજીની ટેક હતી.

આ મુદ્દે આજે પણ સમરસતા આવી નથી. રાજનીતિ ચાલે છે. કાયદાઓ છે પણ એમના અમલમાં ઘણી કચાશ છે. આ તિરાડ હજી તો સંધાતી નથી. ડૉ. આંબેડકરે સૂચવેલું

*કે જ્ઞાતિ પ્રથા અત્યંત વરવા સ્વરૂપે દેશના ગામડાઓમાં છે તેથી તેઓએ દલિતોને શહેરોમાં હિજરત કરી જવાનું સૂચવેલું. પણ પોતે ગાંધીજીને એક વખત મળ્યા ત્યારે જણાવેલું કે સવર્ણ રહે એ વિસ્તારમાં એમને રહેવા ઘર મળતું નહોતું! કાયદા અને રાજનીતિના લીધે ઘડેલી વ્યવસ્થાઓને લીધે દલિત સમાજને અપાતી વિશેષ તક સંદર્ભે નવી કડવાશ ઊભી થઈ છે અને સામાજિક વ્યવહારમાં એની અસર સ્પષ્ટ વર્તાય છે.*

*બુદ્ધિવાદી વર્ગની એક માન્યતા એવી છે કે શિક્ષણ થકી દરેક નવી પેઢી પારંપરિક ધાર્મિક અને સામાજિક જડતા અને માન્યતોઓમાંથી બહાર નીકળે ત્યારે કહેવાતા હિંદુ સમાજ આ મુદ્દે સમરસ બની શકશે. આઝાદીના અમૃત મહોત્સવ ટાણે એ નોંધ લઈએ કે દેશની પ્રજા પૈકી શિક્ષિતોનો એક મોટો સમાજ ઊભો થયો છે, પરંતુ જ્ઞાતિના મુદ્દે સમરસતા કેળવવામાં એ અસરકારક નથી નીવડી. પ્રશ્ન માનસિકતાનો છે. ગાંધીજીની વિદાય પછી મનુષ્ય મનુષ્યની સમાનતામાં માનનારા અને સમાન દરજ્જામાં વિશ્વાસ કરનારા આપણે સૌ વાક્વીરો પાક્યા છીએ. વ્યક્તિ સ્તરે આપણો વ્યવહાર સ્વસ્થ અને યોગ્ય છે. પણ સ્થૂળ અને સૂક્ષ્મસ્વરૂપે થતા ભેદભાવની સામે સામુહિક પ્રયાસો ભાગ્યે જ કરી રહ્યાં છીએ. આમ, આ મુદ્દે ઘણું કામ બાકી છે.*

*ધર્મ અને એમાં પણ વિશેષ રીતે હિંદુમુસલમાનનો મુદ્દો આજે ખૂબ નકારાત્મક સ્વરૂપે દેખા દે છે. આ મુદ્દાની વિસંવાદિતા નવી નથી. હિંદુમુસલમાન લડતા જ રહ્યાં છે, ક્યારેક પરિસ્થિતિ ગંભીર બને છે તો ક્યારેક થાળે પડે છે. કર્મકાંડી ધર્મ અંગેની કટ્ટરતા એના મૂળમાં છે એવી ખરી આલોચના સદીઓથી થાય છે. પંદરમી-સોળમી સદીમાં થઈ ગયેલા સંત કબીર આ કર્મકાંડી કટ્ટરતાને પડકારીને કહે છે.*

*કાંકર પાથર જોરિકે મસ્જિદ લઈ ચુનાય।*
*તા ચઢિ મુલ્લા બાંગ દે ક્યા બહરા ભયા ખુદાય।।*
*પાહન પૂજે હરિ મિલે તો મૈં પૂજૂં પહાર।*
*યાતે ચાકી ભલી જો પીસ ખાય સંસાર।।*

*કબીરયુગમાં કદાચ એમના પ્રતાપે અને બીજા સંતોના પ્રતાપે વિઘટનકારી તત્ત્વોનું જોર ઓછું થયું હશે. પણ સમયાંતરે ધાર્મિક સહિષ્ણુતા ઘટવા પામી છે. આપણે છેલ્લા ૧૫૦ વરસનો સમયનો ખ્યાલ કરીએ તો જણાય છે કે જ્ઞાતિ અને ધર્મ બેઉ મુદ્દે સમરસતામાં ખલેલ પહોંચી છે. એક રંગ, એક ધરમ, એક સંપ્રદાય અને એક જાતિના લોકો જ હોય તો એમાં રંગ, ધરમ, જ્ઞાતિ અને સંપ્રદાયના મુદ્દે વૈમનસ્ય અને સંઘર્ષ ન થાય. એકબીજાની શુદ્ધતા અને સર્વોપરિતાના મુદ્દા ન ઊભા થાય. પરંતુ વૈવિધ્ય હોય ત્યાં સમય સમય પર સંઘર્ષ ઊભા થાય. એના રાજનૈતિક, આર્થિક અને સામાજિક કારણો તો હોય છે, પણ જનમાનસમાં પરિવર્તન પણ એક મુખ્ય કારણ બને છે. એક સમય એવો આવે છે જ્યારે કોઈ એક વિચારધારા બળવત્તર થાય અને જનમાનસ સંકીર્ણ બને છે. ત્યારે સહઅસ્તિત્વ જોખમમાં મૂકાય છે. એક પ્રકારની વિચારધારા બળવત્તર કેમ થાય છે? એની સમજૂતી જવાહરલાલ નેહરુએ આપવાની કોશિશ કરી છે જે તાર્કિક અને વાજબી લાગે છે. હિંદીના ખૂબ જ જાણીતા વીરરસના કવિ રામધારી સિંહ દિનકરે ભારત દેશની સંસ્કૃતિ ઉપર એક બૃહદ ટિપ્પણી લખી છે જેનું શીર્ષક છે 'સંસ્કૃતિ કે ચાર અધ્યાય.' આ પુસ્તકની પ્રસ્તાવના જવાહરલાલ નેહરુએ લખી છે. તેમાં તેઓ લખે છે,*

भारत के इतिहास में हम दो परस्पर विरोधी और प्रतिद्वंद्वी शक्तियों को काम करते देखते हैं एक तो वह शक्ति है जो बाहरी उपकरणों को पचाकर समन्वय और सामंजस्य पैदा करने की कोशिश करती है, और दूसरी वह जो विभाजन को प्रोत्साहित करती है, जो एक बात को दूसरी से अलग करने की प्रवृत्ति को बढाती है। इसी समस्या का एक भिन्न प्रसंग में, हम आज भी मुकाबला कर रहे हैं। आज भी कितनी ही बलिष्ठ शक्तियां है जो केवल राजनैतिक ही नही, सांस्कृतिक एकता के लिये भी प्रयास कर रहीं हैं लेकिन ऐसी ताकतें भी है जो जीवन में विच्छेद डालती है, जो मनुष्य मनुष्य के बीच भेदभाव को बढावा देती हैं।

આ વાંચીને એવું લાગે કે જાણે નેહરુ આજની તાજા ગતિવિધિઓ ઉપર નજર નાખીને કહી રહ્યાં છે! પણ આ વિચાર તેમના ૧૯૫૫માં પ્રકટ કરેલા છે. તેઓ આગળ લખે છે જે આજના સંદર્ભે એટલા જ પ્રસ્તુત છે કે, આજે આ પ્રશ્ન માત્ર સૈદ્ધાંતિક નથી, એનો સંબંધ આપણા જીવનની તમામ પ્રક્રિયા સાથે છે. આઝાદી પછીનો સમય તો આપણે જ મુખ્તાર હતા. આપણી લોકશાહી પાસે તક હતી. બંધારણમાં રાજ્યની ભૂમિકા પણ સ્પષ્ટ હતી. પણ સરકારોએ મતની રાજનીતિ શરૂ કરી. જ્ઞાતિ અને ધર્મ બેઉ મુદ્દે મતની રાજનીતિએ વૈમનસ્યનાં બી નવેસરથી રોપ્યાં. એણે પ્રગટ હિંસાનું સ્વરૂપ લીધું. રાષ્ટ્ર સ્તરે નોંધવાપાત્ર કોમી રમખાણોની સંખ્યાના અંદાજ જુદા જુદા છે, પણ દરેક અભ્યાસ એ સ્વીકારે છે કે ૧૯૬૦ પછીની ગાળામાં એમની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. ૨૯ માર્ચ ૨૦૨૨ના પ્રસિદ્ધ થયેલા અખબારી અહેવાલ (વાયર) અનુસાર ભારત સરકારના ગૃહ મંત્રાલયે પાર્લિયામેંટના બે સદસ્યોએ પૂછેલા જવાબમાં જણાવ્યું હતું કે ૨૦૧૬થી ૨૦૨૦ના ગાળામાં ૩,૩૯૯ કોમી રમખાણો થયા હતા. વર્તમાન સમયમાં કોમી રમખાણની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.

આજે આપણે સ્વીકારવું ઘટે કે હિંદુ અને ઈસ્લામધર્મના કટ્ટરપંથીઓને ખુલ્લી છૂટ મળી ગઈ છે. મુસ્લિમસમાજની શિક્ષણ અંગેની પછાતપણા ને ધર્મપાલનમાં કટ્ટરતાને જ્યારે દોષ દેવામાં આવે છે ત્યારે શિક્ષિત હિંદુ સમાજની વધી રહી કટ્ટરતા માટે કોને દોષ દઈશું? પરંતુ એવા વખતમાં સંવાદી બળોની સમજ અને ભૂમિકા શું હોઈ શકે તે માટે સ્વામી વિવેકાનંદે શું કહ્યું તે જોઈએ.

Much has been said of the common ground of religious unity. I am not going just now to venture my own theory. But if anyone here hopes that this unity will come by the triumph of any one of the religions and the destruction of the other, to him I say, "Brother, yours is an impossible hope." Do I wish that the Christian would become Hindu? God forbid. Do I wish that the Hindu or Buddhist would become Christian? God forbid. The seed is put in the ground, and earth and air and water are placed around it. Does the seed become the earth, or the air, or the water? No. It becomes a plant, it develops after the law of its own growth, assimilates the air, the earth, and the water, converts them into plant substance, and grows into a plant.

રાજ્ય અને સમાજની ભૂમિકા આ માટીમાં પડેલાં બીને યોગ્ય હવા, પાણી આપીને સમરસતાનો છોડ ઉછેરવાની જવાબદારી છે. એક સમાજ સુધારક અને એક ઈમાનદાર રાજકારણી તરીકે ગાંધીજીએ એક દાખલો પૂરો પાડવાનો આજીવન અને અથાક પ્રયાસ કર્યો. હિંસાની જગ્યાએ પ્રેમબળ, ત્યાગ અને સહનશીલતાના દાખલા બેસાડ્યા. સફળતા મળી પણ ખરી, પરંતુ એ ટકાઉ નહોતી. એવા પ્રયાસો આજે જૂજ છે. રાજ્ય અને સમાજ બેઉ આજે તો એવું કરવા અક્ષમ દેખાય છે. આપણા ભારતમાં સમરસ સમાજરચના માટેનાં ચઢાણ કપરાં છે.

**ગાંધીજી ગયા પછીની મથામણ**

ગાંધીજીએ પોતાના જાનની બાજી લગાવીને પણ હિંદુસ્તાનના સમાજને સમરસ બનાવવાની જદ્દોજહદ કરી. ૨૬ જાન્યુઆરી૧૯૫૦માં ભારતે એક ગણરાજ્ય હોવાની ઘોષણા કરી. અને દેશનું બંધારણ અમલમાં આવ્યું. આઝાદ ભારતના ૭૫ વર્ષ થવામાં છે. આપણે સ્વતંત્ર છીએ. વિશ્વના સૌથી મોટા પ્રજાતંત્ર તરીકેની આપણી ઓળખ છે. પરંતુ હજી આપણા ભારતીય સમાજની સમરસતા અને તે કઈ રીતે ડહોળાતી રહી છે તેની ચર્ચા નિમ્ન લખાણોમાં પ્રકટ થાય છે.

(Sudarshan54@gmail.com)

# ૧૧. ગાંધીજી ગયા પછીની મથામણ

**પ્રસ્તાવના - જવાહરલાલ નેહરુ**

---

*મારા મિત્ર અને સાથી દિનકરે પોતાના ગ્રંથ માટે જે વિષય પસંદ કર્યો છે, તે ખૂબ જ મોહક અને રસપ્રદ છે. આ એક એવો વિષય છે જેનાથી ઘણી વાર મારું પોતાનું મન પણ ઓતપ્રોત રહ્યું છે અને મેં જે કંઈ લખ્યું છે તેના પર આ વિષયની છાપ એની મેળે પડી ગઈ છે. અવારનવાર હું મારી જાતને પ્રશ્ન કરું છું, ભારત છે શું? તેનો તત્ત્વ કે સાર શું છે? એ શક્તિઓ કઈ છે જેના થકી ભારતનો નિર્માણ થયો છે અને અતીત અને વર્તમાન વિશ્વ પર પ્રભાવ પાડનારી પ્રમુખ પ્રવૃત્તિયો સાથે તેમના શું સંબંધ છે? આ વિષય અત્યંત વિશાળ છે, અને તેના દાયરામાં ભારતની બહારના તમામ માનવીય વેપાર આવી જાય છે. અને મારો ખ્યાલ છે કે કોઈ એક વ્યક્તિ માટે એ સંભવ નથી કે એ આ વિષય સાથે એકલો જ ન્યાય કરી શકે. છતાં, થોડાક વિશેષ પાસાઓને લઈ તેમને સમજવાની કોશિશ થઈ શકે છે. ઓછામાં ઓછું આપણે આપણા ભારતને સમજવાની કોશિશ કરીએ તે તો સંભવ છે, અલબત્ત, આખા વિશ્વને પોતાની સમક્ષ રાખ્યા વગર ભારત વિશે જે જ્ઞાન આપણે પ્રાપ્ત કરીશું તે અધૂરું હશે.*

*સંસ્કૃતિ છે શું? શબ્દકોષને ઉથલાવીએ તો એની અનેક પરિભાષાઓ મળે છે. એક મોટા લેખકનું કહેવું છે કે, ×દુનિયાભરમાં જે પણ સર્વોત્તમ વાતો જણાઈ અને કહેવાઈ છે તેનાથી જાતનો પરિચય કરાવવો એ સંસ્કૃતિ છે. × એક બીજી પરિભાષામાં કહેવામાં આવ્યું છે કે, ×સંસ્કૃતિ શારીરિક અને માનસિક શક્તિઓનું પ્રશિક્ષણ, દૃઢીકરણ, વિકાસ અથવા તે થકી ઉત્પન્ન થનારી અવસ્થા છે. × આ ×મન, આચાર અથવા રૂચિયોની પરિષ્કૃતિ કે શુદ્ધિ છે. × આ ×સભ્યતાનું અંદરથી પ્રકાશિત થઈ જવા જેવું છે. × આ અર્થમાં સંસ્કૃતિ એ વસ્તુનું નામથઈ જાય છે જે બુનિયાદી અને અંતરાષ્ટ્રીય છે. વળી, સંસ્કૃતિના રાષ્ટ્રીય પાસા પણ હોય છે. અને એમા કોઈ શંકા નથી કે અનેક રાષ્ટ્રોએ પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ અને પોતાની અંદર વિશિષ્ટ પ્રકારના મૌલિક ગુણ વિકસિત કરી લીધા છે.*

*આ નક્શામાં ભારતનું સ્થાન ક્યાં છે? કેટલાક લોકોએ હિંદુ-સંસ્કૃતિ, મુસ્લિમ-સંસ્કૃતિ અને ઈસાઈ-સંસ્કૃતિની ચર્ચા કરી છે. આ નામો મને સમજાતા નથી, અલબત્ત એ સાચું છે કે જાતિયો અને રાષ્ટ્રોની સંસ્કૃતિ પર મોટા-મોટા ધાર્મિક આંદોલનોની અસર થઈ છે. ભારત તરફ જોઉં છું તો મને લાગે છે, જેમ દિનકરે પણ જોર આપીને દર્શાવ્યું છે કે ભારતીય જનતાની સંસ્કૃતિનું રૂપ સામાસિક છે અને તેનો વિકાસ ધીમે ધીમે થયો છે. એક બાજુ આ સંસ્કૃતિના મૂળ મોહનજોદરો આદિની સભ્યતા અને દ્રવિડોની મહાન સભ્યતા સુધી પહોંચે છે. બીજી બાજુ, આ સંસ્કૃતિ પર આર્યોની ઊંડી છાપ છે, જેઓ ભારતમાં મધ્ય એશિયાથી આવ્યા હતા. એની પાછળ જઈએ તો આ સંસ્કૃતિ ઉત્તર-પશ્ચિમથી આવવાવાળા કે પછી સમુદ્રની રાહે પશ્ચિમથી આવનારા લોકો દ્વારા વારંવાર પ્રભાવિત થઈ છે. આ રીતે, આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિએ ધીમે ધીમે વધીને પોતાનો આકાર ગ્રહણ કર્યો છે. આ સંસ્કૃતિમાં સમન્વયન અને નવા ઉપકરણોને પચાવીને આત્મસાત કરવાની અદ્ભુત યોગ્યતા હતી. જ્યાં સુધી આ લક્ષણ અને ગુણ રહ્યાં, આ સંસ્કૃતિ જીવંત અને ગતિશીલ રહી. પણ પાછળથી આ ગતિશીલતા જતી રહી જેના લીધે આ સંસ્કૃતિ જડ થતી ગઈ અને એના એ પાસા નબળાં પડતા ગયા. ભારતના ઈતિહાસમાં આપણે બે પરસ્પર વિરોધી અને પ્રતિદ્વંદ્વી શક્તિઓને કામ કરતા જોઈએ છે. એક તો એ શક્તિ છે જે બાહરી ઉપકરણોને*

પચાવી સમન્વય અને સામંજસ્ય પેદા કરવાની કોશિશ કરે છે, અને બીજી એ કે જે વિભાજનને પ્રોત્સાહન આપે છે, જે એક વાતને બીજાથી જુદા પાડવાની પ્રવૃત્તિ વધારે છે. એ જ સમસ્યાનો આજે જુદા પ્રસંગે અમે આજે પણ સામનો કરી રહ્યાં છીએ. આજે પણ કેટલીએ બલિષ્ઠ શક્તિઓ છે જે માત્ર રાજનૈતિક જ નહીં, સાંસ્કૃતિક એકતા માટે પણ પ્રયાસ કરી રહી છે. પણ એવી તાકતો પણ છે જે જીવનમાં વિચ્છેદ પાડે છે અને મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદભાવને ઉત્તેજન આપે છે.

તેથી, આજે આપણી સામે જે પ્રશ્ન છે તે માત્ર સૈદ્ધાંતિક જ નથી, તેનો સંબંધ આપણા જીવનની સઘળી ક્રિયાઓ સાથે છે અને તેના સરખા નિદાન અને સમાધાન પર જ આપણું ભવિષ્ય આધારિત છે. સામાન્ય રીતે આવી સમસ્યાઓના ઉકેલ માટે નેતૃત્વ આપવાનું કામ મનીષીઓ કરે છે. પણ એ આપણને ખપ નથી લાગ્યા. એ પૈકી કેટલાક તો એવા છે જે આ સમસ્યાના સ્વરૂપને જ સમજતા નથી. બાકી લોકો હાર માનીને બેસી પડ્યા છે. તેઓ નિષ્ફળતા-બોધથી પીડિત અને આત્માના સંકટથી ત્રસ્ત છે. તેઓ એ જાણતા જ નથી કે જીવનનને કઈ દિશામાં વળાંક આપવું બરાબર રહેશે.

ઘણાં મનીષી માર્ક્સવાદ અને તેની શાખાઓ તરફ આકૃષ્ટ થયા અને એમાં કોઈ સંદેહ નથી કે માર્ક્સવાદે ઐતિહાસિક વિકાસનું વિશ્લેષણ ઉપસ્થિત કરી સમસ્યાઓ પર વિચારવા અને સમજવામાં આપણી મદદ કરી. પણ છેવટે તો એ પણ એક સંકીર્ણ મતવાદ બની ગયો અને જીવનના આર્થિક પદ્ધતિ સ્વરૂપમાં તેનો જે અગત્ય હોય પણ આપણા પાયાની શંકાઓના સમાધાન માટે નાકામયાબ ઠરે છે. એવું માનવું તો બરાબર છે કે આર્થિક ઉન્નતિ અને જીવન અને પ્રગતિનો બુનિયાદી આધાર છે, પરંતુ જીવન એટલે પૂરું થઈ જતું નથી. એ આર્થિક વિકાસ કરતા કંઈક ઊંચી વસ્તુ છે. ઇતિહાસમાં આપણે બે સિદ્ધાંતોને કામ કરતાં જોઈએ છીએ. એક તો સાતત્યનો સિદ્ધાંત છે અને બીજો પરિવર્તનનો. આ બેઉ સિદ્ધાંતો પરસ્પર વિરોધી જેવા ભાસે છે પરંતુ એ વિરોધી નથી. સાતત્યની ભીતર પણ પરિવર્તનનો અંશ રહેલો છે. એ જ રીતે પરિવર્તન પણ પોતાનામાં સાતત્યનો અમુક અંશ સેવે છે. અસલમાં આપણું ધ્યાન એવા પરિવર્તનો પર જ જાય છે જે હિંસક ક્રાંતિયો કે ભૂકંપ સ્વરૂપે અચાનક ફાટી નીકળે છે. તો પણ દરેક ભૂગર્ભશાસ્ત્રી જાણે છે કે ધરતીના પટ પર જે મોટા-મોટા પરિવર્તનો થાય છે, એની ગતિ ખૂબ ધીમી હોય છે અને ભૂકંપથી થનારા પરિવર્તન એની સરખામણીમાં ઘણાં તુચ્છ ગણાય છે. એ જ રીતે, ક્રાંતિઓ પણ ધીમે-ધીમે થતાં પરિવર્તનો અને સૂક્ષ્મરૂપાંતરણની ખૂબ લાંબી પ્રક્રિયાનો માત્ર બાહ્ય પુરાવો જ હોય છે. આ દૃષ્ટિએ જોતાં, પરિવર્તન એ પોતે એવી પ્રક્રિયા છે જે પરંપરાના આવરણમાં સતત ચાલ્યા કરતી હોય છે. બાહરથી અચલ દેખાનારી પરંપરા પણ, જો જડતા અને મૃત્યુનો પૂરો શિકાર ન બની ગઈ હોય, તો ધીમે-ધીમે એ પણ પરિવર્તિત થઈ જાય છે.

ઇતિહાસમાં ક્યારેક એવો સમય પણ આવે છે જ્યારે પરિવર્તનની પ્રક્રિયા અને તેની તેજી કંઈક વધુ પ્રત્યક્ષ બની જાય છે. પણ, સાધારણ રીતે બહારથી તેની ગતિ દેખાતી નથી. પરિવર્તનનો બાહ્ય સ્વરૂપ સામાન્ય રીતે નિઃસ્પંદ જ લાગે છે. જાતિયો જ્યારે ગતિહીન બને છે ત્યારે એની શક્તિઓ દિવસે-દિવસે ઘસાતી જાય છે. તેની નબળાઈઓ વધે છે. પરિણામે એમની રચનાત્મક કલાઓ અને પ્રવૃત્તિઓનો ક્ષય થઈ જાય છે. અને મોટે ભાગે તે રાજનૈતિક રીતે પણ ગુલામ થઈ જાય છે.

સંભાવના એ છે કે ભારતમાં સંસ્કૃતિના સૌના પ્રબળ ઉપકરણો આર્યો અને આર્યોની પહેલાના ભારતવાસીઓ, ખાસ કરીને, દ્રવિડોના મિલનથી ઉત્પન્ન થયા. આ મિલન, મિશ્રણ કે સમન્વય થકી એક બહુજ મોટી સંસ્કૃતિ ઉત્પન્ન થઈ, જેનું પ્રતિનિધિત્વ આપણી પ્રાચીન ભાષા સંસ્કૃત કરે

છે. સંસ્કૃત અને પ્રાચીન પહલવી, આ બન્ને ભાષાઓ એક જ માતા થકી એશિયામાં જન્મી હતી, પણ ભારતમાં આવીને સંસ્કૃત જ અહીંની રાષ્ટ્રભાષા બની ગઈ. અહીં સંસ્કૃતના વિકાસમાં ઉત્તર અને દક્ષિણ બેઉએ યોગદાન આપ્યું છે. હકીકત તો એ છે કે આગળ જતા સંસ્કૃતના ઉત્થાનમાં દક્ષિણવાળાઓનું અંશદાન પ્રમુખ રહ્યું. સંસ્કૃત આપણી જનતાના વિચાર અને ધર્મની નિશાની જ નહીં બની પરંતુ ભારતની સાંસ્કૃતિક એકતા પણ એમાંજ સાકાર થઈ. બુદ્ધના સમયથી લઈ આજ સુધી સંસ્કૃત અહીં જનતાની બોલાતી ભાષા ક્યારેય નથી રહી, તો પણ, આખા ભારતવર્ષ પર તે પોતાનો પ્રચૂર પ્રભાવ પાડતી આવી છે. કેટલાક બીજા પ્રભાવો પણ ભારત પહોંચ્યા અને તે થકી પણ વિચારો અને અભિવ્યક્તિઓને નવી દિશાઓ મળી.

ખૂબ લાંબા ઈતિહાસમાં ભારતને જે રૂપ આપ્યો તેના લીધે એ એક એવો દેશ બની ગયો જેના બારણા બહારની બાજુએ બંધ હતા. સમુદ્ર અને મહાશૈલ હિમાલયથી ઘેરાયેલો હોવાથી, બહારથી કોઈને માટે દેશમાં પ્રવેશવાનું સહેલું ન હતું. અનેક સહસ્રાબ્દીઓના ગાળામાં બહારથી ધાડાના ધાડા ભારતમાં આવ્યા, પરંતુ આર્યોના આવ્યા બાદ ફરી એવું ક્યારેય ન થયું કે બહારના લોકો મસમોટી સંખ્યામાં આવ્યા હોય. એનાથી ઠીક વિપરીત, એશિયા અને યુરોપની આરપાર માણસોનું આગમન અને નિષ્ક્રમણ થતાં રહ્યાં. એક જાતિ બીજી જાતિને હાંકી કાઢી પોતે વસવાટ કરે, અને આમ વસતીના વણાટમાં ફેરફાર થતો રહ્યો. ભારતમાં, આર્યોના આગમન પછી, બહારી લોકોના આગમનનો ક્ષેત્ર ખૂબ જ સીમિત રહ્યો. એનો થોડો-ઘણો પ્રભાવ તો પડ્યો પણ તેથી અહીંની વસતીના સ્વરૂપમાં ઝાઝો ફેરફાર થયો નહીં. તેમ છતાં એવા થોડાક ફેરફાર થયા હતા. સીરિયન અને હૂણ લોકો અને ત્યાર બાદ ભારતમાં આવનારી એવી કેટલીક જાતિના લોકો અહીં આવીને રાજપૂતોની શાખાઓમાં સામેલ થઈ ગયા અને એવો દાવો કરવા લાગ્યા કે અમે પણ પ્રાચીન ભારતવાસીઓના સંતાન છીએ. બહુ સમય સુધી દુનિયાથી છૂટા રહેવાને લીધે ભારતનો સ્વભાવ અન્ય દેશો કરતા ભિન્ન થઈ ગયો. આપણે એવી જાતિ બની ગયા જે પોતાનામાં જ ઘેરાયેલી રહે છે. આપણામાં એવા રિવાજોનું ચલણ થઈ ગયું જે બહારના લોકો નથી જાણતા કે નથી સમજી શકતા. જાતિપ્રથાના અસંખ્ય રૂપ આ વિચિત્ર સ્વભાવના નમૂના છે. બીજા કોઈ પણ દેશના લોકો જાણતા નથી કે અસ્પૃશ્યતા શું છે અને બીજાઓ સાથે રોટી-બેટીના વ્યવહાર રાખવામાં કોઈને શું વાંધો પડવો જોઈએ. આ સ્વભાવના લીધે આપણી દૃષ્ટિ સંકુચિત થઈ જવા પામી છે. આજે પણ ભારતવાસીઓને બીજા લોકો સાથે મોકળાશથી હળવા-મળવામાં મુશ્કેલી થાય છે. એટલું જ નહીં, જ્યારે ભારતીઓ વિદેશ જાય છે ત્યારે એક જાતિવાળા બીજી જાતિવાળાથી જુદા રહેવા ઈચ્છે છે. આપણામાંના ઘણા બધાં આ બાબતોને સ્વયંસિદ્ધ માને છે અને આપણે એ ખ્યાલ જ નથી આવતો કે આ બાબતો અંગે બીજા દેશના લોકોને કેટલો આશ્ચર્ય થાય છે, એમની ભાવનાઓને ઠેસ વાગે છે.

ભારતમાં બેઉ બાબતો એક સાથે વિકસી. એક બાજુ તો વિચારો અને સિદ્ધાંતોમાં આપણે વધુ-ને-વધુ ઉદાર અને સહિષ્ણુ હોવાનો દાવો કર્યો. બીજી બાજુ, આપણા સામાજિક વ્યવહારો અત્યંત સંકીર્ણ થતા ગયા. આ ફાટેલું વ્યક્તિત્વ, સિદ્ધાંત અને આચરણમાં આ વિરોધ આજ સુધી આપણી સાથે છે અને આજે પણ આપણે એની વિરુદ્ધ લડી રહ્યા છીએ. કેટલી વિચિત્ર વાત છે કે આપણે પોતાની દૃષ્ટિની આ સંકીર્ણતા, ટેવો અને રિવાજોની નબળાઈઓને આપણે એમ કહીને નજરઅંદાજ કરી દેવા માગીએ છીએ કે આપણા પૂર્વજો બહુ જ મોટા માણસો હતા અને એમના ઊંચા વિચારો અમને વારસામાં મળ્યા છે. પરંતુ, પૂર્વજોથી મળેલા જ્ઞાન અને આપણા આચરણમાં ભારે વિરોધ છે અને જ્યાં સુધી આપણે આ વિરોધની સ્થિતિને દૂર નથી કરતા, આપણું વ્યક્તિત્વ ફાટેલું જ રહેશે.

જે દિવસોમાં જીવન અપેક્ષાકૃત વધુ મર્યાદિત હતું, તે દિવસોમાં સિદ્ધાંત અને આચરણનો આ વિરોધ આટલો ઉગ્ર દેખાતો ન હતો. પણ, જેમ-જેમ રાજનૈતિક અને આર્થિક પરિવર્તનોની ગતિ વધતી ગઈ, આ વિરોધની ઉગ્રતા પણ વધુ અને વધુ પ્રત્યક્ષ થતી આવી છે. આજે તો આપણે આણ્વિક યુગના બારણે ઊભા છીએ. આ યુગની પરિસ્થિતિઓ એટલી પ્રબળ છે કે આપણે આ આંતરિક વિરોધનું શમન કરવું જ પડશે. અને આ કામમાં આપણે જો નિષ્ફળ થઈ જઈએ તો એ નિષ્ફળતા આખાય રાષ્ટ્રની પરાજય થશે અને આપણે એ તમામ સારપ પણ ખોઈ બેસીશું જેની પર આજ સુધી આપણે અભિમાન કરતા આવ્યા છીએ.

જેમ આપણે મોટી-મોટી રાજનૈતિક અને આર્થિક પ્રશ્નોનો સામનો કરી રહ્યાં છીએ તે રીતે જ આપણે ભારતના આ આધ્યાત્મિક સંકટનો સામનો પણ કરવો જોઈએ. ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિ ઝડપથી આવી રહી છે અને આપણે વિવિધ રીતે બદલાતા જઈ રહ્યાં છીએ. રાજનૈતિક અને આર્થિક પરિવર્તનનું એક અનિવાર્ય પરિણામ છે કે તેનાથી સામાજિક પરિવર્તન ઉત્પન્ન થાય છે; અન્યથા સમન્વય ન તો આપણા વૈયક્તિક જીવનમાં રહી શકશે, નહી રાષ્ટ્રીય જીવનમાં. એમ ન થઈ શકે કે કે રાજનૈતિક પરિવર્તન અને ઔદ્યોગિક પ્રગતિ તો થાય, પણ આપણે એમ માનીને બેસી જઈએ કે સામાજિક ક્ષેત્રમાં કોઈ પરિવર્તન લાવવાની જરૂર નથી. રાજનૈતિક અને આર્થિક પરિવર્તનોને અનુરૂપ સમાજનું પરિવર્તન નહીં કરવાથી આપણા પર જે ભાર પડશે એ આપણે સહન નહી કરી શકીએ, તેના તળે આપણે ભાંગી પડીશું.

ઈશુના જન્મ પછી પહેલી સહસ્રાબ્દી અને તેની પહેલા ભારતનું જે ચિત્ર આપણી સમક્ષ આવે છે તે એ ચિત્રથી ભિન્ન છે જે ત્યાર બાદ મળે છે. તે દિવસોના ભારતવાસી એક્દમ મસ્ત, જીવંત, ખૂબ સાહસી અને જીવન પ્રત્યે અદ્ભુત ઉત્સાહસભર હતા અને પોતાના સંદેશ તેઓ વિદેશોમાં દૂર-દૂર સુધી લઈ જઈ શકતા હતા. વિચારોના ક્ષેત્રમાં તો એમણે ઊંચામાં ઊંચા શિખરો પર પગ મૂક્યાં અને આકાશને ચીરી નાખ્યાં. તેઓએ અત્યંત ગૌરવયુક્ત ભાષાની રચના કરી અને કલાના ક્ષેત્રે તેમણે અત્યંત ઉચ્ચ કોટિની સર્જનાત્મક પ્રતિભાનો પરિચય આપ્યો. એ દિવસોમાં ભારતીય જીવન ઘેરાઓમાં બંધ ન હતો, તત્કાલીન સમાજમાં કોઈ જડતા કે ગતિહીનતાની કોઈ વાત ન હતી. એ સમય એક ખૂણેથી બીજે ખૂણે સાંસ્કૃતિક ઉત્સાહના મોજાં પણ ફરી રહ્યા હતા. એ જ સમયે, દક્ષિણ ભારતના લોકો દક્ષિણ-પૂર્વ તરફ ગયા અને ત્યાં એમણે પોતાની વસ્તીઓ વસાવી. દક્ષિણથી જ બૌદ્ધમતનો સંદેશ લઈ બોધિ-ધર્મ ચીન પહોંચ્યો. આ સાહસિક જીવનની અભિવ્યક્તિમાં ઉત્તર અને દક્ષિણ, બેઉ એક હતા અને તેઓ અરસપરસ એક બીજાનું પોષણ પણ કરતા હતા.

ત્યાર પછીની શતાબ્દિયોંનો સમય આવે છે જ્યારે પતનની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. ભાષામાં કૃત્રિમતા અને સ્થાપત્યમાં સજાવટની પ્રચૂરતા એ પતનના પ્રમાણ છે. અહીં આવીને આપણા વિચારો જૂના વિચારોની આવૃત્તિ બની જાય છે અને ક્રિયાત્મક શક્તિ દિવસે-દિવસે ક્ષીણ થતી જાય છે. શરીર અને મન બેઉની સાહસિકતાનો આપણને ભય લાગવા માંડે છે અને જાતિ-પ્રથાનો હજી વિકાસ થાય છે અને સમાજના બારણાં ચારે તરફથી બંધ થઈ જાય છે. પહેલાની માફક વાતો તો આપણે મોટી મોટી જ કરીએ છીએ, પણ આપણું આચરણ આપણા વિશ્વાસથી ભિન્ન થઈ જાય છે.

આપણા આચરણની સરખામણીમાં આપણા વિચારો અને ઉદ્ગાર એટલા ઊંચા છે કે એને જોઈને આશ્ચર્ય થાય છે. વાતો તો આપણે શાંતિ અને અહિંસાની કરીએ છીએ, પણ આપણા કામ કંઈ ઓર જ હોય છે. સિદ્ધાંત તો આપણે સહિષ્ણુતાનો જણાવીએ છીએ, પણ આપણો ભાવ તો એવો

હોય છે કે બધાં એવું જ વિચારે જેવું આપણે વિચારીએ છીએ અને જો કોઈ ભિન્ન પ્રકારે વિચારે તો તે આપણે સહન કરી શકતા નથી. ઘોષણા તો આપણી એ છે કે સ્થિતપ્રજ્ઞ બનવું એટલે કર્મો પ્રત્યે અનાસક્ત રહેવું આપણો આદર્શ છે, પણ આપણા કામો બહુ નીચલા સ્તરોએ ચાલે છે અને વધતી જતી અનુશાસનહીનતા આપણને વૈયક્તિક અને સામાજિક બેઉ ક્ષેત્રોમાં તળીએ જ લઈ જાય છે.

જ્યારે પશ્ચિમના લોકો દરિયાપારથી અહીં આવ્યા ત્યારે ભારતના દરવાજા એક ખાસ દિશામાં ઉઘડી ગયા. આધુનિક ઔદ્યોગિક સભ્યતા વગર કોઈ ઘોંઘાટ કરે ધીમે-ધીમે આ દેશમાં પ્રવિષ્ટ થઈ ગઈ. નવા ભાવ અને નવા વિચારોએ આપણા પર હુમલો કર્યો અને આપણા બુદ્ધિજીવીઓ અંગ્રેજ બુદ્ધિજીવીઓની માફક વિચારવાનો અભ્યાસ કરવા લાગ્યા. આ માનસિક આંદોલન, બહારની તરફ વાતાયન ખોલવાનો ભાવ, પોતાની ઢબે સારો રહ્યો કેમકે આપણે આધુનિક જગતને થોડું થોડું સમજવા લાગ્યા. પણ એમાંથી એક દોષ પણ નીપજ્યું, આપણા આ બુદ્ધિજીવીઓ જનતાથી વિછિન્ન થઈ ગયા કારણ કે જનતા વિચારોની આ નવી લહેરના પ્રભાવમાં ન હતી. પરંપરાથી ભારતમાં ચિંતનની જે પદ્ધતિ ચાલી આવી રહી હતી, એ ટૂટી ગઈ. તો પણ, કેટલાક લોકો તેનાથી એવા ચોંટેલા રહ્યાં જેમાં ન તો પ્રગતિ હતી કે ન હતી રચનાની કોઈ નવી વિચારણા અને એ પૂર્ણ રૂપે નવી પરિસ્થિતિઓથી અસંબદ્ધ હતી.

પાશ્ચાત્ય વિચારોથી ભારતનો જે વિશ્વાસ જાગ્યો હતો હવે તો એ પણ હલી રહ્યું છે. પરિણામે આપણી પાસે ન તો જૂના આદર્શ છે કે ન તો નવીન, અને આપણે વગર એ જાણે વહી રહ્યાં છીએ કે આપણે કયાં કે કઈ તરફ જઈ રહ્યાં છીએ. નવી પેઢી પાસે ન કોઈ માપદંડ છે અને નથી કોઈ બીજી એવી વસ્તુ, જેથી એ પોતાના ચિંતન કે કર્મને નિયંત્રિત કરી શકે.

આ જોખમની સ્થિતિ છે. જો આનો અવરોધ કે સુધાર ન થયો તો આનાથી વધુ ભયાનક પરિણામો આવી શકે છે. આપણે આર્થિક, રાજનૈતિક અને સામાજિક ક્ષેત્રોમાં સંક્રાંતિની અવસ્થાથી પસાર થઈ રહ્યા છીએ. સંભવ છે કે આ એ જ સ્થિતિનું અનિવાર્ય પરિણામ હોય. પણ, આણ્વિક યુગમાં કોઈ દેશને પોતાના સુધાર માટે બહુ તકો મળશે નહીં. અને આ યુગની તક ચૂકી જવાનો અર્થ સર્વનાશ પણ હોઈ શકે.

એવું સંભવ છે કે સંસારમાં જે મોટી-મોટી તાકતો કામ કરી રહી છે, તેમને આપણે પૂરેપૂરી સમજી ન શકીએ, પણ આટલું તો આપણે સમજી લેવું જોઈએ કે ભારત શું છે અને કઈ રીતે આ રાષ્ટ્રે પોતાની સામાસિક વ્યક્તિત્વનો વિકાસ કર્યો છે; એના વ્યક્તિત્વના વિભિન્ન પાસાઓ કયા છે અને એની સુદૃઢ એકતા ક્યાં છુપાયેલી છે. ભારતમાં રહેતી કોઈ પણ જાતિ એવો દાવો ન કરી શકે કે ભારતના સમસ્ત મન અને વિચારો પર એનો જ એકાધિકાર છે. ભારત આજે જે કંઈ છે એની રચનામાં જનતાના પ્રત્યેક ભાગનો ફાળો છે. જો પાયાની આ વાતને ન સમજીએ તો આપણા ભાવ, વિચાર અને કામ, બધાં અધૂરા રહી જવાના અને આપણે દેશની એવી કોઈ સેવા નહીં કરી શકીએ જે ઠોસ અને પ્રભાવપૂર્ણ હોય.

મારો વિચાર છે કે દિનકરનું આ પુસ્તક આ બાબતો ને સમજવામાં, એક હદ સુધી, મદદરૂપ થશે. તેથી, હું એની સરાહના કરું છું અને આશા રાખું છું કે આને વાંચીને ઘણા લોકો લાભાન્વિત થશે.

(રામધારીસિંહ દિનકર રચિત અને લોકભારતી પ્રકાશન, ઈલાહાબાદ દ્વારા પ્રકાશિત પુસ્તક ×સંસ્કૃતિ કે ચાર અધ્યાય× ની ૨૦૧૯ની આવૃત્તિમાંથી જવાહરલાલ નેહરુની લખેલી પ્રસ્તાવના. અનુવાદક, સુદર્શન આયંગાર)

## ૧૨. કોમી એકતા

**જયેશકુમાર ર. શુક્લ**

*હિંદુ-મુસ્લિમ કોમ એક હજાર વર્ષ સમયથી ભારત દેશમાં એક સાથ રહે છે; અને તેઓએ ભારતીય સંસ્કૃતિ નામની સમન્વયકારી સંસ્કૃતિને જન્મ આપ્યો છે. કબીર, નાનક ચૈતન્ય અને તુકારામ જેવા અનેક સંતપુરૂષો આ બે ધર્મોના સંસર્ગમાંથી નીપજેલા નવસર્જનના સામર્થ્યને પુરાવો આપે છે.*

*મહાત્મા ગાંધીજી હિન્દુ-મુસ્લિમ એકતા ખાતર જીવ્યા અને પોતાના પ્રાણની આહુતિ પણ તે જ કાર્યની સિદ્ધિ અર્થે આપી ગયા. ઉભય કોમોમાં તેમના અનનુયાયીઓ આજે પણ અજીવંત છે. મહાત્માજીની અસર આ દેશ અને દુનિયા પરથી ભૂંસાઈ નથી અને ભૂંસાવાની નથી. પરંતુ જેમ ક્રોધ માણસને ભાન ભુલાવે છે અને અયોગ્ય કામ કરાવે છે તેવી જ રીતે વખતોવખત ધાર્મિક ઝનૂનને કારણે રમખાણો થાય છે.*

*અમદાવાદમાં તા. ૧૮-૯-'૬૯થી શરૂ થયેલા રમખાણો આટલુ ભયંકર અને હિંસક સ્વરૂપ પકડશે તેનો સ્વપને પણ કોઈને ખ્યાલ નહિ હોય. માનવી જાણે માનવ મટી ગયો અને પોતે શું કરે છે તેનું ભાન ભૂલ્યો. આપણી કેળવણી એળે ગઈ. આપણા સંતોએ સેંકડો વર્ષો સુધી દીધેલો બોધ ભૂલાઈ ગયો.*

*આવે વખતે ઈતિહાસનો અભ્યાસ માનવજાતને સુંદર શીખ આપી શકે તેમ છે. યુરોપમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટૅટ સંપ્રદાયના અનુયાયીઓ એક્બીજાના કટ્ટર વિરોધીઓ હતા. સમય જતાં તેઓ બધા સમજ્યા, બિનસાંપ્રદાયિક સમાજમાં માનતા થયા અને ઘણા વર્ષોથી સંપથી રહી શકે છે. ભારત એક બિનસાંપ્રદાયિક રાજ્ય છે. સર્વધર્મના માણસો નાગરિકો તરીકે સમાન અધિકારો ભોગવે છે. સેંકડો વર્ષોથી આ દેશના એક એક ગામ અને શહેરમાં વસતી આ મુખ્ય બે કોમ શા માટે ધાર્મિક ઝનૂન અને ખોટી ઉશ્કેરણીનો ભોગ બનતી હશે?*

*બંને ધર્મના ભાઈ-બહેનો સાથે રહે છે. સાથે નોકરી-ધંધો કરે છે, સાથે ભણે છે, કેટલાક રિવાજો અને માન્યતાઓ પણ એક સમાન છે. આપણે સંપથી રહેવું જ પડશે. આપણે ધર્મને અંગત બાબત ગણીને આપણા સમાજની પુનઃરચના કરવી જ પડશે.*

*આ દેશના નાગરિક ગમે તે ધર્મ પાળતા હોય, તેમને આ દેશમાં રહેવાનો અને સલામતી પાળવાનો પૂરો અધિકાર છે, શરત એટલી જ છે કે તેણે આ દેશને - આ રાષ્ટ્રને વફાદાર રહેવું જોઈએ. દેશની વફાદારી વિરુદ્ધનું કોઈ પણ કાર્ય અક્ષમ્ય લેખાવું જોઈએ. જ્યાં સુધી આ દેશનો એક એક નાગરિક આ બાબત નહીં સ્વીકારે ત્યાં સુધી સાચી એકતા નહિ સ્થપાય.*

*(અમદાવાદ)*

*(સૌજન્ય નિરીક્ષક ઓક્ટોબર ૫, ૧૯૬૯ અંકઃ ૭-૮)*

***શાંતિમંત્ર***

*મધર ટેરેસા શાંતિનોબેલ પારિતોષિક સ્વીકારી બહાર આવ્યા ત્યારે એક માણસે મધર ટેરેસાને પૂછ્યુંઃ*
*'વિશ્વશાંતિ માટે અમે શું કરી શકીએ ?'*
*મધર ટેરેસાનો જવાબ હતો :*
*'ભાઈ, ઘરે જાઓ અને તમારા પરિવારને પ્રેમ કરો.'*

## ૧૩. કોમી વિદ્વેષનું તાંડવ

**યશવંત શુક્લ**

---

*બ્રિટિશ શાસનકાળ દરમિયાન શાસકોના આંખ મિચામણાંથી ઉત્તેજીત થયેલાં બે મોટાં કોમી હુલ્લડોનો અનુભવ કરેલો હોવા છતાં ગુજરાતનું પાટનગર એકંદરે સ્વભાવથી સુમેળ પ્રિય હોવાની પ્રતિષ્ઠા ધરાવે છે, અને કોમી એખલાસ વહેવાર જીવનના અનેક તંતુઓથી અહીં સંધાયેલો રહ્યો છે. તેમ છતાં ચૂંટણીના રાજકારણે બહુમતિ-લઘુમતીનો એક ભ્રામક સંબંધ પોષીને ન તો લઘુમતિને વિકસવા દીધી અને ન તો તેમને નાગરિક જીવનના સામાન્ય પ્રવાહમાં ભળી જવાની ભૂમિકા કરી આપી હતી. લઘુમતિને કેવળ મતદાર રૂપે નિહાળીને તેમના અલાયદા અસ્તિત્વની ત્રેવડ કરી આપનારૂં રાજકારણ સારાય ભારતની વિશેષતા છે અને કદાચ ભાવાત્મક ઐક્યની સિદ્ધિમાં એ મોટામાં મોટી રૂકાવટ છે. આને લીધે બ્રિટિશ વર્ચસ્વના કાળમાં જો ભેદમૂલક રાજકારણથી તો સ્વતંત્રતાના સંદર્ભમાં ચૂંટણીના પ્રપંચકારણથી લઘુમતીઓનો બહુમતિ સાથેનો સંબંધ અવાસ્તવિક અને કૃત્રિમ રહ્યો છે. આમાં જન્મેલા ઉકળાટે લોકશાસનના મૂલ્યોને અને રાષ્ટ્રીય અખંડત્વને બાંડી આંખે જોનારા તત્ત્વતઃ કોમીવાદી પણ બહિરંગમાં રાષ્ટ્રવાદી એવા પક્ષોનું જોર દિનપ્રતિદિન વધતું રહ્યું છે.*

*આ પરિપ્રેક્ષ્યમાં મૂકીને જોઈશું તો અમદાવાદમાં જે ભયંકર દુર્ઘટના બની અને ગુજરાતમાં આણંદ, વડોદરા, નડિયાદ, પાલણપુર, જૂનાગઢ, ગોંડળ, અમરેલી આદિ અનેક સ્થળોએ એના છાંટા ઉડ્યા તેની પાછળ કુરાન કે રામાયણના અપમાનવાળા પ્રસંગો અથવા ગાય ઉપરના હુમલાની કે જગદીશ મંદિર ઉપરના હુમલાનો પ્રસંગ કેવળ નિમિત્તરૂપ છે એમ સમજાઇ રહેશે. ધૂંધવાટનું મૂળ કારણ અન્યત્ર પડેલું છે.*

*આગલા સર્વ રમખાણોને ભુલાવી દે એવડો મોટો હિંસક ઉત્પાત કોઈક પ્રકારના આયોજન વિના શક્ય નથી, ગાંધી જન્મશતાબ્દીની ઉજવણીનો મહાપ્રસંગ સમીપ આવી રહ્યો હતો ત્યારે અને સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફ્ફાર ખાનની પધરામણીની અમદાવાદમાં રાહ જોવાતી હતી ત્યારે કોમી વિદ્વેષનો દાવાનળ ભભૂકી ઊઠે એમાં સમયનું તત્વ જાળવનારી ખૂબીઓનું દર્શન થયા વિના રહેતું નથી. આ દૃષ્ટિએ જોતાં ગુજરાતનું રાજતંત્ર ઊંઘતું ઝલાયું અને કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેની મુખ્ય જવાબદારી છે એવું પોલીસતંત્ર નિષ્ફળ નીવડ્યું એવી જે છાપ ઊઠી છે તે સામા પુરાવાઓને અભાવે એકદમ ભૂંસાય એવી નથી. દેશમાંના કોમી અને રાજકીય પરિબળોની હલચલ તેમજ વિદેશી અને વિદ્વેષી પાડોશીઓના દોરીસંચાર ઉપર રાજની ચાંપતી નજર હોત અને બનાવ બને કે તરત જ સખ્ત હાથે તેને દાબી દઈને પરિસ્થિતિ ઉપરનો કબજો કાયમ રાખવાની નિશ્ચયાત્મકતા રાજ્યે દાખવી હોત તો આ હોનારત કદાચ નિવારી શકાઈ હોત. ઓછામાં ઓછું ગાંધી જન્મશતાબ્દીની ઉજવણી પ્રસંગે રક્તછંટાવ થયો ન હોત. પાછળથી જે નિશ્ચયાત્મકતા રાજતંત્રે દાખવી અને ભેદભાવ વિના રાહતનાં કાર્યો નિષ્ઠા અને કુશળતાથી યોજ્યાં તેણે બગડેલી પરિસ્થિતિ સુધારવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે.*

*ધર્મનિરપેક્ષ રાજ્યમાં ધાર્મિક લઘુમતીઓને બિલકુલ અવકાશ ન રહે તો જ રાષ્ટ્રીય અખંડત્વ સિદ્ધ થઈ શકે એવો દેશનો સંદર્ભ છે. સમસ્ત રાષ્ટ્રને નિરપવાદ રીતે આવરી લેતા રાષ્ટ્રીય કાયદાની આજે સવિશેષ જરૂર છે. એ જ રીતે ઉત્તમશિક્ષણ પ્રણાલીઓ અને ઉત્તમશિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરીને વિચારવંત બનેલી પ્રજાને સાચા બૌદ્ધિકોનું નેતૃત્વ સાંપડે એવો પ્રબંધ પણ સમાજ અને રાજ્યે કરવો ઘટે છે. તેની સાથે સામાજિક અને આર્થિક ન્યાયનું વિશાળ રાષ્ટ્રવ્યાપી ધ્યેય પ્રજાની સમક્ષ ધરીને એ માટેનું કાર્ય ચાલી રહ્યું છે એવી પ્રજાને પ્રતીતિ કરાવવી ઘટે છે. વિદેશો પ્રત્યેની*

નિષ્ઠાવાળી ધાર્મિક લઘુમતીઓ દેશને માટે આફતરૂપ છે, એટલું જ નહીં, ધર્મને નામે લઘુમતિના ફાસીવાદને એ આહ્વાન પણ છે. એટલે લોકશાસનનું સંગોપન કરવા માગતી સમાજવ્યવસ્થાઓએ કોમવાદ નામશેષ બને એવો શૈક્ષણિક સાંસ્કૃતિક અને આર્થિક કાર્યક્રમ પોતામાંથી ઊભો કરી રાષ્ટ્રશક્તિની બરબાદી નોતરનારી અને તરુણોમાં આવેગ અને ક્રુરતાનું સિંચન કરનારી હોનારતો ટાળવી જોઈએ. લઘુમતિ અને લઘુમતીઓનું સહઅસ્તિત્વ અનિવાર્ય છે. કરોડોની બનેલી લઘુમતીઓનો નિકાલ દુનિયામાં કોઈ કરી શક્યું નથી. એટલે લોકશાસનની ભૂમિકાએ સામાજિક ન્યાય અને સુસંસ્કારો દ્વારા પોષાતી વૈચારિક સહિષ્ણુતાને ઉત્તેજન આપવા બુદ્ધિશાળીઓએ સક્રિય બનવું જોઈએ, જેથી અમદાવાદમાં જે બન્યું તેનું અન્યત્ર પુનરાવર્તન ન થાય.

(સૌજન્ય નિરીક્ષક ઓક્ટોબર ૫, ૧૯૬૯)

**કવિની સાધના**

રવીન્દ્રનાથ ટાગોર શાંતિનિકેતનમાં રહી સર્જનાત્મક અને રચનાત્મક કાર્યો
કરતા હતા, 'ગીતાંજલિ'ને નોબેલ પારિતોષિક
મળતાં કવિની કીર્તિ વૈશ્વિક પ્રસરેલી.
એક દિવસ શાંતિનિકેતન જોવા માટે જર્મનીથી
એક સ્કોલર આવે છે. બપોરનો સમય હતો,
શાંતિનિકેતનમાં બધા લોકો બપોરનો આરામ કરતા હતા ત્યારે
ગુરુદેવ પોતાના કાર્યોમાં નિમગ્ન હતા આ જોઈ
જર્મન વિદ્વાને રવીન્દ્રનાથ ટાગોરને પૂછ્યું:
'અહીં બધાં લોકો બપોરની વામકુક્ષી- ઊંઘ લે છે,
તમે કેમ થોડીવાર માટે આરામ નથી કરતા ?'
સાંભળી
રવીન્દ્રનાથે સ્મિતમય જવાબ આપ્યો:
'તેઓ નિરાંતે ઊંઘે છે કેમ કે તેમની પાસે જાગવા માટે
ઘણો સમય બચેલો છે. જ્યારે મારી પાસે સમયની ખેંચ છે,
મારી પાસે અધિક સમય નથી માટે હું બપોરે
આરામ કરવાને બદલે કાર્યરત રહું છું. '

**ચાબખો**

એક ઝેન ફકીરના મૃત્યુ બાદની લાંબી સ્મશાનયાત્રા
જોઈને ઝેન સાધક ચાઉ-ચુ એક સાધકને કહે છે કે:
'એક જીવંત માનવી ખાતર કેટલા બધા
મૃતદેહોની લાંબી કતાર થઈ છે.'

## ૧૪. મૈં આયા હૂં

**ઉમાશંકર જોશી**

---

×ગાંધીકી જન્મ સદીમેં આયા હૂઁ.

જનતાકો મિલને આયા હૂઁ.

બાઈસ-તેઈસ સાલ કે બાદ ઈસ દેશ મેં આકર ક્યા દેખતા હૂઁ? મૈં હૈરાન હૂઁ, પરેશાન હૂઁ. ગાંધીજી કો કિતની જલ્દી સે હમ ભૂલ ગયે હૈં. યહ યાદ દિલાને કો મૈં આયા હૂઁ.×

ખાન અબ્દુલ ગફ્ફારખાન, સરહદના ગાંધી, ખુદાઈ ખિદમતગારોના જ નહીં સ્વાતંત્ર્ય પહેલાંના સારા હિંદના પ્યારા નેતા, બાદશાહખાન તા. ૧૯થી અમદાવાદ આવ્યા છે. થોડા દિવસ પહેલાં હિંદમાં પગ મૂક્યો ત્યારથી જ એમની વેદના દિલ્લીના એમના પ્રાસંગિક પ્રવચનો દ્વારા અને ત્રણ દિવસના ઉપવાસ દ્વારા પ્રગટ થતી હતી. પોતે કેવું હિંદ જોયેલું અને આજે કેવું હિંદ જોવા પામે છે - એ ફરક તરત એમના ધ્યાનમાં આવ્યો અને એમનું દિલ વલોવાઈ ઉઠયું.

હિંદના નેતાઓએ ૧૯૪૭માં દેશના ભાગલાની કિંમત ચૂકવીને સ્વતંત્રતા મેળવી. ગાંધીજીએ તો કહ્યું કે પોતે પ્રકાશ જોઈ શકતા નથી, પણ સાથી નેતાઓને પોતાને જે પ્રકાશ મળે તે પ્રમાણે ચાલે. જે રીતે સ્વતંત્રતા આવી તેમાં એ વખતના વાયવ્ય સરહદના નેતા બાદશાહખાન અને એમના ભાઈ ડૉ. ખાન સાહેબ - એમને તો, કહો કે, જીવતા જ ભંડારી દેવામાં આવ્યા. હિંદના નેતાઓ એમને માટે કાંઈ કરી ન શક્યા. બાદશાહખાનનાં વરસો જેલમાં ગયાં. લિયાકત અલીખાનથી માંડીને અય્યુબખાન અને યાય્હાખાન સુધીના પાકિસ્તાનના શાસકોને તેઓ સરહદના પોતાના લોકોની માગણી માટે સમજાવતા રહ્યાં. પણ ઝાઝી સફળતા મળી નહીં. એંશી વરસની ઉંમરે એ વયોવૃદ્ધ પાકદિલ પુરુષ ગાંધીજન્મ-શતાબ્દી વરસમાં હિંદમાં આવે છે તો અહીં પણ હૈયું ભાંગી નાખે એવી પ્રજાજીવનની દશા છે.

×આઝાદી કે બીસ બરસ કે બાદ ભી હમ દૂસરે મુલ્કોં કે સામને ભીખ માઁગતે હૈં. બીસ સાલ કે બાદ ભી હમ ગલ્લા (અનાજ) ભી પૈદા નહિ કર સકતે હૈં? ક્યા દૂસરે મુલ્કોં કે સામને ભીખ માઁગને કે લિયે આઝાદી પાઈ હૈ? ×

અમદાવાદ આવ્યા પછી કોમી વેરઝેર અંગે એમની વેદના થોડાક પણ બળબળતા શબ્દોમાં પ્રગટ થાય છે.

×ક્યા મઝહબ ઝગડા કરને કો કહતા હૈ? મઝહબ તો હૈ ઈંસાનિયત, મઝહબ તો હૈ મહોબ્બત. મઝહબ તો હૈ સચ્ચાઈ. મઝહબ તો હૈ આપસાઅપસમેં ઈમદાદ. મઝહબ તો હૈ ખુદા કે મખલૂક (સૃષ્ટિ) કી ખિદમત. પયગંબર સાબકો કિસીને પૂછા કે ખુદા કે કરીબ કૌન હૈ? આપને ફરમાયા કિ વો ખુદા કે કરીબ હૈ જિસકે હાથસે ખુદા કે મખલૂક કો ખૈર ઔર અમન (ક્ષેમકુશળ અને સુખશાંતિ) પહુઁચે.

યે ઝગડે મઝહબી નહીં હૈં. યે ઝગડે ઈકોનૉમિક હૈં, સિયાસી (રાજકારણી) હૈં. મઝહબ દુનિયામેં મહોબ્બત કે લિયે આતા હૈ. ×

મુસલમાન ભાઈઓને બાદશાહ ખાને કહ્યું: ×હમલોગોં મેં સિયાસી શઉર ઈતના પૈદા નહી હુઆ જિતના દેશ કે દૂસરે સબ લોગોં મેં. પઢે લિખે લોગ દેહાતોમેં જાકે કામ કરને નહી લગે. આમપ્રજા -માસ કે સાથ તાલ્લુક નહીં જોડા. પાકિસ્તાન અંગ્રેજો કે ખાન બહાદુરોં ને બનાયા. કસૂર આપકા નહીં હમારા હૈ. હમને-બડોંને સીધા રાસ્તા નહી બતાયા. ×

દર્દભરી વાણીમાં સમજાવટની વૃત્તિથી તેઓ કહે છેઃ

×યહ મુલ્ક હિંદૂ ઔર મુસલમાન દોનોં કા હૈ. દોનોં કો મુલ્ક સે પ્યાર કરના હૈ. દોનોં કો સાથ રહના હૈ. જો તક્લીફેં હૈં, હમઆપ સબ સાથ બૈઠ કર કુછ રાસ્તા નિકાલેં. હમ

ઈમાન સે બરતે તો રાસ્તા નિકાલ સકતે હૈં યહ કહને કો મૈં આયા હૂઁ. ×

બાદશાહ ખાનની વયોવૃદ્ધ આકૃતિ, એમનો વેદનાભર્યો ચહેરો, એમની કરુણા નીતરતી આંખો, ખાસ તો એમનો ઊંડો ગંભીર અવાજ, - એ બધામાંથી પ્રેમનો માનવી માનવી વચ્ચે ભાઈચારાનો, સંદેશ નીતરે છે.

×હમારી જિંદગી, હમારા future (ભવિષ્ય), ઈસકે ઉપર હમેં સોચના હૈ. કૌન સા રાસ્તા હમેં ઈસ ઝહર સે બચાયે યે હમેં ખોજના હૈ. મૈં જો યહાઁ આયા હૂઁ ઈસલિયે કિ યે સબ ચીજેં હૈં ઉસકે પર હમગૌર કરે કિ ઈસકા ઈલાજ ક્યા હૈ? મૈં જો બારબાર કહતા હૂઁ, change of heart (હૃદયપરિવર્તન) નહી હોગા તબ તક યહ સવાલ હલ નહી હોગા. હલ કરને કે લિયે હમસબ કુછ કરેં ઈસલિયે મૈં યહાઁ આયા હૂઁ.

(સૌજન્ય નિરીક્ષક ૨૨-૧૦-૧૯૯૯)

## સત્યનો પ્રભાવ

રાજા સત્યદેવના જીવનની એક વાત સાંભળો, એક સવારે રાજા સત્યદેવએ ઊંઘમાંથી જાગતા જોયું કે મહેલમાંથી એક તેજવાન નારી બહાર જઈ રહી છે આ જોઈ સત્યદેવએ પૂછ્યું: ‘ તમે, કોણ છો ? આપનો પરિચય ? ’

સ્ત્રી: ‘ હું લક્ષ્મી છું. તમારે ત્યાંથી જઈ રહી છું. ’

થોડા સમયમાં એક દેખાવડો પુરુષ બહાર જઈ રહ્યો હતો આ જોઈ

સત્યદેવએ પૂછ્યું : ‘ તમે કોણ છો ?’

પુરુષ: ‘ હું દાન છું, તમારા મહેલને લક્ષ્મી જ ત્યાગ

કરી ગઈ હવે હું અહીં શું કરું ? ’

થોડાક સમયમાં એક બીજો સુંદર પુરુષ બહાર જતા દેખાયો એટલે સત્યદેવએ એને પૂછ્યું:

‘ભાઈ, તમે કોણ છો ?’

બીજો પુરુષ: ‘હું સદાચાર છું,લક્ષ્મી જતા,દાન ગયું હવે હું અહીં રહી શું કરું ?’

હજુ વિચારે ત્યાં થોડી વારમાં એક સહજ પુરુષ મહેલમાંથી જતો હતો એટલે સત્યદેવે તેને પૂછ્યું: ‘ આપ, કોણ છો ?’

પુરુષ: ‘હું સત્ય છું. લક્ષ્મી,સદાચાર,દાન બધા ગયા હવે મહેલમાં રહેવાનું શું ?’

ત્યારે રાજા સત્યદેવએ કહ્યું : ‘બધા ભલે ગયા હું તમને નહીં જવા દઉં, તમે જશો તો મારું જીવનકર્મનું વહેણ જ સુકાઈ જશે,આપના ચરણોમાં મારા વંદન સ્વીકારો.

આપ, મારા મહેલમાં રહી જાઓ.’

સત્યદેવના સત્યાગ્રહથી સત્ય મહેલમાં પરત ગયો કે તુરંત લક્ષ્મી,સદાચાર,દાન બધા જ પાછા મહેલમાં આવી ગયા.

## ૧૫. ધર્મનિરપેક્ષ રાજ્યના મૂળિયા

**કિશ્નકુમાર**

---

*ધર્મનિરપેક્ષતા જે શબ્દનો અનુવાદ છે તે ૧૯૭૬માં કરવામાં આવેલા સુધારા દ્વારા બંધારણમાં આવ્યો, પરંતુ એ શબ્દના ભાવ બંધારણમાં પહેલેથી જ હતા. શબ્દ છે ×સેક્યુલરિઝિમ×. ચાલીસ વર્ષથી આ શબ્દ વિવાદમાં રહ્યો છે. વિવાદ મુખ્યત્વે બે વ્યાખ્યાઓ વચ્ચે છે. એક વ્યાખ્યા આ શબ્દના યૂરોપિયન મૂળિયાઓને સ્વીકારે છે. એ વ્યાખ્યાના સમર્થકોમાં રવીન્દ્રનાથ ટાગોર અને જવાહરલાલ નેહરુ થઈ ગયા. એમના તમામ લખાણોમાં વહેતી સરવાણી કહે છે કે નવભારતના નિર્માણ કરવા માટે રાજનીતિએ પારંપરિક ધર્મોથી નિરપેક્ષ રહેવું પડશે. બીજી વ્યાખ્યાના સમર્થકોમાં રાધાકૃષ્ણન હતા જેઓ ×સર્વધર્મ સમભાવ× ને જ ભારત માટે ઉપયોગી ×સેક્યુલર× નીતિ માનતા હતા. તે વ્યાખ્યા સામાન્ય વ્યવહારમાં ખૂબ જ લોકપ્રિય થઈ પડી છે. રાષ્ટ્રપતિનું મંદિર અને મસ્જિદોમાં જવું આ વ્યાખ્યાને અધીન જ સંભવ બને છે. અન્યથા પહેલી વ્યાખ્યા મુજબ દેશના દરેક નાગરિકની સાથે-સાથે રાષ્ટ્રપતિએ પણ પોતાના ખાનગી અને જાહેરજીવન વચ્ચે સ્પષ્ટ અંતર કાયમ રાખવું જોઈએ. એમનો એ અધિકાર છે કે તેઓ પોતાની ધાર્મિક આસ્થાનું પાલન કરે, પણ પોતાના જાહેર જીવનમાં - એટલે કે રાષ્ટ્રપતિના હોદ્દે - તેમણે અન્ય અવસરાનુકુલ ધાર્મિક આસ્થાઓનું પાલન કરવાથી દૂર રહેવું જોઈએ.*

*ચાલીસ વરસોમાં એવી ઢગલાબંધ ઘટનાઓ ઘટવા પામી છે જે ધર્મનિરપેક્ષતાની પહેલી વ્યાખ્યાને વધુ ઉપયોગી ઠેરવે છે. સાથે એ ઘટનાઓ દર્શાવે છે કે ભારતમાં રાજ્ય-નીતિ ધર્મનિરપેક્ષતાની આ વ્યાખ્યાની રાહમાં કઈ હદે ભટકી છે. પહેલી વ્યાખ્યાના ગુણ તો ત્યારે જ સ્પષ્ટ થવા લાગ્યા જ્યારે ધર્મની આડ લઈ ધર્મનો આધાર લઈ રાજનૈતિક માગણીઓ ઊભી થવા લાગી. ધીમે-ધીમે પ્રાંતીયતાને બહાને ધર્મ પર આધારિત પક્ષોની શક્તિ વધવા લાગી. રાજ્ય પાસે આની સામે લડવાને કોઈ હથિયાર હતું નહી. રાજ્યની ધર્મનિરપેક્ષતા બંધારણમાં એ સ્વરૂપે જ સ્પષ્ટ કરવામાં આવી હતી કે કોઈ પણ નાગરિકને પોતાના ધર્મ ખાતર અસમાનતા ન સહન કરવી પડે. પણ આવા મૂળાર્થમાં પણ રાજ્યનીતિ તે વખતે ધર્મનિરપેક્ષતાની પહેલી વ્યાખ્યાથી ખસી ગઈ જ્યારે ધર્મના નામે જ મુસ્લિમ સ્ત્રી ને અસમાન (પુરુષ સમકક્ષ) બનાવવાનો કાયદો રાજ્યે ઘડી કાઢ્યો. આ પગલાથી ધર્મનિરપેક્ષતાની બીજી વ્યાખ્યા પુષ્ટ થઈ જે કહે છે કે રાજ્યે દરેક ધર્મનો સમાન આદર કરવો જોઈએ.*

*આ બીજી વ્યાખ્યા કેટલી અવ્યાવહારિક અને ખર્ચાળ છે આ વાતોનો એક સુલભ પ્રમાણ સરકારી રજાઓની યાદી છે. જો રાજ્યે ઈચ્છયું હોત તો સરકારી રજાની પાત્રતા માત્ર સ્વાધીનતા અને ગણતંત્ર દિવસને આપ્યું હોત, પણ રાજ્ય ચાલ્યો દરેક ધર્મ સાથે જોડાયેલા પાવન દિવસો અને તહેવારોને માન્યતા આપવા. પરિણામ એ આવ્યું કે રાજ્યનો કારોબાર વરસમાં ૧૫ દિવસ એટલે બંધ રહે છે કે તે દિવસે કોઈ ને કોઈ તહેવાર પડે છે. રજાઓની આ વિસ્તૃત વ્યવસ્થા એ દર્શાવે છે કે આપણી રાજ્ય નીતિ એક વિશિષ્ટ દબાણ હેઠળ ઘડાઈ છે. આ દબાણ હતું ×અલ્પસંખ્યક× કહેવાતા ધાર્મિક સમુદાયોને એ એહસાસ અપાવવા કે ભારતીય ગણરાજ્યમાં એમની ઓળખ સુરક્ષિત છે. આ એહસાસ અપાવવા પાછળનો સંદર્ભ એ હતો કે રાજ્ય બહુસંખ્યક જનતાની ધાર્મિક ઓળખ સામે આંખો બંધ કરવા માટે તૈયાર ન હતો.*

*પાયાની કમજોરી એ રહી ગઈ કે એક પૂર્ણ લૌકિક રાજ્ય નીતિના અમલ માટે આવશ્યક પરિસ્થિતિ અને અવયવો પરત્વે આઝાદી પછીના દાયકાઓમાં સરકારે લક્ષ્ય*

આપ્યું નહીં. ધર્મનિરપેક્ષતાને બંધારણીય રસ્તે ચાલવા માટે એ જરૂરી હતું કે લોકોના સામાન્ય જીવનમાં ધર્મનો પ્રસાર કઈંક ઘટે. વિશેષ કરીને જીવનના એ ક્ષેત્રોમાં ધર્મનો આધાર લેવાની વૃત્તિ ઘટે જે મનુષ્યને તેની અસુરક્ષાનો બોધ કરાવે છે. એવું એક અગત્યનું ક્ષેત્ર છે માંદગી, જે મૃત્યુને જીવનની એક મોટી ચિંતા બનાવે રાખે છે. મૃત્યુની વ્યાખ્યા કરવામાં ધર્મ ખૂબ વ્યસ્ત રહ્યો છે, સત્ય એ છે કે ધર્મનો આધાર લોક્જીવનમાં મહદ અંશે એટલે જ ફેલાયો કારણ કે માણસને મૃત્યુની બીક અને રહસ્યને પહોંચી વળવાની જરૂરિયાત નિરંતર સતાવતી રહી છે. એક એવા સમાજમાં જ્યાં એક પિતાના ત્રણ-ચાર બાળકો મરી જાય પછી એક બાળક જીવતું રહેતું હોય, ત્યાં મૃત્યુની લીલા સાથે ગંભીર નિસ્બત રહે જ એ સ્વાભાવિક છે. ભારતીય રાજ્યનીતિએ જો આરોગ્ય સેવાઓ એટલી મજબૂત કરી દીધી હોત કે મૃત્યુનો બાળકોને ગ્રસી જનાર ઓછાયો થોડો સંકોચાઈ જાત અને તેથી ધાર્મિક વિશ્વાસોની એક પરિધિ પણ ઠીક ઠીક સંકોચાઈ જાત.

પણ એવું ન થયું. બલ્કે એનાથી ઊંધું જ થયું. રાજ્યે આરોગ્ય, મકાન અને શિક્ષણ જેવા ક્ષેત્રો પર બહુ જ ઓછું ધ્યાન આપી લોકજીવનમાં ધર્મની પ્રાસંગિકતા અને ઉપયોગિતાના એક મસ મોટા વિસ્તારને એમ જ રહેવા દીધો. આ ક્ષેત્રમાં ધર્મની ઊર્જા કલા અને ભાષાના મૂળિયાના સિંચનમાં ના વપરાતા મનુષ્યની એકલતાના મિથ્યાભાવ અને તે બહાને ઉત્પીડન અને શોષણના મૂળિયા સિંચવામાં વપરાઈ રહી છે. જ્ઞાતિઓમાં વહેંચાયેલા અને સ્ત્રીનું શોષણ કરવાવાળા પુરાતન સમાજમાં તો આ ક્ષેત્ર ભયંકર સ્તરે ઉત્પાદક થઈ જાય છે. આ ક્ષેત્રમાં મૂળિયા નાખેલા ધર્મની પકડ રાજ્યની લૌકિક શક્તિને ઊભી જ થવા દેતી નથી. રાજ્યની શક્તિ ક્યારેક તડપતી દેખાય છે તો ક્યારેક ખોટા વાયદાઓ કરે છે, અને છેલ્લે તમામ લોકતંત્રના આગ્રહો હોવા છતાં થોડાક બળૂકા વર્ગોના હાથમાં પડી રહે છે. માતૃત્વ પામવાની સહજ લાલસામાં મોતની શિકાર બનતી સ્ત્રી અને જન્મ પછીના મહીનાઓમાં સામાન્ય ઝાડાના કિસ્સામાં મોતનો શિકાર થતું બાળક સમાજમાં રહસ્ય અને તેની વ્યાખ્યાના વર્ચસ પર આધારિત ધર્મ માટે શહીદ થતા જાય છે. ભારતમાં આ જ તો થયું છે.

ધર્મનિરપેક્ષતાની દોહાઈ તો ખૂબ આપવામાં આવી છે, કાયદો બનાવવા માટે એનો પ્રયોગ પણ થયો પણ તેને અંકુરિત થવા માટે આવશ્યક જમીન તૈયાર કરવામાં આવી નહીં. શિક્ષણ અને સંચાર માધ્યમો દ્વારા માટી કુણી બનાવી શકાઈ હોત, પણ આ બેઉ સાધનોને લઈને પણ સરકારની નીતિ હાલક્ડોલક જ રહી. નિરક્ષરતાને ફેલાવા દીધી. શાળાઓ એવી હાલતમાં રખાઈ જેમાં જિજ્ઞાસા અને ખોજની ક્ષમતાઓને કચડી નાખવામાં આવે છે. વિજ્ઞાન પણ ભણાવવામાં આવે છે તો જાણે શ્લોક પઢાવતા હોય. પોતાની આસપાસના સંસારને જાતે તપાસવાની પ્રેરણા શિક્ષણ થકી બાળકોને આપવી એ ધર્મનિરપેક્ષ સમાજની રચનાના નિર્માણમાં ઉપયોગી ભૂમિકા ભજવી શકી હોત. ધર્મનિરપેક્ષતાનો એક સિદ્ધાંત એ છે કે આ દુનિયાની સમસ્યાઓ, જેમકે ગરીબી અને કષ્ટના સ્રોત અને ઉકેલ આ જ ભૌતિક દુનિયાના સંદર્ભમાં શોધવા અને બીજી કોઈ અજ્ઞાત દુનિયામાં નહીં. આ સિદ્ધાંતનો પ્રસાર માત્ર વ્યવહાર અને અનુભવે જ થઈ શકે એમ છે, પ્રચારથી નહીં. એક તરફ રાજ્ય સાથે સંકળાયેલી અનેક વ્યક્તિઓના વ્યવહારે આ કસોટીની સતત અવમાનના કર્યા કરી. બીજી બાજુ સંચાર માધ્યમોએ ×સર્વધર્મસમભાવ× વાળી વ્યાખ્યાનો પ્રસાર કર્યો.

ઘણા લોકો ×સર્વધર્મસમભાવ× ની વ્યાખ્યા સાથે ગાંધીને જોડે છે. એમનો આગ્રહ છે કે ગાંધીની પરિકલ્પનાનો ભારતીય રાજ્ય યુરોપની ×સેક્યુલર× નીતિ કરતા જુદી હોત. આ આગ્રહ પાછળ દલીલ એ છે કે ગાંધીએ રાજનીતિને ધર્મથી તોડવાની જગ્યાએ જોડવાનો પ્રયાસ કર્યો. કેટલાક પ્રસંગોમાં ગાંધીએ ભલે એવું કર્યું હોય પણ કેટલાક વિશાળ કામોમાં ગાંધીએ ધર્મની પારંપરિક ભાવનાઓને બુઠ્ઠા કરવાનો પ્રયાસ કર્યો. ×ઈશ્વર અલ્લા તેરે નામ× ના સામૂહિક ગાયનનો એક ધ્યેય એવું વાતાવરણ સર્જવાનુ હતું જે થકી

ભગવાનની અવધારણાઓમાં રહેલા તીવ્ર ભેદ મંદ પડી જાય. પણ ગાંધીનો સૌથી મોટો પ્રયાસ, જેથી ધર્મનિરપેક્ષતાની પહેલી વ્યાખ્યાની ધારા પુષ્ટ થાત, બુનિયાદી તાલીમનો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણની પ્રક્રિયાને બાળકના સક્રિય અનુભવો પર આધારિત બનાવવાની હતી. નૈતિક મૂલ્યો શીખવાડવાની જવાબદારી પણ સક્રિય અનુભવો પર જ છોડી દેવામાં આવી હતી. ગાંધીનો પ્રસ્તાવ હતો કે એ અનુભવ સ્થાનિક ઉત્પાદનની પ્રક્રિયાઓ થકી નીકળે. શાળામાં સમાજના શોષિત વર્ગોને જીવંત રાખતા કૌશલ્ય અને જ્ઞાનને સ્થાન મળે. બુનિયાદી તાલીમની પરિકલ્પના પૂર્ણરૂપે ભૌતિક દુનિયાના જ્ઞાનાર્જન પર ભાર મૂકે છે. ટાગોરના ઉપક્રમબાદ આ પહેલી યોજના હતી જે બાળકના શરીર અને હાથ જોડે જ્ઞાનનો સંબંધ જોડતી હતી. આ સૂક્ષ્મપાસાઓ ઉપરાંત બુનિયાદી તાલીમની ધર્મનિરપેક્ષતાનું સૌથી મોટું પ્રમાણ એ હતું કે એમાં ધર્મના શિક્ષણ માટે કોઈ સ્થાન ન હતું. મહાત્મા ગાંધી પોતાના વાસ્તવિક ધ્યેયનો આથી મોટો ઈશારો શું છોડી શક્યા હોત?

(એકલવ્ય, ભોપાલ દ્વારા ૨૦૦૮માં પ્રકાશિત ક્રિશ્ન કુમારના પુસ્તક 'દીવાર કા ઈસ્તેમાલ ઔર અન્ય લેખ'માંથી લેખકની મૌખિક અનુમતિ સહિત સાભાર. અનુવાદઃ સુદર્શન આયંગાર)

anhsirk.kumar@gmail.com

## કાને પૂંમડાં

દેડકાઓની એક સ્પર્ધા નક્કી થઈ, પર્વત ઉપર ચડવાની,
ખૂબ મોટું ઈનામ આપવાનું હતું.
ત્યારે મોટાભાગના દેડકાઓએ સ્પર્ધામાં ભાગ લીધો નહીં.
કેટલાંક દેડકાઓએ આખર દિવસે નામ સ્પર્ધામાંથી ખેંચી લીધું.
થોડાક સ્પર્ધકો રહ્યાં,સ્પર્ધાનો દિવસ આવી ગયો,
સ્પર્ધક દેડકાંઓ ટ્રેક ઉપર આવી ગયા ત્યારે બહાર રહેલા ગોકીરો કરતા હતા,
કોઈક બોલતા હતાઃ
'દેડકાઓથી પર્વત તે કાંઇ ચડાતો હશે?'
બીજાઃ 'પર્વત પર ચડી, વિજેતા બની કરવાનું શું?'
ત્રીજાઃ 'જો,જો કોઈ ત્યાં નહીં પહોંચી શકે?'
આવું બધું સાંભળી કેટલાંય સ્પર્ધકો અડધેથી સ્પર્ધામાંથી પાછા પરત થયા,
એમાં એક લોકોના હતોત્સાહ કરી દેતા દેકારા વચ્ચે પર્વતની ટોચે પહોંચી ગયો.
વિજેતા જાહેર થયો.
પરત આવી ગયા પછી સત્કાર સમારંભ ગોઠવાયો,
ત્યાં રહેલા એના સમૂહે વાહ વાહ કરી એમાં એક પત્રકારે વિજેતાને પૂછયુંઃ
'તમે પર્વત ઉપર પહોચી સફળ થયા, વિજેતા બની તમે શું કહેવા માંગો છો?'
વિજેતા દેડકાએ કાનમાંથી પૂંમડાં કાઢી બતાવતા કહ્યુંઃ
'કદી લોકોના અભિપ્રાય કાને ધરવા નહીં, આપણું કર્મ કરયે જવું.'

## ૧૬. જોઈએ છે સ્વસ્થ સમાજ

**જયંત પંડ્યા**

અનામત સામેનું આંદોલન ગુજરાતમાં લાંબું ચાલ્યું. એમાં પ્રજાજીવન સંક્ષુબ્ધ થયું અને ડહોળાયું પણ ખરું. સરકાર તેમજ આંદોલનકારો, બંનેએ, ન કરવાના કામો કર્યાં. માલમિલકતોને નુકસાન થયું, જાનહાનિ પણ થઈ. બસો બળી, પથ્થરબાજી થઈ, દુકાનો લૂંટાઇ, માણસોને જીવતા સળગાવ્યા એ બધું આંદોલનના નામે થયું તો આડેધડ લાઠીમાર, ગોળીબાર, નિર્દોષ પ્રજાજનો પર લાઠીદાવ, સ્ત્રીઓ સાથે અભદ્ર વર્તન જેવાં કામો સરકારને હાથો થયાં. નઠોરતામાં કોઈ કોઈથી ઊતરે તેમ નથી એમ જોયા પછી કેટલાક આગેવાન નાગરિકોએ, પ્રશ્નનો તોડ સંગ્રામ દ્વારા નહીં પણ સંવાદથી ઉકેલવા માટે અપીલ કરી તથા સરકાર તથા આંદોલનકારોને શાણપણથી કામ લેવાની સલાહ આપી. એખલાસની એ વાતના પડઘા હમણા તો ગાંધીનગરના સચિવાલયમાં અને આંદોલનકારોની છાવણીમાં પડઘાય છે. પરિસ્થિતિ થાળે પડતી જાય છે એવી આશા ઊગવા માંડી છે.

આ સ્થિતિમાં ભાંગફોડ કરતાં વધારે મહત્ત્વનાં કામો પાર પાડવાનાં છે. વાતાવરણ શાંત, સ્વસ્થ અને નિરામય થઈ જાય એવી લાગણી સમગ્ર પ્રજાની છે એમ કહેવામાં અતિશયોક્તિ દોષ નથી. સરકારને અને આંદોલનકારોને પણ અશાંતિ જોઈતી નથી તેમ છતાં જે વ્યવહાર થાય છે તે કમભાગ્યે ઊલટી દિશાનો થાય છે. પહેલાં સરકારની ક્ષતિઓ જોઈએ તો (૧) તેણે અનામતની નવી તરકીબો કરીને છાણે વીંછી ચઢાવવાની જરૂર ન હતી પરંતુ તેની મતલબી એટલે કે મત માટે મુજરા ભરવાની નીતિએ આ દેશનો કચ્ચરઘાણ વાળવા માંડ્યો છે. હરિજનો તેમજ આદિવાસીઓ માટે જે જોગવાઈ હતી તેનાથી આગળ જઈને નવી જ્ઞાતિઓને પછાત બનાવવાનો ઈલમ એમને આવડતો હોય તો પણ તે કરવા જેવો ન હતો. કોઈ પણ પ્રજા પછાત બનવા માટે પોતાના રાજકર્તા પસંદ કરતી નથી., તો બીજી બાજુએ પોતાની ખીચડી પકાવવા માટે પ્રજાના ટુકડે ટુકડા કરવામાં રાચતી સરકાર સરકારના નામને લાયક નથી. પોતે કેવા સદ્ભાવ અને ન્યાયી રીતે પગલાં ભરી રહી છે એવું બતાવવા સરકારે ૭૦ ટકા વસતી અને ત્રીસ ટકા વસતી એવું ભ્રામક અંકગણિત રચ્યું છે. એ ફરેબી આંકડા મંત્રીઓ, સંસદસભ્યો, પક્ષના આગેવાનો જાહેરમાં ઘૂઘરાની જેમ વગાડ્યા કરે છે. અત્યાર સુધી 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિનો અપયશ અંગ્રેજોને આપ્યા કરતા હતા પરંતુ આપણા સ્વદેશી રાજકર્તાઓ અંગ્રેજોને તો ક્યારનાય ટપી ગયા છે. અંગ્રેજોમાં તો કઈંક ખોટું હોય તો તે કરવાની અવઢવ દેખાઈ આવતી. શાહીવાદના ઢગલા તળેથી એમનું ઔચિત્યભાન પ્રગટ થઈ જતું. આપણાં કહેવતા સેવકોએ સંવેદનશીલતા ઉછેરી જ નથી. નહીં તો 'આ દેશ એક છે, અખંડ છે, અમે સૌ ભારતના નાગરિકો છીએ, અમારું કલેવર બિનસાંપ્રદાયિક છે, નાત, જાત, ધર્મ કે રંગના ભેદ વિના સહુને સમાન તક આપવાનો અમારો સંકલ્પ છે' એવું વાજું ચોમેર વગાડનારા લોકો આવી ધૃષ્ટતા પણ ઠંડે કલેજે કરી શકે નહીં. એમને કોઈ પૂછતું પણ નથી કે કયા ૭૦ અને ક્યા ૩૦ ટકાની તમે વાત કરો છો? જેને તમે ૩૦ ટકામાં મૂકો છો એ ભારતના નાગરિકો નથી? તમે ઘૂસણખોરોને નાગરિકો બનાવી દો છો અને નાગરિકોને પરદેશી ગણો છે? જગતના બધા દેશોમાં વિષમતાઓ છે. બ્રિટન જેવામાં અમીર-ઉમરાવો છે અને સામાન્ય જનો પણ છે. કેથોલિક અને પ્રોટેસ્ટેંટો પણ છે. પણ ત્યાં એકને આગળ કરીને બીજાને હીણા પાડવાની પ્રવૃત્તિઓ નથી. ત્યાં કોઈએ કોઈ માટે અનામતો ઊભી કરી નથી. આગ સાથેની રમત તો આપણા જેવા સુજ્ઞ અને સુસંસ્કૃત દેશમાં જ ચાલી શકે. જે સમાજ સંપન્ન નથી તેને ઉઠાવવો છે એવી ઉમદાપણાની ઢાળ પાછળ ઉન્નત આદર્શ નથી પણ આદર્શનાં વસ્ત્રો પહેરીને વિચારતી છલના છે. ગમે તેવા બહાના હેઠળ સમાજને વેરણછેરણ કરવાનો કોઈને

અધિકાર નથી. જેને સંભાવિત લાભો મળવાના છે તેમને બહેકાવીને પ્રતિ-આંદોલનની પ્રેરણા કોઈ પણ સંજોગોમાં આપી ન શકાય એવો વિવેક પણ ગાંધીનગરના સચિવાલયમાં જાગતો નથી! તેને બદલે જુલમને છૂટો દોર મળે છે. અસારવાની બહેનો ઉપર લાઠી ઝીંકનાર હાથોમાંથી તેમની લાઠી ઝૂંટવાઈ જવી જોઈએ. શિક્ષણમંત્રીના રોજિંદા નિવેદનોમાં જે બનાવટી કડકાઈ પ્રગટે છે તેની કોઈ જરૂર ખરી?

વાલીમંડળની સભાને છેલ્લે છેલ્લે આંત્રી ન હોત તો શું આભ તૂટી પડત? આ બધી બાબતો પક્ષીય ધોરણે અને પક્ષકારની રીતે વિચારવાની નથી. જે ઘડીએ ચુંટાઈને તમે સત્તારૂઢ થાઓ છો તે ઘડીથી તમે કોઈ કે પક્ષના પક્ષાંધ મનુષ્ય રહેતા નથી. તમે આખા ગુજરાતના થાઓ છો. પછી આંદોલનકાર અને રાજકર્તા એવો ભેદ રહેતો નથી. એ રહે છે ત્યાં સુધી પ્રશ્નોનાં નિરાકરણો દૂર ભાગતાં રહે છે. ૧૯૮૫ની સાલમાં, આડત્રીસ વર્ષના સ્વરાજ પછી આવી વાત તે કરવાની હોય?

લોકો વિશે પણ ઘણું કહેવા જેવું છે. લોકતંત્રમાં જેવી પ્રજા તેવું રાજ્ય એ ન્યાય પ્રવર્તે છે. નિઃસત્ત્વ પ્રજામાંથી સત્ત્વવાળું રાજ્ય પ્રગટ ન થાય. ગાંધીજી આ વાત જોઈ શક્યા હતા અને તેથી જ તેમણે નિર્ભયતા અને સત્ય માટેના આગ્રહની તાલીમ પ્રજાને આપવા માંડેલી. એ પ્રક્રિયા આપણે પૂરેપૂરી વિકસાવી નથી શક્યા. પરિણામે 'ગાંધીચીંધ્યા માર્ગના' પાટિયાં ઠેર ઠેર લાગ્યાં અને ગાંધી અંતર્ધાન થઈ ગયા. જે પ્રજા જીવતા માણસને બાળી મૂકે તેની નિષ્ઠુરતાનો જોટો બીજે ક્યાંય જડે તેમ નથી. ટૂંકા લાભો ખોળવા, જાતની સગવડો અંકે કરવા આખા સમાજને અગવડમાં મૂકવો, હરામનું ખાવા મળતું હોય તો પરસેવો પડવા ન દેવો, વાણી અને આચરણ જોજન દૂર રાખવાં, પૈસા આપીને બીજાના વાજબી હકો ઓળવી લેવા, કોઈ વાતની માઝા ન રાખવી, જે વ્યવસ્થામાં મુકાયા હોય તેના નિયમો તોડવામાં અભિમાન લેવું અને જગત સાથે કેવળ છાકથી જ વર્તવું એવાં અપલક્ષણો આપણે દૂધ પાઈને ઉછેર્યાં છે. મનુષ્યજાતની આખી એક સભ્યતાનો આપણે ઉલાળિયો કરવા બેઠા છીએ. એમાં દેશ બિચારો રહેંસાય છે. કેવળ અત્યાચારો નહીં, કેવળ આંદોલનો નહી આ આખી વિપરીત ગતિને અટકાવવાની જરૂર છે. આપણને સ્વસ્થ સમાજ જોઈએ છે. પરંતુ સ્વસ્થ મનુષ્ય વિના એનું અવતરણ થવાનું નથી.

સૌજન્ય નિરીક્ષક ૧૨-૦૪-૧૯૮૫

**અનુભવ**

એક કુદરતી તળાવ, ત્યાં કેટલાંક ડિગ્રીધારી મિત્રો ફરવા ગયા,

હોડી કરી તળાવની સહેલગાહ કરતા ચર્ચામાં મશગૂલ થયા,

તેમાંથી એક મિત્રે નાવિકને પૂછયું:

'તે કેટલો અભ્યાસ કર્યો છે? એકાદ ડિગ્રી મેળવી છે?'

નાવિક: 'હું કશું ભણ્યો નથી, એકેય ડિગ્રી મારી પાસે નથી.'

એક મિત્રે નાવિકને: 'તને સાહિત્ય, ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ વિશે કંઈ જ્ઞાન છે?'

નાવિક:'ના, કાંઈ જ્ઞાન કે જાણકારી નથી.'

મિત્રો નાવિકને કહે : 'તો તારી અડધી જિંદગી બેકાર ગઈ ભાઈ,'

પોતાના વિશે આવો અભિપ્રાય સાંભળી નાવિકને સંકોચ થયો, એટલામાં જોરદાર

પવન વહેવા લાગતા, નાવ હાલક ડોલક થઈ, ડૂબવા લાગી એટલે નાવિકે પદવીધારીઓને પૂછયું: 'મિત્રો, તમારામાંથી પાણીમાં તરતા કોને કોને આવડે છે?'

ફરનારા:'અમારામાંથી તરતા કોઈને આવડતું નથી.'

સાંભળી નાવિકે કહ્યું: 'મિત્રો, મારી તો અડધી પરંતુ તમારી તો આખી જિંદગી બેકાર ગઈ'

## ૧૭. કોમવાદની ઉત્તરક્રિયા

**જયંત પંડ્યા**

અમદાવાદ વિશે આનંદ થાય એવું કશું રહ્યું નથી. દુરાચારનું એ અભયારણ્ય બનતું જાય છે. હવે અમદાવાદનો ઈતિહાસ એ કૂતરા-સસલાનો નથી. હવે એ ઈંસાનશેતાનની કથા છે જેમાં છેલ્લા ત્રણેક માસથી ઈંસાનિયત પર પત્થરમારો, બૉમ્બમારો અને ક્ષુરસ્યધારા એટલે અસ્ત્રાની ધારનાં આક્રમણો થાય છે. એને લોકો ધર્મનું દ્વંદ્વયુદ્ધ કહે છે. જગતના ઈતિહાસમાં ધર્મોએ લોહીની નીકો નિરંતર વહેતી રાખી છે અને છતાંય એનું ખપ્પર ભરાતું નથી. એનો યશ ધર્મપ્રવર્તકો કરતાં ધર્મના ચેલાઓને વધુ જાય છે. ધર્મપ્રવર્તકો મહાન હોય છે પરંતુ ચેલકાઓ નહીં. આ મોરોન શબ્દનો અર્થ અમે એક વાર લખ્યો હતો. મોરોન એટલે મૂછાળું બાળક. એ ધર્મની ધજા લહેરાવવાનો અર્થ કરે છે ચોટલી અને દાઢી ફરકાવવી. ઝાલર અને માઈક એ ધર્મની ઋચાઓ ગણે છે. ગઈ કાલ સુધી લાગતું કે આ લોકશાહી મોરોન્સથી ભરેલી છે. આજે એમ લાગે છે કે લોક્શાહી જ નહીં, સમગ્ર સભ્યતામાં મોરોન-દેવતાનો વાસ છે. નરસિંહ મહેતાનું પદ જરાક બદલીને કહીએ તો 'અખિલ બ્રહ્માંડમાં એક મોરોન તું, જૂજવે રૂપ અનંત ભાસે, અગ્નિ તું, બૉંબ તું, તીક્ષ્ણ ધારાય તું, દુષ્ટ થઈ વ્યાપી રહ્યો આકાશે.'

આ આકાશ વ્યાપી દુષ્ટતા એ પણ કોઈ નવી નવાઈની ચીજ રહી નથી. બહુ લાંબે ન જઈએ તો પણ ૧૯૪૭ થી માંડીને આજ સુધી એની વિવર્તલીલા આપણે જોઈ છે. એના કરાલ અને કોમલ એવાં બે રૂપો છે. એ રૌદ્ર રૂપ ધારણ કરે ત્યારે માણસને જીવતાં ને જીવતાં સળગાવી મૂકે છે, મકાનના માળથી માણસને નીચે પછાડી શકે છે, બૉંબ ફેંકતા એને કશી અરેરાટી નથી થતી અને કોમલ રૂપ ધારણ કરે ત્યારે કામચોરી કરે, શિરજોરી કરે, અનૃતનું હડપ કરી લઈ જાય અને હસતાં હસતાં પોતાની સફળતાની કહાણી ચતુરંગ સૃષ્ટિને સંભળાવી એ માર્ગે જવામાં પાસા પોબાર પડે છે એવા ઘસરકા પીવડાવતું જાય છે.

ભારત નામનો દેશ આ બન્નેના ગોત્રજોથી ભરેલો છે. એક વાર નવરંગપુરાની પોસ્ટ ઑફિસમાં કતારમાં ઊભા રહેવા વિશે એક ભાઈ સાથે અમારી થોડી રકઝક થઈ. એમની સાથે સમજાવટથી વાત કરવા છતાં મોટે સાદે એ પોતાનો જ કક્કો ખરો કરવાની ત્રેવડમાં હતા. થોડી વાર પછી બીજા એક ભાઈએ મને કહ્યું, 'એમની સાથે શું કામ માથાકૂટ કરો છો? તમે થાકશો પણ એ નહીં થાકે', પછી ધીમે રહીને કહે આ દેશમાં ૭૫ ટકા લોકો cracks અને બાકીના ૨૫ ટકા લોકો એમને જોઈજોઈને ગાંડા થઈ જવાના. એમની વાત રોજેરોજ સાચી પડતી હું જોઈ શકું છું. What man has made of man! માણસે માણસની શી હાલત કરી છે? નાના નાના છોકરા છરા હુલાવે છે, અથવા તો, દુનિયાની અધી વસતી તો બિલકુલ અહિંસક છે એવું માનનારા મારા જેવાને સ્ત્રીઓ પણ સહેલાઈથી માણસને રહેંસી નાખે છે એવી વાત સાંભળ્યા પછી હજુયે કળ વળતી નથી. સ્વાર્થ અને નિષ્ઠુરતાની સાતતાળીની રમત આ શહેરમાં પોળે પોળે રમાય છે!

કવિ મિત્ર લાભશંકર ઠાકરે અમદાવાદ શહેરના કોટ વિસ્તારને બૉંબ ઝીંકીને જમીનદોસ્ત કરી નાખવો જોઈએ અને ત્યાં ઉદ્યાનો વિકસાવવાં જોઈએ એવું સૂચન કર્યું. લાભશંકરે મારા જ મનની વાત કરી. લાભશંકર કોઈ આતંકવાદી નથી કે હિંસાના પુરસ્કર્તા નથી. માણસજાત સાથે એમને કોઈ વેર નથી બલકે પૂરી સહાનુભૂતિ છે. એ બીજે છેડેથી વાત શરૂ કરે તો પણ એમની વૃત્તિ અંતિમવાદી નથી. જે શહેર માણસ બનીને રહી ન શકતું હોય એ શહેર ટકે તોય શું, અને ન ટકે તોય શું? નઠોર શહેર અને મૃદુ મૃદુ ઉદ્યાન એ બે વચ્ચે પસંદગી કરવાની હોય તો ઉદ્યાનનો પક્ષ કરવો વધારે હિતાવહ છે કારણ કે એ જગતને હરિયાળું તો રાખી શકે ને! તેમ છતાં લાભશંકર અને હું, બન્ને, જાણીએ છીએ કે રૂપાળો લાગતો એ ઉકેલ પણ સાચો ઉકેલ નથી. ઉકેલ તો છે મનુષ્યના હૃદયને ઉદ્યાન બનાવવાનો અને એમ થશે તો પેલું બર્બર શહેર આપોઆપ ધરાશાયી થઈ જશે.

મનુષ્યના હૃદયને લીલાં રાખનારા બધાં નવાણો સુકાતાં જાય છે. સાહિત્ય, સંગીત, કલા, નાટક, નૃત્ય કાં મરી ગયા છે કાં તો ધંધાદારી બની બેઠાં છે. સમાજની ગાડરિયા દોડ સસ્તો પૈસો પેદા કરી આપે એવા વ્યવસાયો તરફ ધસમસતી રહી છે. એમ કરવામાં વ્યવસાય ઈષ્ટ છે કે અનિષ્ટ એ ચીંધનારી જ્યોત હોલવાઈ ગઈ છે. એટલે અંધકારમાં પાગલ માણસો દોડે અને હડફેટે ચઢનારના જે હાલહવાલ કરે એવી સ્થિતિ સમાજની છે. એક અદીઠ સનેપાતના લવારા અને ભીષણ તાવની આંચકીઓમાં માણસજાત સબડે છે. આજે માણસના શરીરમાં જે અન્ન જાય છે તે પણ રોગ વધારનારું છે. એ અન્નના કોથળા ધર્મ, રાજનીતિ, શિક્ષણ અને પ્રસારમાધ્યમોનાં ગોદામોમાંથી આવે છે. એમાં એટલા બધાં ધનેડાં પડેલા છે કે શુદ્ધ અને સાત્ત્વિક ખોરાક મેળવવાનું કામ દોહ્યલું બની ગયું છે.

રાજનીતિ તરફ નજર નાખીએ તો છેલ્લાં પાંત્રીસ-છત્રીસ વર્ષથી અહીં કેવળ એકપક્ષપ્રથા છે. આ એકપક્ષપ્રથા તે પ્રથા કહેવાય ખરી? મદારીના દોર ઉપર નાચનારા રતનિયા કરતાં કોઈ જુદી ભૂમિકા એમાં પક્ષને ભજવવાની રહેતી નથી. એમાં રાજ કરનાર સર્વેસર્વા થઈને રહે અને પક્ષના વાજિંત્રને તો કેવળ તુંહી તુંહી કરવાનું રહે છે. આ બન્નેનાં પરાક્રમથી જે પેદા થાય છે તે તો બંધિયાર સમાજ. કોઈ દિશાના વાયરા એને અડતા નથી. એટલે એમાં લીલ બાઝે છે અને એ ગંધાય છે. લોકો કેવળ રાજકર્તા તરફ અહોભાવથી જોયા કરે છે અને રાજકર્તાની આસપાસના બટુકો એમના ભજનિકો થઈને રહે છે. આમાં કાયર, ખુશામતિયા અને પગ ચાટતા જીહજુરિયાઓ ચારેકોર રાસડા લેતા નજરે ચડે છે અને એમની અંજલિઓથી રાજકર્તાને પોતે કેવા મહાન છે! એ વાતનો મેણો ચઢે છે. સમગ્ર પરિવેશમાંથી ચૈતન્ય ચાલ્યું જાય છે. આ સ્થિતિએ આપણે પહોંચી ચૂક્યા છીએ. ધર્મની બાબતમાં તો આપણી કર્મકાંડી પ્રજાએ સાચા કર્મને ક્યારનોય દેશવટો આપી દીધો છે. શિક્ષણમાં 'આંધળો બોલે ને બહેરો સાંભળે હો જી' ની ગત ચાલુ છે, અને તેમાંય મોટા ભાગના ગરીબી રેખા નીચે જીવતા રહે છે, પ્રસારમાધ્યમોમાંથી ઢિસૂમ ઢિસૂમના ભડાકા પડઘાય છે. આજનાં છોડવાં આ ખાતરથી ઊગે છે અને પવન પ્રમાણે ડોલે છે. આ ફાલને માણસ વહેરતાં કેટલી વાર? એક નાની ઘટના એમને ઉન્માદી બનાવી શકે છે. પૈસા મળતા હોય તો એ જુગારના અખાડા ચલાવી શકે છે અને દારૂના અડ્ડા નિભાવી શકે છે. દાણચોરીનો, સંઘરાખોરીનો, ચોરીનો, કે કાળાબજારીનો એને છોછ રહેતો નથી. ભાડૂતી કે ધંધાદારી મારા બનવામાં એમને કોઈ નાનમ નથી. એ વૈખરીને વાપરી શકે છે અને જુદા મતને કે જુદા અવાજને પથ્થરથી સત્કારે છે. રાજ્યના આતંક સામે એ બુમરાણ કરે છે પરંતુ સમાજને બાનમાં રાખવાનો પોતાનો અધિકાર અક્ષત રાખે છે. એમને સલામતી જોઈએ છે પરંતુ સંનિષ્ઠા એ સૌથી સબળ અને અભેદ્ય બખ્તર છે એ તથ્યનો ભરોસો પડતો નથી. એમને કોઈ દેશ હોય તે સંભવ નથી, થોડાક અનિવાર્ય સંબંધો સિવાય બીજો કોઈ સમાજ નથી. આ બધું નથી એટલે આંખમાં અમી નથી, અવાજમાં ઋજુતા નથી, વ્યવહારમાં વિનય-વિવેક નથી, છાતીમાં શહૂર નથી. એક હાકોટો થાય ત્યાં એ નાસભાગ કરી મૂકે છે, બંધના રેડિયા પહેલાં બધું સજ્જડ બંધ કરી દે છે. થોડીક આશા માતૃસંસ્થા પર હતી એ પણ આજે ઓસરવા માંડી છે. સમાજ પાસે સુજ્ઞ કે પ્રાજ્ઞ કોઈ ઉદાહરણ નથી., કોઈ મૉડલ નથી.

લાભશંકરના બૉંબનું કોઈ નિશાન હોય તો તે આ દુરાચાર અને અનાચાર છે. દંભી આચરણો અને મિથ્યા પોપટવચનો, સ્વાર્થાંધતા અને બીકણ મનોવૃત્તિ, નિમ્ન વ્યવહાર અને આધ્યાત્મિકતાની ડંફાસ, ખુશામતખોરી અને બે પૈસા પકડાવીને કામકઢાવી લેવાની ચાતુરી, વર્ણાભિમાન, લઘુમતી કે ગુરુમતીનો દ્વૈત ભાવ એ બધાના પિંડ સરાવીને કોમવાદની ઉત્તરક્રિયા કરવાનું કામ એક પ્રજા તરીકે આપણે ન જ કરવાના હોઈએ તો આ દેશનું ભાવિ જરા પણ ઉજ્જવળ નથી. અને ત્યાં સુધી 'સબકો સન્મતિ દે ભગવાન' ની પંક્તિના નસીબમાં પણ આરત વિના ઝૂરવાનું જ નિર્માયેલું રહેશે.

સૌજન્ય નિરીક્ષક ૨૧-૨૮ જુલાઈ ૧૯૮૫

## ૧૮. મુસ્લિમ ધર્મગુરુઓ બહાર આવે

**મહેબૂબ મકરાણી**

રાષ્ટ્રીય સંપત્તિ રેલવે પર હુમલો કરી કેટલીયે માનવજિંદગીઓને લાશોના ઢેરમાં ફેરવી નાંખતી ઘટનાના તીવ્ર પડઘાં દેશભરમાં ઊઠ્યા છે. વિશેષતઃ ગુજરાતના શહેરોમાં ભડકી ઉઠેલો હિંસાનો દાવાનળ અનિચ્છનીય ખરો છતાં અનપેક્ષિત નથી. આ હાલતમાં શાંતિની સ્થાપના માટેના સરકારી પ્રયાસો કારગત નીવડે તે પછી પણ કોમી વૈમનસ્યની ખાઈને પૂરવા સામાજિક સ્તરે ઘણું કરવાનું રહેશે.

સૌ પ્રથમ તો મુસ્લિમોના ઝનૂની ટોળાંએ ગોધરામાં આચરેલ જઘન્ય હત્યાકાંડ કે દેશભરમાં આતંકવાદી પ્રવૃત્તિને મળતી સ્થાનિક મદદોમાં સીધી કે આડકતરી ભૂમિકાની જવાબદારી મુસ્લિમ ધર્મગુરુઓ સ્વીકારે, કારણ કે મુસ્લિમોનું નેતૃત્વ પ્રત્યક્ષ ભલી ધંધાદારીથી લઈ મવાલી પ્રકારના રાજકારણીઓના હાથમાં હોય વાસ્તવમાં તો તે મૌલવી-મુલ્લાંના પનારે જ રહ્યું છે. તેમનો પડ્યો બોલ ઝીલાતો હોય છે. આ એ વર્ગ છે જેને પુણ્ય-પાપ, સ્વર્ગ-નરકની વાતોથી લઈને ફિરકા પરસ્તીને ઉત્તેજન આપવામાં ઈતિશ્રી માની. હા, એમાંના થોડા ઉગ્રપંથીઓ હિંસાના બળતણ એવા ઝનૂનનું સિંચન કરતા હોવાનું પણ બહાર આવ્યું છે પરંતુ એક નાગરિક તરીકે મુસ્લિમોનું દાયિત્વ કે રાષ્ટ્રહિતમાં પોતાનું હિત જોવાની દષ્ટિ ખીલવવામાં અપવાદરૂપ ફાળો આપ્યાનુંય જાણમાં નથી. બીજી તરફ મુસ્લિમ અવામ પણ વિચારે કે તેમણે પોતાના સમાજના બૌદ્ધિકોના ડહાપણનો અવાજ સાંભળવાની પરવા ક્યારેય કરી છે? મૌલવીઓના જુસ્સાદાર પ્રવચનોની સરખામણીએ શિક્ષિતોની વેવલી જણાતી વાતોનું મહત્ત્વ હવે સમજાય છે?

લોકશાહી રાષ્ટ્રમાં સમાજના પ્રત્યેક વર્ગને પોતાના વિવિધ પ્રશ્નોને લઈને શાંત દેખાવો-આંદોલનો, સૂત્રોચ્ચાર કરવાનો અધિકાર છે. વળી આવા દેખાવોમાં અન્ય વર્ગની લાગણીને દુભાવનારું કશુંક વાંધાજનક જણાય તો તેનો વિરોધ કરવાના બંધારણીય માર્ગ પણ છે. પરંતુ મજકૂર ઘટનામાં બહાર આવ્યું છે તે મુજબ વાંધાજનક સૂત્રોચ્ચાર કે ચા-નાસ્તાના ફેરિયાઓ સાથે થયેલા કોમી વલણ યુક્ત અભદ્ર વર્તન જેવી પ્રમાણમાં ક્ષુલ્લક બાબતના જવાબમાં મુસ્લિમ કટ્ટરપંથીઓએ માનવલાશોના ઢેર ખડકી દઈ એક ધોરણ સ્થાપિત કર્યું. નિર્દોષોના ખૂન કોઈ રીતે વાજબી નથી પરંતુ પ્રત્યાઘાતનો પ્રકાર આઘાતથી જુદો શી રીતે હોઈ શકે?

હજુ પણ સમય છે, કોમી દાવાનળ ભડકાવવાની શરૂઆત મુસ્લિમો તરફથી થઈ છે તો હવે તેને ઠારવામાં પણ તેમણે જ પહેલ કરવી પડશે. આ માટે મૌલવી-મુલ્લા, પીરબાપુઓથી ઓળખાતી મુસ્લિમોની ધાર્મિક નેતાગીરી આગળ આવે. ગોધરા હત્યાકાંડ બદલ હિંદુ સમાજની જાહેર માફી માંગે અને મુસ્લિમોને ઈસ્લામની સાથોસાથ નાગરિક ધર્મ શીખવવાનો પણ સંકલ્પ જાહેર કરે. આતંકવાદના સ્થાનિક મૂળ ઉખાડી ફેંકવાથી લઈ ગૌવધ અટકાવવા સુધીના પ્રયાસો કરવા વાયદો કરે તેમજ કુટુંબ કાયદામાં બંધારણને માન આપવું કે કુટુંબ નિયોજન જેવી સરકારની પ્રગતિશીલ યોજનાઓમાં ધાર્મિક રુકાવટો ઊભી કરવાથી દૂર રહેવા સહમત થાય. મુસ્લિમ સમાજનું ઋણ અદા કરવા ખાતર આટલું કરી બતાવો અને પછી જુઓ કે તેની શી અસર હિંદુ પ્રજાપર થાય છે. સમાન નાગરિક દરજ્જો ભોગવવા માટે સમાન નાગરિક ફરજો પણ અદા કરવાની હોય છે.

આ સાથે હિંદુ સંગઠનો પણ રાષ્ટ્રની મુખ્ય ઘટક પ્રજાના પ્રતિનિધિ તરીકે બંધારણની આણ સ્વીકારે, શાંતિ જાળવવામાં સરકારનો સહયોગ કરે. હેવાનિયતનો સિલસિલો ચાલુ રહે તે દેશના હિતમાં નથી.

સૌજન્ય નિરીક્ષક ૧૬-૩-૨૦૦૨

## ૧૯. ગોધરાકાંડ અને ગુજરાતના પ્રત્યાઘાતો

**રમેશ બી. શાહ**

---

ગુજરાતમાં કોમી રમખાણોની પરંપરા ૨૧મી સદીમાં હજી લાંબા સમય સુધી જળવાઈ રહેશે એમ તાજેતરમાં થયેલાં અત્યંત હિચકારાં રમખાણો જોતાં લાગે છે. કોમી રમખાણોનો આરંભ સાબરમતી એક્સ્પ્રેસ પર હુમલો કરીને તેમાં બેઠેલા કારસેવકોને જીવતા જલાવી દેવાના હેવાનિયતભર્યા અને ઉશ્કેરણીજનક કૃત્યથી થયો. એ રીતે કોમી રમખાણોના આ દાવાનળની ચિનગારી ચાંપવાનું કૃત્ય કેટલાંક મુસ્લિમોએ કર્યું છે તે એક નિર્વિવાદ મુદ્દો છે. પરંતુ ગુજરાતમાં ફાટી નીકળેલાં ભયંકર રમખાણોના કાર્યકારણના સંબંધની બાબતમાં ગુજરાતમાં અને ગુજરાતની બહાર દૃષ્ટિભેદ સ્પષ્ટ રીતે ઉપસી આવ્યો. ગુજરાત બહારના મોટાભાગના સમીક્ષકોએ ગોધરાકાંડને પ્રવર્તમાન અયોધ્યાવિવાદના પ્રત્યાઘાતરૂપે જોયો છે. તેથી ગોધરાકાંડ પછી ગુજરાતમાં પ્રગટેલા દાવાનળની બાબતમાં બિનભાજપી રાજકીય પક્ષોનું વલણ ગુજરાતમાં પડેલા એવા જ હિચકારા પ્રત્યાઘાતો માટે ટીકાત્મક રહ્યું. બીજી બાજુ, ગુજરાતમાં હિંદુઓએ ગોધરાકાંડને એક સ્વતંત્ર ઘટના તરીકે જોયો તેથી એમણે આ રમખાણને ગુજરાતમાં અવારનવાર ફાટી નીકળતાં કોમી રમખાણોની એક આવૃત્તિ તરીકે જોયો.

ગોધરાકાંડના સ્વરૂપ અંગેની આ વિભિન્ન સમજ દેશના અન્ય ભાગોમાં પડેલા તેના પ્રત્યાઘાતોમાં પણ વ્યક્ત થઈ છે. ગુજરાતને બાદ કરતાં દેશના બીજા કોઈ ભાગોમાં હિંદુઓએ તેમના વિસ્તારોમાં રહેતા મુસ્લિમોને મારીને તેમની મિલ્કતો બાળીને તેનો જવાબ વાળ્યો નથી. જ્યાં સવાઈ હિંદુત્વ ધરાવતું સગંઠન સક્રિય છે એવા મુંબઈ-મહારાષ્ટ્રમાં પણ લોકોએ શાંત બંધ પાળીને પોતાના રોષને વ્યક્ત કર્યો. વધારે નોંધપાત્ર વાત એ છે કે સમગ્ર વિશ્વના હિંદુઓના પ્રતિનિધિત્વનો દાવો કરતી વિશ્વ હિંદુ પરિષદે પોતે આપેલા ભારતબંધના એલાનમાંથી દેશનાં અનેક રાજ્યોને બાકાત રાખ્યાં હતાં. દેશના અન્ય વિસ્તારોમાં વસતા હિંદુઓ અને ગુજરાતમાં વસતા હિંદુઓના પ્રતિભાવ વચ્ચે આટલો મોટો તફાવત કેમ? આ હકીકતના સૂચિતાર્થો સમજવા ઘટે. આની સાથે જોવા મળેલા રાષ્ટ્રીય સમૂહ માધ્યમોના વલણને પણ તપાસવાનું છે. આ માધ્યમોએ ગોધરાકાંડ પછી ગુજરાતમાં જે બન્યું તેને ઉપસાવીને સહાનુભૂતિના પ્રવાહને મુસ્લિમો તરફ વાળ્યો. આમ ગુજરાતનો પ્રતિભાવ સાવ નોખો પડી ગયો.

ગોધરાકાંડની બાબતમાં ગુજરાતની બહાર જે પ્રતિભાવો સાંપડ્યા તેમાં, ઉપર નોંધ્યું છે તેમ, એ હત્યાકાંડને જોવાનો દૃષ્ટિભેદ કેંદ્ર સ્થાને રહેલો છે. એ હુમલાની બાબતમાં એક બીજી સમજૂતી પણ આપવામાં આવી છે. તેમાં પાકિસ્તાનની નામચીન સંસ્થાનો હાથ છે એવા પુરાવા સાંપડ્યાનો હેવાલ અખબારોમાં પ્રગટ થયો છે. એમાં તથ્ય હોય તો તેનો અર્થ એ થાય કે દેશને કોમી વિગ્રહમાં સપડાવીને અરાજકતા સર્જવાનું એ એક આતંકવાદી કાવતરું હતું. હિંદુઓના આક્રમક જૂથોની લાગણી ઉશ્કેરવા માટે કારસેવકોનું લક્ષ્ય તેમના માટે એક ઉત્તમ પસંદગી હતી. તો આ મતમાં તથ્યાંશ હોય તો તેમની યોજના ગુજરાતમાં બરાબર પાર પડી પરંતુ દેશના અન્ય તમામ રાજ્યોમાં તે તદ્દન નિષ્ફળ નીવડી. આ કાવતરામાં પાકિસ્તાનની જાસૂસી સંસ્થા હોય કે ના હોય, ગુજરાત બહારના લોકોએ તેને એક આતંકવાદી ઘટના તરીકે જ જોઈ છે. દેશના અન્ય વિસ્તારોમાં વખતોવખત જે આતંકવાદી નરસંહાર થાય છે તેને જે રીતે જોવામાં આવે છે એ જ રીતે દેશના અન્ય વિસ્તારોમાં ગોધરાકાંડને જોવામાં આવ્યો છે. એ ઘટનાને

ગુજરાત બહારના લોકોએ મુસ્લિમોએ એક કોમ તરીકે હિંદુ કોમ પર હુમલો કર્યાં એ સ્વરૂપે જોઈ ન હતી, પણ તેને એક આતંકવાદી કૃત્ય તરીકે જ જોયું છે, પરંતુ ગુજરાતમાં આ હુમલાને બે કોમો વચ્ચેના વિગ્રહ તરીકે જ જોવામાં આવ્યો.

ગોધરાકાંડને જોવાનો આ દૃષ્ટિભેદ અન્ય હિંદુઓ અને સમૂહમાધ્યમોના પ્રતિભાવ માટે નિર્ણાયક નીવડ્યો છે. ગોધરાકાંડ આતંકવાદી સ્વરૂપની ઘટના હોવાથી તેની સામે એ જ સ્વરૂપનો હત્યાકાંડ આચરવો તે કોઈ ઉત્તર કે ઉકેલ નથી. દુનિયાના અન્ય કેટલાક દેશોની જેમ ભારત પણ હવે આતંકવાદના પંજામાં ફસાયેલો એક દેશ છે. દેશના જુદા જુદા વિસ્તારોમાં અવારનવાર કોમી સ્વરૂપની અને બીજી આતંકવાદી ઘટનાઓ બનતી જ રહે છે. એવી પ્રત્યેક હિંસાખોરીનો જવાબ એનાથી સવાઈ હિંસા કરીને વાળવામાં આવતો નથી. ગુજરાતમાં કેટલાક હિંદુત્વવાદીઓને જે ખબર પાડી દેવાનો અને વેરની વસૂલાત કરવાનો રાજપૂતી વટ અને વીરત્વ દાખવવાનો અભિગમ અપનાવ્યો તેની તર્કહીનતા ઈતિહાસસિદ્ધ છે. આપણા રાજપૂતોએ વટ જાળવવા ભારે વીરત્વ દાખવ્યું હતું, પરંતુ એ વીરત્વ દેશને ગુલામ અને બરબાદ થતાં રોકી શક્યું નહીં, આપણે વીરત્વ જરૂર દાખવવાનો છે અને વીરત્વ દાખવવાનાં ક્ષેત્રો શાણપણપૂર્વક પસંદ કરવાના છે.

ગુજરાતમાં થયેલી કોમી રમખાણોના સંદર્ભમાં અમેરિકાના તાજેતરના આતંકવાદી હુમલાને પરિણામે ત્રણેક હજાર વ્યક્તિઓના મોત નીપજ્યાં હતાં. એ આતંકવાદી હુમલો કરનારાઓ મુસ્લિમો જ હતા. પરંતુ તેના પ્રત્યાઘાતરૂપે બે ચાર જૂજ અપવાદો બાદ કરતાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં ન હતાં. અમેરિકાનો આ દાખલો ગુજરાત અને દેશ માટે કેટલો અને કઈ રીતે પ્રસ્તુત છે તે વિચારવા જેવું છે. ભારતમાં અને ગુજરાતમાં કોમી રમખાણોનો એક ઈતિહાસ છે અને ભાગલાની કડવાશ છે. વળી ગુજરાતમાં મુસ્લિમોની સંખ્યા અમેરિકાની તુલનામાં ઘણી વધારે છે. અમેરિકામાં થયેલો આતંકવાદી હુમલો મુસ્લિમોએ કર્યો હતો, પરંતુ તેમાં અમેરિકામાં વસતા મુસ્લિમોની કોઈ સંડોવણી ન હતી. ગુજરાતમાં થયેલા ગોધરાકાંડમાં સ્થાનિક મુસલમાનોની સામેલગીરી હોવા વિશે ભાગ્યે જ કોઈ મતભેદ છે. તેથી ગુજરાતમાં એ પ્રકારની આતંક્વાદી પ્રવૃત્તિના વધુ ઘેરા પ્રત્યાઘાત પડે તે સહજ છે.

આમ છતાં અમેરિકાનો પ્રત્યાઘાત બે રીતે આપણા માટે પ્રસ્તુત છે. અમેરિકામાં વ્યક્તિઓ પરના હુમલાની છૂટીછવાઈ ઘટનાઓ બનતાની સાથે વહીવટ તંત્રે તેને કડકાઈપૂર્વક દબાવી દેવા માટેનાં પગલાં ભરીને કાયદો અને વ્યવસ્થા જાળવવાની તેની જવાબદારી અદા કરી. વધારે અગત્યની બાબત એ છે કે અમેરિકાની સરકારે અને પ્રજાએ મુસ્લિમ આતંક્વાદીઓને સમગ્ર મુસ્લિમ સમુદાયથી નોખા પાડ્યા. એ આતંકવાદીઓને જેર કરવા માટે અફઘાનિસ્તાન પર હુમલો કર્યો ત્યારે પણ એ આક્રમણ મુસ્લિમોના આક્રમણમાં ન ખપે તેની પૂરી તકેદારી રાખી. બે સંસ્કૃતિઓના કલહ અંગેનો સિદ્ધાંત પ્રચલિત હોવાથી મુસ્લિમ આતંકવાદ સામેનો સંઘર્ષ એ મુસ્લિમ સભ્યતા સામેનું યુદ્ધ નથી તેની પ્રતીતિ તેણે મુસ્લિમ સમુદાયને કરાવી. ગુજરાતમાં અને દેશમાં આપણે હજી મુસ્લિમોના ઝનૂની આતંકવાદી જૂથોને સમગ્ર મુસ્લિમ સમુદાયથી નોખા પાડીને તેમની સાથે કામ પાડવાનો અભિગમ કેળવ્યો નથી. સામાન્ય માનવી આવો ભેદ ન પાડી શકે તે સમજી શકાય તેવી બાબત છે, પરંતુ પ્રજાનું નેતૃત્વ કરતા શાસકો એવો ભેદ ન કરે તે પ્રજાનું મોટું દુર્ભાગ્ય છે. સદ્ભાગ્યે, ગુજરાતની બહારના હિંદુ સમુદાયે આ ભેદ પાડીને સંયમી વર્તન દાખવ્યું. ગુજરાતમાં ગોધરાકાંડ પછી થયેલા હત્યાકાંડની કિંમત કેવળ મુસ્લિમોએ જ ચૂકવી નથી. રોજેરોજની કમાણી પર નભતાં લાખ્ખો કુટુંબોને વત્તા ઓછા પ્રમાણમાં તેની કિંમત ચૂકવવી પડી છે. આવકની નિશ્ચિતતા ધરાવતા મધ્યમવર્ગને રમખાણોમાં ઝાઝું ગુમાવવાનું નથી હોતું, પરંતુ જેમની

આવક અનિશ્ચિત હોય છે તેવા ગરીબ વર્ગોને મોટી પરેશાની ભોગવવી પડે છે. તેમાં હિંદુમુસ્લિમનો ભેદ રહેતો નથી.

ગુજરામાં વ્યાપક રીતે ફાટી નીકળતાં રમખાણોના પ્રસંગે શાંતિપ્રિય નાગરિકો દ્વારા શાંતિકૂચ યોજવાની એક પરંપરા છે. આવી શાંતિકૂચ પરિસ્થિતિ થોડેઘણે અંશે થાળે પડે એ પછી સામાન્ય રીતે નગરના બિનઉપદ્રવી વિસ્તારમાં યોજવામાં આવે છે. આ પ્રકારની ચેષ્ટાને સમાજનાં કેટલાક જૂથો અને અખબારો હાસ્યાસ્પદ અને ટીકાપાત્ર ગણે છે. ગાબડું છે મૂછમાં જૂઓ ટીકાનો એક મુદ્દો હોય છે. આવી કૂચ હિંદુ વિસ્તારમાં યોજાતી હોવાતી 'સંવેદનશીલ' હિંદુઓ છંછેડાય છે. તેઓને એવી પ્રતીતિ થઈ ચૂકી હોય છે કે અશાંતિના સર્જકો મુસ્લિમો છે, તેથી શાંતિ જાળવવાની અપીલ તેમને જ કરવાની હોય. મોટી સંખ્યામાં મુસ્લિમોને માર્યા પછીયે અને તેમની અસંખ્ય દુકાનો બાળ્યા પછીયે હિંદુઓ દૃઢપણે માનતા આવ્યા છે કે તેમણે જે કંઈ કર્યું છે તે તો કેવળ પ્રત્યાઘાત રૂપે જ કર્યું છે, અન્યથા તેમણે શાંતિ જ જાળવી છે. શાંતિપ્રિય મુસ્લિમો જો તેમના વિસ્તારમાં એવી કૂચ યોજી શકે તો તેમને પણ એ જ ટીકાનો ભોગ થવું પડે. આવી કૂચ સામાન્ય રીતે પરિસ્થિતિ થોડીઘણી થાળે પડે પછી જ યોજાતી હોવાથી ટીકાકારોને એક વધુ મુદ્દો સાંપડે છે.

શાંતિકૂચ યોજતા પ્રબુદ્ધ અને સંવેદનશીલ નાગરિકોની નિસ્બત કદરપાત્ર છે. તેઓને એમ લાગે છે કે સમાજ જ્યારે બળી રહ્યો હોય ત્યારે તેમને કોઈક કર્તવ્ય પ્રાપ્ત થાય છે. બૌદ્ધિકોએ આવી સ્થિતિમાં બહાર આવવું જોઈએ એવી અપેક્ષા પણ તેમની પાસે રાખવામાં આવે છે. (જો કે એવી અપેક્ષા રાખનાર પોતે જે માનતા હોય તેને બૌદ્ધિકો અનુમોદન આપે એટલી તેમની અપેક્ષા હોય છે.) દેશના ભાગલા વખતે દેશમાં થયેલી કોમી અશાંતિ વખતે ગાંધીજીએ કરેલી શાંતિયાત્રા આપણા સંસ્કારોમાં, વિશેષ કરીને વયસ્કોના ચિત્તમાં પ્રસ્થાપિત થઈ ગઈ છે. લોર્ડ માઉન્ટ્‌બેટને એ વખતે ગાંધીજી માટે ઉચ્ચારેલા શબ્દો આપણે ભૂલી શકતા નથી. પરંતુ આપણે એ યાદ રાખવું જોઈએ કે ગાંધીજી જે કરી શક્યા એ બધું આપણે ન કરી શકીએ. રસ્કિનનું 'અનટુ ધીસ લાસ્ટ' અસંખ્ય વાચકોએ વાંચ્યું હતું, પરંતુ તેમાંથી ગાંધી તો એક જ સર્જાયો. જ્યોર્જ ફર્નાન્ડીઝે રમખાણોના પ્રસંગે ગુજરાતની મુલાકાત લીધી ત્યારે ગુજરાતમાં નાગરિક નેતૃત્વના અભાવ અંગે રંજ વ્યક્ત કર્યો હતો. આ મુદ્દાને તપાસવો જરૂરી છે.

દેશમાં અને વિશેષ કરીને ગુજરાતમાં રાજ્યના વિકલ્પે 'ત્રીજી શક્તિ' કે 'લોકશક્તિ' તરીકે બિનસરકારી સંગઠનો મોટી સંખ્યામાં ઊભરી આવ્યાં છે. રાજ્યની વિકાસ અંગેની કામગીરી, ગરીબોના ઉત્કર્ષ માટેના કાર્યક્રમો, કુદરતી આપત્તિઓમાં રાહત કાર્યો વગેરેમાં રાજ્યની નિષ્ફળતા અને મર્યાદાઓના નિવારણ માટે આ સ્વૈચ્છિક સંગઠનો સક્રિય બન્યાં છે. આ વિચારતંતુને કાયદો અને વ્યવસ્થા જાળવવાની રાજ્યની જવાબદારી સુધી વિસ્તારવામાં આવે છે. રાજ્યનો વિકલ્પ શોધવાનો આ અભિગમ કાયદો અને વ્યવસ્થા જેવી પ્રાથમિક જવાબદારીની બાબતમાં જ નહીં, વિકાસ અને રાહત જેવી કામગીરીઓની બાબતમાં યોગ્ય નથી. આ બાબતમાં સ્વૈચ્છિક સંગઠનોની ગંભીર મર્યાદાને ઉપસાવવા માટે બે જ પ્રશ્નો પર્યાપ્ત છે. ગુજરાતના આશરે સવા કરોડ પૈકી, ગરીબો માટે કામ કરતાં સ્વૈચ્છિક સંગઠનો કેટલા ગરીબો સુધી પહોંચી શક્યા છે? કચ્છ અને ગુજરાતમાં થયેલા ધરતીકંપમાં પુનર્વસનની ગંજાવર કામગીરીમાં સ્વૈચ્છિક સંગઠનોનો ફાળો કેટલો છે? મુદ્દો એ છે કે સ્વૈચ્છિક સંગઠનોની કામગીરી 'માર્જીનલ' જ હોઈ શકે. તેથી રાજ્યે સ્વીકારેલી જવાબદારીઓની બાબતમાં તેને અસરકારક બનાવવાના પ્રયાસો પર જ ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ.

આપણે એ સમજી લેવું જોઈએ કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની રાજ્યની જવાબદારી છે. તેના વિકલ્પ તરીકે કોઈ વ્યવસ્થા કામ આપી શકે તેમ નથી. કોઈ નાગરિક

નેતા તેની નૈતિક શક્તિના આધારે એ કામ કરી શકે નહી. ગુજરામાં કોમી રમખાણો મોટા પ્રમાણમાં ફાટી નીકળ્યાં અને તે પ્રમાણમાં લાંબો સમય ચાલ્યા તે રાજ્યની નિષ્ફળતા જ છે. આ દાખલામાં ગુજરાતમાં રાજ્યની નિષ્ફળતા વધુ ચિંતાજનક અને ટીકાપાત્ર છે. આઘાત અને પ્રત્યાઘાતનો વૈજ્ઞાનિક નિયમ પામી ચૂકેલા મુખ્યમંત્રીએ પ્રત્યાઘાતને હળવો બનાવવા માટે તેમને જે સમય મળ્યો તેનો શું ઉપયોગ કર્યો? પ્રત્યાઘાત સહેજે ઊણો ન ઉતરે અને વિજ્ઞાનનો નિયમ બરાબર સાચો સાબિત થાય એ જોવામાં એમણે એ સમય વીતાવ્યો? પોલીસની સક્રિયતા દર્શાવવા માટે પોલીસે કરેલા ગોળીબારનાં રાઉંડનો અને પોલીસના ગોળીબારમાં મૃત્યુ પામેલાઓનો ‘સ્કોર‘ આપવાવામાં આવે છે, પરંતુ એ ભૂલી જવામાં આવે છે એક લશ્કરના માણસોએ ગોળીબારનો આશરો ભાગ્યે જ લીધો છતાં તે રમખાણો કાબૂમાં રાખી શક્યા. લશ્કરના માણસો પણ એ જ રીતે શિસ્તને બાજુ પર રાખીને વર્તવા માંડશે તો તેનું શું પરિણામ આવશે? મુદ્દો એ છે કે ગુજરાત સરકારે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નને તેના સંકુચિત પક્ષીય હિતની દૃષ્ટિએ જ જોયો છે. આતંકવાદીઓને તેમનો હેતુ પાર પડે તેમાં કેટલા માણસો મરે છે એ તેમની નિસ્બતનો વિષય નથી હોતો તેમ આ રાજકારણીઓને કોમી નરમેઘ યજ્ઞથી જો એમને ચૂંટણીમાં લાભ થતો હોય તો તેમને ગનીમત છે. કાયદા અને વ્યવસ્થાની બાબતમાં રાજ્યને નબળું રાખીને સમાજ નિરાંતની ઊંઘ લઈ શકે નહીં.

સૌજન્ય નિરીક્ષક ૧૬-૩-૨૦૦૨

**સંકલ્પ**

ગુરુ શિષ્યો સાથે પદયાત્રાએ હતા માર્ગમાં એક મોટી શિલા શિષ્યો
એ જોઈ,એક શિષ્ય બોલ્યો કે : ‘જગતમાં આ શિલાથી મોટી કોઈ વસ્તુ નહીં હોય.’
ત્યારે બીજો શિષ્ય કહે:
‘લોખંડ એ શિલાથી મોટું છે કારણ કે તે તેને પણ તોડી શકે છે.’
સાંભળી ત્રીજા શિષ્યે કહ્યું:
‘કે અગ્નિ લોખંડથી પણ મોટો છે કારણ કે, તે લોખંડને પણ ગાળી નાખે છે.’
ત્યારે ચોથા શિષ્યએ કહ્યું :
‘પાણી અગ્નિથી પણ મોટું છે. તે આગના અસ્તિત્વને ભૂંસી નાખી શકે છે.’
સાંભળી પાંચમાં શિષ્યે:
‘હવા તો પાણીથી પણ મોટી છે તે તેને પણ સૂંકવી શકે છે.’
પાંચ શિષ્યોના અલગ જવાબો હતા તો હકીકતે સૌથી મોટું કોણ ?
બધાં એ ગુરુદેવ પાસે જઈને કહ્યું : ‘ગુરુજી સૌથી મોટું કોણ ?’
ગુરુજી: ‘વિશ્વમાં સૌથી મોટો સંકલ્પ છે.
તમે કહો છો તેમાંથી કોઈ વસ્તુ પોતાની રીતે
કાર્ય નથી કરતી, જો તેની પાછળ માનવીનો સંકલ્પ હોય તો એ કાર્યરત છે.
જગતમાં માનવીના સંકલ્પથી કોઈ મોટું નથી ’

## ૨૦. કોમી આગમાં સ્ત્રીઓ

**હિમાંશી શેલત**

---

*'કોમી ગાંડપણ દરમ્યાન બહેનોને સૌથી વધુ સહન કરવું પડ્યું છે, એટલે તેમને માટે મારૂં હૃદય દ્રવે છે. પણ મને લાગે છે કે બહેનોને દોષમાંથી સર્વથા મુક્ત કરી શકાય તેમ નથી. માતાઓ, બહેનો, તથા પત્નીઓ તરીકે તમારી પૂરી અસર પુરુષો પર તમે પાડી શક્યાં હોત. તેને બદલે કેટલીક સ્ત્રીઓએ તો પરધર્મની બહેનો પર પોતાના પુરુષોએ કરેલા અત્યાચારને પોતાની કોમ સામે આચરેલાં પાપના યોગ્ય બદલા તરીકે સુદ્ધાં લેખ્યા છે. હિંદની પ્રાચીન સંસ્કૃતિને કીચડમાં ખેંચી જવામાં સ્ત્રીઓ સાધનભૂત બને એવી શરમનો સાક્ષી બની હું જીવવા નથી માંગતો.' -ગાંધીજી*

*ગાંધીજી આજે નથી એ સારું જ છે. હોત તો એમને કેવડી ભયાનક શરમના સાક્ષી બનવું પડ્યું હોત એ લખવા કલમ ટૂંકી પડે.*

*ધિક્કારની અને હિંસાચારની આ ભડભડતી આગમાં જો વિચાર કરવાની શક્તિ કે ઇચ્છા બચ્યાં હોય તો તમે અને હું ધારી શકીએ કે.*

*રમતાંરમતાં કે રડતાંરડતાં ઘરનાં કામો સાત-આઠની કાચી વયે આપણે કર્યાં, રમવા-ભમવામાં ચિત્ત હોવાથી કદીક વાસણ તૂટ્યું કે દૂધ ઊભરાયું હોય તો માને હાથે બે ધબ્બાયે ખાધા હશે. પછી ચૌદ-પંદરની વયે સપના સેવ્યાં હશે, સહિયારા સપનાં સુંદર અને સુઘડ ઘરના, પ્રેમાળ કુટુંબના, હરીભરી જિંદગીનાં, આકર્ષક વસ્ત્રો અને અલંકારોએ મન મોહ્યું હશે, મેંદીની સુવાસ અને હથેલીની ભાત ગમી હશે, વાળનું જતન કરવામાં રસ પડ્યો હશે, પરણીને પરઘેર જવા ટાણે આંખે આંસુનાં તોરણ બંધાયાં હશે. પછી નવા વાતાવરણમાં જાતને ગોઠવતાં ગોઠવતાં કદીક ઉપેક્ષાની બળતરા તો કદીક પ્રશંસાના ઉમળકા, કદીક અવસાદ તો કદીક ઉલ્લાસ વચ્ચે અટવાયાં હોઈશું અને પહેલું બાળક પડખે સૂતું હશે ત્યારે એ માખણપિંડ પર મૃદુતાથી આંગળી ફેરવી રોમહર્ષક વિસ્મયમાં ડૂબ્યાં હોઈશું.*

*આ બધું, આમાંથી અડધું યે, જો તમે અનુભવ્યું હોય તો આ જે બળેલીઝળેલી લાશ પડી છે એ કોઈ અજાણી સ્ત્રીની નથી, એ મારી કે તમારી જ છે. આ હતભાગી સ્ત્રી સાથે ટોળાંઓએ કેવો વહેવાર કર્યા છે એ લખવું નથી. આ ટોળામાં તમારી આસપાસનું કોઈ સામેલ હશે, કદાચ તમે જેને દીઠે ઓળખતાં હો એવુંય કોઈ અંદર હોય અથવા તો પછી મારા કે તમારા વિશાળ પરિવારમાંથીયે કોઈ હોવા સંભવ છે. આ ટોળાંનું તો કોઈ નામ નથી. આપણે તો માત્ર એટલું જાણીએ કે એ નથી પાતાળમાંથી ફૂટી નીકળ્યાં, નથી આકાશેથી ટપક્યાં. એ મારાતમારા શહેરમાં જ વસે છે.*

*આ એવા પુરુષોનું ટોળું છે જે માત્ર પોતાનું ઘર ભડભડતું રાખવા સ્ત્રી શરીરને સાધન બનાવે છે. જે નારી દેહમાંથી પોતાનો જન્મ થયો છે એ દેહને અપમાનિત કરવામાં એને સુખ મળે એટલી હદે એના ચિત્તમાં ગંદવાડ ભર્યા છે. ધિક્કારથી ભરેલું, વેરમાં સળગતું વિકૃત મન એટલે ગંદકીનો ગંધાતો ખાડો. એની નજીક ઊભા રહેવાનું કોણ પસંદ કરશે?*

*સ્ત્રીનો ધર્મ એક જ, જીવનનું રક્ષણ, સંવર્ધન, અને પ્રેમ. આથી જુદો સ્ત્રીનો કોઈ ધર્મ હોય ખરો? પ્રત્યેક યુદ્ધમાં, બધાંયે રમખાણોમાં એને ભાગે અસહ્ય પીડા અને લાચારી લખાયાં છે. પ્રાચીન કાળથી આજ સુધી એ વેઠતી આવી છે આ અન્યાય. એ સ્ત્રી ઝનૂને ચડેલા પુરુષોનાં ટોળાંને સમર્થન શી રીતે આપી શકે? એની નજર સામે કોઈ સ્ત્રી પર બળાત્કાર થતો હોય ત્યારે એ તરફડતા દેહની જગ્યાએ પોતાની જાતને ગોઠવી શકે તો પમાય કે આ ઝેરની વાવણી કરવાનું કામ એનું ન હોઈ શકે. જીવનને હણનારાં જે કોઈ પરિબળો ધર્મની આડશ લઈ સંહાર આચરતાં હોય તેને પડખે ઊભા રહેવાનું સ્ત્રીને શરમજનક લાગવું જોઈએ,*

કારણ કે જીવનને હણવું એ સ્ત્રીના અસ્તિત્વની ક્રૂર મજાક છે. જે જીવનને પોષવા એણે પોતાનાં મૂલ્યવાન વર્ષો આપી દીધાં છે એ જીવનને રહેંસી નાખવા ધસતાં ટોળાં પાછળ સ્ત્રીઓનો ટેકો હોય ખરો?

ધર્મ ગમે તે હોય, કોમ કોઈ પણ હોય, સંપ્રદાય જે હોય તે અને નામ કોઈ પણ હોય, વિધવા સ્ત્રીનું દુઃખ એક પ્રકારનું રહેવાનું, બાળકને ખોઈ બેઠેલી માનું કલ્પાંત સરખું જ હોવાનું, આંસુનો રંગ કે એની ખારાશ ધર્મનો ભેદ કરતાં નથી. રાક્ષસોની બર્બરતાનો ભોગ બનેલી સ્ત્રીઓની ચીસો નોખીનોખી હોય ખરી?

હા, આ હું કે તમે હોઈ શકીએ. ત્યાં પેલા ભડકે બળતા ઘરમાંથી ભાગતી વેળા દાદર પર જે ભયભીત બાળકની આંગળી છૂટી પડી એ બાળક તમારું કે મારું હોઈ શકે, પેલે ખૂણે રિક્ષામાં બેસી પરીક્ષા આપવા જતાં છોકરાંઓને ઘેરીને એમાંના એકને ટોળાંઓએ બેરહમીથી કાપી નાખ્યો એ મારો કે તમારો ભાઈ હોઈ શકે, પેલી જ્વાળાઓમાં લપેટાયેલા ડબ્બામાં ભડથું થઈ ગયેલું કુટુંબ આપણું હોઈ શકે અને રસ્તે ડરતાંડરતાં ચાલી જતી પેલી એકાકી વૃદ્ધાને આંતરીને જે નરરાક્ષસોએ એને મોતને ઘાટ ઉતારી તે આપણી જ મા નહિ હોય?

પ્રત્યેક સ્ત્રીએ વિચારવું પડશે, આજે અને અત્યારે જ, કે જગતભરની સ્ત્રીઓની પીડા એક જ છે - જાતને ઘસીને ઊભા કરેલા માળાઓને વેરવિખેર થતા જોવાની, બળીને રાખ થતા જોવાની, ધિક્કારની આગમાં હોમાયેલાં સ્વજનોના મૃતદેહો પાસે હૈયાફાટ કલ્પાંત કરવાની દાહક પીડા.

પોતાને થયેલા અન્યાય અને અપમાનનો બદલો લેવા માટે પાંડવોને પ્રોત્સાહિત કર્યા પછી યુદ્ધના અંતે દ્રૌપદીને પણ હિંસા અને યુદ્ધે નોતરેલા વિનાશની નિરર્થકતા સમજાયેલી. લોહીના દરિયામાં, છેદાઈ ગયેલાં અંગોને વળગીને વિલાપ કરતી સ્ત્રીઓને જો હિંસા અને વેરની નિરર્થકતા ન સમજાય તો અન્ય કોઈને એ સમજાય એવી ધારણા જ ઠગારી, પૃથ્વીપટે જીવનને આણવાની તીવ્રતમ પીડા જેણે વેઠી હોય તે જીવનનું મૂલ્ય પૂરેપૂરું પામે. જીવનને વેડફાતું, હોમાતું, રહેંસાતું જે સ્ત્રી નિરાંત જીવે જોઈ શકે તો એણે પ્રથમ તો પોતાનો શ્વાસ ચાલે છે કે નહીં એની ખાત્રી કરી લેવી પડે, અને કોઈના ઘર ભડકે બળતાં હોય ત્યારે માંહ્યલામાં કશીએ બળતરા થતી જ ન હોય તો પોતાનું આવી શિલામાં રૂપાંતર શી રીત થયું, અને એ કોણે કર્યું, એવો સવાલ પણ જાતને પૂછી લેવો પડે.

સૌજન્ય નિરીક્ષક ૧૬-૩-૨૦૦૨

---

**ગિરાની ઊર્જા**

જનકરાજા અને યાજ્ઞવલ્ક્યઋષીનો સંવાદ

જનકનો પ્રશ્નઃ 'પ્રકાશ ક્યાંથી મળે ?'

યાજ્ઞવલ્ક્યઋષીનો જવાબ : 'સૂર્યજ્યોતિમાંથી '

જનકનો પ્રશ્નઃ 'સૂર્ય આથમે ત્યારે ? '

યાજ્ઞવલ્ક્યઋષીનો જવાબ : 'ચંદ્રમાંથી '

જનકનો પ્રશ્નઃ 'ચંદ્ર ના હોય ત્યારે ?'

યાજ્ઞવલ્ક્યઋષીનો જવાબ : 'અગ્નિમાંથી'

જનકનો પ્રશ્નઃ 'એ ત્રણેય ના હોય ત્યારે?'

યાજ્ઞવલ્ક્યઋષીનો જવાબ : 'વાણીના પ્રકાશની મદદથી વ્યકિત ઊઠે, બેસે, ક્રિયાઓ કરે, પોતાનો હાથ પણ દેખાતો નથી, એવા અંધકારમાં પણ શબ્દધ્વનિના આધારે મનુષ્ય-પ્રાણીમાત્ર દિશા નક્કી કરે છે.

## ૨૧. સમરસ સમાજ : ગાંધીજીની મથામણ

**સુદર્શન આયંગાર**

---

*વ્યક્તિ અને સમષ્ટિમાં સુમેળ હોય ત્યારે સમરસ સમાજ બને છે. ગાંધીજીની સમજ હતી કે એ સમરસતા કેળવવા વ્યક્તિ અને સમૂહે સમજ અને જવાબદાર વર્તનમાં રહેવું જોઈએ. અહિંસા સમાજની એમની કલ્પનામાં પ્રેમબળ મુખ્ય છે. અને તેના થકી જ સમાજ સમરસ બને. એવા સમરસ સમાજના નિર્માણ માટે એ મૃત્યુ પર્યંત મથ્યા અને એને માટે જ જીવનો ભોગ આપી દીધો. સમરસ સમાજ અંગે એમની મૂળ સમજ શું હતી તે વિશે એમના વિચાર નીચે મુજબ હતા.*

*×આપણા જમાનાની હિંદી સંસ્કૃતિ આજે ઘડાઈ રહી છે. આજ એકમેક સાથે ઝઘડતી લાગતી એવી બધી સંસ્કૃતિઓનું એક સુસંમિશ્રણ નિપજાવવા માટે આપણાંમાંના ઘણા લોકો મથી રહ્યા છે. કોઈ સંસ્કૃતિ એકાકી રહેવા મથે તો તે જીવિત ન રહી શકે. શુદ્ધ આર્ય સંસ્કૃતિ જેવી કોઈ ચીજ આજ હિંદમાં હયાત નથી. આર્ય લોકો અહીંના મૂળ વતની હતા કે આજ દેશ પર ચડી આવી ઘૂસી જનારા હતા એ પ્રશ્નમાં મને બહુ રસ નથી. મને મહત્ત્વ લાગે છે એ સત્ય હકીકતનું કે મારા પુરાણપૂર્વજો પૂરી છૂટથી એકમેકમાં ભળ્યા અને આ જમાનાના આપણે બધા એ સંમિશ્રણનું ફળ છીએ. આપણે તે જન્મભૂમિનું આપણને વહનાર આ નાનકડી ધરતીમાતાનું ભલું કરીએ છીએ કે એને ભારરૂપ થઈએ છીએ, એ તો ભવિષ્યે બતાવવું રહ્યું. × (હરિજન બંધુ ૧૭-૫-૩૬)*

*×સમાજની મારી કલ્પના એ છે કે આપણે બધા સરખા જન્મેલા છીએ, એટલે કે આપણને સરખી તક મેળવવાનો અધિકાર છે, છતાં સૌની શક્તિ સરખી નથી. એ વસ્તુ સ્વભાવતઃ જ અશક્ય છે. દાખલા તરીકે સૌની ઊંચાઈ, રંગ કે બુદ્ધિ સરખી ન હોઈ શકે. એટલે કુદરતી રીતે કેટલાકની શક્તિ વધારે કમાવાની હશે અને કેટલાકની ઓછી કમાવાની. બુદ્ધિશાળી માણસોની શક્તિ વધારે હશે, અને તેઓ પોતાની બુદ્ધિનો એ માટે ઉપયોગ કરશે. જો રહેમ રાખીને બુદ્ધિ વાપરશે તો તેઓ રાષ્ટ્રની સેવા કરશે. એવા લોકો રક્ષક તરીકે જ રહી શકે, બીજી કોઈ રીતે નહી. હું બુદ્ધિશાળી માણસને વધુ કમાવા દઉં. હું તેની બુદ્ધિના વિકાસને રોકું નહીં. પણ જેમ બાપના બધા કમાતા દીકરાની આવક કુટુંબના સહિયારા ખાતામાં જમા થાય છે તેમ એમની વધારે કમાણીનો મોટો ભાગ રાષ્ટ્રના હિત માટે વપરાવો જોઈએ. તેઓ પોતાની કમાણી રક્ષક તરીકે જ રાખી શકે. આવું હું જરાય ન કરી શકું એવું બને. પણ હું એને માટે પ્રયત્ન કરી રહ્યો છું. × (નવજીવન ૨૯-૧૧-૧૯૩૧)*

*ગાંધીજીના સમસ્ત લખાણોનો સંકલિત સંગ્રહ એટલે કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી. ભારત સરકાર દ્વારા સૌ પ્રથમ અંગ્રેજીમાં કામ થયું, પછી હિંદીમાં સંપૂર્ણ ગાંધી વાંગ્મય અને ત્યાર બાદ ગાંધીજીનો અક્ષરદેહ પ્રકાશિત થયાં. પરંતુ પ્રસંગોપાત નાના જૂથોમાં અને સાથીદારો સાથે જીવન ગાળતા અને વાતચીતમાં રજૂ કરેલા ગાંધીજીના વિચારો પૈકી નોંધવાલાયક ઉદ્‌ગારો નવેમ્બર ૧૯૧૭થી ઑગસ્ટ ૧૯૪૨ સુધી મહાદેવભાઈની ડાયરીઓમાં મળે છે. જાહેર પ્રવચનો, પોતાના પ્રકાશનોમાંનું લખાણ અને દેશવિદેશના પત્રકારોને આપેલી મુલાકાતોના અંશો કલેક્ટેડ વર્ક્સમાં મળી આવે છે જેમાંથી ગાંધીજીનું માનસ અને વિચાર જણાઈ આવે છે પરંતુ જીવાતા જીવનમાં સહજ ઉચ્ચારેલા ઉદ્‌ગારોમાં ભારતીય સમાજને સમરસ બનાવવા માટે એમની મથામણ નવી ઊંડાઈએ જોઈ શકાય છે. તેથી આ સંકલનમાં સમરસ સમાજમાં રહેલા હિંસક ભાવ, વેરભાવના, સ્વભાવ અને કર્મો વિશેની ટીકા દુઃખ, નિરાશા અને ક્રોધ, જે*

મહાદેવભાઈની ડાયરીની નોંધોમાં મળી આવે છે, તે આપવાની કોશિશ છે. અનૌપચારિક ઉદ્ગારો અને જાહેરમાં કરેલાં પ્રવચનો પહેલાં ચર્ચા અને વાતચીત દ્વારા ગાંધીજીની સમજ વધુ છતી થાય છે, ત્યારે એમના વ્યક્તિત્વની ઈમાનદારી વિશેષ ખીલે છે. આપણને એ સમજાય છે કે એમણે સમાજના તૃણમૂલના સ્વભાવની સુપેરે ખબર હતી અને એ આધારે એ પોતના અંતર્બળ પ્રેમબળને ઉત્કટતાપૂર્વક અને જુસ્સાપૂર્વક સમાજમાં મૃત્યુપર્યંત ઠાલવતા રહ્યાં. ધર્મ વિશેષ લોકો માટે કેટલી સમાન્ય માન્યતા બની જાય છે તેવી ગાંધીજીની પણ બનેલી દેખાય છે, પણ તેના લીધે તેઓ સૌની જેમ પૂર્વાગ્રહથી ગ્રસિત હતા એવું ધરાર ન સમજવું. એમના એવા ઉદ્ગારો સહજ હતા. વ્યક્તિ અને સમૂહની વિશેષ સારી કે ખોટી લાક્ષણિકતાઓને સ્વીકારી વૈમનસ્ય થાય ત્યારે પ્રેમરસ વહેવડાવી સમરસતા લાવવી એ જ એમનો પ્રયાસ.

સમાજને સમરસ બનાવનાની પ્રક્રિયામાં સામાજિક સ્તરે બે રસ ખૂબ કડવાં હતા. વસતીની દૃષ્ટિએ મોટી બહુમતી ધરાવતા હિંદુ સમાજની સમરસતામાં ઝેર સમા રસ અસ્પૃશ્યતાનો અને લઘુમતી સંપ્રદાયો એમાં પણ વિશેષ કરીને મુસ્લિમ સંપ્રદાય સાથેની ઊભય પક્ષે સાંપ્રદાયિક અસહિષ્ણુતાનો ઝેરી રસ. પરિવાર અને સમાજ બેઉ આ કડવો રસ દરેક નવી પેઢીનાં બાળકોને ગળથૂથીમાંથી પાતા આવ્યા છે. વ્યક્તિના સ્વરાજ માટે ગાંધીજીએ આશ્રમી જીવન ગાળવા ઈચ્છુક અને સત્યાગ્રાહી બનવાની તાલીમલેનારાઓ માટે એકાદશ વ્રત આપ્યાં એમાં બે વ્રત સર્વધર્મ સમભાવ અને અસ્પૃશ્યતા નિવારણ સામાજિક સમરસતા કેળવવા માટેનાં સમાજસુધાર માટે આવી વિલક્ષણ બુદ્ધિ અને સમભાવ રાખવાવાળી આ એક અનેરી વ્યક્તિ હતી. સમાજની વિષમરસતાએ આઝાદીની લડાઈની રાજનીતિમાં પણ પ્રવેશ કર્યો અને વરવું સ્વરૂપ લીધું. આમ, ગાંધીજીની સમરસ સમાજરચનાની મથામણ બે સ્તરે ચાલી. એક, સામાજિક સ્તરે, કેમકે એમની પાકી સમજ હતી કે જ્યાં સુધી સાથે રહેતા લોકોની સમજ, માન્યતાઓ, અને માનસ નહી બદલાય ત્યાં સુધી વ્યવહારમાં પરિવર્તન આવી શકે નહીં. સમરસ સમાજની રચના એ ગાંધીજીનો માનવીય મુદ્દો છે. તેઓ જ્ઞાતિ અને કોમના અસ્તિત્વને સામાજિક ઉત્ક્રાંતિની સહજ પ્રક્રિયા માનતા હતા. જુદા જુદા સામાજિક ઘટકોના બનેલા સમાજમાં માનવમાત્રની સમાનતા એ હૃદય અને બુદ્ધિની તમામ ઉત્કટતાથી માનતા હતા અને તેથી સદ્ભાવયુક્ત સહઅસ્તિત્વના મૂલ્યને પ્રસ્થાપિત કરવાનો એમનો આદર્શ હતો. એના માટે વ્યક્તિ સ્તરે પણ સુધાર કરવાનો હોય અને તેથી એકાદશવ્રતમાં અસ્પૃશ્યતામાં ન માનવું અને સર્વે ધર્મો પ્રત્યે સમભાવ (મમભાવ) રાખવાનાં જે વ્રત સામેલ છે તેમનો આજીવન અભ્યાસ પણ આવે છે.

બીજું, જ્ઞાતિ અને કોમ રાજનૈતિક બન્યા વગર રહે જ નહીં કારણ કે લોકતંત્રના રાજકારણમાં પણ બળૂકી કોમો નબળી કોમો પર જોહુકમી કરતી થઈ જાય. હિંદુસ્તાનના કિસ્સામાં ૧૮૫૭ના ગદર પછી ૧૮૬૦માં જ્યારે હિંદુસ્તાન મહારાણીના સામ્રાજ્યનો સીધો હિસ્સો બન્યું (અને ઈસ્ટ ઇંડિયા કંપનીની સરકારે રુખસત લીધી) ત્યારથી હિંદુ અને મુસલમાનો વચ્ચે વૈમનસ્ય પેદા કરી જાણીતી બનેલી 'ડિવાઈડ એંડ રુલ'ની નીતિ અપનાવવામાં આવી. ગાંધીજીનો દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ હિંદીઓની એકતા સિવાય શક્ય જ નહોતો. વધુમાં ઊભય પક્ષે સમજ હતી કે મુદ્દો રંગભેદનો છે અને કોમ કે જાતિ વચ્ચેનો નથી. હિંદુસ્તાનમાં અંગ્રેજોના રાજને ૧૮૫૭ સુધી ૧૦૦ વરસ થઈ ગયા હતા અને અંગ્રેજ શાસકોને દેશ અને સમાજની નસ પકડાઈ ગઈ હતી. ગાંધીજી ૧૯૧૫માં દેશ પરત આવ્યા ત્યારે એમને દેશની જમીની હકીકતનો ખ્યાલ આવી ગયો હતો કે જ્ઞાતિ અને કોમ બેઉ રાજનૈતિક મુદ્દા બનશે. આમ, ગાંધીજીના કોમી એકતાના પ્રયાસોમાં રાજનૈતિક સ્તરે રણનીતિનો આશરો લેવાનો વારો આવ્યો. એવી જ રીતે ૧૯૩૦ની લાહોર કૉન્ગ્રેસના પૂર્ણ સ્વરાજના ઠરાવ બાદ

અને બીજી ગોળમેજી પરિષદની મંત્રણાઓ પછી ડૉ. આંબેડકર દ્વારા દલિત જાગૃતિ, ચળવળ અને બળુકી રજૂઆતના લીધે દલિતોને મુસલમાન અને શીખોની જેમ જુદા મતદારમંડળનો નિર્ણય અંગ્રેજ સરકારે કર્યો, ત્યારે જ્ઞાતિનો મુદ્દો પણ રાજનૈતિક બની ગયો. ગાંધીજીની સમજ પ્રમાણે અંગ્રેજોની આ નીતિ હિંદુ સમાજને તોડી નાખવાની હતી અને એક નવીન કોમનું નિર્માણ કરી સમાજની સમરસતાને કાયમ માટે ખતમ કરી દેવાની હતી. એ નીતિ હિંદુસ્તાન માટે ઘાતક હતી અને તેથી ગાંધીજી મરણિયા બન્યા અને વાત વિખ્યાત પૂના કરાર સુધી આવી.

ઉપરોક્ત બે મુદ્દાઓ વિશે એક વધુ વાત સમજવા જેવી છે. સનાતની હિંદુ હોવા છતાં અસ્પૃશ્યતા વિશે ૧૦ વરસના મોહનને અસહમતિ હતી. ઉકાભાઈને કેમ ન અડકાય? માને સવાલ પૂછે છે કે ‘જો આપણા સૌમાં વિષ્ણુનો વાસ હોય તો ઉકાભાઈમાં કેમ નહીં? અને જો એનામાં પણ હોય તો એને અડકાય કેમ નહીં?’ દક્ષિણ આફ્રિકામાં આ મુદ્દે કસ્તૂરબાને ઘરેથી બહાર કાઢી મૂકવા પણ તત્પર થઈ ગયા હતા. કોચરબ આશ્રમમાં દૂદાભાઈના પરિવારને વસવાટ કરવા દેવા માટે જ્યારે અંદરથી જ વિરોધ થયો ત્યારે સૌના અળખામણા બનીને પણ એકલા એ પરિવાર સાથે રહેવાની મક્કમ તૈયારી બતાવી. અસ્પૃશ્યતા ગાંધીજી માટે સૌ પ્રથમ સામાજિક અને ધાર્મિક મુદ્દો છે. આઝાદીની લડતની રાજનીતિમાં એ મુદ્દો તો પાછળથી આવે છે પણ કોચરબ આશ્રમનાં એ પ્રકરણથી શરૂ કરીને હિંદુમુસ્લિમ ઐક્ય માટે શહાદત વહોરી તે દિવસ સુધી અસ્પૃશ્યતા-નિવારણ માટે એક દિવસ પણ એ ચૂક્યા નથી, એ આજની સ્થિતિમાં પણ વિશેષ રૂપે નોંધવા જેવું છે. આજે રાજનૈતિક સ્તરે તો આ મુદ્દો ખૂબ જલદ બન્યો છે પણ સામાજિક સ્તરે ભાગ્યે જ કોઈ ગંભીર, નોંધપાત્ર અને સાતત્યપૂર્વકનો પ્રયાસ ચાલી રહ્યો છે. આજે પણ જે હંગામા ખડા કરી રહ્યાં છે, તેમનો મકસદ સૂરત બદલવાનો દેખાતો નથી. જ્ઞાતિ એ આજના લોકતંત્રમાં વોટબૅંકની રાજનીતિનો ગરમાગરમ મુદ્દો રહે છે. હિંદુમુસ્લિમ ઐક્યનો સવાલ તો આઝાદીની લડતની રાજનીતિમાં ૧૮૫૭ પછીથી જ ઊંડાણથી અંગ્રેજો દ્વારા પેસાડવામાં આવ્યો. ચિનગારી તો હતી જ, અને ભાગલા કરો અને રાજ કરોની નીતિની હવાએ જ્વાળાઓને જાહેરમાં પ્રકટ કરી. ગાંધીજી પણ આ મુદ્દે રણનીતિ બનાવીને લડે છે પણ મૂળમાં તો આને પણ સામાજિક મુદ્દો માને છે અને મૃત્યુ પર્યંત પોતાની તમામ શારીરિક અને આત્મિક શક્તિથી ઝઝૂમ્યા કરે છે. આઝાદી પછીના કાળમાં બન્ને મુદ્દા વોટબૅંક અને તુષ્ટીકરણની ઘાતક રમતના શિકાર બન્યા છે, અને બેઉ મુદ્દે આજે હૃદય અને લાગણીના સ્તરે પ્રેમબળની જગ્યા તીવ્ર ઘૃણાએ લીધી છે. બુદ્ધિનો ઉપયોગ પણ આ ઘૃણાના અગ્નિને વધુ પ્રજ્જ્વલિત કરવામાં જ થઈ રહ્યો છે.

મહાદેવભાઈની ડાયરીઓના પ્રકાશન સમયે એમના ઘનિષ્ટ મિત્ર અને આ ડાયરીઓના સંપાદનનું બીડું ઝડપનારા નરહરિ પરીખ લખે છે, કે ×૧૯૧૭ના નવેમ્બરમાં મહાદેવભાઈ બાપુ સાથે જોડાયા ત્યારથી જ તેમણે ડાયરી રાખવાનો વિચાર રાખેલો જણાય છે. શરૂ શરૂમાં બાપુએ લખેલા મહત્ત્વના કાગળોની નકલો પોતાની ડાયરીમાં કરી લેતા. પછી બાપુના ઉદ્‌ગારોની, તેમની સાથે પ્રસંગોપાત થયેલી નોંધો તેમણે ડાયરીમાં લખવા માંડી.× (આ ડાયરીઓના ૨૩ ભાગ નવજીવન મુદ્રણાલય, અમદાવાદ દ્વારા મુદ્રિત અને ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયા છે અને ઉપલબ્ધ છે.) ડાયરીની પહેલી નોંધ ૧૩-૧૧-૧૯૧૭ની છે. મહાદેવભાઈની પ્રકાશિત ડાયરીના ૨૩ પુસ્તકોની સૂચિ આપણે જોઈએ તો અસ્પૃશ્ય, અસ્પૃશ્યતા, હિંદુ-મુસ્લિમ એકતા, અને તેવા અર્થના શબ્દો દરેક પુસ્તકમાં ૫ થી ૫૦ પાનાં સુધી પથરાયેલા છે. ઔપચારિક લેખો અને જાહેર વક્તવ્યો જે કલેક્ટેડ વર્ક્સમાં પ્રકાશિત થયા છે તે સિવાય આજે બંધારણમાં જે અનુસૂચિત જાતિ તરીકે ઓળખાય છે તે સમાજ માટે અને કોમી વૈમનસ્ય ઠારવા અંગેના

મહાદેવભાઈની ડાયરીઓમાં નોંધાયેલા તેમના ઉદ્‌ગારો અને ચર્ચામાં પ્રકટ થયેલા વિચારો અને આચારોને જ બહાર લાવવાનો યત્ન કરીએ, તો બન્ને વિષય પર ૫૦૦થી વધુ પાનાંના પુસ્તકો થાય. પ્રસ્તુત સંકલનમાં કદમર્યાદાને લીધે ચૂંટેલા ભાગો જ મૂક્યા છે. પ્રયત્ન એવો રહ્યો છે કે જે વાતો અને લખાણો ક્લેક્ટૅડ વર્ક્સમાં નથી લેવાયા તે વાચક સમક્ષ મૂકીએ. પણ સંદર્ભ હોય ત્યાં એવા લખાણો પણ છે જે કલેક્ટેડ વર્ક્સમાં પણ લેવાયા છે અને જેનો મૂળ સ્રોત મહાદેવભાઈની ડાયરીઓ જ છે.

હિંદુમુસ્લિમની સમરસતા સાંધવાના ગાંધીજીના ઉપવાસ સહિતના પ્રયત્નો એમના જીવનકાળમાં પણ કાયમી ઉકેલ લાવી શક્યા નહોતા. ભાગલા પાડવાની રાજનીતિએ દેશના ખરેખર ભાગલા પાડ્યા. કૉન્ગ્રેસ અને મુસ્લિમ લીગે અંગ્રેજો સાથે બેસી ભારત દેશના બે ભાગ હિન્દુસ્તાન અને પાકિસ્તાન કર્યા. આ નિર્ણયની અસર અતિ ભયાનક થઈ. કોમી વિદ્વેષનો દાવાનળ ભડકી ઊઠ્યો. બન્ને નવા દેશોમાં અતિ હિંસક અને બર્બર કોમી રમખાણો ફાટી નીકળ્યાં. ગાંધીજી બધું મૂકીને ચાલી નીકળ્યા લોકો પાસે, ત્રાહિતને સાંત્વન, હિંમત અને હૂંફ આપવા અને ત્રાસ ગુજારનારાઓ પર પુણ્યપ્રકોપ વરસાવા. દૈનિક ક્રિયાકલાપ નોંધવા મહાદેવભાઈ તો જીવિત નહોતા, પણ પૌત્રી સમી મનુ ગાંધી પહોંચી. બાપુએ ડાયરી લખવા કહ્યું જેની દરેક નોંધ વાંચીને સહી કરે. નોઆખલી પહોંચી ત્યારે ૧૯ વરસની અને ગાંધીજીએ વિદાય લીધી ત્યારે ૨૦ વરસની - મનુબહેને નોઆખલી, બિહાર અને દિલ્હીના ગાંધીજીના જીવનના અંતિમ દિન સુધી ડાયરી લખી છે. પ્રસ્તુત સંકલનમાં બીજો સ્રોત આ મનુબહેન ગાંધીની ડાયરીઓ છે.

સૌજન્ય નિરીક્ષક ૧૬-૩-૨૦૦૨
(મો. ૯૮૯૮૬૩૬૯૧૬)

**મૂળ સરનામું**

રાબિયાને ત્યાં હુસેન મહેમાન થયા,
જે એક કુટિયામાં ઊતર્યા છે. સવારનો સમય હતો, સૂર્યનાં સુંદર કિરણો વિખેરાયાં
હતાં પક્ષીની ચહલ પહલ શરૂ થઈ, સરોવરમાં તરંગ ઊઠી રહ્યા છે. મંદ, સુગંધ વાયુ લહેરાઈ રહ્યો છે. માનો ભગવાનનાં દ્વાર ખુલી રહ્યાં છે. એ સમયે રાબિયા કુટિયાની અંદર ચાલ્યા ગયા. હુસેનને થયું કે અહીં કુદરતમય સવાર છે ને રાબિયા અંદર શું કરે છે?

એટલે સાદ પાડી કહ્યું:
'અહીં કેટલી સુંદર લાલિમા પ્રસરી રહી છે અને તમે અંદર શું કરી રહ્યાં છો?
જરા બહાર આવો, આજનો સૂરજ કંઈ જુદો-અનોખો છે. જરા જુઓ તો?'
સાંભળી રાબિયાએ કહ્યું કેઃ 'તમે, સૂરજને જુઓ. હું અંદર જેણે સૂરજ બનાવ્યો છે એને જોઉં છું.
જે સૂર્યનો પણ સૂર્ય છે,સૂર્યનું જેણે નિર્માણ કર્યું છે,
હું ત્યાં પહોંચી ગઈ છું.'

**પરમાત્મા**

રમણ મહર્ષિને એક પ્રશ્ન પૂછાયો હતોઃ
'પરમાત્મા શું છે?'
રમણ મહર્ષિઃ 'તારું શુદ્ધ મન જ પરમાત્મા છે.'

## ૨૨. હિંદુ-મુસલમાન સમાજની સમરસતા માટે

**મહાદેવભાઈની ડાયરીમાંથી**

*૩-૩-૧૯૧૮ (પુસ્તક ૪, પાના નં ૪૯)*

*હડતાળ ચાલતી હતી તે દરમ્યાન મજૂરોની સભામાંથી ઘેર આવતી વખતે મુસલમાનોના જુસ્સા તથા ઝનૂન સંબંધી વાત નીકળતાં નીચેના ઉદ્ગાર કાઢ્યા. બે વાતમાં તો મારા ઉપર ભારે બળાત્કાર કરું છું. ઉપર ઉપરથી વિચારતાં તો એકદમ થઈ જાય છે કે અંગ્રેજોને હિંદમાંથી હાંકી જ કાઢવા જોઈએ. પરંતુ ઊંડે ઊંડે કાંઈક એવી લાગણી થાય છે, કે નહીં, તેમની સાથેના સંબંધમાં હિંદનું શ્રેય છે. એટલે હું બળાત્કારે તેમના ઉપર પ્રેમ કરું છું. તેવી જ રીતે મુસલમાનોના સંબંધમાં. હિંદુ અને મુસલમાન આપણે બે ભાઈઓ કહીએ છીએ, પરંતુ તેઓ આજે ભાઈઓ છે તે મારા ખ્યાલમાં આવી શકતું નથી. મેં હિંદુસ્તાનમાં પણ આગેવાનો સાથે વાત કરી છે અને ઘણાં તો હિંદુ-મુસલમાનની એકતા માનતા જ નથી. હિંદુ-મુસલમાન એકતાની વાતો કરે છે, પણ હૃદયથી માનતા નથી. છતાં આ બાબતમાં પણ મારા મનમાં ઊંડે ઊંડે એમ થાય છે કે હિંદુ મુસલમાન કોઈ દહાડો એક થશે. એમને એક થયે જ છૂટકો છે. જૂનું સંભાર્યા કરીએ તો એમ થાય કે એક નહીં થવાય. પરંતુ પાછલું આપણે ભૂલવું જ જોઈએ. દુનિયામાં એવું જ થતું આવ્યું છે. આ બળાત્કારે પ્રેમ કરવાનો દાખલો છે. હિંદુ ધર્મ એટલો વિશાળ છે કે તે આ સાધી શકે એમ હું માનું છું. તેથી કદી ધર્મના ભેદ ભૂંસાઈ જશે એમ નહીં, પણ હિન્દુ ધર્મ પોતાની દયાભાવના વડે મુસલમાનોને વશ કરશે. હિંદુ ધર્મના મૂળમાં એ રહેલું છે. પણ હિંદુ લોકો એટલે દરજ્જે ચડે ત્યારે એ વાત બને. આપણામાં શુદ્ધ દયા હોય તો અત્યારે આપણે મુસલમાનોને વશ કરી શકીએ. પરંતુ હિંદુઓ ક્યારે એટલે દરજ્જે ચડશે તે અત્યારે કહેવું મુશ્કેલ છે.*

*૮-૪-૧૯૧૯ના રોજ મુંબઈમાં વહેંચાયેલી પત્રિકા (પુસ્તક ૫, પરિશિષ્ટ ૧, પાના નં ૫૩૩ થી ૫૩૫)*

*હિંદુ-મુસલમાન એકતાનું વ્રત*

*સોનપુરીની મસ્જિદ કંપાઉન્ડમાં હિંદુ અને મુસલમાનોની જે જંગી સભા ગયા રવિવારે થઈ હતી, તેમાં જેમ ચોપાટી ઉપર સ્વદેશી વ્રતની સૂચના થઈ હતી તેમ અહીં હિંદુ-મુસલમાન વચ્ચેની એકતા વિશે વ્રત લેવાની સૂચના થઈ, અને જેમસ્વદેશી વ્રતને વિષે મારે સાવચેતી આપવી પડી તેમ જ આ સંબંધે મેં કહ્યું હતું. અમુક પ્રસંગે હર્ષાવેશમાં આવીને આપણે ઘણાં કાર્યો કરવાને તૈયાર થઈ જઈએ છીએ. અને પાછળથી કેટલીક વેળા પસ્તાવું પડે છે. વ્રત એ ધાર્મિક વસ્તુ છે અને કોઈ વ્રત આપણે આવેશમાં લઈ શકતા જ નથી. મનને શુદ્ધ કરી, ચિત્તને શાંત કરી, ઈશ્વરને દરમ્યાન રાખીને જ વ્રતો લઈ શકાય. સ્વદેશી વ્રતને વિશે લખતાં મેં જે ટીકા કરેલી તે ટીકા અહીં પણ લાગુ પડે છે. જે કાર્ય આપણે સાધારણ સંયમ પાળીને એકધારું કરી શકતા નથી તે કાર્ય કરવામાં મદદ મળવાને સારુ વ્રતરૂપી મહાસંયમ પાળીએ છીએ. અને તેથી જ વ્રતને વિષે એવી કલ્પના છે કે મનુષ્યો વ્રતો લઈને અને તેને પાળીને જ ઘડાય છે. હિંદુ અને મુસલમાનો બંને કોમ અરસપરસ મૈત્રી રાખે અને એક માના જણ્યા જે પ્રમાણે વર્તે તે પ્રમાણે આ બન્ને કોમ વર્તે એ સ્થિતિ અલૌકિક કહેવાય. આવી સ્થિતિ હિંદુસ્તાનમાં પ્રગટ થાય તેના પહેલાં બન્ને કોમોએ ઘણો ત્યાગ કરવો પડશે. બન્ને કોમો પોતાની વાતોમાં ઘણી આકરી કહેવતોનો ઉપયોગ કરે છે કે જેનો ભાવ એકબીજાની વચ્ચે વિરોધ દર્શાવનારો અને વધારનારો હોય છે. કેવળ હિંદુ મંડળમાં આપણે ઘણી વખત મુસલમાનોની વાતો કરતાં કઠોર શબ્દો વાપરતાં અચકાતા નથી અને તેવું જ મુસલમાનોના મંડળમાં છે. ઘણાઓ તો એમ જ માને છે કે હિંદુ-મુસલમાન*

વચ્ચે સમસ્યા છે, અને તે કોઈ પણ રીતે ન ઉકેલાય તેવી છે. ઘણી જગ્યાએ આપણે જોઈએ છીએ કે બન્નેની વચ્ચે એકબીજાને વિષે અવિશ્વાસ વર્તે છે. મુસલમાનો હિંદુઓ તરફથી ભય ખાય છે; હિંદુઓને મુસલમાનોનો ભય લાગે છે. આ કફોડી અને કંગાળ સ્થિતિમાં દિવસે દિવસે સુધારો થતો જાય છે એ શક વિનાની વાત છે. કાળ તેનું કામ કર્યા જ કરે છે. ભાવે અભાવે પણ આપણે એકઠા થઈને રહેવું પડે છે. પણ વ્રત લેવાનો અર્થ તો એ છે કે જે વસ્તુ કાળે કરીને વહેલી મોડી થવાની છે એવો સંભવ છે તે વસ્તુને આપણે મહાસંયમ પાળીને વહેલી હસ્તીમાં લાવવી. એ કેમ બને? હિંદુઓની એટલે ચુસ્ત હિંદુઓની સભા મળવી જોઈએ, અને તેઓએ આ વિષે પુખ્ત વિચાર કરવો જોઈએ. હિંદુઓની મુસલમાન ભાઈઓ પ્રત્યે હંમેશા એક ફરિયાદ રહ્યાં કરે છે કે તેઓ ગોમાંસનું ભક્ષણ કરે છે, અને ખસૂસ કરીને બકરી ઈદને દિવસે ગાયનું બલિદાન આપે છે. જ્યાં સુધી ગાયને બચાવવાને ખાતર ઘણા હિંદુઓ મુસલમાનને મારવા સુદ્ધાં પણ તૈયાર થઈ જાય ત્યાં સુધી સામાન્ય મુસલમાન અને હિંદુ વચ્ચે ખરી એકતા થવી એ અસંભવિત જ ગણાય છે. કેમકે આપણા બળાત્કારથી મુસલમાન ભાઈઓ ગૌવધનો ત્યાગ કરે એ હું ફોગટ આશા માનું છું. ગૌરક્ષિણી સભાઓના પ્રયાસથી ગૌવધની સંખ્યામાં કંઈ ઘટાડો થયો હોય એમ હું માનતો નથી. એમ માનવાને મને એક પણ કારણ મળ્યું નથી. હું મને પોતાને ચુસ્ત હિંદુ માનું છું. અને મારી એવી માન્યતા છે કે શુદ્ધમાં શુદ્ધ રીતે હિંદુ ધર્મનું પાલન કરનારથી ગૌવધ કરનારનું ખૂન કરીને ગાયને બચાવાય નહીં. હિંદુઓ પાસે ગાયનો બચાવ કરવાનો એક જ ઈલાજ છે, અને તે એ કે ગાયનો વધ ન જોઈ શકે તો તેને પોતાનું બલિદાન આપવું. એવી રીતે યોગ્ય અધિકારી હિંદુ થોડાઘણા પણ બલિદાન આપે તો મારી ખાતરી છે કે અસંખ્ય મુસલમાન ભાઈ ગૌવધનો ત્યાગ કરે. પણ એ તો સત્યાગ્રહ થયો, એ તો વિનય થયો. જેમ હું મારા ભાઈ પાસેથી કાંઈ પણ દાદ મેળવવા માગું તો મારી ઉપર કષ્ટ વહોરી લઈને માગી શકું છું, મારા ભાઈને દુઃખ દઈને નથી માગી શકતો. હકથી તો કાંઈ મંગાય જ નહીં. મારા ભાઈની સામે મને એક જ હક છે અને તે એ કે મારે મરી છૂટવું. એવો શુદ્ધ પ્રેમભાવ જ્યારે હિંદુઓના હૃદયમાં સ્ફુરી નીકળે ત્યારે જ હિંદુ-મુસલમાનની એકતાની આશા રાખી શકાય. જેમ હું હિંદુ ભાઈઓ સાથે વાત કરું તેમ મુસલમાન ભાઈઓ સાથે વાતચીત કરવી ઘટે. તેમની ફરજ હિંદુ પ્રત્યેની શી છે એ તેમને જાણી લેવું જોઈએ. બન્નેની વચ્ચે જ્યારે ત્યાગવૃત્તિ જ રહે, બન્ને પોતાની હકની તજવીજ ન કરે અને ફરજ અદા કરવાને મથે ત્યારે જ ઘણા વર્ષનો ભેદભાવ છે તે ટળવા પામે. બન્નેના મનમાં એકબીજાના ધર્મ પ્રત્યે માન હોવું જોઈએ. કોઈ એકબીજાનું બૂરું એકાંતમાં પણ ન ઈચ્છે અને કોઈ આકરા શબ્દો વાપરે તો એને તેમ કરતો અટકાવવાને સારું વિનયપૂર્વક સમજાવે. આમ મહાપ્રયત્ન થાય ત્યારે જ ભેદભાવ ટળે. એ પ્રમાણે કરવાને જ્યારે ઘણા હિંદુ અને મુસલમાન તૈયાર થાય ત્યારે આપણે લીધેલું વ્રત શોભે. આ વ્રતની મહત્તા અને કઠિનાઈ સહેલાઈથી સમજાઈ શકે એમ છે. મારી ઉમેદ છે કે આ શુભ પ્રસંગે અને દેશની અંદર જે વખતે સત્યનો ભારે આગ્રહ વર્તી રહ્યો હોય એ પ્રસંગ શુભ જ હોય તેવે પ્રસંગે આપણે એકતાનું વ્રત લઈએ એ હું ઈચ્છું છું.

(ઘટનાક્રમ ઝડપથી બદલાય છે. ૧૯૧૯માં રૉલટ એક્ટની સામે અસહકારની લડાઈ માંડવાની છે. પણ એમાં દેશની સમગ્ર પ્રજાએ ભાગ લેવાનો છે. હિંદુ-મુસ્લિમ સંબધો અને એકતા એ જરૂરી છે. તે સંદર્ભે આ પુસ્તિકા વહેંચાયેલી.)

૧૮-૯-૧૯૨૪ (પુસ્તક ૬, પાના નં ૧૯૬ અને ૧૯૮ થી ૨૦૦)

(ખિલાફત આંદોલનના સમયે હિંદુ-મુસ્લિમ ઐક્યનું અનેરું દષ્ટાંત જોવા મળેલો. ખિલાફત અને અસહકાર આંદોલનની નિષ્ફળતા બાદ બન્ને કોમો વચ્ચેનો વિદ્વેષ ફરી દેખાયો અને એણે રમખાણોનું સ્વરૂપ લીધું. ૯-૯-૧૯૨૪ના

*રોજ હાલ પાકિસ્તાનના કોહાટ (ખૈબર વિસ્તારમાં પખ્તૂન દેશ) શહેરમાં રમખાણ થયાં હતાં તેના લીધે હિંદુઓએ હિજરત કરી. ગાંધીજીએ આંદોલનની નિષ્ફળતાના કારણમાં પોતાની તપશ્ચર્યા ઓછી પડી એવું માન્યું અને ૧૯ સપ્ટેમ્બરથી ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા. તે વખતે ડાયરીમાં ઝિલાયેલા મહાદેવભાઈ સહિત સૌની ગાંધીજીના સ્વાસ્થ્યની ચિંતા અને ગાંધીજીના વિચારો તે અહીં રજૂ કરેલ છે.સં)*

મારા ગયા પત્રનો અંત ગભરાટવાળો હતો, તે પછી બીજો લખી શકવા જેટલી સહમતિ મેળવી શકીશ કે નહિ તેની ખાતરી નહોતી. બે દિવસ એ જ દશા રહી. આંખોના પૂર અટકે જ નહિ. કોઈ પણ રીતે બાપુ ઉપવાસ છોડે તો કેવું સારું, ન કરે નારાયણ અને એ શરીર પડે તો શું થશે! એ બધી લાગણીઓથી દલીલો કરવાની ના પાડેલી છતાં, હું દલીલો કર્યા કરતો હતો. એટલે બીજે દિવસે બાપુ કહેઃ 'તારી સાથે ૨૪ કલાક વાત કરવા તૈયાર છું. પણ તું બરાબર સમજી લે.' આમ કહી ઘણો વખત મને સમજાવવામાં આવ્યો.

૧૮મીની સવાર થઈ. ઘરના સૌ, હું, બીજાના મોં ઊતરેલા હતા. બાપુએ પછી વાતો શરૂ કરી.એટલામાં મુલતાનથી એક ગામડાનો વૃદ્ધ કદાવર મુસલમાન દરવાજા ઉપર સ્વયંસેવકોને ધક્કો મારતો દોડતો દોડતો અંદર આવ્યો, ગાંધીજી સાથે હાથ મિલાવ્યા, અને બેઠો. એના આનંદનો પાર ન હતો, ત્યાં તો મહમદઅલીએ કહ્યું, 'તમને ખબર છે કે એમણે ૨૧ દિવસના રોજા શરૂ કર્યા છે - મુસલમાનો અને હિંદુઓ લડતા બંધ નથી થતા તે માટે?' ડોસો ઝંખવાણો પડ્યો, કહેવા લાગ્યો, 'બન્ને કોમના બદમાશોને કોઈ ભંભેરે છે, અને આ ઝઘડા થાય છે. અમે તો કોઈ લડતા નથી.' એટલું કહી રોજા છોડવાનો આગ્રહ કરવા લાગ્યો, 'પાશેર દૂધ પીતા જાઓ. બહુ ઓછું ખાઓ, એકાંતરે ખાઓ. તમારા જેવાને તો ખાવું, બેસવું, ઊઠવું બધું ઈબાદત છે.'

ખૂબ રાજી થઈને ગાંધીજી કહે, 'અને ન ખાવું -રોજા - એ પણ ઈબાદત ન હોય?' પેલો મૂંઝાયો, 'પણ મારી એક મુફલિસની આજીજી સાંભળીને તો ખાઓ.' કહી ઉઠયોઃ 'ફિર દસ બીસ રોજ કે બાદ આ જાઉંગા.' બાપુ કહેઃ 'જરૂર, બીસ રોજ કે બાદ આના.'

મને પૂછવા લાગ્યા, 'વારુ, મહાદેવ, ચૌરીચૌરા વિશે અને મુંબઈ વિશે ઉપવાસ કર્યા તે તમે સમજો છો ખરા?' 'હા; જરૂર.' 'ત્યારે આ ઉપવાસ કેમ ન સમજો?' મેં કહ્યુઃ 'ત્યાં તો તમે તમારો ગુનો માનેલો, અહીં તો ગુનો માની લેવાનું કારણ નથી. અહીં તમે કોઈ ગુનો કર્યો હોય એમ તો કોણ કહી શકે?'

'હેં, એટલી ગેરસમજ! ચૌરીચૌરામાં તો મને કદી ન જોયેલા, ન ઓળખેલા એવા માણસો હતા. અહીં તો મને જાણનારા, મારી સાથે સહોબત કરવાનું કહેનારા છે.'

'શૌકતઅલી અને મહમદઅલી તો અટકાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. પણ આ બાજી હાથમાં નથી, કેટલાક માણસો એમના હાથમાં પણ ન આવે તેને તેઓ શું કરે, તમે શું કરો? એ તો સમય જતાં સુધરશે.'

'એ તો તમે બીજી વાત કરી. શૌકતઅલી અને મહમદઅલી એ કુંદન છે. તેઓ ખૂબ પ્રયત્ન કરી રહ્યાં છે. પણ આ બાજી હાથમાં નથી, છ મહીના પહેલાં હતી. હું જાણું છું કે આ ઉપવાસથી તેમનાં અંતર ખળભળી ઊઠશે. પણ તે એની આડકતરી અસર છે. પણ કોઈની ઉપર અસર ઉપજાવવા ખાતર તો આ ઉપવાસ નથી કરતો.'

'પણ આપનો ગુનો તો આપે કશો ન જણાવ્યો'?

'ગુનો? મેં તો હિંદુ કોમની સાથે વિશ્વાસઘાત કર્યો કહેવાય! મેં તો હિંદુઓને મુસલમાનોની સાથે ભેટવાનું કહ્યું; તેમની પાક જગ્યાઓના રક્ષણ માટે તન, મન, ધન અર્પણ કરવા કહ્યું; આજે પણ તેમને અહિંસાનો, મારીને નહિ પણ મરીને ઝઘડો શાંત કરવાનો પાઠ આપી રહ્યો છું; અને તેનું પરિણામ શું જોઉં છું? કેટલાં મંદિરો તૂટ્યાં? કેટલી બહેનોએ મારી આગળ ફરિયાદ કરી છે! કાલે જ મેં હકીમજીને કહ્યું કે બહેનો મુસલામન ગુંડાઓથી ડર્યો જ કરે છે, ઘણે ઠેકાણે

તેમને બહાર નીકળવું મુશ્કેલ છે.

'ભાઈનો પત્ર આવ્યો છે, તેનાં બાળકો ઉપર જે વીતી તે કાંઈ સંખાય? હું હિંદુને હવે શું મોઢું લઈને કહું કે તમે સહન કર્યા કરો. મેં તો તેમને વિશ્વાસ આપેલો કે મુસલમાનોની મહોબતનું સરસ ફળ આવશે, ફળનો વિચાર કર્યા વિના તેમની સાથે મહોબત કરો. એ વિશ્વાસ સાચો પાડવાની આજે મારી શક્તિ નથી રહી, નથી મહમદઅલીની કે શૌકતઅલીની. મારું વચન કોણ સાંભળે છે? છતાં હિંદુને મારે મરવાની વાત કરવી રહી. તે હું મરીને જ કરી શકું, બીજી શી રીતે બતાવું?'

'આ ઉપવાસની પાછળ જેટલો ઊંડો વિચાર રહેલો છે તેટલો ઊંડો વિચાર ભાગ્યે જ અગાઉ બીજા ઉપવાસોને વિશે થયો હશે. આવો ઉપવાસ તો અસહકાર શરૂ કર્યો તે દિવસનો મેં કલ્પી રાખેલો. અસહકારના આરંભ વખતે મને થયેલું કે આવું ભયંકર શસ્ત્ર લોકોના હાથમાં મૂકું છું અને એનો દુરુપયોગ થાય તો? તો પ્રાણ પાથરવા પડશે. એ વેળા આજે આવી છે. અત્યાર સુધીના ઉપવાસોનો ઉદ્દેશ તો મર્યાદિત હતો. આ વેળાના ઉપવાસ તો વિશ્વવ્યાપી છે. આમાં પારાવાર પ્રેમ રહેલો છે. અને આજે એ સાગરમાં હું નાહી રહ્યો છું.'

૫-૨-૧૯૨૫ (પુસ્તક ૭, પાનાં ૧૨૬-૧૩૨માંથી)

(ગાંધીજી હિજરત કરીને આવેલા કોહાટના હિંદુઓને પહેલા ૯ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ રાવલપિંડીમાં મળ્યા હતા, ૧૨ ડિસેમ્બરના રોજ કોહાટનાં રમખાણો અંગે એસોસિએટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપી હતી. ૫ ફેબ્રુઆરીના રોજ તેઓ હિંદુઓને ફરી મળ્યા તેની વિગત ડાયરીની એક નોંધ આપવામાં આવી છે.સં)

કોહાટમાં હિંદુ-મુસ્લિમ રમખાણના પરિણામે ત્યાંથી નાસી આવીને રાવલપિંડીમાં રહેલા હિંદુઓ સમક્ષ બોલતાં ગાંધીજીએ કહયું :

'ગયા ડિસેમ્બર મહિનામાં હું અહીં હાજર થયો હતો, અને તમારી સાથે થોડી ગુફ્તેગો પણ કરી હતી. એ વેળાએ મેં કહ્યું હતું કે તમે બધા કોહાટ ન ગયા હશો તો હું પાછો આવી જઈશ, અને તમારી સાથે મસલત કરી લઈશ. અને મુસલમાન ભાઈ કોહાટથી આવી જશે તો થોડી તપાસ પણ કરી લઈશ.

'થોડા મુસલમાન ભાઈઓ કોહાટથી આવ્યા છે. અને એમની સાથે હું વાતચીત પણ કરી રહ્યો છું. એનું પરિણામ એ આવ્યું છે કે હું કોઈ પણ રીતે તમને એવી સલાહ નથી આપી શકતો કે તમે કોહાટ પાછા જાઓ. હું એવી ઉમેદ કરતો હતો કે એમની સાથે વાતો કરવાથી કાંઈ સારું પરિણામ આવશે. હું નાઉમેદ તો નથી થયો, પણ આજે તો કોઈ એવી ચીજ નથી કે જેથી હું તમને સલાહ આપી શકું કે તમે કોહાટ પાછા જાઓ બલ્કે એથી ઉલ્ટું કહેવાનું મન થાય છે. સંભવ છે કે આ મુસલમાન ભાઈઓની સાથે વાતો કરવામાં હું સફળ ન થાઉં. વળી જે મુસલમાનોનો પ્રભાવ આજે કોહાટમાં બેસી ગયો છે તે મુસલમાન અહીં આવ્યા નથી. એમણે તો એવો તાર પણ મોકલ્યો છે કે, ×અહીં સુલેહ થઈ ગઈ છે, અને હિંદુઓ કોહાટ પાછા આવી રહ્યા છે. ત્યારે અમને શા સારુ બોલાવો છો? અને સૌને ફરી પાછા શા સારુ ગભરાટમાં નાખો છો?× આની મતલબ એ છે કે શૌકતઅલીએ અને મારે આ વાતમાં માથું ન ઘાલવું જોઈએ. પણ જે મુસલમાન અહીં આવ્યા છે તેમની સાથે વાતો કરીને જ્યારે મેં પૂછ્યું કે, × તમે હિંદુઓને કોહાટ લઈ જવાની જવાબદારી લો છો? × ત્યારે કોમના એક સાહેબે સાફ કહી દીધું કે, ×અગર હિંદુ પાછા આવવા માગતા હોય તો ભલે આવે પણ અમે કોઈ જવાબદારી નથી લઈ શકતા. અમે એમને ઈજન પણ નથી દઈ શકતા. કારણ આજે જે હિંદુ ત્યાં છે તેમની ઘૃણા થાય છે. × એટલે કોહાટ પાછા જવાની સલાહ હું તમને નથી દઈ શકતો.

'એક બીજી વાત છે. જો તમે સરકારની તાકાતથી ત્યાં જવા માગતા હો અને સરકાર સાથેની મસલતમાંથી તમારામાં કાંઈક વિશ્વાસ પેદા થતો હોય તો પાછા જવા તમે મુખત્યાર છો. પણ આખરે તો આ સરકારની સાથે અને

એની મારફત કામ લેવાથી આપણે ફાયદો નથી ઉઠાવી શકવાના એવું હજી પણ હું દૃઢતાપૂર્વક માનું છું. અને તેથી હું સલાહ નથી આપતો કે સરકારની તાકાતથી તમે ત્યાં જાઓ. તમારે જ્યાં રહેવાનું છે, ત્યાં તમારા પોતાના બળ ઉપર આધાર રાખીને રહેવાનું છે.

'કોહાટ જવાને માટે જો કોઈપણ માણસોની સાથે મસલત કરવાની જરૂર હોય તો તે મુસલમાનો સાથે છે. એક તો એમની સંખ્યા મોટી છે. જો સંખ્યા સરખી હોત, તો પણ આપણે ડરીને અહીં ભાગી આવ્યા છીએ એટલે એમની સાથે મસલત કર્યા સિવાય ત્યાં જવામાં આપણને લાભ નથી. કોઈ માણસ પૈસાને ખાતર અથવા પોતાનો જાન બચાવવા ખાતર પોતાની ઈજ્જત ગુમાવી ત્યાં જાય એ જુદી વાત છે. મારા વિચાર પ્રમાણે એમ જીવવું એ જીવવું નથી પણ મરવા સમાન છે.

'જે અતિશય ખેદકારક વાત કાલે મારા જાણવામાં આવી તે એ કે તમારામાંથી કેટલાકે તો પોતાનો જાન બચાવવા માટે ઈસ્લામ ધર્મ કબૂલ કર્યો, અને પછી અહીં આવ્યા. મારી દ્રષ્ટિએ તેઓ સાચા મુસલમાન નથી થયા, પણ ડરના માર્યા અને જાન બચાવવા માટે મુસલમાન થયા છે. એમ ન હોય તો એ શા સારુ એમ કહે કે મારી ચોટલી કાપો, અથવા મને કલમો પઢાવો. એમ કરીએ તો પછી ગાયત્રીનો કશો અર્થ નહિ રહે, અને આપણું હિંદુપણું પણ નકામું ગણાય. પછી ભલે એ શીખ હોય કે આર્યસમાજી. મારા કહેવાનો મતલબ એ છે કે આપણી હસ્તી મટી જાય તો પણ આપણી માન્યતા ન મટવી જોઈએ. આપણું ખરું ધન દ્રવ્ય નથી, જમીન અને જર પણ નથી. એ તો લુંટાય એવી વસ્તુઓ છે. પણ આપણું સાચું ધન ધર્મ છે. જ્યારે આપણે એ ખોઈએ ત્યારે આપણે પોતે જ આપણા ઘરને લૂંટીએ છીએ એમ કહેવાય. જ્યારથી મેં આવી વાતો સાંભળી છે ત્યારથી મને લાગ્યું છે કે ત્યાં જઈને રહેવા માટે તમને ફાયદો નથી. ધન અથવા જિંદગીની લાલચથી તમે ઘણું ગુમાવી રહ્યાં છો.

'મુસલમાનો કોઈકની ઓરતને ભગાવીને પણ લઈ જાય છે, અને એની પાસે ઈસ્લામ કબૂલ કરાવે છે. મને સમજમાં નથી આવતું કે આમ કરવાથી એ હિંદુ સ્ત્રી, મુસલમાન શી રીતે થઈ ગઈ! એ કુરાન નથી જાણતી. એ કલમાને નથી જાણતી. અરે એ તો પોતાના ધરમને પણ બહુ થોડો જાણે છે. એવી સ્ત્રી ઈસ્લામી બની શકે છે એ તો મારાથી સમજાતું જ નથી. મારી ઓરતને ભગાડીને કોઈ લઈ જાય, અને એ કલમો પઢી લે તો મારું પૃથ્વી પર જીવવું અશક્ય થઈ પડે. યા તો હું તમને આવીને કહું કે મને મદદ કરો, અથવા તો એને પાછી હિંદુ ધર્મમાં લઈ લો. આમ ન કરું તો હું નામર્દ બની જાઉં. હું તેનો પતિ હોવાનો દાવો ન કરી શકું. જો તમે ઈંસાન હો, અને ઈંસાન રહેવા ઈચ્છતા હો તો તમે એકરાર કરો કે આ સ્થિતિ બદલાય નહિ ત્યાં સુધી અમે કદી કોહાટ જઈશું નહિ.

'મને કહેવામાં આવ્યું છે કે જો કોહાટી હિંદુ કોહાટ પાછા ન જાય તો એમ બને કે બીજા હિંદુઓ પણ સરહદથી ભાગી આવે. મને લાગે છે આમ થાય તો એ ઠીક છે. હું તો કહું છું કે તમે ત્યાં તમારા બળે રહો અથવા મુસલમાનોની દોસ્તીથી રહો. હું નથી ચાહતો કે હિંદુ નામર્દ બને. હું હિંદુ મુસલમાન બન્નેને મર્દ બનાવવા ઈચ્છું છું. હું ઈચ્છું છું કે બન્નેની તાકાત સાથે સાથે વધે. હિંદુની તાકાત મુસલમાનનો નાશ કરીને વધે યા મુસલમાનની તાકાત હિંદુનો નાશ કરીને વધે એ મારાથી સહ્યું જાય એમ નથી. હિંદુ ધર્મ એવું નથી શીખવતો કે મારે બીજા ધર્મનો નાશ કરવો..

'કાલે જે મામલો રજૂ થયો હતો કે, હિંદુ ઓરતને મુસલમાન બનાવી શકાય છે, એ વાત મને ગળે ઊતરતી નથી. એ વાત હું મુસલમાન ભાઈઓ સાથે વધારે સમજી લેવા ઈચ્છું છું. ઈસ્લામ શું એવું શીખવે છે કે કોઈ મારી ઓરતને ભગાડી શકે? મારી સ્ત્રીને ખબર પણ ન હોય કે ઈસ્લામ શું છે; ઈસાઈ ધર્મ શું છે. એ હિંદુ ઘરમાં પેદા થઈ છે, રામનામ લે છે, રામાયણ અને ભાગવત વાંચી લે છે. ઈસ્લામી બનવામાં એણે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો

નથી. એ પોતાના ધર્મને વળગી રહી છે; અને તે પણ પૂર્ણ શ્રદ્ધાથી જ. આવી સ્ત્રીએ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે એમ કહેવામાં આવે તો શું સમજવું? એણે જાણીબુજીને ઈસ્લામ કબૂલ નથી કર્યો, અને તેથી એ પોતાની જાતને ઈસ્લામી મનાવવાને તૈયાર નથી. હું મુસલમાન ભાઈઓ સાથે મસલત કરવા માગું છું કે શું તમારો ધર્મ એવું કહે છે કે કોઈની સ્ત્રીને ભગાડી શકાય? અને મુસલમાન બનાવી શકાય? સરહદમાં રહેતી કોઈ હિંદુ ઓરત ઉપર બળજબરી થાય એ મારે માટે અસહ્ય છે. જો કહેવામાં આવે કે એણે ઈસ્લામ કબૂલ કર્યો તો હું માનવાને તૈયાર નથી. આથી હું તમને કહેવા માગું છું કે, જો તમે ધર્મને પ્યારો માનતા હો તો ત્યાં પાછા ન જાઓ. જ્યાં સુધી ત્યાંના મુસલમાન કહે નહિ કે, ×ઈજ્જતની સાથે આવો× ત્યાં સુધી ન જાઓ. ત્યાં જઈને તમે રૂપિયા કમાઈ લો, પણ ધર્મને ખોઈને ત્યાં રહો તો એ મારે માટે મિટ્ટી બરાબર છે.

'અત્યાર સુધી તમે ભૂખે મરી નથી ગયા. ડિસેમ્બરમાં મેં એ પણ કહ્યું હતું કે, હું એ વાતને પણ બરદાસ્ત નથી કરી શકતો કે જેના હાથપગ ચાલી શકે છે તે ભીખ પર રહે એટલે કે, બીજાની પાસેથી અનાજ માગીને જીવે. એમ જીવવાની સલાહ આપું તો હું ગુનેગાર થાઉં. આજે પણ એ જ વાત પર કાયમ છું. આથી જ મેં કોહાટ માટે એક પૈસાની પણ માગણી કરી નથી. હું ત્યારે જ ફંડ ભેગા કરું કે જ્યારે મને પત્તો મળે કે આ પૈસા શાને માટે માંગવામાં આવે છે. મેં કોઈ યાદી નથી કરી. હા, એ ખરું, કે કોઈએ કાંઈ મોકલ્યું હોય તો હું અહીં મોકલી આપું છું. પણ જો તમે મારી સલાહ પ્રમાણે ચાલો, અને જેને હાથપગ હોય તે એના બળે, રળીને ખાય તો હું તમને પૂરી મદદ દેવાની પાછી પ્રતિજ્ઞા કરું. (સ્થળના અભાવે ટૂંકાવ્યું છે)

'કેટલીક વાતો સાંભળીને હું બહુ શરમાયો. મેં સાંભળ્યું છે કે, કોહાટી હિંદુઓમાંથી કેટલાક જુગાર રમે છે; કેટલાક એક વખત રેશન લીધા છતાં ફરી પાછા રેશન માગે છે અને ન મળે તો ઝઘડો કરે છે; પોતાની પાસે સુજની હોય છતાં બીજી માગે છે અને એ વેચી પૈસા એકઠા કરે છે. આથી મને ભારે દુ:ખ થાય છે. કોહાટમાં જે થયું તે હું બરદાસ્ત કરી શકું છું પણ આ જો બધું સાચું હોય તો એ મારાથી બરદાસ્ત ન થાય. તમે જો આવા જ રહેવા ઈચ્છતા હો તો કોહાટ પાછા જાઓ, અને તમારા ધર્મને ડુબાવો. મારા વિચારમાં ધર્મનો એ અર્થ નથી કે કોઈ ગાયત્રી પઢે તો એટલા જ કારણે એ હિંદુ થઈ જાય. મારા મતે તો તે જ હિંદુ છે કે જેના હૃદયમાં ગાયત્રી લખેલી હોય. ગ્રંથસાહેબનો કેવળ પાઠ કરી લેવાથી કોઈ શીખ નથી બનતો. જે સાચા તોરથી ગ્રંથસાહેબને પોતાના હૈયામાં સાચવે તે જ શીખ છે. વેદમંત્રોને કોઈ અચ્છી રીતે ગાઈ શકે તેથી તે આર્યસમાજી નથી બનતો. પણ એ મંત્રોને જીવનમાં ઉતારે તો એ સાચો આર્યસમાજી બને છે. મુસલમાનોને પણ કહીશ કે માત્ર કલમા પઢ્યાથી જ હું મુસલમાન થઈ શકું? એટલે તમારે વિશે મેં જ્યારથી આ વાત સાંભળી છે ત્યારથી હું ખૂબ ગભરાઈ ગયો છું.

'આ કળિયુગ છે અને આવા જ પ્રસંગોને લીધે આપણો અધ:પાત થયો છે. મારી તમને પ્રાર્થના છે કે, તમે આવી રીતે વર્તીને મારા જેવાઓને ન શરમાવો. જો તમારે એવું જ કરવું હોય તો તમે મને અલગ કરો. કારણ હું તમારી સેવાને લાયક નથી રહેતો.

'આવી હાલતમાં કોહાટ ન જવામાં માલવિયા મહારાજ મારી સાથે સંમત છે. મેં એમને અહીં આવવાની તકલીફ ન આપી કારણ વડી ધારાસભામાં બેંગૉલ ઑર્ડિનન્સનો ફેંસલો થઈ રહ્યો છે. અને ત્યાં એ રોકાયેલા છે. એઓ આવવાને તૈયાર હતા, પણ મેં એમને કહ્યું કે, આ વેળા તમને તકલીફ નથી આપવાનો. લાલાજી પણ આજે અહીં આવી ગયા છે. એમણે લાહોરથી ફૉન કર્યો હતો. મેં એમને બોલાવી લીધા પણ આપણા દુર્ભાગ્યે એઓ બીમાર પડ્યા છે, અને આજે અહીં આવી શક્યા નથી. એમને અહીં - રાવલપિંડી - આવવાની તસ્દી મેં એટલે આપી કે અમો બન્ને એકમત ન થઈએ તો તમે છેતરાઓ.

અમારી ત્રણેયની એક જ રાય છે. ઈસ્લામને વિશે જે વાત મેં તમને કહી છે તે તેઓ જાણતા નથી. પણ જે વસ્તુ કોહાટમાં થઈ છે તે વિશે તેમણે એ જ રાય કાયમ કરી છે કે, હાલની સ્થિતિમાં તમારે માટે ત્યાં જવું એ અધર્મ છે. મેં પોતે જ વધારાનું કહ્યું તે એ કે, મુસલમાનોની સાથે જ્યાં સુધી ફેંસલો ન થાય ત્યાં સુધી તમારે ત્યાં જવું અધર્મ છે.

'અંતમાં, જે પ્રાર્થના હું તમને કરવા ઈચ્છતો હતો તે હું કરી ચૂક્યો; અને જે તમે પૂછવા માગો તેના જવાબ આપવા તૈયાર છું. જે વાતો તમારે વિશે મેં સાંભળી છે તે જો ખોટી હોય તે એ પણ મને જણાવજો. જેમણે તમને આશ્રય આપ્યો છે તેમને માટે પણ એ જ યોગ્ય છે કે, તમે કોઈ કામઉપાડી લો.'

૮-૬-૩૨ (પુસ્તક ૧, પાના નં. ૨૧૦)

ઉર્દૂ ચોપડીઓમાંથી અંજુમને હિમાયત ઈસ્લામ, લાહોરની ચોથી ચોપડી વાંચવી શરૂ કરી છે. આજે રાત્રે સૂતા પહેલાં તેલ ચોળાવતાં કહેઃ ×આ ચોપડી વાંચીને ઉદાસને અને ઉદાસ થતો જાઊં છું. જાણે ગળથૂથીમાં જ મુસલમાન બાળકોને મારફાડ અને કાપાકાપી શીખવાતી હોય એમ લાગે છે. મહંમદ પેગંબરના જીવનમાં લડાઈ, લડાઈ અને લડાઈ. જે લખનાર છે તે પેગંબરના જીવનનું રહસ્ય સમજ્યો નથી અને એમાં એણે લડતની ઉપર લડત કર્યા કરતા જ એમને વર્ણવ્યા છે.

૧૯-૬-૩૨ (પુસ્તક ૧, પાના નં. ૨૩૧)

આજે સવારે પ્રાર્થનામાં ૧૧મો અધ્યાય હતો. પ્રાર્થના પૂરી થયા પછી બાપુ કહેઃ મિ. બેકર જ્યારે મને વેલિંગ્ટન કન્વેંશનમાં ખ્રિસ્તી બનાવવા માટે લઈ ગયેલા તે દિવસ યાદ આવે છે. એ હંમેશા મારી સાથે ચર્ચા કરે. હું એને કહું કે મારામાં તું શ્રદ્ધા જાગૃત કર. જે જે યોગ્ય અસર તું મારા પર પાડવા ઈચ્છતો હોય તે પાડવા દેવા હું તૈયાર છું. એટલે એ કહે કે વેલિંગ્ટન કન્વેન્શનમાં ચાલ. ત્યાં સમર્થ પુરુષો આવશે. તેને તું મળશે એટલે તને ખાતરી થયા વિના રહે જ નહી. આખા ડબામાં બધા ગોરાઓ બેઠેલા અને હું એકલો ઉપરના બંકરમાં ભરાઈને બેઠેલો. એ લોકો કહે, જો આ તો હિક્સ નદી આવી, ભવ્ય પ્રદેશ છે, જો સૂર્યોદયના દર્શન તો કર; પણ હું ઊતરું જ નહીં. હું તો ૧૧મા અધ્યાયનો પાઠ કરતો હતો. બેકરે મને પૂછ્યું શું વાંચે છે? મેં કહ્યું 'ભગવદ ગીતા'. એને તો થયું હશે કે કેવો મૂરખ છે કે બાઈબલ નથી વાંચતો. પણ શું કરે? એને કાંઈ મારા ઉપર બળાત્કાર નહોતો કરવો. કન્વેંશનમાં મારા માટે ખાસ પ્રાર્થના પણ થઈ. પણ હું કોરો ને કોરો આવ્યો.

૩૦-૭-૩૨ (પુસ્તક ૧ પાના નં. ૩૩૪)

આજે નાડકરણીએ ટાંકેલો શ્લોક બાપુએ ટાંક્યોઃ

वृक्षाञ्छित्वा पशून् हत्वा कृत्वा रुधिरकर्दमम ।
यद्येवं गम्यते स्वर्ग नरकं केन गम्यते ॥

(વૃક્ષો કાપીને, પશુઓને મારીને, લોહીનો કીચડ (ખાબોચિયા) કરીને પણ જો સ્વર્ગમાં જવાતું હોય તો નરકમાં કઈ રીતે જવાય?)

એટલે વલ્લભભાઈ કહેઃ ×મુસલમાનો તો એમજ માને છેજ.×

આમાંથી શ્રદ્ધાનંદ, રાજપાલ વગેરેની વાત નીકળી, અને છેવટે ભોલાનાથ અને અને એના કારકુનોની. આ બાપડા તો કાંઈ પણ કારણ વિનાના અત્યંત નિર્દોષ માર્યા ગયા. કારણ એનો વિચાર તો મહંમદનું જીવન પોતાની ચોપડીમાં આપીને સેવા કરવાનો હતો. એણે ગેબ્રિયલનું ચિત્ર પણ કોઈ પુરાણી તસવીર ઉપરથી લીધું હતું. એ ઉપરથી બાપુએ દક્ષિણ આફ્રિકાનો પોતા ઉપર વીતેલો કિસ્સો કહ્યો. બાપુએ વોશિંગ્ટન અર્વિંગનું મહંમદનું જીવનચરિત્ર વાંચ્યું, એને મુસલમાનોની સેવા કરવાને અર્થે 'ઇંડિઅન ઓપિનિયન'માં એનું સમજાય એવી સરળ ભાષામાં ભાષાંતર આપવા માંડ્યું. એક બે પ્રકરણ આવ્યાં ત્યાં તો મુસલમાનોનો સખ્ત વિરોધ જાહેર થવા લાગ્યો. હજી પેગંબર વિષે તો કશું આવ્યું નહોતું, પેગંબરના જન્મસમયના અરબસ્તાનનાં મૂર્તિપૂજા અને વહેમો અને દુરાચારનું વર્ણન હતું. એ જ આ લોકોને અસહ્ય થઈ પડ્યું. બાપુએ કહ્યુઃ

×આ તો ગ્રંથકર્તાએ પ્રસ્તાવનારૂપે જ કહ્યું છે આ બધું સુધારવા પેગંબરનો અવતાર થયો. પણ કોઈ સાંભળે જ નહીં. અમારે એવું જીવનચરિત્ર ન જોઈએ, ન જોઈએ! બસ આગલાં પ્રકરણો લખાયેલાં, તેના ટાઈપ ગોઠવાયેલા તે પણ રદ્દ કર્યા. × પછી બાપુએ ઉમેર્યુઃ ×બિચારા ભોળાનાથે તો ચિત્ર કાઢી નાખ્યું અને માગેલા સુધારા કર્યા તોયે તેનો જીવ ન બચી શક્યો! આ પછી અમીરઅલીનું Sprit of Islaam (ઇસ્લામનું હાર્દ) ગુજરાતીમાં આપવાની ઇચ્છા હતી અને એક મુસલમાન મિત્રે પૈસા પણ છાપવાને આપેલા હતા છતાં એ વિચાર જ માંડી વાળેલો!×

નોઆખલીમાં ગાંધીજી

હિંદુમુસલમાન ઐક્ય વિશે ગાંધીજી સતત બોલતા લખતા રહ્યા. લોકો થોડા વખત માટે શાંતિથી જીવે અને વળી કોઈ રાજનૈતિક મુદ્દે મન ઊઠી જાય, દ્વેષ વધે, ઘૃણા વધે અને વળી રમખાણો થાય. એની ચરમ સીમા આઝાદી મળતાં પહેલાં ભાગલાનો નિર્ણય લેવાયો ત્યારે પહોંચી. ગાંધીજી નોઆખલી પહોંચ્યા અને શાંતિના પ્રયાસો કર્યા. તે વખતના તેમનાં ઉદ્દ્ગારો જોઈએ. હવે પછીનો સ્રોત ‘મનુબેનની ડાયરીઓ છે.

૨ સપ્ટેમ્બર ૧૯૪૬ના રોજની પ્રાર્થના સભા જે હરિજન વસ્તીમાં ગાંધીજી રહેતા ત્યાં યોજાઈ અને જ્યાં સવારે ઇંટરિમ સરકારની બાપુ સમક્ષ શપથવિધિ થઈ ત્યારે એમને જે કામ સૂચવ્યાં તે આવાં હતાં. આશીર્વાદ આપતા કહ્યું કે સવારની પ્રાર્થનાના વખતથી તમે સૌ મારા ધ્યાનમાં છો. મીઠા પરનો કર દૂર કરજો. દાંડી યાત્રા યાદ રાખજો. હિંદુ-મુસ્લિમને એક કરજો. અસ્પૃશ્યતા દૂર કરજો. ખાદી અપનાવજો.

પ્રાર્થના પ્રવચનમાં એમણે યાદ કરાવ્યું કે કોંગ્રેસ પછી શક્તિશાળી અને મુસલમાનોની પ્રતિનિધિ સંસ્થા મુસ્લિમ લીગ ઇંટરિમ સરકારમાં સામેલ નથી થઈ. મુસલમાનો જોડે આપણા લોહીના સબંધ છે; કારણ એ છે કે તેઓ પણ એ જ પૃથ્વી માતાના પુત્રો છે જેવા કે આપણે. તે હિંદુઓથી નારાજ છે. લીગનું કહેવું છે કે હિંદુઓએ એમને દગો કર્યો છે. તેથી લીગી મુસલમાન આજના દિવસને શોકદિવસ સમજે છે. પરંતુ હિંદુઓએ ક્રોધનો જવાબ ક્રોધથી અને મુક્કાનો જવાબ મુક્કાથી નહીં આપવો જોઈએ. એ સમય પણ હતો જ્યાં અલી-બિરાદર હિંદીઓની સાથે હતા. જોકે હિંદુઓ લીગીઓ જોડે શોક દિવસ તો ન જ મનાવી શકે તો પણ તેમણે દિવાળી અને ભોજ આયોજન કરી પોતાની ખુશી જાહેર નહિ કરવી જોઈએ. એમણે ધૈર્ય ધરવું જોઈએ. એમણે વિચારવું જોઈએ કે એમનાથી એવું કયું પાપ થઈ ગયું છે કે જેથી મુસલમાન એમને પોતાના દુશ્મન સમજે છે.

મુસ્લીમલીગ હિંદુ અને બ્રિટિશ સરકાર બેઉના વિરુદ્ધ એકી સાથે પગલાં લેવા માગે છે. પરંતુ લીગ એકી સાથે બે હોડીમાં સવાર ન થઈ શકે. અગર એ બ્રિટિશ સરકારનો વિરોધ કરવા ધારે છે તો મતલબ એ થાય કે તેઓએ પોતાના ભાઈઓ સાથે સહયોગ કરવો જોઈએ. તો પછી મને એ નથી સમજાતું કે એ પોતાના ભાઈઓ સાથે અસહયોગ કેમ કરી રહી છે. ઈસ્લામની નસીહત આ નથી. હું પણ થોડુઘણું ઇસ્લામને સમજવાનો દાવો કરી શકું છું. હું દક્ષિણ આફ્રિકામાં મારા મુસ્લિમ સાથીઓ સાથે રહ્યો છું.

કોંગ્રેસ મુસલમાનોની ખિલાફ અંગ્રેજો સાથે કોઈ સાઠગાંઠ ન કરી શકે. કોંગ્રેસે ઇંટરિમ સરકારમાં જવા માટે એક જ ઉદ્દેશ્યથી રાખ્યો છે અને તે છે સંપૂર્ણ ભારત માટે આઝાદી મેળવી શકે. આનો અર્થ એ થાય કે મુસ્લિમ લીગ માટે પણ આઝાદી મેળવવી જોઈએ. હોશિયારી, પ્રજાતંત્ર અને માણસાઈની ટકોર એ જ છે. તો પણ મુસ્લિમ લીગ ઇંટરિમ સરકારને પોતાના દુશ્મન માનતી હોય તો સરકારે પોતાના કાર્યો દ્વારા એ વાતને ખોટી ઠેરવવી જોઈએ.

કોંગ્રેસના સરકારના નેતાઓએ રોકાઈ જવા કહ્યું અને રોકાયા. બીજી ઑક્ટોબર ૧૯૪૬ના રોજ જન્મદિવસ ઉજવાયો. ૧૫ ઑક્ટોબરના રોજ મુસ્લિમ લીગ ઇંટરિમ સરકારમાં જોડાઈ અને ગાંધીજીએ ઠરાવ્યું કે હવે તે શાંતિથી સેવાગ્રામ જઈ શકશે. ૨૭મી નીકળવાનું ઠરાવ્યું પરંતુ ૧૫

ઑક્ટોબરથી જ નોઆખલીમાં મુસલમાનોએ અમાનવીય હિંસા, આગજની, લૂંટફાટ, બળાત્કાર, કતલ અને જબરદસ્તી હિંદી સ્ત્રીઓ સાથે નિકાહ પઢ્યા. અને ગાંધીજીએ સેવાગ્રામ બાજુએ મૂકી નોઆખલી જવાનું નક્કી કરી દીધું. નોઆખલીનો ક્રોધ બિહારમાં પ્રગટ્યો. બિહારમાં પણ રમખાણો શરૂ થઈ ગયાં. બિહારમાં આફત મુસલમાનો પર આવી. એ જ પાશવિક્તા, જુલમ અને હિંસા સામે આવ્યાં. ૨૮ ઓક્ટૉબરના રોજ બંગાળની યાત્રા શરૂ કરી. પાંચ નવેમ્બરના રોજ બાબુ રાજેન્દ્રપ્રસાદે જાહેર કર્યું કે બિહારમાં હિંસા બંધ નહી થાય તો બાપુ ઉપવાસ કરવાના. ૬ નવેમ્બરના રોજ કલકત્તામાં ગાંધીજીએ જાહેરાત કરી કે બિહારમાં થાળે ન પડે ત્યાં સુધી ફળોના રસ પર રહીશ અને તોય નહી માને તો આમરણાંત ઉપવાસ કરીશ.

આમ દેશના ભાગલા પડવાની જાહેરાત સાથે જ હિંદી સમાજની સમરસતા જે રીતે તૂટી તે ઈતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી દુર્ઘટના છે. ગાંધીજી આખી જિંદગી હિંદી સમાજને સમરસ બનાવવા મથતા રહ્યાં અને લોકોએ છેહ દીધો. આ માણસ નાસીપાસ નથી થતો. શ્રદ્ધા નથી ગુમાવતો અને ફરી એકવાર આંસુ લૂછવા અને સમરસ થવાની હાકલ કરવા જાય છે. એ મક્કમપણે માને છે કે કાયદો અને હૃદયપરિવર્તન એ બેઉ સાથે જ જવા જોઈએ. એક વગર બીજું અધૂરું છે.

૩૦ ઑક્ટોબરની સોદપુર આશ્રમની સાંજની પ્રાર્થનામાં ગાંધી કહે છે કે સરકાર જેમાં કૉંગ્રેસ અને મુસ્મિ લીગ બેઉ તરફથી અપીલ છે કે હિંદી એકતા ફરી કાયમ થાય. હું એ કામ માટે જ આવ્યો છું. હું કોઈનો પક્ષ લેતો નથી, હું માત્ર સત્ય અને ઈન્સાફનો પક્ષ લેવાનો છું. આપણે સૌ પ્રાર્થના કરીએ કે હિંદુ અને મુસલમાનો વચ્ચે હાર્દિક એકતા કાયમ થાય. આપણે જંગલી જનાવરોની જેમ માંહ્યોમાંહ્ય લડી મરીશું તો દુનિયામાં આપણી બદબોઈ થવાની છે.

કલકત્તાના સોદપુર આશ્રમમાં નોઆખલી જતાં પહેલા ગાંધીજીને એક મુસલમાન બિરાદરે એવું પૂછ્યું કે તમે નોઆખલી કેમ જવા માગો છો? મુંબઈ, અમદાવાદ કે છપરા કેમ નથી જતા? ત્યાં નોઆખલી કરતાં પણ ખરાબ ઘટનાઓ થઈ છે. શું તમારા ત્યાં જવાથી હાલની તાણ વધશે નહી? એમને શંકા હતી કે એવું તો નથી ને કે એ શહેરો (જેનાં નામ એમણે લીધા હતા)માં જવાથી ત્યાંના મુસલમાનોને સહન કરવાનું આવી શકે. અને નોઆખલી જવાનું કારણ એ હોય કે ત્યાં હિંદુઓને મુશ્કેલી વેઠવી પડે.

ગાંધીજીએ જવાબ આપ્યો કે હું હિંદુ અને મુસલમાનોમાં ભેદ કરતો નથી. તમે બતાવેલી જગાઓ પર નોઆખલી જેવી ઘટનાઓ બની હોત અને મને એવું લાગત કે હું ત્યાં ગયા વગર કશું પણ કરી નહી શકું, તો હું સીધો ત્યાં જ જાત. જુલમના શિકાર બનેલી બહેનોના પોકારે મને નોઆખલી જવા મજબૂર કરી દીધો છે. મેં વિચાર્યું કે નોઆખલીમાં નજરે જોયા પછી જ મને ખબર પડશે કે સ્થિતિ શું છે. મારી અહિંસાની પદ્ધતિ આજે કસોટી પર ચઢેલી છે, જોવાનું એ છે કે આવા સંકટ સમયે એ ખરી ઊતરે છે કે કેમ? જો એમાં કંઈ સાર નહિ હોય તો એ જ સારું પડશે કે હું એના દેવાળિયાપણાને જાહેર કરું. જ્યાં સુધી પરસ્પર ઝઘડાના અંગારા પૂરેપૂરા ઓલવાઈ નથી જતા ત્યાં લગી હું બંગાળ છોડવાનો નથી. (સં)

**ધીરજ**

ખલીલ જિબ્રાનને એક પ્રશ્ન પૂછાયો હતો:

'યાત્રાનો આનંદ કેવો હોય છે?'

ખલીલ જિબ્રાનઃ 'જો તમારે યાત્રાના આનંદ વિશે પૂછવું હોય તો
કાચબાને પૂછજો, સસલાને નહીં.'

## ૨૩. નોઆખલી વિસ્તારના એક ગામની સભામાં ૧૯૪૭

### મનુબહેનની ડાયરી

---

*ડાયરી નં ૪, પાના નં. ૫૨-૫૩*

*૩-૧-૧૯૪૭ ચંડીપુર (હાલ બાંગ્લાદેશ)*

*×આપણે સૌ આપણો દોષ જોતા થઈ જઈશું તે દિવસે આપણને આમ લડાઈ ઝગડામાં ખૂનામરકીમાં પડવાનું નહી સૂઝે. કેવળ દુનિયાનું ભલું શામાં છે એજ સૂઝશે. આજે આપણા મગજ નવરાં પડ્યા છે. એકબીજાનો વાંક એકબીજા પર ઢોળીએ છીએ, આ કંઈ બધે હાથે કરીને જાણી જોઈને જ કરીએ છીએ એમ કહેવાનો મારો આશય નથી, પણ એ સ્વાભાવિકતાથી થઈ જાય છે. જેમ અગ્નિને હાથ અજાણ્યે અડકશે તો ફટ લઈ લેશું એમાં વિચાર કરવાની જરૂર નથી પડતી કે હાથ લઉં કે નહિ? તેમ અત્યારે જે અમાનુષી કામ ચાલી રહ્યું છે તે તો જાણે સ્વાભાવિક ન થઈ ગયું હોય એવું બની ગયું છે. પણ આની પાછળ એ વિચારવું જોઈએ કે શા માટે એક હિંદુ એક મુસલમાનને મારે, કે એક મુસલમાન એક હિંદુને મારે? આ તોફાનની જવાબદારી મારી દૃષ્ટિએ આખા હિંદુસ્તાનની છે. દરેક હિંદી વિચારતો થઈ જાય કે મારું હૃદય કઈ તરફ છે? શુદ્ધ છે કે અશુદ્ધ? પ્રત્યેક હિંદીને મારો ભાઈ માનું છું કે નહિ? જો એક પણ હિંદુ એમ ઈચ્છે કે મુસલમાન મરે તો સારું ખરું. પછી ભલે ને પોતે છુરીઓ ન ભોંકતો હોય, અથવા એક પણ મુસલમાન ઈચ્છે કે હિંદુ જેટલા કતલ થાય તેટલું સારું. એ જ લાગના છે. તો હું કહું છું કે જે છુરા ભોંકીને મારનાર છે તેના કરતા આવા હલકા વિચારના છે તે વધુ ક્રુર અને ઘાતકી છે. કેમકે તેનું મન ગંદુ બને છે. અને એ ગંદકી વાતાવરણમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ રજકણો હોય છે તે ફેલાવે છે. ×*

*ડાયરી નં ૪, પાના નં. ૬૩-૬૪*

*કોની ભૂલ માટે કોણ પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત કરે?*

*(૧૫ વરસની ઉંમરે લીધેલો સ્વીકૃતિ, પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતનો પાઠ ૭૭ વર્ષે પણ મોહનદાસ ભૂલ્યા ન હતા. સં)*

*×બાપુજી પ્રાર્થના ખુલ્લે પગે કરવા આવ્યા હતા. મેં કારણ પૂછ્યું તો મૌન પછી કહેવાનું કહ્યું ૧૦ વાગે સૂતા. સૂતા સૂતા મને શું કામ ચંપલ જ્યાં છે તે વિષે વાત કરી. આપણા હિંદુ મંદિરોમાં કે મસ્જિદ અથવા ચર્ચમાં જઈએ તો ચંપલ નથી પહેરતા, એટલે પવિત્ર જગ્યા ઉપર જઈએ તો આપણે ચંપલ નથી પહેરતા ત્યારે મારે તો દરિદ્રનારાયણ પાસે જવું છે, જેના સ્વજનો લૂંટાયા છે, જ્યાં નિર્દોષ સ્ત્રીઓની બાળકોની કતલ થઈ છે, જેને લાજ ઢાંકવા કપડાં નથી. એવી ભૂમિ પર ચાલવું છે. અને એવા લોકોની મુલાકાત લેવી છે એ મારે માટે પવિત્ર યાત્રા છે. ત્યાં ચંપલ કેમ પહેરાય? ×*

*×પ્રાર્થનામાં આજે પવિત્ર દિવસની શરૂઆત થવાની હોવાથી વૈષ્ણવજન ભજન ગાવાનું કહ્યું. અને એમાં ખ્રિસ્તીજન, પારસીજન, શીખજન, મુસ્લિમજન, હરિનાજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે એમ દરેક કડીએ ગાવાનું કહ્યું. ×*

*પાના નં ૬૯-૭૦*

*×બપોરના કાંતીને માટી લેતા લેતા કેટલાક મુસલમાન ભાઈઓ સાથે બાપુજી વાતો કરવા લાગ્યા. અને કહ્યું કે જો તમે હિંદુને નહિ અપનાવો તો તમારી સ્થિતિ બહુ જ કપરી બનવાની છે. અહીં એટલે જ્યાં તમે બહુમતી છો ત્યાં એક નબળા હિંદુને મારવો એ તો નાનું બાળક પણ કરી શકે. એવું હલકું કામ કરવાનું તમારા કુરાન શરીફમાં ક્યાંય લખ્યું હોય તો બતાવો. હું તો કુરાન શરીફનો અભ્યાસી છું અને વળી મારી દોસ્તી મુસલમાનોમાં ગાઢી રહી છે. આજે પણ અમારી આ દીકરી સાથે ઘણી મુસલમાન દીકરીઓ પણ છે,*

*તેમાંની એક દીકરી અહીં ઉપવાસ કરી રહી છે એને તો તમે જાણતા જ હશો. એ મારે માટે જાન કાઢે એવી એ છોકરી છે. એટલે તમને મારી નમ્ર વિનંતિ છે કે જે કોઈ આવું અઘટિત કામ કરે એને ચેતવો કે જેથી તમારું ભવિષ્ય ઉજ્જવળ બને. ×*

*૧૧-૧-૧૯૪૭ (લામચર) પાના નં ૭૭થી ૮૦માંથી*

*×નોઆખલીના યજ્ઞમાંથી નીકળી શકીએ તો પણ એ વાત આકાશમાંનાં પુષ્પ જેવી છે. એટલે નકામી છે. અત્યારે હું એવા લક્ષણો જોતો નથી કે હિંદુ મુસલમાનનું હાર્દિક વૈમનસ્ય જાય. એ જશે ત્યારે કે જ્યારે મારામાં પૂર્ણતા આવી જાય. તો તો આંખના પલકારામાં ચાલ્યું જાય, પણ હજી એટલું રામનામ હૃદયગત થયાનો મારો દાવો નથી, પ્રયત્ન છે.×*

*×આજની પ્રાર્થનામાં માણસો બહુ ઓછા હતા. અને મુસલમાનો ભાગ નહોતા લેતા. બાપુજીએ પ્રાર્થનામાં કહ્યું, ×તમે ઓછા છો તે ગમે પણ છે, અને નથી પણ ગમતું. નથી ગમતું એટલા માટે કે તમે મને જોવા આવો, કે મોઢું બતાવવા જ આવો તેના કરતા સાવ જ ન આવો તો મને વધુ ગમશે. ઘણાં બીકના માર્યા નથી આવતાં. બીવાનું કશું જ કારણ નથી. મને મુસલમાન ભાઈઓ કહી દે કે અમે અહીં બધુ સંભાળી લઈશું તો હું હમણા જ ચાલ્યો જાઉં. હું તો તમારો મિત્ર છું મારી સાથે પોલીસ પાર્ટી છે તે કોઈને પકડવા કે ડરાવવા નથી આવી. ×*

*૧૪ - ૧ -૧૯૪૭ (ભટીયાલપુર) પાના નં ૮૫*

*આજની પ્રાર્થનામાં ઘણા માણસો હતા. બાપુના પ્રવચન અને બંગાળી અનુવાદ બાદ અહીં એક ઠાકુર મંદિર હતું તેની મૂર્તિ લઈ લેવામાં આવી હતી. તેની ફરી પ્રતિષ્ઠા કરી. ઘણા મુસલમાન ભાઈઓ હતા. અને તેઓએ પ્રતિજ્ઞા લીધી કે અમે અમારા પ્રાણના ભોગે પણ આ દેવમંદિરનું રક્ષણ કરીશું. ×*

*૨૬-૧-૪૭ (બાંસા)*

*૨૬મી જાન્યુઆરી વિષેનું આજે પ્રાર્થના પ્રવચનમાં પ્રવચન કર્યું.*

*આજે ૨૬મી જાન્યુઆરી છે. સ્વાધીનતાનો દિવસ છે.*

जबसे कोंग्रेस पैदा हुई तबसे हिंदुस्तान को एक नया जन्म दिया है। वह मानते नही थे लेकिन आस्ते आस्ते कोंग्रेस में बढती हुई। स्वाधीनता चीज क्या है वह जानते नही थे। जब आंदोलनने जोश पकडा और काफी देहातों में चली गई। एक गांव को ही हम देखें कि कोई नही नही जानते थे हिंदु मुसलमान क्या हैं? आज बहुत वैमनस्य हो गई है। यहां दो मन हो गये हैं वह दु:ख की बात है। अगर ऐसा न होता तो यहां त्रिरंगी झंडा चढनेवाला था। मुझे पूछा गया। मैंने जानबूझ कर ना कही। अगर कोई अंग्रेज अफसर ने कहा होता कि यहां नही चढाना तब तो जरूर मैं वहीं त्रिरंगी झंडा चढानेवाला था। चाहे जान भी क्यों न देनी पडे। मगर आज मैं किसको कहूं? शायद मुसलमान भाई बरदास्त कर भी ले लेकिन मन में ऐसा हो जाये कि यह आपत्ति कहां से आ गयी? तो मैं वह करना नही चाहता। लेकिन इसके साथ जो मेरे मन में में जो कुछ भरा है वह भी तो कह दूं। जब झंडा की बात आयी तब मेरे मन में लगा कि एक ही रंग में अन्याय होगा। हिंदुस्तान में कई कौम है। एक दिन ऐसा था कि हिंदु, मुसलमान, पारसी सब कोई मानते थे कि यही हमारा झंडा है और इसी झंडे के लिये मरें भी है। आज कई झंडे हो गये हैं। मगर त्रिरंगी झंडा तो होना ही चाहिये जैसा कि युनियन जैक है। ऐसा जमाना था मगर आज नही है। आज मैं किसको कहूं? या लडूं? हम सब हिंदुस्तानी हैं और भाई हैं। स्वाधीनता में आपस में बैर पैदा हो जाय तो वह क्या काम की? आज तो आकाश के पुष्प जैसी बात हमारे लिये हो गयी है। हमें ऐसा होना चाहिये कि जब तक आजादी नही मिलेगी हम चैन से नही बैठेंगे। आज हम भाई-भाई लडते हैं। स्वाधीनता के

पहले पाकिस्तान का क्या? अंग्रेज पाकिस्तान देगी? कौन जानते हैं कि स्वाधीनता कैसी होगी? अंग्रेज सरकार तो जायगी ही, मगर अमेरिका रशिया पडा है । अगर हम सावधान नही बनेंगे तो मर जायेंगे । अभी ही हमने जनमनगण का सुंदर गीत सुना । हिंदुस्तान में ऐसी चीजें पडी हैं अगर उसे सच्चे दिल से गायें हम सब एक हो जायेंगे । ऐसा नही बनेगा तो हम मूर्ख बनेंगे । अगर आपके दिल कबूल करें कि एक बूढा कहता है वह सच्ची बात है तो आज से कोशिश करें ।

आज मैंने झंडा नही फरकायामगर मेरी साथ जो प्रेस की पार्टी घूमती है उसने फरकाया । बंगाल का महान पुरुष नेताजी ने यही स्वाधीनता के लिये अपनी जान दी है । उसके लिये इतना यज्ञ न करें तब किसके लिये करें?

*પાના નં ૧૧૩*

*માણસની સારપ વિશે ગાંધીજીએ કહ્યું હતું અને ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને સમજાવતા તેઓ કહે છે કે મનુષ્યમાં રહેલી સારપને અપીલ કરવાની છે તો તે બહાર આવે. નોઆખલીમાં ગામેગામ ચાલતા ત્યારે રસ્તા ગંદા હતા. આપણે જાણીએ તે જમાનામાં તો શૌચ માટે પણ રસ્તા જ વપરાતા કારણ કે પ્રમાણમાં સૂકા હોય. ગાંધીજી અને મનુબહેને ચાલતા ચાલતા એ રસ્તા સાફ કરીને મારગ પણ કરેલા અને ગાંધીજી કહેતા આપણે કરીએ તો લોકોને પણ પ્રેરણા મળે. ૨૭ જાન્યુઆરીના રોજ પલ્લા ગામમાં એક મુસલમાનની વાડીએ ગયેલા તે પ્રસંગ મનુબહેન આ રીતે નોંધે છે. (સં)*

*×અમે જે રસ્તેથી મુસલમાન વાડીમાં ગયા હતા તે રસ્તો બહુ ખરાબ હતો. પણ આવ્યા ત્યારે આ રસ્તો સાફ કરી નાખ્યો હતો. સાફ કરવામાં અહીંની આજુબાજુનાં મુસલમાનો જ હતા.×*

*પાના નં ૧૧૪*

*×મુફ્લસ રહમને ત્યાં રોજની જેમ બહેનો પાસે ગઈ. પહેલા તો ડરીને બધી બહેનો અંદર ઘુસીને દરવાજો બંધ કરવા લાગી. આ અનુભવ આટલાં ગામોમાં અહીં થયો. પછી થોડી વારમાં એક આધેડવયની બાઈ મારી પાસે આવી. એણે મને કહ્યું આ બધી તમારાથી ડરે છે શા માટે? તમે અમારે ત્યાં ક્યાંથી? બાપુજી સાથેના સગપણની વાત પૂછી. થોડી વારમાં બધી બહેનો બહાર આવી. એક બાઈ રસોઈ કરતી હતી. તેણે મને માછલીનું શાક અને રોટલી ખાવા ખૂબ આગ્રહ કર્યો. મેં કહ્યું માછલી હું ખાતી નથી. અને અત્યારમાં રોટલી ખાવાની અમને આદત નથી. એથી પેલી આધેડ વયની બાઈએ મને કહ્યું, ×તું બહાના કાઢે છે અને કહે છે કે ગાંધીજી તો હિંદુ મુસલમાન એકતા કરવા આવ્યા છે. પણ હિંદુઓ પોતે પોતાને ઊંચા માને છે અને અમને ગણતા નથી. અમારાથી અભડાય છે. તું પણ હિંદુ ખરીને? × મેં કહ્યું મને કશોય એ રીતે બાધ છે જ નહી, તમારા મનના સમાધાન ખાતર લાવો હું તમારી રોટલી મોંમાં નાખવા તૈયાર છું. મેં જરાક જેટલી કિનારી ભાંગી. એ લોકો બહુ રાજી થયા. બહેનો કહે, નહીં સાચેસાચ આ લોકોને ભેદ નથી. મેં રસ્તામાં બાપુજીને વાત કહી. બાપુજી કહે તેં જરાક રોટલી લીધી એ સારું કર્યું. પણ તું જોઈ શકે ને કે મારે વિષે બૈરાઓમાં પણ કેટલી શંકા છે.*

*૪-૨-૧૯૪૭ (શાદુરખીલ) પાના નં. ૧૩૧*

*×આજની પ્રાર્થના બાદ એક મુસલમાનના ઘરમાં ગઈ. મેં ઔઝ બિલ્લા સંભળાવ્યું. એક છોકરી કહે અમે તો હિંદુ સાથે વાત કરવામાં પાપ માનીએ છીએ. મેં કહ્યું તમારો આગ્રહ હતો તેથી જ હું આવી. હું તો ખુદા અને ઈશ્વર એક છે અને એના આપણે બધાં સંતાનો છીએ એમ માનું છું. તેથી જ તો તમારા આગ્રહથી આ કુરાનની આયાત સંભળાવી. પણ મારે તો તમે કઈ રીતે પઢો છો તે જાણવું છે. એટલે તમે મને બતાવો હું તો તમારી આગળ વિદ્યાર્થી તરીકે શીખવા માગું છું. આમ કહ્યું એટલે ઘરડી બાઈ ઉપર આની ઠીક અસર થઈ અને એણે પેલી છોકરીએ કહ્યું હતું કે અમે હિંદુઓ સાથે વાત કરવામાં ગુનો માનીએ છીએ એને ધમકાવી. અને નાનકડી આયાત મને સંભળાવી.*

એટલું ચોક્કસ છે કે વાતાવરણમાં ખૂબ જ ઝેર ભર્યુ છે. લોકોને ધર્મને નામે આમ ભોળવીને જ્ઞાનીઓ શેતાનીનું કામ કરી રહ્યા છે.

મેં બાપુજીને પ્રાર્થના પછી વાત કહી એટલે બાપુજી કહે, ×એટલે જ હું કહું છું કે વધુ પડતા જ્ઞાને તો વધુ અજ્ઞાન અને આ જડપણું પેદા કર્યું છે, અને જેમ આપણામાં ડાહ્યું અને વધુ પડતું કંઈ થાય તો કહે દોઢડાહ્યું છે એમ આ વધુ પડતા જ્ઞાને નખોદ વાળ્યું છે. ×

૧૩-૩-૪૭ (પટના) ડાયરી નં ૨

×આજે પ્રાર્થના અબદુલ્લા ચોકમાં થઈ. ત્યાં જતાં રસ્તામાં એઈ ગામડામાં (સિપારા) મોટર લોકોએ ઊભી રખાવી રૂપિયાની થેલી આપી. આ થેલી મેં રસ્તામાં જ ખોલી તો એમાંથી એક કાગળ મળ્યો જેમાં લખ્યું હતું કે અમે કરેલા અપરાધને હવે ક્ષમા આપશો, અને અમારે હાથે જે મુસ્લિમોની હત્યા થઈ છે તેની અમને ભારે શરમ છે તથા તેના બદલામાં યતકિંચિત આ રૂપિયાની થેલી અમે આપને અર્પણ કરીએ છીએ જેનો ઉપયોગ પીડિત ભાઈ બહેનો માટે છે. અમે માફી માગીએ છીએ અને હવે પછી આવું કદીએ નહી કરીએ. ×

૧૭-૧-૧૯૪૮ (બિરલા હાઉસ) ડાયરી નં ૩

ઉપવાસ ચાલુ પાંચમો દિવસ

×મૌલાનાઓ આવ્યા એણે કહ્યું હવે શહેરની હાલત ઘણી જ સારી થઈ ગઈ છે. કરાંચીથી એક તાર આવ્યો છે કે દિલ્હીના મુસલમાનો પ્રાર્થના કરીએ છીએ કે આપ કામયાબ થાઓ અને અમે ત્યાં આવવા તલસીએ છીએ ક્યારે આવીએ? બાપુએ એ તાર બતાવ્યો અને કહે મને બહુ ખુશી થઈ છે આ લોકો જો આવીને દિલ્હીમાં રહી શકે તો એને હું સાચી પરીક્ષા ગણું. ×

×સાંજના લગભગ લાખેક માણસોનું સરઘસ આવ્યું. હિંદુ મુસ્લિમ ભાઈ ભાઈ ગાંધીજી ઝિંદાબાદ અમે બહાર જોવા ગયા. ત્યાં બે પાર્ટી પડી ગઈ હતી. એક તો ભાઈ ભાઈ કરતી હતી બીજી મારો કાટો કરતી હતી. ઝગડો થયો અમે વરંડા ઉપર ચઢી ગયા. જવાહરલાલજીએ ભાષણ કર્યુ.

૧૮-૧-૧૯૪૮ સવારે ૧૧।। વાગે

મૌલાના સાહેબ, રાજેન્દ્ર બાબુ, મેહરા, રંધાવા, જવાહરલાલજી, દેવ પાવાસા, અને બીજા હિંદુ શીખોના પ્રતિનિધિઓ, હિંદુ મહાસભાના, રાષ્ટ્રીય સેવા દળના લાલા હરિચંદ, હિંદુ મુસલમાન ભાઈઓ.

રાજેન્દ્ર બાબુ: कल रात के वक्त ऐसी मीटिंग थी, एक निवेदन तैयार किया था, सबकी राय हुई, दस्तखत किया जाय, फिर कुछ लोग बाकी हैं उनके दस्तखत न हो तब तक न दिया जाय तो सुबह कर दिया है । सब लोग आ गये हैं तो पढकर सुना दूं और सबकी प्रार्थना है कि आप उपवास छोडें ।

રાજેન્દ્ર બાબુએ જે નિવેદન ઘડ્યુ હતું તે વાંચ્યુ. તેનો સાર હતો કે અમે બધા હવે પછી ઝઘડો ન થાય તેની પૂરતી કાળજી રાખશું. અને બાપુની સાતે શરતો માન્ય રાખી બધાએ સહી કરી છે તે પ્રમાણે ચાલીશું તો આપ આપનો ઉપવાસ છોડો. બધાની સહી સાથે પ્રસ્તાવ પાસ કર્યો હતો. અને બધાને રાજેન્દ્ર બાબુએ ઘડી ઘડી પૂછ્યું હતું કે હવે બમણી જવાબદારી આપે છે માટે સૌ વિચારપૂર્વક સહી કરે.

राजेंद्र बाबु: लोगों का दिल बदला है । यानि जो लोग कल शाम पूरा नही होगा इसलिये रात को नही आये । अब सबने इतमिनान दिया है ।

बापुजी : यह सब मुझे अच्छा लगता है, इसमें एक बात है, आपके दिल में नही है तो निकम्मी है । जो मैंने कहा आप लोग न दे सकते न ले सकते ।आपके मन में दिल्ही को सुरक्षित रखेंगे मगर बाहर कितनी भी आग फैले हमें क्या? यह होगा तो मैं बडी गल्ती करूंगा, मूर्ख मानूंगा । आप भी गलती में रहेंगे । मैं तो इंसान हूं, अल्लाहबाद में क्या हुआ मुझे दु:ख हुआ । हिंद महासभा भी है, यहां नही है, बाहर है, तो दगा होगा । देश के सामने तो होगा इश्वर के सामने होगा । मैं दो आंख के सामने

देखता हूं कि दगा चल रहा है / यह हिंद की राजधानी है बडे माने जाते हैं केबिनेट / पाकिस्तान के नही, ऐसे नही पाकिस्तान जानवर है हम नही ऐसा नही वह जानवर यहां लोग इकठ्ठा है वह दूध की मलाई के जैसे हैं वह हिंदुस्तान में न करवा सके कि हम भाई भाई हैं तो हम मरने वाले हैं मैं घबराहट में पड गया / पूरा न कर सका हम ऐसा काम न करे कि जिसे मुझे पछताना पडे आपको भी, हमें आला दरजे के बहादुरी बताना है / यह चीज मन में नही है तो मुझको मत छुडवाओ / मैं ऐसा मूर्ख नही हूं कि आज सारे हिंदुस्तान में हो गया मगर आज तक हमारी समझ शैतान की तरह रही / अब की इश्वर की और होगी / आज तक हम समझे हिंदुस्तान हिंदु के लिये, पाकिस्तान मुसलमान के लिये / हमसे बडी गलती क्या हो सकती है कि हम ऐसा समझ ले कि पाकिस्तान का उद्धार यहाँ से होगा/मेरे नसीब में दूसरा फाका होगा तो होगा मैं झिझकनेवाला नही / मैंने बहुत किया है इस वक्त कामयाब हुआ हूं /

*ત્યારે એક શાયરે તત્કાલીન પરિસ્થિતિ વિશે કહ્યું.*

*આજ કે દૌર મેં એ દોસ્ત યે મંઝર ક્યોં હૈ?*
*ઝખ્મ હર સર પે હર ઈક હાથ મેં પત્થર ક્યોં હૈ?*
*જબ હકીકત હૈ કિ હર ઝર્રે મેં તુ રહતા હૈ,*
*ફિર ઝમીં પર કહીં મસ્જિદ કહીં મંદિર ક્યોં હૈ?*
*અપના અંજામ તો સબકો માલૂમ હૈ ફિર ભી,*
*અપની નઝરોં મેં હર ઈન્સાન સિકંદર ક્યોં હૈ?*
*ઝિંદગી અબ જીને કે લિયે કાબિલ હી નહી ફાકિર*
*વર્ના હર આંખ મેં અશ્કોં કા સમંદર ક્યોં હૈ?*

*(ઉપવાસ તો ગાંધીજીએ છોડ્યો પરંતુ તેમની ટેક અને મથામણ એમને ક્યાં સુધી લઈ ગઈ તેની નોંધ મનુબહેનની ડાયરીમાંથી સં.)*

*૩૦-૧-૧૯૪૮*

*અમે ૫-૧૦ પ્રાર્થનામાં જવા નીકળ્યા. બાપુએ કહ્યું આજે ૧૦ મિનિટ મોડું થયું. તેં કેમ ઘડિયાળ ન બતાવી? મનુએ કહ્યું બાપુ આપ એવી ગંભીર વાતો કરતા હતા કે સરદાર ઘણા દહાડે આવ્યા છે તો હું ક્યાં બોલું? એટલે મારી બોલવાની હિંમત ન ચાલી. બાપુએ કહ્યું નર્સોનાં ધર્મ આ નથી, વખતસર કરવું તો કરવું. આ બધી વાતો કરતાં પગથિયાં તો ચડ્યાં. બાપુએ અમારા ખભા ઉપરથી હાથ લઈ જનતાને હાથ જોડ્યા. બન્ને બાજુ લોકોની હાર હતી. મારી તરફથી એક માણસ મિલિટ્રીના કપડાં પહેરેલ હાથ જોડતો આવ્યો. મને થયું એ પ્રણામ કરવા આવે છે. મેં એને રોકવા હાથ પકડ્યો. મારો હાથ એકદમ છોડાવી દીધો અને હાથમાની પિસ્તોલથી એક પછી એક ગોળી છોડી. આ શું? કંઈ થઈ રહ્યું છે, મારા હાથમાંથી માળા પડી ગઈ, થૂંકદાની પડી ગઈ. કોઈના હાથમાંથી મેં ઝૂંટવી જ્યારે પહેલો ધડાકો થયો. બાપુએ અમારા ખભા ઉપર હાથ મૂક્યો, એકદમ આગળ ચાલ્યા, હત્યારો પાછળ ચાલ્યો, બે પેટમાં એક છાતીમાં. બીજી ગોળીએ બાપુનું માથું ભાભીના હાથમાં પડ્યું પણ હાથમાંથી છટકી ગયું અને બાપુ એકદમ નીચે પડી ગયા. તે વખતે બાપુના મોઢામાંથી રામરામ નીકળ્યું અને પ્રાણ ઊડી ગયા!*

### *અંતિમ વિસામો*

*મુલ્લા નસરુદ્દીન પાસે અગ્રણીઓ આવીને કહે છે:*

*'મુલ્લા ગામના કબ્રસ્તાનની દીવાલ ચણાવવા ફાળો આપો.'*

*મુલ્લા નસરૂદીનઃ 'તમે ખોટો ખર્ચ કરો નહીં, હું પૈસા આપવાનો નથી.'*

*અગ્રણીઓ : 'મુલ્લા, ખોટો ખર્ચ કેવી રીતે સમજાવો ?'*

*મુલ્લા નસરૂરદ્દીનએ દલીલમાં કહ્યું:*

*'કબ્રસ્તાનની બહાર છે તેને ક્યારેય અંદર જવું નથી અને અંદર છે તે ક્યારેય બહાર નીકળવાના નથી.*

# ૨૪. અસ્પૃશ્યતા નિવારણ

## મહાદેવભાઈની ડાયરી

*(૫-૫-૧૯૧૮ પુસ્તક ૪, પાના નં ૧૦૨)*

*રાત્રે સાડા નવ વાગ્યા પછી અંત્યજ પરિષદ ભરાઈ. શ્રી શિંદે પણ બહુ જ આગ્રહપૂર્વક બાપુજીને તેડી લાવ્યા હતા. બહુ ઠરાવો થયા પછી મોડી રાત્રે લગભગ બાર વાગ્યે બાપુજીને એક ઠરાવ રજૂ કરવાનું કહેવામાં આવ્યું. ઠરાવ એવો હતો કે આ કૉન્ફરન્સ કોંગ્રેસ લીગ સ્કીમને ટેકો આપે છે, અને અંત્યજોનું પણ સ્થાન સરકાર સ્વીકારશે એવી ભલામણ કરે છે. ઠરાવ રજૂ કરતાં પહેલાં સભા સમક્ષ જોઈને બાપુએ પૂછ્યું, 'આ સભામાં કેટલા અંત્યજો છે? બીજી વાર પૂછ્યું, ત્રીજી વાર પૂછ્યું; કોઈએ ઉત્તર ના આપ્યો. આખરે કોઈએ કહ્યું કે એક પણ અંત્યજ નથી. આ સાંભળીને બાપુ હિંદીમાં બોલ્યા:*

*'તો બાર બાર વાગ્યા સુધી અહીં આપણે શું કરીએ છીએ? પોપટ 'નારાયણ', 'નારાયણ' કરે તેવી આપણી સ્થિતિ છે. ભાઈ શિંદેને હું કહું છું કે આવી પરિષદો કરવાનું મૂકી દઈ બીજા સંગીન કાર્યક્રમમાં જ રચ્યા રહે. અસ્પૃશ્યતાનાં પાપમાંથી મુક્તિ હૃદયશુદ્ધિથી જ મળે છે. હાર્દિક ભાવથી જ કામ થાય છે. કૃત્રિમતાથી આપણું કામ નથી થતું. અસ્પૃશ્યતા દૂર કરવાને માટે આપણે બહુ ઠરાવો કરીએ છીએ, પણ તેનું કશું પરિણામ નથી. એક માણસે સર્વાનુમતે ઠરાવ ન થવા માટે કહ્યું કે આ પરિષદ અવ્યવહારુ છે. હું પણ કહું છું કે આ પરિષદ અવ્યવહારુ છે.*

*કોંગ્રેસ લીગ સ્કીમપાસ કરાવવાનો ઠરાવ મેં વાંચ્યો ત્યારે તેને કોઈ અંત્યજ અનુમોદન દેશે એમ મેં ધારણા રાખેલી, પણ અહીં અંત્યજ તો કોઈ છે જ નહીં. ત્યારે એ ઠરાવ કરવાનું ફળ શું? એ ઠરાવનું મોંટેગ્યુ પાસે વજન શું પડશે? હું આ ઠરાવ નથી રજૂ કરી શકતો. આ ઠરાવ પસાર કરવાનો જરી પણ અહીં અધિકાર નથી એટલે એ ઠરાવ આપણે અહીં નથી લાવી શકતા. આપણે આપણી કૃત્રિમતા તજીને સરળ થઈએ એટલું જ બસ છે. આપણે વર્ણાશ્રમ પાળતા નથી, બ્રાહ્મણે બ્રાહ્મણનો ધર્મ તજ્યો છે, ક્ષત્રિયે ક્ષત્રિયનો ધર્મ તજ્યો છે, વૈશ્યએ વૈશ્યનો ધર્મ તજ્યો છે અને જે વસ્તુ આપણા હાથમાં નથી તેને પકડી રહ્યાં છીએ. આપણે સ્વરાજ્યને લાયક નથી.*

*જેઓ સ્વરાજ્ય માંગે છે તેઓ અંત્યજો માટે શું કરશે? આ સવાલ આપણને સિડનહામ જેવા ભાઈઓ જરૂર પૂછશે, અને તેનો ઉત્તર આપતાં આપણે શરમાવું પડશે. જે સ્વરાજ માગે છે તેણે બીજાને સ્વરાજ આપવો જોઈએ. ન્યાય માગે છે તેણે ન્યાય આપવું જોઈએ. હું તમને સહુને કહું છું કે આ ખેલ છોડીને સાચા હૃદયથી આ મધરાતે પ્રાર્થના કરી લો કે જેથી આપણાં પાપ, આપણી કઠોરતા નષ્ટ થાય.*

*૪-૧૧ થી ૮-૧૧-૧૯૨૦ (પુસ્તક ૫, પાના નં ૩૪૪ થી ૩૪૬)*

*રાત્રે જે સભા ભવાનીપેંઠમાં થઈ તેવી સભા પૂનામાં અગાઉ ભાગ્યે જ થઈ હશે. ત્રીસેક હજાર માણસ હાજર હશે. સભામાં બોલનારા ગાંધીજી, પંડિત મોતીલાલ નેહરુ, શૌકત અલી, હાજી સિદ્દિકી, ખત્રી સાહેબ, શ્રી કેળકર, ખાડિલકર, પરાંજપે, વગેરે હતા. આરંભમાં ગાંધીજીએ આ રાજ્યનું રાવણ રાજ્યપણું સમજાવ્યું, અને રાક્ષસ સાથે પ્રેમ તોડવા માટે રાક્ષસીપણાથી નહીં, પણ દેવપણાથી કામલેવાની સૂચના કરી. આ દેવપણું એટલે ઈશ્વરનો ડર અને આવેશનો અભાવ.*

*મહારાષ્ટ્રમાં બ્રાહ્મણો અને અબ્રાહ્મણો વચ્ચે ખટાશ રહી છે. આ ઝઘડો ત્રણ ચાર વર્ષનો જ જૂનો છે. અર્ધદગ્ધ કેળવણી લીધેલો વર્ગ તેને માટે જવાબદાર છે. પ્રજાનો મોટો ભાગ મરાઠા અબ્રાહ્મણોનો છે. એમાંના ઘણાઓ તો પોતાનું હિત બ્રાહ્મણોની સાથે રહીને જ કામ લેવામાં સમજે છે. પણ મરાઠાઓમાં જ એક સત્યશોધક નામનું મંડળ ઉત્પન્ન થયું છે. તેણે બ્રાહ્મણોની સામે ભારે ઝંડો ઉઠાવ્યો છે. તેની*

ઉશ્કેરણીથી બ્રાહ્મણ-બ્રાહ્મણેતરના ઘણા ઝઘડા થાય છે. બ્રાહ્મણોનાં ઢોરોના અપહરણના, પાક અને ઘાસ સળગાવી મૂક્યાના અને સ્ત્રીઓની લાજ લૂંટાયાના કિસ્સા પણ બન્યા છે. આ મંડળ બ્રાહ્મણોને પોતાની જુલમી સરકાર કહીને ઓળખાવે છે, તેમના ઉપર ખરા અને કાલ્પનિક અનેક આરોપો મૂકે છે અને સરકાર તરફથી મદદની નજરથી જુએ છે. છતાં મેં આગળ કહ્યું તેમ મતભેદ એવો નથી કે જે ટાળી ન શકાય; અને બ્રાહ્મણ નેતાઓ એ ખટાશ મટાડવાના ઉપાય લેતા જ રહ્યા છે. મહારાષ્ટ્રની ખાસ માગણી હતી કે ગાંધીજીએ આ પ્રશ્નનો કોઈ પણ રીતે ઉકેલ કરવો, કારણ મદ્રાસના વિદ્યાર્થીઓ આગળ આપેલા તેમના એક ભાષણમાંના ઉદ્ગારો પકડી લઈ એ ટોળાવાળાઓએ ગાંધીજીએ બ્રાહ્મણો વિશે જ દોષ દીધો છે એવો ભાવાર્થ કાઢ્યો હતો. એટલે આ પ્રશ્ન વિષે ગાંધીજીએ દરેક ઠેકાણે ખૂબ વિવેચન કર્યું. પૂનાના ભાષણમાં એ વિષે બોલતાં તેઓએ કહ્યું :

×હિંદુ-મુસલમાન બન્નેમાં આજ સુધી દુશ્મનાવટ ચાલી આવી છે. એકદિલીની આપણે વાતો જ કરી છે, કેવળ રાજકીય કામ માટે જ આપણે થોડી મહોબત રાખી છે, પણ દિલની નથી રાખી. હવે આપણે દિલને સાફ કરીને દિલની મહોબત વધારીએ એ હું ઈચ્છું છું. પણ હું જોઉં છું કે અહીં તો બ્રાહ્મણ-અબ્રાહ્મણમાં એવું ચાલી રહ્યું છે કે તેથી મને કંપારી છૂટે છે. મદ્રાસમાં એક વાર હું બ્રાહ્મણોની આગળ બોલતો હતો. સભા ખાનગી હતી. ત્યાં અબ્રાહ્મણોનો સવાલ જુદો છે અને અતિશય તીવ્ર છે. ત્યાં એક દાખલો આપીને મેં કહ્યું હતું કે પંચમ (અસ્પૃશ્ય) પ્રતિના વર્તનમાં તો નોકરશાહી જેટલી શયતાનિયત બ્રાહ્મણો કરી રહ્યાં છે. હું બ્રાહ્મણોની આગળ વાત કરી રહ્યો હતો માટે મેં બ્રાહ્મણોનો દોષ બતાવેલો. પંચમોને અસ્પૃશ્ય માનવા એ જરૂર શયતાનિયત છે. જ્યાં સુધી આપણે આપણી શયતાનિયત નથી મટાડી ત્યાં સુધી આપણામાં બીજાની શયતાનિયત મટાડવાની લાયકાત નથી આવી એમ મેં કહેલું. પણ મારો આરોપ તો બ્રાહ્મણો પર નહીં પણ હિંદુ કોમ ઉપર હતો. આજકાલના બ્રાહ્મણો ઉપર ન હતો. સ્વ. ગોખલેજી બ્રાહ્મણ હતા, લોકમાન્યજી બ્રાહ્મણ હતા, અને તેઓ પણ અસ્પૃશ્યને સ્પૃશ્ય કહેતા હતા અને હમેશાં કહેતા કે તેમને અસ્પૃશ્ય સમજશું તો સ્વરાજ્ય નહીં ચલાવી શકીએ.

× મહારાષ્ટ્રની તો ત્યાં મેં વાત કરી નહોતી. મેં મદ્રાસમાં મદ્રાસને માટે જ જે ઉદ્ગારો કાઢ્યા હતા, તેમાંથી એક શબ્દ કાઢીને અબ્રાહ્મણો તેનો દુરુપયોગ કરી રહ્યા છે. અબ્રાહ્મણો કેટલાક એમ પણ કહે છે કે તેઓ હિંદુ નથી. આવાઓને તો બ્રાહ્મણ અબ્રાહ્મણની તકરારમાં પડવાનો કશો જ હક નથી. પણ હું અબ્રાહ્મણને કહું છું કે જેમ મુસલમાન ભાઈઓ આપણને ગાળો દેશે તો પણ આપણે ફોજદારીમાં નથી દોડવાના તેમ અબ્રાહ્મણોએ પણ તેવા વિચાર તજવા જોઈશે. જો બ્રાહ્મણોને દબાવવા બૂરી સલ્તનત પાસે જઈ તેની કુમક માગશો તો તેમણે યાદ રાખવું કે તેમણે તેના જ ગુલામ બનવું પડશે. અબ્રાહ્મણોને મારી અરજ છે કે મારા નામથી તેઓ કોઈ જૂઠાણું ન ફેલાવે. સત્યશોધક મંડળ શું છે તેની મને ખબર નથી, પણ તે એમ પ્રગટ કરી રહ્યો છું કે હું વર્ણાશ્રમનું ખંડન કરી રહ્યો છું. હું કહું છું કે આ જૂઠી વાત છે. મારા નામથી ગમે તેવા પોગળ ચાલ્યાં છે. હું ચુસ્ત હિંદુ - વૈષ્ણવ છું; રામાયણ, મહાભારત, ઉપનિષદ ઉપરની મારી અચલિત શ્રદ્ધા છે. મારાં શાસ્ત્રોની ખામી હું સમજું છું, પણ વર્ણાશ્રમને હું ચુસ્તપણે માનનારો છું. એ ઉપરથી મારા નામનો ફાયદો લેવા ઈચ્છતા હોય તો ભલે લો. જો હિંદુઓ બ્રાહ્મણ અબ્રાહ્મણ એવા ભેદ પાડીને આ શયતાની સરકારની શરણે જશે તો ખત્તા ખાશે અને તેમને પાછા ફરવું પડશે એમ મારે કહેવું છે. મુસલમાનોને આનો અનુભવ મળ્યો છે. રાષ્ટ્રીય અન્યાય દૂર કરાવવા માટે બધાઓએ એક થયા વગર છૂટકો નથી. ×

(અત્રે નોંધવું ઘટે કે પાછલા વર્ષોમાં ગાંધીજીએ વર્ણાશ્રમ અંગે પોતાની માન્યતા બદલી હતી. પણ અહીં એમની માન્યતાનો ઉલ્લેખ અંગ્રેજોની સામે દેશની તમામ કોમો અને જ્ઞાતિઓને એક કરી લડવાનો છે તેથી તેઓ બ્રાહ્મણ અબ્રાહ્મણ સૌને ભેગા કરવા મથી રહ્યા છે. મનુષ્ય

માત્ર સમાન છે અને જ્ઞાતિ કે કોમ આધારે અળગાપણું કે વૈમનસ્ય ન રખાય એ પાયાની માન્યતા તો એમની કાયમ રહે છે. પરંતુ આજે પણ ગાંધીજીના વર્ણાશ્રમ અંગેના ઉપરોક્ત ઉદ્‌ગારને લઈ દલિત સમાજ અને દલિતના અધિકારો માટે લડનારા કટ્ટરતાપૂર્વક તેમને દલિત વિરોધી જ માનતા આવ્યા છે. સં.)

૧૩-૧૨-૧૯૨૦ (પુસ્તક ૫, પાના નં ૪૧૭)

સવારે કલકત્તા પહોંચ્યા.

ટ્રેનમાં અંત્યજો ઉપર બીજો લેખ. તેમાંના ભારે ઉદ્‌ગારોઃ ×હું ધર્મયજ્ઞમાં દેશને પણ હોમવા તૈયાર થાઉં એવી મારી ભાવના છે. મારું સ્વદેશાભિમાન ધર્માભિમાનથી મર્યાદિત છે તેથી જો ધર્મહિતનું વિરોધી દેશહિત હોય તો તે દેશહિતને જતું કરવા તૈયાર થાઉં. અંત્યજોને અસ્પૃશ્ય ગણવામાં હું અધર્મ માનું છું ને અધર્મ આચરીને દેશહિત કરવાની લેશમાત્ર ઈચ્છા નથી. મારી દૃઢ માન્યતા છે કે દેશમાં જ્યારે ખરી ધર્મજાગૃતિ થશે ત્યારે જ સ્વરાજ મળશે. એવી જાગૃતિનો સમય આવ્યો જ છે. તેથી જ મેં એક વર્ષમાં સ્વરાજપ્રાપ્તિ સંભવિત માની છે. આભમાં ધૂળ ઉડાડવાથી આપણી જ આંખમાં પડે છે, એની દલીલ શી? જેને એમ ધૂળ ઉડાડવામાં રસ આવે એ ઉડાડીને જ સારાસારનો અનુભવ લેશે. અસ્પૃશ્યતાના પાપનો મેલ સંઘરીને સ્વરાજ મેળવવાના પ્રયત્ન આકાશમાં ધૂળ ઉડાડવા સમાન છે. ×

૨૫-૧૨-૧૯૨૦ (પુસ્તક ૫, પાના નં ૪૪૮થી)

નાગપુરમાં અંત્યજ પરિષદ

ગાંધીજીને આ પરિષદનું પ્રમુખ સ્થાન લેવાની સૂચના બે સુધારક ગૃહસ્થોએ કરી. તેમણે કહ્યું કે 'મહાત્મા ગાંધીના રાજકીય મતો સાથે અમને મેળ નથી. મહાત્માજીએ ગમે તેટલું મોટું કાર્ય કર્યું હોય તો પણ જ્યાં સુધી અસ્પૃશ્યતાને તેઓ નાબૂદ કરાવી શક્યા નથી ત્યાં સુધી તેઓ મહાત્માપદને લાયક નથી. આજ સુધી આપણે માટે મહાત્માજીએ કશું જ કર્યું જ નથી. તેમને આપણા પ્રયત્નોને માટે સહાનુભૂતિ છે. આપણી ઉન્નતિને અર્થે આપણને ગાંધીજીની ગરજ નથી. રાજ્યમાં સારા કાયદાઓ ઘડાવીને પણ આપણે આપણી ઉન્નતિ કરાવી શકીશું, પણ અસ્પૃશ્યતાને આપણે કાયદાની મદદથી કાઢી શકીએ તેમ નથી.

આવા ઉદ્‌ગારો સાથે જ્યારે સભાનો આરંભ થયો ત્યારે ગાંધીજીને અસ્પૃશ્યતા વિષે અને અંત્યજોની ઉન્નતિ વિષેના પોતાના વિચારો ખૂબ સ્પષ્ટતાથી બોલવાની જરૂર પડી. તો આખા દિવસના થાકેલા હોવાથી તેમનો વિચાર ટૂંકમાં પતાવી દેવાનો હતો.

શરૂ કરતા પહેલાં ગાંધીજીએ ત્રણ સવાલ કર્યા. હું બોલું છું તે સૌ સમજો છો? જવાબ 'હા' મળ્યો. અંત્યજો હોય તેમને હાથ ઊંચા કરવાનું કહેતાં ઘણા હાથ ઊંચા થયા. લગભગ પોણો ભાગ અંત્યજો હતા.

×આટલા બધા અંત્યજ લોકોને આ સભામાં જોઈને હું બહુ ખુશ થયો છે. ×

×અંત્યજવર્ગની હાલતનો અભ્યાસ હું કેટલાંયે વર્ષોથી કરી રહ્યો છું. આ વિષયામાં મોટા મોટા સુધારકોની જેમ હું નથી. સુધારકો જે રીતે કામ કરે છે તે રીતે હું કામ કરતો નથી. જ્યારથી હું હિંદુસ્તાનમાં આવ્યો છું ત્યારથી સુધારકો જે ઢબથી કામ કરી રહ્યાં છે તેની ઉપર મેં વિચાર કર્યાં છે. પણ હું જે કામ કરું છું તેમાં ત્રુટિ છે અગર તો બીજાઓ કરે છે તે વધુ સારું છે એવું મને નથી લાગ્યું. મારામાં ત્રુટિ હોય એ સંભવિત છે. પણ ત્રુટિ નથી એવો જ મારો વિશ્વાસ છે.

×હું કામ કરું છું તે આ પ્રમાણે છે. અસ્પૃશ્યતા એ પાપ છે, તેથી એ પાપને હઠાવવું જોઈએ. અસ્પૃશ્યતાને હઠાવવી એ મારું કર્તવ્ય સમજું છું. પણ તે અંત્યજોની અંદરથી નહીં પણ ઈતર હિંદુઓમાંથી હઠાવવી જોઈએ. અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મની અતિશયતા છે. મદ્રાસમાં એક સ્થળે હું બોલ્યો હતો કે જેવી આપણી સલ્તનતમાં ભારે શયતાનિયત હું જોઉં છું અને જેમ એ દુરસ્ત કરી ન શકું તો તેને મિટાવવા હું ઈચ્છું છું, તેમ હું માનું છું કે હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતા એ ભારે શયતાનિયન છે.

×સ્વ. ગોખલેએ દક્ષિણ આફ્રિકામાં ત્યાંનો બધો મામલો જાણ્યા બાદ કહ્યું હતું કે 'આપણી હાલત આવી બૂરી

કેમ ન હોય? 'જેમઆપણે અંત્યજોને અસ્પૃશ્ય સમજીએ છીએ તેમ યુરોપની પ્રજા પણ આપણને, હિંદુ-મુસલમાન બધાને, અસ્પૃશ્ય સમજે છે. તેમની સાથે રહેવા આપણને પરવાનગી નહીં; તેમના જેટલા આપણને હક નહીં. જેટલા બેહાલ હિંદુ સમાજે અંત્યજોને કર્યા છે તેટલા દક્ષિણ આફ્રિકાના ગોરાઓએ હિંદીઓને કર્યા છે. હિંદ બહારના જેટલાં સંસ્થાનો છે તેમાં પણ ગોરાઓનું વર્તન તેવું જ છે, જેવું હિંદુ સમાજનું વર્તન અંત્યજો સાથે છે. માટે જે ગોખલેજીએ કહેલું કે 'આપણને હિંદુ સમાજે બતાવેલી શયતાનિયતનું ફળ મળી રહ્યું છે. સમાજે મોટું પાપ કર્યું છે, ભારે શયતાનિયત દેખાડી છે, એને પરિણામે જ દક્ષિણ આફ્રિકામાં આપણી બૂરી હાલત થયેલી છે.' મેં તરત તેનો સ્વીકાર કરી લીધો. એ વાત સાવ સાચી હતી. ત્યાર પછી તો મારો અનુભવ પણ એ જ છે.'

૩૦-૩-૧૯૨૪ પછી (પુસ્તક ૬, પાના નં. ૮૦થી ૮૩)

આ પછી ગાંધીજીએ બધાંને ચર્ચા કરવાને આગ્રહ કર્યો. થોડી વાર કોઈ તૈયાર ન થયું, એટલે ગાંધીજી કહે: 'મારી આગળ નાનું બચ્ચું પણ બોલી શકે, મારાથી તમને ડરવાનું હોય જ નહીં, મારાથી કોઈને પણ ડરવાનું હોય તો મારા અહિંસા ધર્મનો લોપ થાય.' એટલે એક ભાઈ આગળ આવ્યા. ખાદીનો કોટ હતો, બટનની ઉપર ગાંધીજીની છબી હતી, બ્રાહ્મણ હતા. તેમણે પોતાની મુશ્કેલી જણાવવાનો પ્રયત્ન કર્યો.

'બધા ધર્મને માનનારો છું, ગાંધીને માનનારો છે. મારું તો કહેવું એ છે કે બધું સર્વાનુમતે થવું જોઈએ. અંત્યજોને ન ભણાવવા એવું હું નથી કહેતો. હું તો કહું છું કે તેમની જુદી શાળા કાઢો. તેમાં માસ્તર ભણાવવા જાય, અને તે માસ્તર અમારાં છોકરાંને ભણાવવા ન આવે. આટલું તો હું માગું. માર્કેટમાં આ બાબતની ખૂબ ચર્ચા થઈ હતી, અને ઘણાએ જે વાત કરી તે હું આપની આગળ રજૂ કરું છું. ઘણાં તો પૈસાની વાતો પણ કરતા હતા.'

ગાંધીજીએ વચ્ચે કહ્યું, 'ના પૈસાનો પ્રશ્ન નથી. પૈસા તો લોકો ભલે આપતા બંધ થાય. પણ પૈસા આપતા બંધ થાય એટલે આપણે અંત્યજના બાળકોને ભણાવતા અટકીએ?'

પેલા ભાઈ પણ ગાંધીજીની દૃષ્ટિમાં મળતા થયા, પણ તાત્પર્ય બીજું કાઢ્યું; 'ના, પૈસાનો પ્રશ્ન નથી. ઘણા કહે છે, અંત્યજના બાળકને દાખલ ન કરીએ તો કોંગ્રેસ કમિટી પૈસા ન આપે. હું કહું છું કાંઈ નહિ, નહિ આપે તો પૈસા તો ગમે ત્યાંથી મળી રહેશે.'

ગાંધીજી હસ્યા. તેમણે પૂછ્યુ: 'વારુ, તમે કોંગ્રેસને માનો ખરા કે નહિ? તમે અંત્યજ ને ન આવવા દો તો તમે કોંગ્રેસની ઠરાવની વિરુદ્ધ વર્તો છો.'

'ના, હું કોંગ્રેસના એ ઠરાવને નથી માનતો. તમે સર્વાનુમતે ઠરાવ કર્યો હશે. પણ અહીં સર્વાનુમતે ઠરાવ ક્યાં થાય છે? અહીં તો અનેક વિરુદ્ધ છે અને છતાં તમે આગ્રહ કરશો તો હું મારા છોકરાને ઉપાડી લઈશ.'

ગાંધીજી: તે તો કાંઈ નહિ. હું માનું છું કે મારો ધર્મ તમારા છોકરાને ભણાવવા કરતાં અંત્યજના છોકરાને ભણાવવાનો વધારે છે. કારણ તમારા છોકરાને ક્યાંય પણ ભણાવવાનું મળી રહેશે, પણ અંત્યજનાને ક્યાં મળવાનું?'

'હું ક્યાં કહું છું કે અંત્યજના છોકરાને ન ભણાવો. પણ એ બધાને ભેળા કરો તેમાં તો અમારે નાત જાય છે. બધો ખળભળાટ થાય છે. હું તો તમનેય રાજી રાખું, અને મારા નાતભાઈઓને પણ રાજી રાખું. બધું ચૂંથી નાખવાના તમે.'

ગાંધીજી: 'અરે ભાઈ, એક તો ચૂંથાયા વિના રહે જ નહિ.'

'અરે ભાઈ કુસંપમાં જ સ્વરાજ અટકે. સ્વરાજ આવી રીતે એક મત ન હોય છતાં કામ લેવાથી મળવાનું છે કે? સંપ હોય તો જ સ્વરાજ મળે.'

સૌ એ દલીલથી ખડખડાટ હસ્યા. પણ ગાંધીજી તેમને હસી કાઢે તેમ ન હતું.

ગાંધીજી 'બાપદીકરા વચ્ચે ભેદ નથી હોતો?'

'તેમાં તો બધું બગડ્યું છે.'

ગાંધીજીઃ 'મારી અને મારા દીકરાની વચ્ચે અંતર રહ્યું છે. છતાં કુસંપ થોડો છે? મતભેદ કાંઈ કુસંપ છે?'

'પણ બીજાને દુઃખ આપવાપણું તો રહેલું છે જ ને?'

ગાંધીજીઃ 'ના, દુઃખી તો ન જ કરવા; પણ સત્ય કહેતાં મારા દીકરાને દુઃખ લાગે તો તેની પરવા કર્યા વિના મારે તેને સત્ય કહેવું.'

'સત્યથી દુઃખ લાગે જ નહી, તેમાં અસત્યનો ભાગ હોય તો જ દુઃખ લાગે.' ગઈ નવરાત્રિનો એક કિસ્સો સંભળાવીને તેમણે કહ્યું, 'તે પ્રસંગે સૌ શાંત રહ્યા હતા, કોઈએ અસ્પૃશ્યતા કાઢવાની વાત નહોતી કરી, ત્યાં સુધી બધું સારું હતું.'

ગાંધીજીઃ 'શાંત કહ્યું એ શાથી? બીજાઓએ પોતાનો ધરમ તજ્યો તેથી? ધરમ તજીને કંઈ શાંતિ મેળવી શકાતી હશે?'

એટલામાં એક ભાઈએ ગાંધીજીને જણાવ્યું કે 'ના, શાંતિ તો કેટલી હતી તે આપને જણાવું. ગરબામાં કેટલીક મારવાડી બહેનો હતી તેને જોઈને ઘણાંને શંકા થઈ કે અંત્યજ બહેનો હશે. પણ કોઈ બોલ્યું નહિ. પાછળથી 'હો હા' થઈ, આખરે માલમ પડ્યું કે તેઓ તો મારવાડી બહેનો હતી. અંત્યજ બહેનોને એમ ઓળખવી પણ મુશ્કેલ પડે છે.'

એટલે ગાંધીજી કહેઃ 'ના; પણ અહીં તો જે બહેને ગુજરાતી પોષાક ન પહેર્યો હોય, અને જેનું મોં ગુજરાતી બહેન જેવું સારું ન દેખાતું હોય તે એમના હિસાબે અંત્યજ.' હસાહસ થઈ રહી.

ગાંધીજીએ બીજી દલીલો શરૂ કરી. 'વારુ, તમે વસંતરામ શાસ્ત્રીને જાણો ખરા કે નહિ? તે પણ તમને આ બાબતમાં સમજાવશે કે તમારો દુરાગ્રહ બરાબર નથી. તમે માલવિયાજીને કઈં ઓછા સનાતની હિંદુ માનો છો? તેઓ તો અંત્યજોને અડે એટલું જ નહિ પણ તેમને લઈને તેઓ કૂવે ગયા, અને તેમાંથી તેમને પાણી ભરવા દીધું, અને સૌએ પાણી પીધું. આ સાંભળીને તો પેલા દિંગ થઈ ગયા, જરા ગભરાયા, અને બોલી ઊઠ્યાઃ

'હા; હા; હું જાણું છું કે થોડી મુદતમાં બધું ભેળું થઈ જવાનું છે.'

વળી હસાહસ થઈ. એટલે પાછા તેમને ધીરજ આપવા સારુ ગાંધીજીએ વિષય બદલ્યોઃ 'તમે ક્યાંના?'

'પોરબંદર પાસેનો જ છું,' એ જવાબથી પાછું હસવું રોકાવું અશક્ય થઈ પડ્યું.

ગાંધીજીઃ 'વારુ; ત્યારે તમે છોકરાને શાળામાં તો મોકલજો, પણ નવરાવજો.'

પેલા ભાઈઃ 'અરે બધી વાત ચૂંથાઈ જવાની. નાહવું શું ને ધોવું શું? અંત્યજને અડવાની વાત કરો છો તે કોલસાને ધોવા જેવી વાત લાગે છે.'

એ ભાઈની વાતવાતમાં ગોકુળનાથજી મહારાજ જેમને તેઓ બહુ માને છે, તેમનું નામ આવતું હતું.

ગાંધીજીઃ 'વારુ, તમારા ગોકુળનાથજી જેમને તમે માનો છો તેને તમે કહો કે છોકરાને શાળામાં મોકલીશ અને નવરાવીશ. તો તેઓ તમને ના નહિ કહે.'

પેલાઃ 'ગોકળનાથ બાવા કહે કે આમ કર તો માનું ખરો.

(પણ એમાં પણ ભારે કબૂલાત થઈ જતી હોય, તેમ તેઓ ખંચાયા, અને ઊમેર્યું) 'પણ તે એમ કહે જ નહિ.'

ગાંધીજીઃ 'વારુ, તમે કોઈનો પણ અંકુશ કબૂલ કરો છો કે નહિ?'

પેલાઃ 'વાજબી હોય તો કબૂલ કરું, પણ ગોકુળનાથજી એમ કહે જ કેમ?'

ગાંધીજીઃ હા; હા; પણ તે કહે તો તમે નવરાવોને?'

પેલાઃ (કઈંક મૂંઝાઈને) 'પણ સ્નાન કેટલી વાર કરાવું? છોકરો અનેક વાર નાહીને માંદો પડે.

ગાંધીજીઃ 'ઓહો, અમે નાનાં નાનાં છોકરાં હતાં ત્યારે અમને કાંદા બહુ ભાવે; મારી મા વૈષ્ણવ પડી; તે બિચારી બહાર કાંદા રાંધે અમને ઊંચેથી પીરસે, અમે તેને ચીડવીએ, પજવીએ, તેને અડીએ, અને તે નહાય. ત્યારથી હું મારી મા પાસે પ્રેમમય અસહકાર શીખ્યો. આ તો પાંત્રીસ વરસની વાત છે. એટલે એક જમાનો થઈ ગયો. તે વેળા પણ અંત્યજોને અડીને અમે નહાઈ નાખતાં. અમારી બા અમને અનેકવાર નવરાવતી. તો આજે એ શું મુશ્કેલ છે?'

પેલાઃ ગોકુળનાથજી કહે, 'તો જોશું વળી.'

ગાંધીજીઃ જોજો; 'જોજો.'

પણ આખો સંવાદ ક્યાં આપવા જાઉં? હિંદુ સમાજ પોતાનું ચિત્ર આટલામાં આવી ગયેલું જુએ તોયે ચેતી જાય. એ સ્થિતિ કેવી હસવા જેવી, કેવી ભૂંડી છે એ તત્કાળ લાગ્યા વિના નહિ રહે. બીજા એક બ્રાહ્મણ સજ્જન આવ્યા. કાઠિયાવાડી શુદ્ધ સફેદ ખાદીના અંગરખાધારી, અને કપાળમાં લાંબી ચંદનની આડ કરેલા. આ સજ્જન કાંઈ પ્રખર હિંદુતા બતાવશે એવું જણાયું. પણ એમને તો નિખાલસતાથી પહેલેથી જ કહી દીધું 'હું, બ્રાહ્મણ છું, પણ અસ્પૃશ્યતા મને અંતઃકરણથી વિરુદ્ધ વસ્તુ લાગે છે.' આ પછી કાંઈ કહેવાપણું નહોતું. તેમનો વાંધો એટલો જ હતો કે, 'જ્યારે અંત્યજો ભણનારા નથી તો આટલો ખળભળાટ કેવળ સિદ્ધાંતનો પ્રશ્ન ઊઠાવી શા સારુ ઊભો કરવો?' એટલે એક ભાઈએ જણાવ્યું કે અનેક ભંગીઓ ભણવાની માંગણી કરી રહ્યાં છે. ત્રીજા ગૃહસ્થ આવ્યા. તેમણે 'હિંદુ સમાજનું ચિત્ર' શબ્દ મેં આગળ આપ્યો છે તેને પુષ્ટિ આપી. 'અગાઉ મહારાજ કહી ગયા તેથી મારે વધારે કશું કહેવાનું નથી. મારે ગોકુળનાથજી કહે તે બધું કબૂલ!' ચોથા સજ્જને એક વ્યવહારિક વાંધો દર્શાવ્યો. 'બધાનાં બાળકો અંત્યજોનાં બાળકો સાથે બેસે તો બેસવામાં તો વાંધો નથી, પણ બપોરે નાસ્તો કરે, તેમાં સાથે નાસ્તો કરે તો જ્ઞાતિબંધન ક્યાં રહે? અમે તો, અંત્યજોને અડવામાં માનીએ છીએ, પણ કેળવણી સુધી શું કરવા આ વાત લઈ જાઓ છો? ઘાટીઓએ એકવાર હડતાળ પાડી હતી - આ વાત સાંભળી કે તરત જ.'

આખરે ગાંધીજીએ તોડ આપ્યો કે, 'નિશાળ નોખી ભલે હાલ કાઢો.' એટલે પેલા મહારાજ બોલી ઉઠ્યા,

પણ શિક્ષકો તો જુદા જોઈએ'.

ગાંધીજીઃ 'શિક્ષક તો જુદા ન જ હોય. પણ એક રસ્તો છે. તમારે શિક્ષક થવું. થશો?'

પેલાઃ 'ના ના; એવી વાત થાય? કોઈ ખ્રિસ્તી, કોઈ મુસલમાનને શિક્ષક કરો તો કાંઈ અડચણ નહી.'

ગાંધીજીઃ 'એ તો તમે ભારે અનર્થની વાત કરી. એ વાત તમે ખેંચી લો એમ ઈચ્છું.'

મહારાજને ખેંચી લેવામાં તો કાંઈ પૈસા બેસે એમ નહોતું, 'ગોકુળનાથજી કહેશે તો જોશું.' એ જેવા ભાવથી તેમણે કહેલું તેમ, 'લ્યો, ખેંચી લીધી. પણ હું તો ...ના સ્પર્શથીય વિરુદ્ધ છું, હો', કહીને ઊભા થયા.

(આ સંવાદ મુંબઈમાં વિલેપાર્લેની એક શાળામાં થયો હતો. સં)

(મધ્યાન ભોજનની યોજના આઝાદી પછીના ૨૫-૩૦ વરસે આવી તોય તમામ છોકરાઓ સાથે બેસીને જમી શકતા ન હતા, આજે પણ બધે જમી શકતા નથી. કાયદો તો મજબૂત છે, પણ માનસિકતા હજી ગઈ નથી. અનુસૂચિત જાતિ, જનજાતિ, મહિલા સરપંચ, સભ્ય એવા તમામ પ્રયોગો મૂકાયા છે અને ચાલે છે પણ હૃદયપૂર્વક સ્વીકૃતિ માટે હજી કામબાકી છે એ શીખ તો લેવી ઘટે. સં)

ગાંધીજીના સમયમાં એક વિલક્ષણ, પ્રતિભાવાન અને હિંદુ સમાજની જડતા, અન્યાય અને જુલમનો ભોગ બનેલા વિદ્વાન ડૉ. ભીમરાવ આંબેડકર (૧૮૯૧-૧૯૫૬) ક્રોધ અને જુસ્સાથી ન્યાય માટે લડેલા. એમણે રાજ્યસત્તાને સર્વોપરી ગણી કાયદાની રાહે હકની માગણી માટે લડત ચલાવી. ૧૯૩૨ની સાલ હિંદુ સમાજની સમરસતા સંદર્ભે ખૂબ ઐતિહાસિક નીવડીયું. ગાંધીજી અને ડૉ. આંબેડકર વચ્ચેના હિંદુ સમાજને સમરસ બનાવવા અંગેના મતભેદ શિખરેએ પહોંચ્યા. આજે આપણે જેમને દલિત અથવા બંધારણની રુએ અનુસૂચિત જાતિ તરીકે ઓળખીએ છીએ અને સવર્ણ તરીકે ઓળખાતી જાતિઓ વચ્ચે વૈમનસ્યનાં બી ૧૯૩૨ના બ્રિટિશ સરકારના એક ચુકાદાના લીધે વવાયા અને આજ સુધી દલિત સમાજે ગાંધીજીને એમની આ અંગેની ભૂમિકા માટે માફ નથી કર્યાં. આ સમયે ગાંધીજી સમરસ હિંદુ સમાજ માટે જે ઉત્કટ ભાવ રાખતા તે પ્રકટ થયા હતા. ગાંધીજીએ ચુકાદા સામે આમરણાંત ઉપવાસ કર્યા અને સરકારે દલિતો માટે જુદા મતમંડળનો નિર્ણય એમને અનામત આરક્ષણ આપીને ફેરવ્યો. એ વખતના ઊદ્ગારો પૈકી ચૂંટેલાં ઉચ્ચારણો અહીં આપ્યા છે. સંવેદનશીલ પાઠક એમની ભાવના સમજી શકશે તેવો વિશ્વાસ છે. આ સમયે ગાંધીજી,

સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાદેવ દેસાઈ યરવડા જેલમાં બંદી હતા. સં.)

૧૭-૮-૧૯૩૨ (પુસ્તક ૧, પાના નં. ૩૬૬-૬૮)

આજે કોમી ચુકાદો આવ્યો. જાણે કંઈ ન બન્યું હોય એમ બાપુ સાંજ સુધી વર્તી રહ્યાં હતા. સાંજે હોર્નિમૅનનો લેખ વાંચ્યો તે ગમ્યો. સવારે વાતવાતમાં ક્યાંક ક્યાંક વાક્યો નીકળતાં હતા: ×લઘુમતિ કરારમાં જે હતું તે જ કર્યું છે. બેંથૉલના કાગળમાં જે હતું તે બની રહ્યું છે.× મેં કહ્યું મૉન્ટ્ફર્ડના સુધારા કરતાં આ બંધારણ નવું બંધારણ યોગ્ય નથી. ×બાપુ: ×એમા શંકા નથી. પેલા સુધારામાં તો આપણો લખનૌ કરાર આધાર તરીકે લેવાયો હતો. આ તો દેશના એવા ભાગલા પાડ્યા છે અને એવી છિન્નભિન્ન કરવાની બાજી છે કે જેથી દેશ ઊભો જ ન થઈ શકે.× સાંજે પ્રાર્થના પહેલાં કહ્યું: ×વારુ, હવે તમે લખેલો કાગળ આને લાગુ પડે છે, એટલે હવે આપણે નોટિસ આપવી રહી!× હું ચમક્યો, ચૂપ રહ્યો. અમને પણ એવું તો લાગતું જ હતું. 'અબકી ટેક હમારી' ભજન ગાયું.

૧૮-૮-૧૯૩૨

સવારે કાગળ પૂરો કર્યો અને અમને કહ્યું, ×કાંતવાનું છોડીને આ કાગળ વાંચી જાઓ એટલે એ તુરંત મોકલી દેવામાં આવે. × અમે વાંચી ગયા. વલ્લભભાઈએ કહ્યું ×આમાં ચુકાદાના બીજા ભાગ વિષે કંઈ કહ્યું નથી. એટલે એમ તો એ અર્થ ન થાય કે એ બધું તમને પસંદ છે?× બાપુ કહે: ×ના. મારા વિચારો ક્યાં અજાણ્યા છે? છતાં તમે ઇચ્છતા હો તો એ એક પૅરાગ્રાફ નાખું. જોકે, તો અંદર દલીલ દાખલ કરવી પડે અને મારે આ કાગળમાં દલીલ નાખવી નથી. દલીલ જેટલી કરવાની તે બધી સેમ્યુઅલ હોર ઉપરના કાગળમાં થઈ ગઈ.× મેં કહ્યું: એટલું જ માત્ર લખો કે આખા ચુકાદાની સામે મારો આત્મા બંડ કરે છે. પણ એનો અમુક ભાગ એવો છે કે જે રદ્દ કરાવવાને માટે હું પ્રાણ પાથરવાની ફરજ સમજું. × બાપુ કહે: ×ના, એવી સરખામણી મારાથી ન કરાય. અને તે તો જરૂર એમ મનાય કે આને આખો ચુકાદો રદ કરાવવો છે, પણ આનું બહાનું શોધ્યું છે. આખો રદ કરાવવો છે એ વાત સાચી, પણ બધી વાતો ભેળવી શકાય કે કેમ એવો ગઈ રાત્રે ઘડીક વાર વિચાર કરીને તે વિચાર છોડી દીધો.× સાંજે એ જ વાત નીકળી: ×મારાથી બીજી વાત ભેળવાય જ નહીં. એ તો ધર્મની સાથે રાજકારણ ભેળવવા જેવું થાય. ને અહીં બન્ને મુદ્દા ભિન્ન છે.× પછે કહે: ×બધી વાતો મેં મારા મનમાં ફરી ફરી વિચારી લીધી છે. એકે વાત હમણાં સૂઝે છે તે મારા મનમાં નથી આવી ગઈ એમ નહીં. એ બધા વિચાર કરીને જ આ નિર્ણય પર આવ્યો છું. મુસલમાનોને અને બીજાઓને અલગ મતમંડળ આપ્યા છે તેમાંથી ભયંકર પરિણામો આવવાના છે, અંગ્રેજોની સાથે મળીને બધે એ હિંદુઓને દબાવવાના એ બધું સાચું. પણ એ બધાને હું પહોંચી વળવાની ઉમેદ રાખું. લડાવનાર પક્ષ એક વાર ચાલ્યો જાય ત્યાર પછી એ બધાને પહોંચી વળી શકાય. પણ અંત્યજોને હું કોઈ પણ રીતે પહોંચી વળી શકું જ નહીં. હું અંત્યજોને બિચારાઓને કઈ રીતે સમજાવું? મહાદુઃખ આવી પડે ત્યારે પોતાના ઉપર સંકટ વહોરી લેવું એ આજની નવી વાત છે? સુંધન્વા તેલની કઢાઈમાં પડ્યો હતો અને પ્રહ્‌લાદ ધગધગતા થાંભલાને વળગ્યો હતો તે શી રીતે? સ્વરાજ મળ્યા પછી પણ અનેક સત્યાગ્રહો કરવાના તો હશે જ. ઘણી વાર મનમાં એમ થતું હતું કે સ્વરાજ પછી કાલીઘાટ ઉપર જઈને સત્યાગ્રહ આરંભવો અને ધર્મને નામે થતી હિંસા અટકાવવી. એ બકરાંની તો અંત્યજો કરતાંયે દયામણી સ્થિતિ છે. એ શિંગડા પણ નથી ચલાવી શકતાં. એનામાં કોઈ આંબેડકર જાગવાનો પણ સંભવ નથી. એ હિંસાની સામે આત્મા ઓછો નથી ધગધગી ઊઠતો. બકરાંનો ભોગ ધરાવવાને બદલે વાઘનો ભોગ કેમ નથી ધરાવતા? ×

આ પગલાંની કેવી અસર થશે (આમરણાંત ઉપવાસની - સં) તેની સવારે વાતો થઈ. મેં કહ્યુ: ×આના અનર્થો તો ભયાનક થશે. અમેરિકામાં લોકો કહેશે એણે ઉપવાસ કરીને છુટકારો મેળવ્યો.× બાપુ કહે: ×હું એ જાણું છું અમેરિકામાં તો બધું માનશે જ, અને ગમે તેમ મનાવવાળા અંગ્રેજો પણ પડ્યા છે ના! જેલમાંથી છૂટવાને ઉપવાસ કર્યો એટલું જ નહીં, ઘણા કહેશે કે આ માણસે હવે દેવાળું કાઢ્યું. એનું અધ્યાત્મ ચાલતું નથી એટલે એણે હવે આપઘાત કર્યો.

ધૂર્ત દેવાળિયા ઝેર ખાય છે તેમ. અને આપણે ત્યાં અંધ અનુકરણો થવાનાં, ભયંકર અનર્થો થવાના. સરકાર કાં તો મને છોડી દેશે અને બહાર મરવા દેશે, અથવા અંદર પણ મરવા દે. મેક્સ્વિનીને મરવા દીધો જ હતો ના! આપણા પોતાના માણસો પણ ટીકા કરશે. જવાહરલાલને આ પગલું ગમવાનું જ નથી. એ કહેશે આવો ધર્મ અમને ન જોઈએ. પણ તેથી શું? મહાન શસ્ત્ર વાપરનારને અનર્થોથી કે બીજા વિચારોથી ડરવાનું ન હોય×

૧૯-૮-૧૯૩૨

આજે સપ્રુનો અભિપ્રાય આવ્યો. એને તો બંધારણીય સવાલ આગળ આ સવાલનું મહત્ત્વ નજીવું લાગે છે. આ ચુકાદો આપવામાં સાફ દાનત અને પ્રામાણિક પ્રયત્ન એ જુએ છે. બાપુએ જરીક સરખી ટીકા કરી: ×સપ્રૂનું કામ મુંજેથી ઊલટું છે. મુંજેને કોમી માગણી મળે તો બંધારણની પરવા નથી, સપ્રૂને બંધારણ મળે કોમી પ્રશ્નનું ગમે તે થાય તેની પરવા નથી.× માત્ર વલ્લભભાઈના દુ:ખનો પાર નથી. એ કહે છે કે: ×મને હંમેશા લિબરલોનું આમ જ લાગ્યું છે. ક્યારે એ લોકો શું કરશે એ કહેવાય જ નહીં. ડહાપણનો ઈજારો એ લોકોનો જ. આજે બ્રિટિશની સાફ દાનત એ લોકોને દેખાય છે. જ્યારે દેશમાં કોઈને સાફ દાનત દેખાતી નથી. એનું કારણ છે. હજી એમને પોતાનું ખોવાયેલું સ્વમાન મેળવવું છે. નહીં તો પછી એમને ઊભા રહેવાનું રહ્યું નહીં ના!× મેં કહ્યુ: ×એ લોકો તો બાપુનું પગલું વખોડી કાઢવામાં સરકાર સાથે ભળવાના.× વલલ્ભભાઈ: ×પણ શું થાય? બાપુની રીત કઢંગી છે. બાપુએ આ પગલા વિષે શાસ્ત્રી જેવાને વાત કરી હોત તો સારું હતું. કોણ એમ ધારે કે આવું પગલું બાપુ લેશે? દેશમાં કોઈ પણ જણ આ પગલાની કલ્પના કરે એમ હું નથી માનતો.×

આજના અભિપ્રાયો વાંચીને બાપુ કહે: ×દેશમાં તો શાંતિ જ થઈ જવાની. થોડા દહાડા બોલશે અને પછી ચૂપ. બાકી મારા ઉપવાસ પછી ખળભળાટ થાય તો કોણ જાણે? અને શાંતિ થાય તેમાં શી નવાઈ? લોકો બિચારા થાકેલા છે. માત્ર આપણને થાક નથી. એટલે અહીં બેઠાં બેઠાં ઝીણું કાંત્યાં કરીએ છીએ.×

૨૧-૮-૧૯૩૨ (પુસ્તક ૧ પાના નં ૩૭૪થી ૩૭૬)

આજે પ્રભાતે પાછી ચુકાદા ઉપર વાતો ચાલી. જયકર, સપ્રુ અને ચિંતામણિના અભિપ્રાયો ચર્ચાયા.

બાપુ કહે: ×જયકર સપ્રૂથી અહીં છૂટા પડશે એમ આશા રાખીએ.×

વલ્લભભાઈ: ×બહુ આશા રાખવા જેવું નથી.×

બાપુ: ×વિલાયતમાં પણ આ બાબતમાં એના વિચાર જુદા પડતા હતા એટલે આશા રાખીએ; બાકી તો શું?×

વલ્લભભાઈ: ×ચિંતામણિએ આ વખતે બરોબર શોભાવ્યું. ×

બાપુ: ×કારણ ચિંતામણિ એ હિંદી છે, જ્યારે સપ્રૂનું માનસ યુરોપિયન છે. ચિંતામણિ સમજે છે કે આ ચુકાદામાં જ બંધારણ ઘણું આવી જાય છે. પેલા એમ માને છે કે બંધારણ મળ્યું એટલે આવી બાબતોની ફિકર જ નથી. કોઈપણ હિંદીને સમજાવવાની જરૂર ન હોય કે ગમે તેવું સારું બંધારણ ગુંડાઓના હાથમાં મુકશો તો તેના ભુક્કા થઈ જવાના છે. અને આ ચુકાદાથી એ ગુંડાઓના જ હાથમાં જ મુકાય છે. હજી તો વડી સરકારનું ઊભું છે. એ વડી સરકારને એક ધગધગતો કુંડ કરી મૂકવાના છે, અને કહેશે કે હવે એમાં પડો અને બળી મરો. ×

મેં કહ્યુ: ×માલવિયાજી કેમ ચુપ છે? ×

બાપુ: ×માલવિયાજીને કાંઈ બોલવાપણું હોય નહીં. એ તો કદાચ વિચારતા હશે કે આમાં હવે શું થાય? એને મારા વિચારોની ખબર નથી, એટલે મૂંઝાઈ રહ્યાં હશે.×

વલ્લભભાઈ: ×એ જ તમારી સાથે દુ:ખ છે ના કે તમે આખર સુધી કશું જાણવા દેતા નથી અને તમારી સાથેના માણસોની સ્થિતિ પણ તદ્દન કફોડી કરી મૂકો છો! આ જ તમારી સામે તમારા સાથીઓની તકરાર છે. સૌને એમ છે કે તદ્દન ન કલ્પેલી પરિસ્થિતિમાં તમે અમને સૌને ફેંકો છો. ×

બાપુ: ×પણ એમાં શું થાય?×

વલ્લભભાઈ: ×અમને કોઈને કહેશે ને કે તમે સાથે હતા, તમે ગમે તે રીતે એ વસ્તુની બહાર ખબર તો આપી શકતા હતા. ડાહ્યાભાઈ તો દર અઠવાડિયે આવે છે, એની

*સાથે ખબર આપી શકાત.×*

*બાપુ: ×એ તો કેમ જ થઈ શકે? આપણે એમને એમ કહીએ કે જાઓ અમે તો હવે આ વસ્તુને ગમે તે રીતે પ્રગટ કરીએ છીએ? એમને આપણે વચન આપી ચૂક્યા કે અમારા તરફથી આ વસ્તુ બહાર ન આવે, એટલે થયું. એ તો તમે કાગળમાં ન જોયું કે, તદ્દન બેપરવાઈથી મેં લખ્યું છે કે આ પ્રગટ કરીને લોકમત જાગૃત થવા જેવો હોય તો જાગૃત થવા દેજો, અને ન પ્રગટ કરો તો પણ ભલે. માલવિયાજી અને રાજગોપાલાચારીને આ વસ્તુની આજે ખબર પડે તો શું કરી શકે? થોડા દહાડાની જ વાત છે ના? મને તો લાગે છે કે માલવિયાજી અને રાજાને પણ આ વાતથી થોડો આઘાત આપવાની જરૂર છે. રાજા તો એટલી તેજસ્વી બુદ્ધિના છે કે એને તરત જ ખબર પડી જશે કે આ માણસે આ પગલું કેમ લીધું? એ વસ્તુ એવા આઘાતથી જ સમજાઈ જાય. જુઓની આ કાગળમાં મેં કશી દલીલ જ નથી કરી. નહીં તો શું હું એક મોટું તહોમતનામું નહોતો બનાવી શકતો? પણ મેં તો આ એક વસ્તુ લીધી અને એને માટે જાત ખપાવી દેવી છે. આ જિંદગી વધુ ઉદાત્ત હેતુ માટે અનામત રાખી હતી પણ પ્રસંગ આવ્યો. હવે શું થાય? અને આ સત્યાગ્રહ તો થોડો જ કૉન્ગ્રેસીઓની સામે છે? એ તો બાપડા જેલમાં પડેલા છે. આ સત્યાગ્રહ તો બિનકૉન્ગ્રેસીઓની સામે છે, કે તેઓ શું કરી રહ્યાં છે તે એમને સમજાય. જુઓને આજે ક્યાંય અંત્યજોની સાથે જે કરવામાં આવ્યું છે તે કોઈ જુએ છે? એ જડતા પણ મને હેરાન કરી રહી છે. એ જડતા આવા પગલાં સિવાય શી રીતે ઉડાડી શકાય? અંત્યજોને અલગ મતમંડળ આપવાથી શું થાય એનો વિચાર જ મને ધ્રુજાવી રહ્યો છે. બીજી ગમે તેટલી કોમોને અલગ મતમંડળ આપે એને પહોંચી વળી શકું એમ છું, પણ આ લોકોને પહોંચી વળવાનો મારી પાસે બીજો માર્ગ નથી. અંત્યજો પણ બિચારા કહેશે, આ માણસ તો અમને ચાહનાર છે, એ શા સારુ અમને થોડા વધારે હક્ક મળે છે તેમાં સત્યાગ્રહ કરતો હશે? અમે જુદા મત આપવાના પણ એની સાથે રહીને આપવાના છીએ ના! એમને શી ખબર પડે કે આથી તો હિંદુઓમાં બે ભાગલા પડશે, અને છરા ઊછળશે, મારામારી કાપાકાપી થશે, અંત્યજ ગુંડાઓની સાથે મુસલમાન ગુંડાઓ ભળશે અને હિંદુઓના કટકા કરી નાખશે? આ બધું સરકારે નહીં કલ્પ્યું હોય? હું તો માનતો જ નથી કે એ વસ્તુ એની કલ્પનાની બહાર હતી. અને જાણે કાંઈ બાકી હોય તેમ એમાં અર્વિનને ભેળવ્યો. કૅંટરબરી કહે કે અર્વિન ન હોય ત્યાં અમને સંતોષ ન થાય; એ ખ્રિસ્તી અર્વિને આવીને આ કરવામાં ભાગ લીધો!*

*×નહીં, વલ્લભભાઈ, આ વસ્તુની પહેલેથી જાણ થવામાં કંઈ લાભ નથી, બધું ચૂંથાઈ જાય, અચાનક ભડાકો થાય એ જ બરોબર છે. હા, તમને એમ લાગતું હોય કે આ તો ભયાનક ભૂલ થઈ છે તો જુદી વાત છે. જોકે તમે તો બન્ને એમાં ભળેલા છો એટલે તમારી જવાબદારી ખરી, પણ છેવટે તો મારી જ જવાબદારી છે, કારણ કે મને જે ઊગી ગયું એ કર્યું. આ વસ્તુ જ એવી છે કે એમાં કોઈની સંમતિની જરૂર ન હોય. મુંબઈનાં રમખાણોને માટે મેં ઉપવાસ કર્યા ત્યારે દાસ અને નેહરુએ મને કહ્યું હતું જ તો કે અમને પૂછ્યા વગર તમારાથી આ કેમ થાય? મેં એમને સમજાવેલું કે ભાઈ, આ કૉન્ગ્રેસી તરીકે નહીં પણ માણસ તરીકે કરું છું. અમુક ધર્મ હું પાળું છું, અને તેને અનુસરીને આ કરવું પડે છે. હકીમજીને હિંદુ-મુસલમાન ઉપવાસ વખતે પણ આ જ વાત મેં કહેલી. આ વખતે પણ આ પ્રશ્ન મારી પાસે કેવળ ધાર્મિક છે, એમાં રાજકાજની જરાય ગંધ નથી.*

*×મૂંઝવણ તો થશે. બિચારા કૅંપવાળાઓનું શું થશે? પણ એ બધાને આપણે પહોંચી વળીશું. એ લોકોને કહીશું કે ખબરદાર ઉપવાસ કર્યા તો. સરકારને પણ આપણી સામે કહેવાપણું રહે એ ઉપવાસ તદ્દન કૃત્રિમ થઈ પડે. તમારો સમય આવે ત્યારે ઉપવાસ કરજોની! સામુદાયિક ઉપવાસ ન થઈ શકે એમ નથી. હિંદુ-મુસલમાન આગ લાગી હોય તે વેળા હિંદુઓને રોક્યા હોય, અને પછી તમારાથી કશું થઈ શકતું ન હોય તો તમે સામુદાયિક ઉપવાસ આદરી શકો છો. મેં પોતે પણ હિંદુ-મુસલમાન સવાલ વિષે હાથ ધોઈ નથી નાખ્યા. પણ હું જોઉં છું કે હિંદુ કોમ મારી સાથે હજી નથી,*

એને હજી મારવાની ચડસ છે, ત્યાં સુધી મારાથી કાંઈ નહીં થાય. જો એ લોકો મારી સાથે અહિંસક બને તો આવો ઉપાય લઈને એવા ઝઘડાનો અંત આણું. નહીં, તમે અકળાઓ નહીં, સમજપૂર્વક માનો કે આ વસ્તુ એના કાળે જણાઈ રહેશે. ×

(૨૦-૯-૧૯૩૨ મંગળવારના રોજ દલિતો માટેના જુદા મતમંડળના બ્રિટિશ સરકારના ચુકાદા સામે ગાંધીજીએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યો. એની પૂર્વભૂમિકા ઉપર આવી ગઈ. ગાંધી પ્રત્યેનો અણગમો, ધૃણા અને ધિક્કાર ફિટકાર જે આજ સુધી વરસે છે તે સત્ય સમજીને છે કે પૂર્વાગ્રહના લીધે તે માટે મહાદેવભાઈની એ અત્યંત અગત્યની બે દિવસોની વાટાઘાટોની વિશદ નોંધ દ્વારા જ સમજી શકાય. તે અંગે સંપૂર્ણ નોંધ. સં.)

૨૦-૯-૧૯૩૨ (પુસ્તક ૨ પાના નં ૧૪)

ગઈ કાલે આંબેડકરનું સ્ટેટમેંટ વંચાતું હતું ત્યારે કહે: ×મને એથી જરાય ક્રોધ નથી થતો. એને એ બધું કહેવાનો અધિકાર છે. આજે એ જે જે કરી રહ્યો છે, અંત્યજો ચિડાઈને જે કરી રહ્યા છે, તેને હું લાગનો છું. આપણે બધાં એ જ લાગના છીએ. ×

(૨૨-૯-૧૯૩૨ પુસ્તક ૨ પાના નં ૬૯ થી ૮૧માંથી સંકલિત)

કાલે સાંજે બાપુને બહુ અશક્તિ હોય એમ મને લાગેલું. પણ આજે સવારે તો સાવ તાજા હતા અને અમારી સાથે બહુ જ ઉત્સાહ અને આવેશપૂર્વક વાતો કરી. આંબેડકરની સાથે મસલત કરીને ઘડેલી યોજનાનો એક ભાગ ખૂબ ચર્ચા પછી અમને ઠીક ખખડાવ્યા અને કહ્યું: ×તમે ખૂબ સમજી લો, મારો વિરોધ કરવો ઘટે તો વિરોધ કરો અને વિરોધ ન હોય તો બીજાઓની સાથે ઝઘડો. ×

રાજાજી, રાજેન્દ્રબાબુ વગેરે આવ્યા. તેમની સાથે એ જ વસ્તુની ચર્ચા થઈ કે એક બેઠક માટે ત્રણ કે ચાર ઉમેદવારોની પ્રાથમિક ચૂંટણી અલગ મતદારમંડળથી કરવાની યોજના થોડી નહીં પણ બધી જ બેઠકોને લાગુ પાડવી જોઈએ.

રાજાજી માણસ ભારે વિવેકી અને વિનયી લાગ્યા. આંબેડકર અને એને બારમો ચંદ્રમા કેમ છે તે સમજાય છે. આ માણસનું હાડ હિંદુ છે, પેલા માણસનું હાડ નાસ્તિકનું છે. '

તેજબહાદુર અને જયકર સાથે એ જ વિષય ઉપર વાતો કરી બન્નેને પોતાના મતના કરી લીધા. માત્ર રાજાજી અને રાજેન્દ્રબાબુને બધી બેઠકો માટેની પ્રાથમિક ચૂંટણી અલગ હોય એ વાત ગળે ન ઊતરી: ×ગમે તે ભાગે અમે તમને બચાવવા ઇચ્છીએ છીએ. કારણ તમારા બચવામાં અસ્પૃશ્યનો બચાવ છે. એટલે હવે તમે બચો એ માટે તમારે જે કરવું ઘટે તે કરજો. ×

સાંજે આંબેડકર તેમના ત્રણ અનુયાયીઓ સાથે આવ્યા. ×દેશમાં બે ભિન્ન ભિન્ન વિચારધારાવાળા લોકો છે એ આપણે ગૃહિત કરીને ચાલવું જોઈએ અને મને મારો બદલો મળવો જોઈએ. મને બીજી રીતે બદલો મળી રહે એવી સ્પષ્ટ સમજૂતી થાય એમહું માગું છું. ચુકાદામાં મને ૭૧ જગ્યાઓ મળે છે. એ સાચો, સારો અને ચોક્કસ હિસ્સો છે. (×તમારા વિચાર પ્રમાણે× - બાપુ). તે ઉપરાંત સામાન્ય મતદારમંડળમાં મત આપવાનો અને ઉમેદવાર તરીકે ઊભા રહેવાનો મને હક મળે છે. વળી મજૂરોના મતદારમંડળમાં પણ મને મત મળે છે. અમે એટલું સમજીએ છીએ કે તમે અમને ભારે મદદ કરનારા છો. (×તમને નહીં× - બાપુ). પણ તમારી સાથે મારો એક જ ઝઘડો છે. તમે કેવળ અમારે માટે નહીં, પણ કહેવાતાં રાષ્ટ્રીય હિતો માટે કામ કરો છો. કેવળ અમારે માટે કામ કરે તો તો અમારા લાડીલા વીર (Hero) તમે બનો. (×એ તે ભારે સુંદર× -બાપુ). મારે તો મારી કોમ માટે રાજદ્વારી સત્તા જોઈએ છે. અમારે જીવતા રહેવા માટે એ અનિવાર્ય છે. એટલે મારા સમાધાનનો પાયો મને યોગ્ય બદલો મળે એ છે. હું હિંદુઓને કહેવા ઇચ્છું છું કે મારા બદલાની મને ખાતરી મળવી જોઈએ. ×

બાપુ : ×તમારી સ્થિતિ તમે બહુ સુંદર રીતે સ્પષ્ટ કરી છે. પણ હું તમને એક પ્રશ્ન પૂછવા માગું છું. તમે કહ્યું કે દલિતવર્ગમાં બીજો કોઈ ખરો પક્ષ હોય તો તેને પણ આગળ

આવવા માટે પૂરેપૂરો અવકાશ હોવો જોઈએ. એટલે એ લોકો અલગ પ્રાથમિક ચૂંટણીઓ વિના સંયુક્ત મતદારમંડળની શરત ન સ્વીકારે એ તદ્દન વાજબી છે. મને જે નથી ગમતું એ તો એ છે કે આવા સ્વરૂપની એક અલગ ચૂંટણી હોવી જોઈએ એમ તમે કેમ કહ્યું નથી? આ વસ્તુનો મેં જ્યાં સુધી અભ્યાસ કર્યો છે ત્યાં સુધી મને લાગે છે કે અલગ પ્રાથમિક ચૂંટણીને હું સ્વીકાર કરું તેમાં મારી પ્રતિજ્ઞાના શબ્દાર્થનો ભંગ થતો નથી. એટલે હું એ શરત મંજૂર રાખું પણ એની ભાષા મારે ચોક્કસ તપાસવી પડે. અત્યારે તો હું એટલું જ કહું છું કે અલગ પ્રાથમિક ચૂંટણીનો વિચાર મારી પ્રતિજ્ઞાથી વિરુદ્ધ નથી. પણ એમાં તમે ત્રણનું જ પેનલ રાખવાનું કહો છો એમાં મને કંઈક ગંધ આવે છે. પડખું ફેરવવાની પણ પૂરતી જગ્યા એમાં મને મળતી નથી. વળી તમે તો અમુક બેઠક માટે બે જુદી જુદી ચૂંટણીઓનો વિચાર કરો છો. એ રીતે બન્ને પક્ષને સંતોષ છે. એક ચૂંટણી એકલા હરિજન મતદારો તરફથી પ્રાથમિક સ્વરૂપની થાય અને બીજી સંયુક્ત મતદાર મંડળથી થાય. મારે એક પક્ષનું હિત નહીં પણ આખી અસ્પૃશ્ય કોમનું હિત આંખમાં તેલ આંજીને સાચવવું છે. મારે અસ્પૃશ્યની સેવા કરવી છે. તેથી જ તમારી સામે મને જરાયે રોષ નથી. તમે કોઈ અપમાનજનક અથવા તો ક્રોધજનક શબ્દ વાપરો છો ત્યારે મારા દિલને તો હું એમજ કહું છું કે તું એ જ લાગનો છે. તમે મારા મોં ઉપર થૂંકો તોપણ ગુસ્સો ન કરું. ઈશ્વરને સાક્ષી રાખીને હું આ કહું છું, એટલા જ માટે કે તમને જીવનમાં બહુ કડવાં અનુભવો થયા છે એ હું જાણું છું. પણ મારો દાવો અસાધારણ છે. તમે તે અસ્પૃશ્ય જન્મેલા છો, પણ હું સ્વેચ્છાથી અસ્પૃશ્ય બનેલો છું. અને એ કોમમાં નવા દાખલ થયેલા તરીકે એ કોમના જેટલી બેઠકો હરિજનો માટે ખાસ અનામત રાખી હોય તે દરેક બેઠક માટે અમુક હરિજન ઉમેદવારોની ચૂંટણી પ્રથમ એકલા હરિજન મતદારો જ કરે એ અલગ પ્રાથમિક ચૂંટણી. એવી રીતે ચૂંટાયેલા ઉમેદવારોમાંથી જ સંયુક્ત મતદારમંડળ પ્રતિનિધિ ચૂંટી કાઢે. દરેક બેઠક માટે ત્રણ ચાર કે પાંચ, જેટલા ઉમેદવારોને ચૂંટવામાં આવે એટલાની એક પૅનલ કહેવાય. અહીં હરિજન મતદારો પોતાની અલગ પ્રાથમિક ચૂંટણીમાં એક બેઠક માટે ત્રણ ઉમેદવારો ચૂંટે કે પાંચ એ વિવાદને પ્રશ્ન છે. આંબેડકર ત્રણ કહે છે, બીજાઓ પાંચ કહેતા હતા. છેવટે સમાધાનમાં ચારની સંખ્યા નક્કી થઈ.

બીજો મુદ્દો એ હતો કે ચુકાદામાં ઠરાવેલી બેઠકો ઉપરાંતની જે બેઠકો આ સમાધાનથી આપવામાં આવે તેટલી બેઠકો પૂરતી જ આવી બેવડી ચૂંટણી કરવામાં આવે. ચુકાદામાં ઠરાવાયેલી સંખ્યાની ચૂંટણી તો સંયુક્ત મતદારમંડળથી જ સીધી થાય. આંબેડકર આ વસ્તુ સ્વીકારવા તૈયાર થતા હતા પણ ગાંધીજીનો સ્વેચ્છાએ બનેલા હરિજન તરીકે વાંધો હતો કે જો બેવડી ચૂંટણીની પદ્ધતિ દાખલ કરવી હોય તો તમામ બેઠકો માટે એ પદ્ધતિ હોવી જોઈએ.

હિત માટે એ કોમના જૂના માણસને લાગે તેના કરતાં મને વધારે લાગે છે. અત્યારે મારી નજર સામે મૂંગા અસ્પૃશ્યો - દક્ષિણ હિંદુસ્તાનના ×અગમ્યો× (unapproachables) અને 'અદશ્યો' (unseeables) ઊભા છે. એ લાગણીથી આ યોજનાને હું તપાસું છું કે એમાં આ બધાનું શું થવાનું છે? તમે તો કહેશો, ×એની શું કામ ચિંતા કરો છો ? અમે બધા ખ્રિસ્તી અથવા મુસલમાન થઈ જઈશું.' હું કહું છું કે મારો દેહ પડે ત્યાર પછી તમારે જે કરવું હોય તે કરજો. આ યોજના વિષે હું કહું છું કે દલિત વર્ગોને માટે જો એ સારી હોય તે એ અખંડ સારી હોવી જોઈએ. શરૂઆતથી જ આવા બે વિભાગ પાડી નાખવામાં આવે એ મને પસંદ નથી. અસ્પૃશ્યો બધા એક. અને અખંડ હશે તો સનાતનીઓના કિલ્લાને સુરંગ ચાંપીને હું ઉડાવી દઈ શકીશ અને જમીનદોસ્ત કરી નાખીશ. આખો અસ્પૃશ્ય સમાજ એક અવાજે સનાતનીઓની સામે બંડ કરે એ હું માનું છું. જ્યાં સુધી નિમણૂક કરવાનું તમારા હાથમાં છે ત્યાં સુધી સંખ્યાની પરવા તમારે ન રાખવી જોઈએ. હું તો જીવનભરનો પ્રજામતવાદી છું. મારી ભસ્મ હવામાં ઊડતી થઈ જશે અથવા જો એમ બનવાનું હોય ને ગંગાજીમાં પધરાવવામાં આવશે ત્યાર પછી આખી દુનિયા કબૂલ કરવાની છે કે પ્રજામતવાદીઓમાં હું શિરોમણિ હતો. હું આ અભિમાનથી નથી કહેતો પણ

નમ્રતાપૂર્વક સત્યનું ઉચ્ચારણ કરું છું. બાર વરસની કુમળી વયે પ્રજા શાસનનો પાઠ હું ભણ્યો છું. અમારા ઘરના ભંગીને અસ્પૃશ્ય ગણવા માટે મારી મા સાથે મેં ઝઘડો કરેલો. તે દિવસે ભંગીના રૂપમાં ઈશ્વરને અવતરતા મેં જોયા. તમે જ્યારે કહ્યું કે અસ્પૃશ્યોનું હિત મને મારી જિંદગી કરતાં વધારે વહાલું છે ત્યારે તમે ભગવાનનનો બોલ બોલ્યા. હવે સચ્ચાઈથી એને વળગી રહેજો. તમારે મારી જિંદગીની પરવા ન કરવી જોઈએ. પણ અસ્પૃશ્યોને ખોટા ન નીવડશો. મારા મરણથી મારું કામ કાંઈ મરવાનું નથી. પરિષદને એક સંદેશો આપવાનું મેં મારો દીકરાને કહ્યું છે. તેમાં મેં એને કહ્યું કે મારી જિંદગી જોખમાય તે ખાતર અસ્પૃશ્યોનું હિત જતું કરવાની લાલચમાં તું ન ફસાતો. અને મારી ખાતરી છે કે હું મરીશ તો મારી પાછળ મારા દીકરો પણ મરશે. એ એકલો જ નહીં પણ બીજા ઘણા મરશે. કારણ મારે એક દીકરો નથી પણ હજારો દીકરા છે. હિંદુ ધર્મની આબરૂ બચાવવાને ખાતર જે એ પોતાના પ્રાણ ન આપે તો એ મારો લાયક દીકરો ન ગણાય. અને હિંદુ ધર્મની આબરૂ અસ્પૃશ્યતાને જડમૂળથી ઉખાડી નાખ્યા સિવાય બચવાની નથી. એ ત્યારે જ થશે, જ્યારે અસ્પૃશ્યને દરેકેદરેક બાબતમાં સ્પૃશ્ય હિંદુઓના જેટલો દરજ્જો મળશે. અત્યારે જે 'અદૃશ્ય' ગણાય છે તેને પણ હિંદુસ્તાનના વાઈસરૉય થવાનો પૂરો અવકાશ હોવો જોઈએ. હિંદુસ્તાનમાં આવ્યા પછી મેં પહેલું રાજદ્વારી ભાષણ કર્યું તેમાં કહ્યું હતું કે મારે તે કોઈ ભંગીને કૉન્ગ્રેસનો પ્રમુખ બનાવવો છે.

×એટલે હું તમને અપીલ કરું છું કે તમે રકઝક ન કરો. જોવીયે ન ગમે એવી ભૂંડી ચીજ મારી પાસે ન લાવો. મારી પાસે તો એવી સુંદર ભેટ લાવો જેથી સ્વેચ્છાએ મરણપથારીએ પડેલા આ માણસના જીવમાં કાંઈ ચેતન આવે. પણ એમ તમે તો જ કરે, જો તમને લાગતું હોય કે મારા સહકારની કોઈ કિંમત છે.×

પછી નીચે પ્રમાણે નિવેદન લખાવ્યું:

×ડો. આંબેડકરે પ્રાથમિક ચૂંટણીની જે પદ્ધતિ મને સમજાવી છે અને જે મને આપવામાં આવેલી યોજનાની કલમ ?માં દર્શાવાયેલી છે તેમાં મારી પ્રતિજ્ઞાની દૃષ્ટિએ હું કાંઈ વાંધો જોતો નથી. પરંતુ કોઈ પણ યોજના હું છેવટની સ્વીકારું તે પહેલાં એ આખી વસ્તુ સ્પષ્ટ ભાષામાં મુકાયેલી જોવાનું મને ગમે. પછી હું કલમ ? ઉપર મારો છેવટનો અભિપ્રાય આપી શકું. તેની ભાષા મને ગમતી નથી. તેમાં ઘણા ફેરફાર કરવાની જરૂર છે. એ કલમના કેટલાક ભાગ સામે તેમજ તેની ભાષા સામે મારા જે મુખ્ય વાંધા છે તે મેં સમજાવ્યા છે.

×મારા વાંધા: (૧) પ્રાથમિક ચૂંટણીની પદ્ધતિ તથા ખાસ અનામત બેઠકો દસ વર્ષ પછી આપોઆપ બંધ થાય. (૨) વસ્તીની સંખ્યા લોધિયન કમિટીના હેવાલ પ્રમાણે નક્કી કરવામાં આવે. ? વિભાગની સામે બેવડો વાંધો છે. જે હેતુ માટે હું આ મરણપથારીએ પડ્યો છું એ હેતુને એ નગણ્ય કરી નાખે છે એટલું જ નહીં પણ રાષ્ટ્રને ભારે નુકસાન પહોંચાડે છે.

×બીજા મુદ્દાઓની બાબતમાં તો તમારે હિંદુ કોમને એની આબરૂ ઉપર છોડવી જોઈએ. મરણપથારીએ પડેલા માણસને જે કરવું ન શોભે એવું કશું કરવાનું તમે મને કહેશો નહીં. હું જે મારા મુદ્દામાંથી ચસું તો હું જાણું છું કે રાષ્ટ્રનું સત્યાનાશ વળે.×

૨૩-૯-૧૯૩૨ (પુસ્તક ૨ પાના નં ૬૯ થી ૮૧માંથી સંકલિત)

બાપુને આજે પૂનાના વહોરાઓનું એક પ્રતિનિધિમંડળ મળવા આવ્યું હતું. બિચારા સૂતરનો હાર લાવ્યા હતા અને અપીલ લખી લાવ્યા હતા કે અસ્પૃશ્ય સિવાય પણ બીજા ઘણા છે. એ લોકોના રક્ષણની ખાતર પણ તમે જીવો અને ઉપવાસ છોડો. બોલતાં બોલતાં એક માણસને ડૂમો ભરાઈ આવ્યો. બીજા કેટલાક તો રોતા હતા. બાપુના ઉપર બહુ અસર થઈ અને બોલ્યા: ×તમે ઊંડો વિચાર કરશો તો જોશો કે આ જગતની અંદર કોઈ પણ કામ પ્રાણ આપ્યા વિના થઈ શકતું નથી. તમારો મારી ઉપરનો પ્રેમ મારી દૃઢતાને લીધે છે, પ્રાણ છોડવાની મારી શક્તિની ઉપર અવલંબેલો છે. એટલે તમે જે મને ચાહો છો તે મને જતો કરો. મારી

જિંદગી ખુદાના હાથમાં પડી છે. હું ઈચ્છું પણ ન જઈ શકું, અને જવાનો હોઉં તો ભલભલા તબીબો આવે તે પણ મને ન જિવાડી શકે. હું સાચી વસ્તુ માટે મર્યો એમ તમે સાક્ષી આપશો તો એ મોટી વાત છે. આ જે કલંકને માટે હું ઉપવાસ કરી રહ્યો છું તે કલંક હિંદુ ધર્મ ઉપર જ છે એમ નથી, પણ આખા હિંદુસ્તાન ઉપર છે. કારણ કે આખું હિંદુસ્તાન એ કલકનું ગવાહ છે. એટલે તમારે બધાએ એ બંદગી કરવી કે ગાંધીએ લીધેલું વ્રત પાર પાડજે. હિંદુ માટે મુસલમાન ઈબાદત ન કરી શકે અને મુસલમાન માટે હિંદુ ઈબાદત ન કરી શકે એવું કશું જ નથી. એ જાતની માન્યતા એ ધતિંગ છે.×

બાપુ આ દ્રશ્યથી ખુશ-ખુશ થઈ ગયા. મિસિસ નાયડુને કહેઃ × આ દ્રશ્ય ભવ્ય ગણાય. ×

આજે આખી કમિટી આંબેડકરને લઈને ચાર વાગ્યે આવવાની હતી. પછી ટેલિફોન આવ્યોઃ છ-સાડા છ વાગ્યે આવશે. પછી સાડા સાત વાગ્યે આવશે એમા ટેલિફોન આવ્યો. એટલે બાપુ કહેઃ ×આ તો કોઈ મરવા પડેલા દર્દીની ખબર ઘડીએ ઘડીએ આવતી હોય એમ ખબર આવે છે હું મરવા પડેલો દર્દી નથી પણ પેલી સમજૂતી મરવા પડેલી જણાય છે. ×

બિરલા નવ વાગ્યે આવ્યા અને કહેવા લાગ્યાઃ ×માત્ર રેફરેન્ડમની ઉપર અમે જુદા પડયા છીએ. મને એ મહત્ત્વનું નથી લાગતું એટલે એની ઉપર આપણે તોડી ન શકીએ. ×

બાપુને આશ્ચર્ય થયું. પછી કહ્યું: ×તમે કાંઈ સમયપત્રક કર્યું છે કે નહીં? જેટલી વખત બદલતા જાઓ છો તેટલી વાર વ્રત તૂટે છે. એના કરતાં મને જતો કેમ નથી કરતા? ×

બધું ટોળું આવ્યું. ડૉકટરો લાંબી વાત કે ચર્ચાની વિરુદ્ધ હતા. પણ બાપુએ તો આંબેડકરને કહ્યું: ×મારી જરાય દયા ખાશો નહીં. × આંબેડકરે પોતાનો કેસ સમજાવ્યોઃ ×અમારે તો હિંદુઓ ઉપર સજાની કલમ રાખવી છે કે અમારાં દુઃખો એ લોકો દૂર ન કરે તો હરિજનોની મતગણતરી (રેફરેન્ડમ) માગીએ; એવા રેફરેન્ડમમાં તમને વાંધો શો હોય? તમે તો મુસલમાનને માટે પણ એવું સ્વીકાર્યું હતું. ×

બાપુ કહેઃ ×તમે તમારી વાત બહુ સરસ રીતે સ્પષ્ટ કરી. એ તમારી સ્પષ્ટતા મને ગમે છે. તમે હિંદુઓ ઉપર તલવાર લટકતી રાખો એ પણ મને ગમે છે. શા માટે ન રાખો? તમારો અવિશ્વાસ એમાં રહેલો છે. પણ જો તમે ન્યાયથી જોશો તો તમારે પંદર વરસ સુધી એ તલવાર શા સારુ લટકાવવી જોઈએ? હિંદુઓ તમારી સાથે બરાબર રીતે વર્તે છે કે નહીં એ તો તમને એક વરસમાં જ ખબર પડી જવી જોઈએ. એને માટે પંદર વરસની રાહ શા સારુ જોવી પડે? કાં તો તમે અમને અમારી આબરૂ ઉપર મૂકો અથવા ન મૂકો. જો વિશ્વાસ હોય તો તો તમને એક વરસ પછીની મતગણતરી (હરિજનોની)થી ચાલવું જોઈએ. બહુ-બહુ તો પાંચ વરસની મુદત રાખો. પણ લાંબા ગાળાની તમે વાત કરો છો તે તમે મનમાં ભેદ રાખીને કરો છો એમજ કહેવાય. તમારી સામે મારો મોટામાં મોટો આરોપ એ છે કે તમે સામી બાજુને એની આબરૂ ઉપર છોડવા તૈયાર નથી. તમે ઝનૂની છો, પણ સામાની આબરૂ ઉપર પણ વિશ્વાસ રાખવાને તૈયાર નથી, એ અસહ્ય છે. એ વિશ્વાસ રાખો તો તમે હમણાં રેફરેન્ડમ લો, નહીં તો નવી ચૂંટણી પછી એક વરસમાં રેફરેન્ડમ લો, અને તેમાં અમે હારીએ તો ફરી પાછી પાંચ વરસે રેફરેન્ડમ લેવાય. બાકી પંદર વરસની વાત ખોટી છે. આટલી વાત કરીને હું તમને અપીલ કરું છું કે તમે એ સમજવાનો પ્રયત્ન કરો. પંદર વરસ કે દસ વરસ તમે ઝઘડો લંબાવશો કે પાંચ વરસમાં શાંત કરી દેશો? હિંદુ તરીકે નહીં, પણ હિંદી તરીકે, અને અવર્ણ તરીકે, અને એક મનુષ્ય તરીકે પણ હું કહું કે આ વસ્તુ તમને અપીલ થવી જોઈએ. જે મારી પૂરી સચ્ચાઈની તમારી ઉપર કશી અસર થતી હોય તો હું કહું કે અમારી આબરૂ ઉપર અમને છોડો. ×

આંબેડકરની પાસે આનો જવાબ નહોતો. એ ચૂપ થયો. બસ હવે કાલે આવશું કહીને ઊઠ્યા.

૨૪-૯-૧૯૩૨ પુસ્તક ૨ પાના નં ૬૯ થી ૮૧માંથી સંકલિત)

બપોરે આંબેડકર, રાજાજી વગેરે આવ્યા. આંબેડકર જરા ઠંડા પડેલા હતા. ×હું તમને વિનવું છું, હું તમારી પાસે માગણી કરું છું. × એવાં વચનો આવ્યાં કરતાં હતાં. ×તમને પાંચ વર્ષ જોઈએ છે, પણ અમારા માણસો દસ વર્ષ માગે

છે.×

બાપુ : ×હવે તમે મને કહો કે તમારે શું જોઈએ છે? અસ્પૃશ્ય અને સવર્ણ હિંદુઓ વચ્ચે હૃદયની એકતા થાય એ તમારે જોઈએ છે કે નહીં? જે હું જીવવાનો હોઈશ તો એ એકતા સ્થાપવા માટે મારે જીવવું છે. હું તમને કહું છું કે અમારી આબરૂ ઉપર આ વસ્તુ તમે છોડો. અમે વચન આપીએ છીએ કે ઓછામાં ઓછી અમુક બેઠકો તો તમને મળશે જ. ત્યાં અમારી સાચી દાનતની કસોટી થશે. જો એટલા અસ્પૃશ્ય ચૂંટાઈને ન આવે તો આપોઆપ તમને રેફરેન્ડમ મળે છે. અને હિંદુઓની સાથે સંબંધ ધરાવતા ભાગની તત્કાળ અમે દુરસ્તી કરી લઈશું. જો હું જીવતો રહીશ તો તમને બતાવીશ કે અસ્પૃશ્યો એમની વસ્તીના પ્રમાણમાં નહીં પણ ઘણી મોટી સંખ્યામાં ચૂંટાઈને આવશે. તમે જો તમારી જાતથી તમને અળગા પાડી શકે અને મારી સ્થિતિમાં તમને મૂકી શકે તો તમે જોશો કે મારી સૂચના પાંચ વરસ કે દસ વરસને અંતે અસ્પૃશ્યોની મતગણતરી કરવામાં આવે તેના કરતાં અનંતગણી વધારે ચડિયાતી છે. એમાં તમને ગાંધીના માણસોની સાચી દાનતની કસોટી મળશે. જે પાષાણ હૃદયો બીજી રીતે પીગળવાને ઈનકાર કરતાં હતાં તેમને માટે આ ઉપવાસ ઈશ્વરે મોકલેલી વસ્તુ છે. તમે મને એક વરસની મહેતલ આપો અને મને કામ કરવા દો. હિંદુ કોમના જામીન તરીકે તમારા ખિસ્સામાં હું પડેલો છું. ×

આંબેડકર : ×પણ મહાત્માજી, તમે કાંઈ અમર નથી.×

બાપુ : ×હું જાણું છું. અમર હોત તો મારે ઉપવાસ શેના કરવાના હોત?

આંબેડકર : ×પણ તમે એક વરસ જીવશો જ અને કામ કરી શકશો જ એની ગેરંટી શી? જે હિંદુ સમાજની આખી શિકલ ફેરવી નાખી શકો એટલાં વર્ષ તમે જીવો તો તો તમે આશા રાખો છો એવાં પરિણામ કદાચ તમે લાવી શકો. એ એક વાત થઈ. બીજી વાત એ છે કે આજે જે ઉદારતા અને સહાનુભૂતિનો ઊભરો આવ્યો છે તે તો પાછો બેસી જાય. આ કટોકટીને પ્રસંગે જે માનસ ઊભું થયું છે તેના ઉપર અમે મદાર બાંધી શકીએ નહીં. જીવનમાં આપણે અમુક રીતે ટેવાઈ ગયેલા હોઈએ છીએ. એકાએક તેમાં ફેરફાર થઈ જાય અને આપણે બધા સદબુદ્ધિપૂર્વક જીવન ગાળતા થઈ જઈએ એવું ન બને. ×

બાપુઃ ×આ દલીલ તમારે આગળ લંબાવવાની જરૂર નથી. એક ન્યાયાધીશ તરીકે હું જાહેર કરું છું કે દલીલમાં તમે મને હરાવ્યા છે. તમે વધારે સાવધાનીનો માર્ગ શા માટે પસંદ કરો છો તે હું જોઈ શકું છું. હવે આપણે બીજા મુદ્દા ઉપર જઈ એ. તમે દસ વરસ શું કરવા માગો છો? ×

આંબેડકર : ×દસ વરસની એટલા માટે જરૂર છે કે એટલા વખતમાં લોકમત સ્થિર કરી શકાય. મહાત્માજી, અમારામાં રહેલા પૂર્વગ્રહોનો પણ તમારે વિચાર કરવો જોઈએ. રેફરેન્ડમ અથવા તો તેની મુદત, એ કાંઈ તમારી પ્રતિજ્ઞાનો મુદ્દો નથી. ×

બાપુઃ ×આ હવે વધારે પડતી દલીલ થાય છે. સીધો મુદ્દો તો આ છે, આની અવેજીમાં શું? એ વસ્તુ સંયુક્ત મતદારમંડળ કરતાં અનંતગણી ચડિયાતી હોવી જોઈએ. મારો ચોક્કસ અભિપ્રાય છે કે પાંચ વરસની મુદત એ વધારેમાં વધારે છે. જેને હું સત્ય ગણું છું તેમાં હું ડગી જાઉં એમતો તમે ન ઈચ્છો. તમે એમ પણ ન કહી શકો કે દસ વરસ એ તમારે માટે અંતરાત્માનો સવાલ છે, જ્યારે ગઈ કાલે મેં તમને સાબિત કરી બતાવ્યું હતું કે હું એને અંતરાત્માનો સવાલ ગણું છું. ખરી વાત તો એ છે કે તમે દસ વર્ષનો આગ્રહ રાખો તો તમારી પ્રામાણિકતા વિષે તમે મને શંકાશીલ કરો. એટલે છેલ્લી વાત આ છેઃ પાંચ વરસે મતગણતરી અથવા તો મારું જીવન. તમારા અનુયાયીઓને જઈને કહો કે ગાંધી તો આવું કહે છે. એમની આગળ જઈને મારા કેસની વકીલાત કરો. તમારું કહ્યું છે તેઓ ન માને તે તમારા અનુયાયી કહેડાવવાને લાયક તેઓ ન ગણાય. મારી જિંદગી તમારા ખિસ્સામાં છે. મારી આબરૂ પર છોડે. હું બહુ ધિક્કારપાત્ર પ્રાણી હોઈશ પણ જ્યારે સત્ય મારા અંતરમાંથી નીકળે છે ત્યારે હું અજેય હોઉં છું. ×

અમે બધા ખૂબ ચિંતામાં પડ્યા. અમારામાંના કેટલાક રોતા હતા. આ માણસના હાથમાં ડોકું મૂકી દીધું. હવે કાંઈ

થવાનો રસ્તો નથી એમ કહીને હાથ ઘસતા બેઠા હતા. આ અરસામાં બાપુની અધીરાઈ વધી રહી હતી. ×રખેને મને બચાવવા કાંઈક અવળું તો ન કરે.× મને કહે, ×માલવિયાજી, જયકર, સપ્રુ ઉપર આટલો સંદેશો મોકલોઃ 'મારે ખાતર અઘટિત ઉતાવળ ન કરે. જે વસ્તુ એમને ઉચિત લાગે એ ઉપર જ સહી કરે. પછીથી મને મનાવવો પડશે તો એ પણ દોષમાં આવશે અને હું પણ આવીશ. ધર્મની વાતમાં રખાપત ન કરાય. એટલે જે સત્ય અને યોગ્ય અને ન્યાય છે તેને વળગવું જ જોઈએ. એ કરતાં મારી જિંદગી તૂટી પડે તે ભલે પડે. એટલે જેને યોગ્ય લાગે તે જ કરે. મારી સ્થિતિ - કાં તે પાંચ વરસ પછી હરિજનોની મતગણતરી કાં તો મને મરવા દેવો - જેને યોગ્ય ન લાગે અને નુકસાનકારક લાગે તે કબૂલ ન કરે.×

બે કલાક પછી દેવદાસ, સર ચુનીલાલ મહેતા, અને પછી રાજાજી આવ્યા. અસ્પૃશ્ય પક્ષે પાંચ વરસ ન સ્વીકાર્યા, આંબેડકરે બહુ પ્રયત્ન કર્યા તો પણ. એટલે બિરલાએ રસ્તો કાઢયો કે દસ વરસમાં આપોઆપ એ પ્રથા બંધ થાય, દરમ્યાન બન્ને પક્ષ મળીને બીજે રસ્તો કાઢવો હોય તો કાઢે. બાપુની પાસે આ વસ્તુ આવી કે તુરત જ કહે : × બસ, કબૂલ છે. સરસ વસ્તુ છે. જગતમાં આ સમાધાન પ્રસિદ્ધ થઈ જશે.× સૌનાં હૈયાં હરખાવા બિરલા આવ્યા. તેમના ગાલ ઉપર બાપુએ મજબૂત તમાચો માર્યો. તેમણે ખબર આપી કે હવે તો દસ્તાવેજ લખાઈ રહ્યો છે.

સાંજે પાંચ છ વાગ્યે કાંઈ ખબર ન આવ્યા, એટલે પાછા કહે : ×વળી કાંઈક થયું હશે. ત્રણ વાગ્યે દસ્તાવેજ ટાઈપ થતો હતો તે હજી ટાઈપ જ થયાં કરે છે? × ચંદ્રશંકરને મેં ખબર કાઢવા મોકલ્યા. તે ખબર લાવ્યા કે સહીઓ થઈ રહી છે, અને ત્યાં તે સુલેહની વાહવાહ થઈ રહી છે. આ પછી બિરલા દસ્તાવેજ લઈને આવ્યા, પછી માલવિયાજી આવ્યા. માલવિયાજીના હરખનો પાર નહોતો. પછી આંબેડકર આવ્યા. ઠક્કરબાપા સામે બેઠા હતા.

ઠક્કરબાપા કહેઃ ×આંબેડકરનું પરિવર્તન થયું છે.× બાપુ કહે : ×એ તમે કહો છો. આંબેડકર ક્યાં કહે છે? ×

આંબેડકર : હા, મહાત્માજી થયું છે. તમે મને બહુ મદદ કરી, તમારા માણસોએ મને સમજવાનો જેટલે પ્રયત્ન કર્યો તેના કરતાં તમે મને સમજવાનો પ્રયત્ન વધારે કર્યો. મને લાગે છે કે એ લોકોના કરતાં મારા અને તમારામાં ઘણું સામ્ય છે. ×

બધા ખડખડાટ હસ્યા. બાપુ કહે : ×હા હા.×

આ દિવસમાં જ બાપુએ કહ્યું હતું ના કે, ×હું યે એક જાતનો આંબેડકર જ છું ના?× ઝનૂનીના અર્થમાં!

(ગાંધીજીની મથામણ સમાજમાં હૃદયપરિવર્તનની કેમ હતી તે તો આજની સ્થિતિમાં પણ સમજાય છે. આંબેડકરને જુદા મતદારમંડળની જરૂરિયાત રાજ્યસત્તા મેળવવા માટે હતી. 'પૂના કરાર'થી મળી ખરી. ભલે તેના અનુયાયીયો આજે પણ એ વાત ન સ્વીકારે. આઝાદી પછી આંબેડકરની અધ્યક્ષતામાં જ દેશની બંધારણ ઘડવાની સમિતિએ કામ કર્યું. ત્યારે તો સ્પષ્ટપણે સમજાયું કે જુદા મતદારમંડળનું કોઈ સ્થાન નવા બંધારણમાં હતું જ નહી. ખેર, પૂના કરાર પછી પણ ગાંધીજીનું કામ તો બાકી રહે જ છે તેવી સ્પષ્ટ સમજ આંબેડકરને પણ પડી જ હતી. એમની ગાંધીજી સાથે થયેલી કરાર પછીની મુલાકાતો પરથી એ આપણને સમજાશે. એ વાર્તાલાપમાંથી થોડાક અંશ. સં)

૪-૨-૧૯૩૩ (પુસ્તક ૩ પાના નં ૧૧૭ થી ૧૧૯માંથી)

આજે આંબેડકર પોતાના સાત આઠ અનુયાયીઓને લઈને આવ્યા. બાપુના શબ્દોમાં આજે એ દરબારી ઠાઠમાં હતા. પોતાને જે કહેવું હતું એની નોંધ કરી લાવ્યા હતા, અને બૅરિસ્ટરની જેમ કેસ રજૂ કરતા હતા.

રંગા આયરનાં બે બિલોની યોગ્યાયોગ્યતા પર ચર્ચતા કહ્યું : એક ફકરાવાળું બિલ તો બહુ સાદું છે. એનો ગુણ એ છે કે આ રિવાજ અનૈતિક છે એ વસ્તુનો એમાં સ્વીકાર થયેલો છે. બીજા બિલમાં એવો સ્વીકાર નથી.

બાપુઃ ના, એના પ્રાસ્તાવિક ભાગમાં છે.

આંબેડકરઃ પણ સ્પષ્ટ નથી. અને મારો એ વાંધો લાગણીને લીધે છે. બીજી વસ્તુ એ છે કે આપના જેવી પ્રભાવશાળી વ્યક્તિ તન અને મનથી એમાં નહી પડે તો આ બન્ને કાયદાઓ છતાં કશો લાભ ન મળે. મને એમ પણ

લાગે છે કે આ બિલો એકબીજા સાથે અસંગત છે. એક બિલ સ્વીકારે છે કે રિવાજ ખરાબ છે અને કહે છે કે કાયદો એવા રિવાજને માન્ય નહીં રાખે. જ્યારે બીજું બિલ એમ કહે છે કાયદાએ એવા રિવાજને માન્ય રાખવો જ જોઈશે, સિવાય કે બહુમતિ એ રિવાજને નાબૂદ કરવાનું નક્કી કરે.

બાપુઃ એક ફકરાવાળું બિલ ચોક્કસ પેલા કરતાં ચડિયાતું છે. પણ બીજું લાંબુ બિલ એટલા માટે લાવવામાં આવ્યું કે પ્રાંતિક ધારાસભામાં પહેલાને પરવાનગી ન મળી. બેમાં કોઈ અસંગતતા નથી. બીજા બિલથી અમુક સંજોગોમાં મંદિરના અધિકારીઓને પગલા લેવાની ફરજ પડે છે. આપણે આ બન્ને બિલો પસાર કરાવી શકીએ તો ટ્રસ્ટીઓ કોઈ જાતનો અંતરાય ઊભો કરી શકે નહીં. જો બન્ને બિલો પસાર થાય તો એક મહીનાની અંદર બધાં મંદિરો ઉઘડાવી નાખવાનું હું માથે લઉં છું. સનાતનીઓ બીજા બિલને વધારે પસંદ કરે. પણ પ્રામાણિક સનાતની તરીક હું વાત કરતો હોઉં તો હું પહેલાં બિલ પસંદ કરું.

આંબેડકરઃ હમણાં જે સત્યાગ્રહ કરવામાં આવ્યો હતો તેમાં સરકારે સનાતનીઓ સામે નહીં, પણ સત્યાગ્રહીઓ સામે ૧૪૪ની કલમ લગાડી હતી. આ પહેલું બિલ પસાર થયા પછી અથડામણો થવા પામી છે. એટલે હવે સરકારને સનાતનીઓ સામે ૧૪૪મી કલમ લગાડવી પડશે. કારણ કે અસ્પૃશ્યોના હકોમાં તેમની દખલ ગણાશે.

બાપુઃ પણ હવે તદ્દન સાફ શબ્દોમાં અને ભારપૂર્વક તમારા વિચારોની તમે જાહેરાત કરો એમ હું ઈચ્છું છું.

આંબેડકરઃ તમે બહુ વિશાળ પ્રશ્ન ઉપાડ્યો છે. અમારે લેવાદેવા છે ત્યાં સુધી તો રાજદ્વારી સત્તા સિવાય તાત્કાલિક અમારે બીજા કશા સાથે નથી. અને મારે માટે તો એ સ્વતઃસિદ્ધ વાત જેવું છે. અને અમારા પ્રશ્નનું એકમાત્ર નિરાકરણ એ જ છે.

વ્યાવહારિક દૃષ્ટિએ મંદિરપ્રવેશ અમારે માટે મહત્ત્વનો પ્રશ્ન નથી. તેથી અમારા સાંસારિક દરજ્જામાં કશો સુધારો થતો નતી. સવર્ણ હિંદુઓની નજરમાં અમારો સાંસારિક દરજ્જો સુધરે એવું થાય એ અમારે જોઈએ છે. આજે વ્યક્તિગત રીતે અમે કોઈ મંદિરમાં જવા ઈચ્છીએ તો દાખલ થવાની અમને મુશ્કેલી આવે નહી. દલિત કોમો માટે બહુ દુઃખજનક વસ્તુ તો એ છે કે સવર્ણ હિંદુઓની નજરમાં અમે જરાયે ચડ્યા નથી...અપ્રતિષ્ઠિતતાનું કલંક અમારા ઉપરથી દૂર થાય ત્યારે જ અમારી સામેનો અંતરાય દૂર થઈ શકે, એ તો ત્યારે જ થઈ શકે જ્યારે અમારી પાસે થોડી ઘણી પણ રાજદ્વારી સત્તા હોય. હિંદુ મન જ સીધી રીતે કામ કરતું નથી. રેલવેમાં અને બીજાં સાર્વજનિક સ્થળોમાં અસ્પૃશ્યો તેમને અડે એનો તેમને વાંધો નથી, ત્યારે એમને મંદિરોને જ કેમ વાંધો આવે છે?

બાપુઃ અહીં તમે બરાબર સપડાયા. એ લોકો મંદિરમાં અસ્પૃશ્યતાને વળગી રહેવા માગે છે તેથી જ તો મંદિરપ્રવેશનો પ્રશ્ન હું પહેલો લઉં છું. ઘણા સનાતની હિંદુઓ મને કહે છે કે હરિજનોને શાળાઓમાં આવવા દઈએ, સાર્વજનિક સ્થળોમાં આવવા દઈએ, પણ મંદિરોમાં નહીં. હું કહું છું ભગવાનની આગળ એમનો દરજ્જો સમાન રાખો. એને લીધે એમની પ્રતિષ્ઠા વધશે.

આંબેડકરઃ ધારો કે આપણે મંદિરપ્રવેશમાં ફાવ્યા તો અમને કૂવા ઉપર પાણી ભરવા દેશે?

બાપુ :જરૂર, એની પાછળ એ આવશે. અને એ તો ખૂબ સહેલું છે.

(ગાંધીજીએ જે સંકલ્પ આંબેડકર સામે કર્યો હતો કે તેઓ દલિત સમાજની સમાનતા માટે જીવન આપશે. તે આપ્યું. લગભગ એક વરસ તેઓ દલિતઉદ્ધાર માટે દેશ આખામાં ફર્યા અને ઠેર ઠેર અસ્પૃશ્યતા ત્યાગવાની અપીલ કરી. દલિતોદ્ધાર માટે દાન ભેગું કર્યુ. અસ્પૃશ્યતા નિવારણ માટે ગાંધીજીએ સામાજિક ચળવળ ઊભી કરી અને ચલાવી. પણ તેમના ગયા બાદ આ ચળવળ પણ મંદ પડી અને આજે તો એ લગભગ રાજકારણનો જ મુદ્દો બની ગયો છે. આજે કાયદાની રૂએ આપણા સમાજના દલિત વર્ગોને ઘણાં અધિકારો મળી શક્યા છે જેમાં સરખી તક અને સમાનતા મળે છે. પરંતુ જનમાનસમાં પરિવર્તનનું કામ તો ઊભું જ છે જેમાં આપણે સૌ ઊણા ઊતરીએ છીએ. આજે પણ ભેદભાવ નાશ પામ્યો નથી. સં.)



ગોળમેજી પરિષદ ૧૯૩૨



સમરસતાના સક્ષમ પ્રતીકો




TO.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-